Barcode - 99999990811955
Title - Hasan Bin Sabbah Upar Udati Najar
Subject -
Author -
Language - gujarati
Pages - 332
Publication Year - 0
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13

હસન બિન સબ્બાહ ઉપર

# ઉડતી નજર.

એદલજી ધનજી કામદીન

**गूजरात विद्यापीठ ग्रंथालय**

[ गुजराती कॉपीराइट विभाग ]

अनुक्रमांक ૮૮૫૪ वर्गांक

पुस्तकनुं नाम રસાયણ આધાર ઉપર ઉદ્યોગો

विषय D ૭૨૬૫ ઉદ્યોગ

હસન બિન સબ્બાહ પર

# ઉડતી નજર.

રચી પ્રગટ કરનાર.

એદલજી ધનજી કાબા.

અમરેલી—કાઠીયાવાડ.

ઇ. સ. ૧૯૨૦ પ્રત ૧૦૦૦

આવૃત્તિ પહેલી.

કીમત સવા રૂપીઓ.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
ગુજરાતનો કૉપીરાઈટ-સંગ્રહ
૮૮૫૪

ધી અમરસિંહજી પ્રીન્ટીંગ પ્રેસમાં
પઠાણ નુરખાન અમીરખાન વકીલે છાપ્યું
લાલ દરવાજા—અમદાવાદ.

# પ્રસ્તાવના.

આજદીન સુધીમા બાતીન્યા પંથને લગતાં પુસ્તકોમાં અમારા તરફથી "હસન બીન સબ્બાહ" "ફીરદોસે બરીં" "અલમોતનો ઇતિહાસ," અને "દરૂઝ કોમના અકાયદ" એમ ચાર પુસ્તકો બહાર પાડવામા આવેલાં છે, જે ચારે પુસ્તકો માત્ર ભાષાન્તર આપવા ઉપરજ સંકોચી નાંખવામાં આવેલાં છે; તેમ કરવાનું કારણ માત્ર એટલુંજ કે જ્યા સુધી કોઇ પણ બાબતને લગતી પુરતી વીગત રજુ ન કરી લઇએ ત્યા સુધી તેનાપર છેવટનો નિર્ણય આપવાનું સલામતી ભરેલું ગણાય નહિ. આવા કારણને લઇ બાતીન્યા પંથને લગતો ઇતિહાસીક હેવાલ જેટલા પ્રમાણમા અમો મેળવી શકયા, તે ઉપરના પુસ્તકો, તેમજ બીજા પુસ્તકોમા અમો આપતા રહ્યા છીએ અને તે હેવાલ એટલા પ્રમાણમાં અપાઇ ચુકાયો છે કે, જેનાપર છેવટનો રીવ્યુ કરવાનું સલામતી ભરેલું ગણાય એમ અમારી માન્યતા થઇ છે.

હસન બિન સબ્બાહ તથા બાતીન્યા પંથનો હેવાલ, એ ઇસલામી તવારીખનો એક અગત્યનો ભાગ હોવા ઉપરાંત, તે ખોજા તવારીખનો તો અતિ નિકટ સંબંધ ધરાવતો ભાગ છે. આ ભાગને જેટલા પ્રમાણમાં સ્પષ્ટ કરવામાં આવે, તેટલા પ્રમાણમાંજ ખોજા તવારીખના આકાશ આડે જે વાદળો આવી ઘેરાયાં છે તે, વિખરાય અને ખોજા તવારીખનો સૂર્ય નજરે પડે. આવા કારણને લઇ અમોને મુનાસબ જણાયું કે હસન બિન સબ્બાહના જીવન ચરિત્ર ઉપર અભીપ્રાય નક્કી કરનારી ઉડતી નજર નાંખીએ; કે જેમ કરવાનું અમોએ "અલમોતનો ઇતિહાસ" પ્રગટ કર્યા બાદ ચાલુ કરી આપવામાં આવ્યું હતું. અમારા તે ચાલુ રાખેલા પ્રયાસનુંજ એ પરિણામ છે કે આજે વાંચક વર્ગ પોતાના મુબારક હાથમાં આ પુસ્તક બિરાજમાન થએલું જુએ છે.

આ ઉડતી નજર નાંખવામાં અમોએ, રજુ થએલા દરેક હેવાલો તરફ ન્યાયભરી તટસ્થ દ્રષ્ટિ નાખી છે અને દરેક નિર્ણય કરવામાં તેનો આધાર પકડેલો છે અને જેમ બને તેમ સલામતી ભરેલું ધોરણ જળવાય તેમ કરવાને પુરતી કાળજી રાખવામાં આવી છે. અને જે અભિપ્રાય ઉપર અમો આવવા પામ્યા છીએ તે, ગોયા કે ઇતિહાસિક હેવાલોના સાર રૂપે જ છે, કેમકે ઘણે ભાગે તે માટેનો જે હેવાલ ઇતિહાસીક પુસ્તકોમાં રજુ થયો છે તેની વિરૂદ્ધમાં અમો અમારો અભિપ્રાય બાંધી શક્યા નથી અને તેમ કરવાના કાંઇ પણ સબળ કારણો અમોને મળી આવ્યા નથી; બલ્કે જેમ જેમ તે વિષયમાં ઉંડા ઉતરતા ગયા તેમ તેમ ઇતિહાસોમાં અપાયલા નિર્ણયોજ વધુ ને વધુ સત્ય જણાતા રહ્યા છે.

મુંબાઇ ઇલાકાના ઇસલામીઓ કેળવણીમાં અસાધારણ પછાત જોવામાં આવે છે તેને લઇ, તેઓ પોતાના સાહિત્યના પ્રચારમાં કાંઇ પણ પ્રસંશાને પાત્ર પગલું ભરી શક્યા નથી; પરંતુ અમો જોતા રહ્યા છીએ કે, ધર્મના અકાયદો જેમ ઇલ્મે કલામથી સિદ્ધ થતા અંતઃકરણ પુર્વકના મનાતા થાય છે તેમ ઇતિહાસિક પુરાવાઓ પોતાની આગળની સ્થિતિને જેવી હોય તેવી જણાવી આપી તેમના આગળ વધવામાં સહાયતા કરે છે. તેઓ જોઇ શકે છે કે અમારા વડવાઓ ક્યા કારણને લઇ આગળ વધી શક્યા હતા અથવા તો ક્યા કારણુંને લઇ પાછળ હટી ગયા હતા. મતલબકે ઇતિહાસીક શોધખોળ એ કોમ માટેનો એવો ભોમિઓ છે કે જે કોમને ભુલોથી બચાવે છે અને સત્ય તરફ ધસડી જાય છે.

આ હસન બિન સબ્બાહ તથા બાતીન્યા પંથનો હેવાલ કાળી ધોળી બંને બાબતો સાથે એટલો તો ઓતપ્રોત થએલો હેવાલ છે કે,

જે તેના અભ્યાસીને પોતાની બુદ્ધિના ઉપયોગ માટે ભાર દઇ દઇને ઉશ્કેરે છે અને પરિણામે તેના અભ્યાસીને અસત્ય પ્રત્યે તિરસ્કાર તથા સત્ય પ્રત્યે ચાહના ઉતપન્ન કરાવી, તેના મગજમાં બુદ્ધિ પૂર્વકના સત્યનો ચેરાગ વધુને વધુ પ્રકાશીત કરે છે. આવા પવિત્ર હેતુને દ્રષ્ટિ મર્યાદામાં રાખી, આ ઉડતી નજર નાખવામાં આવી છે અને આશા રાખવામાં આવી છે કે, જે હેતુ સાધવાને પ્રયાસ કરવામાં આવ્યો છે તેમા ઘણે ભાગે ફત્તેહમંદ થઇ શકાશે—જો વાચક વર્ગ આ દ્રષ્ટિને જોનારી આખથી જોશે, સાંભળનારી શક્તિથી સાંભળશે અને વિચારનારા અન્તઃકરણથી વિચારમાં લેશે તો, તેના કર્તાનો હેતુ સંપૂર્ણ રીતે પાર પડ્યો છે એમ થતા તેના આનંદનો પાર રહેશે નહિ.

આ પુસ્તક લખીને તૈયાર કરવામા આવ્યું હતું; પરંતુ અમારી નાણાં સંબંધી અગવડતાને લઇ ત્રણ માસ સુધી તેને અમો છાપવા આપી શકયા નહિ. ત્રણ માસ પછી કાંઇક હાથ છુટો થતાં તે છાપવાને આપવામા આવ્યું; પરંતુ તેના એકંદર ખર્ચને પહોચી વળવા જેટલી જોગવાઇ અમારી પાસે હતી નહિ; પણ આગળ ચાલતાં ખુદા કોઇ રસ્તો કાઢી આપશે તેવી આશાથી તેનું કામ ચાલુ રાખવામા આવ્યું, પરંતુ દરમીયાન કાગળોની એટલી મોઘવારી થઇ જવા પામી કે, અમો તે માટે નાણાં ફાજલ પાડી શકયા નહિ અને લાચારીથી તેનું કામ અટકાવી નાંખવું પડ્યું, પરંતુ આશા અને ઉમેદમાંજ હતા કે કોઇ મદદ મોકલાવે અને આ કામ પુરૂં થઇ જવા પામે

અમારી આશા અને નિરાશાની મહાભારત લડાઇ ચાલતી હતી, તેટલામાં જંગબારવાળા ફ્અરે ઈસલામ શેઠ અલીભાઇ

નથુભાઇ તરફથી અમોને સાહિત્યના પ્રચાર માટે એક નાદર રકમની હુંડી મળવા પામી, જેથી અમો નિરાશાને નસાડી આપી, વિજયના મનહર બાગમાં જઇ પહોંચવાને શક્તિવાન થયા અને તેથી અમો અંતઃકરણ પૂર્વકનો ઇકરાર કરીએ છીએ કે, આ ઉડતી નજર પબ્લીક સામે રજુ કરવાને માત્ર અમો મોસુફ શેઠ આલીભાઇ નથુભાઇ જંગબારવાળાના કારણેજ શક્તિવાન થયા છીએ અને તેથી અમો શેઠ મોસુફનો ખરા દીલથી ઉપકાર માનવાને વીસરી શકતા નથી.

આ પુસ્તકમા તેના નામ પ્રમાણે માત્ર હસન બિન સબ્બાહ ઉપરજ ઉડતી નજર નાખવામો આવી છે; તે સિવાય બીજી બાબતોને હાથ ધરવામાં આવી નથી. જે હેવાલો તથા નિર્ણયો રજુ કરવામાં આવ્યા છે તે હસન બિન સબ્બાહ તથા બાતીન્યા પંથ પુરતાજ છે. મીસરમાં સ્થાપન થએલી ઇસમાઇલી ફાતમાઇટ ખીલાફત વિષે આ ઉડતી નજરમાં કાઇ પણ દ્રષ્ટિ નાંખવામાં આવી નથી, જોકે અમારો ઇરાદો તેના ઉપર પણ તેવીજ દ્રષ્ટિ નાંખવાનો છે; પરંતુ જ્યાં સુધી તે માટેનું સંતોષકારક મેટર રેકર્ડ ઉપર ન લઇ આવીએ, ત્યાં સુધી અમો તેમ કરવાનું મુનાસબ સમજતા નથી અને તેથી તેવા પ્રકારનું મેટર એકઠું કરવાનું અમોએ કેટલીક મુદત્ત થયા શરૂ કરી આપ્યું છે. જ્યારે અમોને ઉડતી નજર નાખવા પુરતો ભંડોળ એકઠો થઇ ગએલો જણાશે ત્યારે અમો તેના ઉપર પણ ઉડતી નજર નાખવાને પ્રયત્ન કરીશું, પરંતુ અમો તે વાતને હમણા તો અવકાશ તથા નાણાંની તંગીને લઈ સ્વપ્નવત જેવી જોઇએ છીએ, પરંતુ ખુદાતાલાથી ઉમેદ રાખીએ છીએ કે તે અવકાશ તથા નાણાં, એમ બંનેની સહાયતાથી અમોને મદદ કરશે અને અમો તેમાં પણ દખલ કઇ શકીશું.

જો ઇસલામા શ્રીમંતો આવા પ્રયાસોમા નાણું સબંધી થોડી થોડી સહાયતા કરતા થાય તો, આવી અગણિત બાબતો કોમને જાગૃત કરવાને રજુ થઇ શકે, પરંતુ કોમ એટલી તો પછાત છે કે જ્યારે તેને જાગૃત કરવાનો વિચાર કરીએ છીએ ત્યારે નિરાશાના ગેબી ભણકારા ચારે તરફથી સંભળાવા માંડે છે, પરંતુ અમો પ્રયાસના પુજારી છીએ તેથી સમજીએ છીએ કે કોમને જાગૃત કરવાનો પ્રયાસ કરવામાં આવશે તો કોમ જરૂર જાગૃત થશે અને એક વખત એવો આવશે કે કોમ એક લાયક કોમ તરીકેનું પોતાનું પાણી દેખાડવાને શક્તિવાન થશે.

મુબારક હેં જો કોમી કામ કરતે હેં બિલા ઉજરત,
જો ફરજે મનસબી સમઝે હેં અપના કોમકી ખિદમત.

એદલજી ધનજી કાબ..



# સાંકળીઉ.


| | | |
|---|---|---|
| ૧ | હસનનો પિતા ... ... ... ... | ૧—૮ |
| ૨ | હસનની બાલ્યાવસ્થા ... ... ... | ૮—૯ |
| ૩ | ત્રણ મિત્રો સાથે ઠરાવ ... ... ... | ૯-૨૪ |
| ૪ | હસનનો ખ્વાજાપર બીજો હુમલો ... ... | ૨૪-૩૪ |
| ૫ | હસન અબુલ ફ્ઝલનો મહેમાન ... ... | ૩૪-૩૮ |
| ૬ | હસનનો મુળ ધર્મ ... ... ... ... | ૩૮-૪૫ |
| ૭ | ઇસમાઇલી પંથ-રાજદ્વારી પંથ ... ... | ૪૫-૪૯ |
| ૮ | હસન મીસરમાં જાય છે. ... ... ... | ૪૯-૫૬ |
| ૯ | મીસરમાંથી હસન હંકારી કઢાયો ... ... | ૫૬-૬૪ |
| ૧૦ | હસન ફરીથી મીશનરી ... ... ... | ૬૪-૬૬ |
| ૧૧ | અલમોતપર હસનનો કબજો ... ... ... | ૬૬-૮૦ |
| ૧૨ | અલમોત હસનની રાજધાની ... ... ... | ૮૧-૮૪ |
| ૧૩ | નિઝામ-ઉલ-મુલ્કનું ખુન ... ... ... | ૮૪-૧૦૧ |
| ૧૪ | અલમોત ઉપર બીજો હુમલો ... ... ... | ૧૦૧-૧૧૦ |
| ૧૫ | હસનની સત્તાનો ગુપ્ત ભેદ ... ... ... | ૧૧૦-૧૨૮ |
| ૧૬ | હસનનો નવો ધર્મ ... ... ... | ૧૨૮-૧૬૯ |
| ૧૭ | મુલહીદોનું ટુંક વર્ણન. ... ... ... | ૧૭૦-૧૯૯ |
| ૧૮ | બાતીન્યા અકાયદો ... ... ... | ૧૯૦-૨૧૪ |
| ૧૯ | ધર્મના ભેદ છુપાવવાની કબુલાત ... ... | ૨૧૪-૨૨૪ |
| ૨૦ | ફીદાઇઓ તથા તેમનો ત્રાસ. ... ... ... | ૨૨૪-૨૭૨ |
| ૨૧ | કૃત્રીમ સ્વર્ગ. ... ... ... ... | ૨૭૨-૨૯૧ |
| ૨૨ | બાતીન્યા મીશન પદ્ધતિ ... ... ... | ૨૯૧-૩૦૨ |
| ૨૩ | હસનના વારસો ... ... ... ... | ૩૦૨- |

# હસન બિન સબ્બા ઉપર એક ઉડતી નજર.

## હસનનો પિતા.

મઆહેબ-ઉલ-ઇસલામના કર્તા હસન બિન સબ્બાહની વંશાવળી આ પ્રમાણે આપે છે. હસન બિન અલી બિન એહમદ બિન જાફર બિન હસન બિન સબ્બાહ હમીરી. તે વિશેષમાં લખે છે કે હસનનો પીતા પોતાને આરબ નસલનો હોવાનો જણાવતો હતો. તે કહેતો હતો કે "હું સબ્બાહ હમીરીના વંશથી છું અને મારો બાપ એહમદ યમનથી કુફામાં અને ત્યાંથી કુમ અને કુમથી રેયમાં આવી વસ્યો હતો." પરંતુ ખુરાસાનીઓ અને તેમાં પણ ખાસ કરીને તુસી લોકોની માન્યતા છે કે 'અલી તથા તેના વડવાઓ એજ દેશના કોઇ ગામડાના રહીશ હતા અને હસન બિન સબ્બાહનો જન્મ પણ કુમ શહેરમાં થયો હતો."

હસનનો પીતા પોતાને સબ્બાહ હમીરીના વંશમાંથી હોવાનું જણાવે છે; પણ તેના તેવા દાવા સામે ખુરાસાનીઓ અને તેમાં પણ ખાસ કરીને તુસીઓ વાંધો બતાવે છે. આવો વાંધો તુસીઓ બતાવે છે તેમાં કાંઇ વજુદ નથી એમ કહી શકાય નહિ; કેમકે આ વાંધો કોઇ ધાર્મિક મતભેદ પ્રત્યેનો નથી કે જેથી એક પક્ષ તરફ ઢળી જવાયું હોય. જો તે સબ્બાહ હમીરીના વંશમાંથીજ હોય તો તેમાં

વાંધો બતાવવાનું કાંઈ કારણ હોય નહિ. હસન બિન સબ્બાહે પોતાના આચાર વિચારો તથા કાર્યોથી સામાન્ય વર્ગને ઉશ્કેરી મુક્યો હતો તેવું તેના પીતા પ્રત્યે થવા પામ્યું નથી. કે જેથી ખુરાસાનીઓ અને તેમાં પણ ખાસ કરીને તુસીઓ વાંધો બતાવે.

અલી બિન એહમદના દાવા પ્રત્યે વિશ્વાસ લઈ જવો અતિ કઠણ છે; કેમકે માત્ર તેનો દાવો છે. તેના દાવાની પુષ્ટિમાં કાંઈપણ આધાર તે રજુ કરતો નથી. તેમ બીજી કોઇ બાજુએથી તેના દાવાને પુષ્ટિ મળતી નથી. વળી તેની રીતભાત તેના દાવા પ્રત્યે સરળતાથી વિશ્વાસ લઇ જવા જેવી નથી. કેમકે ખુદ નિઝામ–ઉલ–મુલ્ક જેવા પ્રખ્યાત તથા પ્રમાણિક માણસે તેને અય્યાર યાને નાગડો તથા બદમાસ લખ્યો છે. નિઝામ–ઉલ–મુલ્ક કે જે પોતાને લગતા દરેક બનાવની બાકુજ ખરી તથા સાવચેતી ભરી નોંધ રાખનાર હતો અને તે નોંધમાં તે પોતાની ભુલ પણ થઈ હોય તો તે પણ નોંધ કરવાને ચુકતો નથી, તેનાપર વિશ્વાસ જરૂર રાખવો જોઇએ. હવે નિઝામ–ઉલ–મુલ્કના જણાવ્યા પ્રમાણે જે માણસની વર્તણુક હોય તેના ઉપરના દાવા પ્રત્યે વિશ્વાસ લઇ જઇ શકાય નહિ.

વળી ખુરાસાન તથા તેમાં પણ ખાસ કરીને તુસના લોકો, કે જ્યાં હસનનો પીતા આવી વસ્યો હતો. ત્યાંના લોકો તેના દાવા વિષે વધુ ખબરદાર હોવા જોઇએ. તેઓ તેના દાવા પ્રત્યે અજાણપણું બતાવતા નથી; પણ તેના દાવાની વિરૂદ્ધમાં મત આપે છે. માટે ઇતિહાસીક શોધખોળ દ્રષ્ટિથી તેનો દાવો સબ્બાહ હમીરીના વંશમાંથી હોવાનું સાબીત ઠરતો નથી. બલકે તેની જુઠું બોલવાની આદત આવા અભિપ્રાયને ટેકો આપે છે. જુઠા સોગંદો ખાવામાં પણ તે આંચકો ખાતો નહિ હતો.

હવે અલી બિન એહમદના ધાર્મિકપણાનો વિચાર કરીએ કે, તે કયા પંથનો તથા કેવા પ્રકારના અકાયદા ધરાવતો હતો. અને તે બાબતમાં તે કયા દરજ્જામાં આવી શકે છે. આ બાબતમાં શરર લખે છે કેઃ—

" તે હીજરી સનના ચોથા સૈકાની શરૂઆતમાં ખુરાસાન
" ઇલાકાના તુસ શહેરમાં જન્મ્યો હતો. તેનો બાપ એક
" સાધારણ માણુસ હતો અને કેટલાક પ્રમાણમાં તંગીથી
" ગુજરાન કરતો હતો પણ તે પોતાના ખાનદાની વડપણનો
" મોટો દાવેદાર હતો. અને પ્રખ્યાત સખ્માહ હમીરીથી પોતાની
" વંશાવળી મેળવતો હતો. પોતાના ધર્મના સંબંધમાં હસન
" ખુદ પોતેજ કહે છે કે, " હું મારા વડીલોની જેમ શીઆ
" અસ્નાઅશરી મઝહબ પાળતો હતો. અને સાત વર્ષની વય
" થતાં ધાર્મિક શોધ તથા વિચારોની સુધારણા તરફ લક્ષ દોરી
" ગયો હતો. "

" પણ બીજા લોકોના બયાનથી માલુમ પડે છે કે હસનનો
" બાપ સુન્ની ધર્મનો હતો; પણ એમાં તો શક નથી કે હસન
" બાળવયથીજ પોતે પોતાને એહલબૈતના ગોઠીઓમાં ગણતો.
" હતો. ખુદ તેના પીતાએ હસનને ઇમામ મોવફક–ફિદ–દીનના
" મદ્રેસામાં શિક્ષણ લેવા મોકલ્યો. અને તેમ કરી પ્રયાસ કર્યો
" કે, તે સામાન્ય રીતે દેશના મુખ્ય ધર્મનો અનુયાયી થઇ
" જાય. અને બનવા જોગ છે કે ઇમામ મોવફક–ફિદ–દીને તેમ
" કરવાની કોશીશ પણ કરી હોય, પણ તે કાંઇપણ કારગર
" ન નીવડી, એટલા માટે કે હસન પોતાના દીલથીજ
" શીઆ મઝહબને સત્ય માનતો રહ્યો."

મઝાહેબ–ઉલ–ઇસલામનો કર્તા લખે છે કે:—

" ખ્વાજા નિઝામ–ઉલ–મુલ્કે પોતાના "વસાયા" નામક
" ગ્રંથમાં લખ્યું છે કે, " હસનનો પીતા અલી એક અય્યાર
" અને ચાલાક માણસ હતો. અને તે રેયમાં રહેતો હતો. આ સમ-
" યમાં રેયનો હાકીમ અબુ મુસલીમ ( ખ્વાજા નિઝામ–ઉલ–
" મુલ્કનો સસરો ) એક દીનદાર માણસ હતો. તેટલા માટે તે
" અલી ( હસન બિન સબ્બાહનો બાપ ) થી નફરત રાખતો
" હતો. અને અલી અબુ મુસલિમની સામે પોતાના અકાયદોની
" સફાઇ જાહેર કરતો હતો. અને જુઠા સોગંદો ખાઇ અબુ
" મુસલિમને ખાત્રી કરાવતો હતો કે હું સાચા અકાયદનો
" મુસલમાન છું. અને ઇમામ મૌફક આ સમયમાં
" એહલે સુન્નત જમાતના ઇમામ હતા. તેટલા માટે અલી
" પોતાના રીફ્ઝ ( દબીસ્તાનુલ મઝાહેબની રીવાયત છે કે હસન બીન
" સબ્બાહના બાપ અલીનો મઝહબ ઇસમાઇલીઆ હતો અને
" તે એક પરહેજગાર આલીમ હતો. અલબત્તા વાતચિત દર-
" મ્યાન એવી વાતો કહી નાંખતો હતો કે સામાન્ય વર્ગની
" સમજથી ઉચ્ચ કોટિની હતી. અને લોકો સમજતા હતા
" કે તે મોતઝલા ફીરકાના બોલો છે. ) ની તોહમતને દુર
" કરવાને, એ યુક્તિપર ચાલ્યો કે તેણે હસનને તાલીમ માટે
" ઇમામ મોફકની શાળામાં દાખલ કરી આપ્યો. અને ખુદ
" પોતે સુફીઓની જેમ ગોશાનશીં થઇ ગયો; પરંતુ મુલહિદો
" અને કુફરો ઝંદકાની રીવાયતો બયાન કરતો હતો."

તે મુસલમાન હતો તે વાત નિર્વિવાદ છે; પણ તે મુસલમાની ધર્મના ક્યા પેટા પંથમાં હતો તેની સફાઇ જણાતી નથી. થરર

ખુદ હસનના બોલો ટાંકી બતાવે છે કે " હું મારા વડીલોની જેમ શીઆ ઇસનાઅશરી મઝહબ પાળતો હતો;" હસનના આ બોલો શરરે કયા પુસ્તકમાંથી ઉતારી લીધા છે તે તેણે જણાવ્યું નથી તેમ તે ઇસનાઅશરીઆ પંથમાંથી હતો એવો એક પણ ઇતિહાસિક પુરાવો મળી આવતો નથી. તેણે પોતાના પુત્ર હસનને સુન્નત જમાતના ઇમામ મોફક-ઉદ-દીનની શાળામાં શિક્ષણ લેવાને મોકલ્યો તે માત્ર લોકોના અને ખાસ કરીને રેયના હાકીમ અબુ મુસલિમના દીલમાં તેના બદ અકીદા વિષે જે અસર જામી ગયો હતો તે દૂર કરવાને મોકલ્યો હતો. જો તે સુન્ની હતે તો લોકો તથા ખાસ કરીને અબુ મુસલિમ તેના બદ અકીદા વિષે નારાજ થતે નહિ અને તેનું સુન્ની હોવું ખુદ હસનના શરરે તેના મુખના ટાંકી બતાવેલા ઇકરારથી પણ વિરૂદ્ધ જાય છે. અલી માટે એવી એક પણ બાબત સાબીત થતી નથી કે તે સુન્ની પંથનો હતો.

તે એક અય્યાર તથા ચાલાક માણસ હતો; તેથી તે જે કાંઇ કહે તે ખરૂં પણ માની શકાય નહિ; કેમકે તેના બદ અકાયદો વિષે અબુ મુસલિમને જે ખાત્રી થઇ ગઇ હતી તે ખાત્રી પોતે સોગંદ ખાઇને તે દુર કરાવવા માગતો હતો. અબુ મુસલિમ કાંઇ સાધારણ માણસ નહિ હતો. તે એક દીનદાર હોવા સાથે રેયનો ગવરનર હતો. અને ખ્વાજા નિઝામ-ઉલ-મુલ્કનો સસરો પણ હતો. તેને જ્યારે સબળ કારણો મળ્યાં હશે ત્યારેજ તેણે અલીના બદ અકીદાને માન્યો હશે અને તેના બચાવની દલીલો અલીથી સાંભળવા છતાં પણ તેને તેના તરફની શંકા દુર નહિ થઇ શકી હશે.

અલી જ્યારે પોતાના બદ અકીદા વિષે અબુ મુસલિમના મનનું સમાધાન નહિ કરાવી શકયો, ત્યારે તેણે તે માટે એક માર્ગ

એ લીધો કે, પોતાના પુત્ર હસનને સુન્ની ઇમામ મોફ્ક–ઉદ–દીનની શાળામાં શિક્ષણ લેવાને મોકલી આપ્યો. આ બાબત એ વાતને બહુજ સારીતી પુરવાર કરે છે, કે તે અસ્નાઅશરી પણ નહિ હતો; કેમકે અસ્નાઅશરી પંથ શરીયતનો પાબંદ તથા સુન્નીઓ સાથે માત્ર ખીલાફતના હકદાર વિષેની ચોખવટમાંજ જુદો વિચાર ધરાવે છે. અસ્નાઅશરી પંથ વિષે સુન્ની ઉલ્માઓનો બદ અકીદા હોવા વિષે મત નથી. બલ્કે તેણે તેને પોતાના ચાર ફીરકાઓ સાથે તેને પાંચમો ગણવાની ઇચ્છા બતાવી છે. જે માણસ અસ્નાઅશરી મત પ્રમાણેના અકાયદા ધરાવતો હોય, એટલે કે ઇસ્લામના ઓસુલેદીન તથા ફેરૂએ દીનનો કાયલ તથા પાબંદ હોય, તેને કોઇ બદ અકીદા કહે નહિ તેમ અબુ મુસ્લિમ જેવા દીનદાર વિદ્વાનથી તો તેમ થવું તદ્દન અશક્યજ ગણાય.

અલી બિન એહમદ ઉપર બદ અકીદા હોવાનો મજબુત આરોપ હતો; કેમકે તે મુલહિદો તથા કુફરો ઝંદકાની રીવાયતો બયાન કરતો હતો. વળી તેની વાતથી તેના મોતઝલા હોવા વિષે લોકો ગુમાન લઇ જતા હતા. આ મોતઝલા ફીરકો તે બીજો કોઇ નહિ પણ જે બુદ્ધિ પૂર્વકની દલીલને આધિન થતાં થઇ જનારી ભુલોમાં સપડાઇ ઇસ્લામી અકાયદોમાં બીગાડો કરનાર હતો. મતલબ કે તેના પરહેઝગાર હોવા વિષે કશોપણ પુરાવો નથી જ્યારે બદ અકીદા વિષે કાફી મસાલો મોજુદ છે. વળી તે વાતચિત દરમિયાન એવી વાતો કહી નાખતો હતો કે જે સામાન્ય વર્ગની સમજથી ઉચ્ચ કોટીની હોય. આટલા ફકરાથી તેનો બચાવ કરવાને નીકળવું એ નિષ્ફળતા વહોરી લેવા સમાન છે; કેમકે કદાચ સામાન્ય વર્ગ

તેની તેવી વાતોથી તેના બદ અકીદા હોવા વિષે શક લઇ જાય, પણ અગુ મુસલિમ જેવાને માટે તેમ થવું માની શકાય નહિ, આ ફકરાથી એટલું પુરવાર થાય છે કે તેને સ્થાપિત ધર્મથી અથવા તો સમાજના મુખ્ય ધર્મ વિરૂદ્ધની તે વાતો કહેતો હતો. તેની વાતો સામાન્ય વર્ગની સમજથી ઉચ્ચ કોટિની હતી તે એ સિવાય બીજી કંઇ નહિ કે આંટી ઘુંટીવાળી ફીલસુફી વધારી પોતાને ડાહ્યો ગણાવવામાં આવે; કે જેમ કરવું મોતઝલા ટોળામાં જોવામાં આવે છે.

તે ઇસ્માઇલી ફીરકામાંથી હતો એ કાંઇક વજનદાર લાગે છે. ઇમામ જાફર સાદકના વડા પુત્ર શાહ ઇસમાઇલને જેઓ ઇમામ માનતા હતા તેને ઇસમાઇલી કહી શકાય. આ ઇસમાઇલી ફીરકાના આચાર્યોએ ખીલાફત યાને રાજદ્વારી સત્તા પ્રાપ્ત કરવાને ઇસમાઇલી મતોમાં એવો તો કાવાદાવા ભર્યો મસાલો નાખ્યો હતો કે સ્થાપિત ધર્મના આચાર વિચાર તદ્દન નષ્ટ થઇ ગયા હતા. પ્રત્યેક ઝાહેરનું એક બાતીન છે તે સિદ્ધાન્તે ઇસ્લામી સ્થાપિત આચાર વિચારને ઉથલાવી નાંખ્યા હતા અને તેમા મુલહિદપણું દાખલ થઇ ગયું હતું. જો " શીઆ વૃતાંન્ત " નામની બુકમાં આવા ફીરકાઓના જે આચાર વિચારો તથા કાર્યો વર્ણવ્યાં છે તે બરાબર ધ્યાન પૂર્વક વાંચી જવામાં આવે તો તે ફીરકાના રંગઢંગ બરાબર જણાઇ આવે. હવે અલી બિન એહમદ આવાજ કોઇ ફીરકાનો અનુયાયી હોય તો તેમાં કાંઇ નવાઇની વાત નથી; કેમકે તે મુલહિદ તથા કુફરો ઝંદકાની રીવાયતો બયાન કરતો હતો અને તેવી વાતો ઇસમાઇલીઓ જે સામાન્ય રીતે બાતીન્યા કહેવાતા હતા તેમાં સાધારણ થઇ પડી હતી.

તે ઇસમાઇલી હતો એમ જે કહેવામાં આવ્યું છે તેનો અર્થ તે ગુલાત ટોળાં પૈકીનો હતો એટલુંજ સમજવાનું છે; કેમકે તેને

ખરેખ ઇસમાઇલી કહી શકાય એવા તેના આચાર વિચારો નહિ હતા. જો ઇસમાઇલી ફીરકાને સ્થાપિત ધર્મ પ્રમાણેના આચાર વિચારવાળો રાખવામાં આવે તો તેને મુલાહિદપણા કે કુફરો ઝંદકા સાથે કાંઇ નીસબત હોય નહિ. જેમ ઇસ્નાઅશરીઓ બાર ઇમામને માનવા સાથે સ્થાપિત ધર્મ પ્રમાણેના આચાર વિચાર ધરાવે છે તેમ ઇસમાઇલીઓ પોતાના ઇમામોને માનવા સાથે સ્થાપિત ધર્મના આચાર વિચાર પ્રમાણે રહી શકે; પરંતુ તેમાં ઉંધી ફીલસુફીએ ઘુસી જઇ ઇમામોને માનવા સાથે સ્થાપિત ધર્મને બહુજ નિર્બળ કરી નાંખ્યો; કે જે બાબતની વધુ સ્પષ્ટતા આગળ કરવામાં આવશે.

## હસનની બાલ્યાવસ્થા.

બાતીન્યા તથા ગુલ્લાત વિચારોમાં પ્રવિણ, એવા અલી બિન એહમદને ત્યાં હસનનો જન્મ થયો. પીતા તરફથી તેને બાલ્યાવસ્થાથીજ બાતીન્યા તથા ગુલ્લાતપણાનું શિક્ષણ મળ્યું હોય એ સ્વભાવિક છે. હસન અતિ બુદ્ધિશાળી તથા વિષયની ઉંડાણમાં ઉતરવાની ઉંડી પહોંચ ધરાવતો હતો તેથી બાલ્યાવસ્થામાંજ તેના પીતાના શિક્ષણે તેનાપર સજજડ અસર કર્યો હોય. અલી કે જેના મુલહિદ તથા કુફરો ઝંદકાના વિચારોએ તેને ભારે બદનામ કરી મુકયો હતો અને છેક ગવરનર વટીક પણ તેના તેવા આચાર વિચારથી સખ્ત નારાજ હતો. મતલબકે અલીના મુલહિદપણા તથા કુફરો ઝંદકાના વિચારોએ તેને લોકોની આંખે ચડાવી મુકયો હતો અને તે સામાન્ય ઇસ્લામી-ઓમાં ચકડોળે ચડી ગયો હતો. તો આવી સ્થિતિ વચ્ચે તેને ઘેર ધાર્મિક ચર્ચા કરનારાઓની દરરોજ મંડળી જામતી હોય તો ના કહી શકાય નહિ અને તેવી મંડળીમાં ચર્ચાના વિચારોએ હસન

ઉપર અસર જરૂર કરેલો હોવો જોઇએ. મતલબકે આપણા 'નાયક હસનનો બાતીન્યા તથા ગુલ્લાત વીચાર ધરાવતા અને તે પણ જગતની બત્રીશીએ ચડેલા કુટુંબમાં જન્મ થયો અને ત્યાં તેને તેવાજ પ્રકારનું શિક્ષણ મળવા પામ્યું. અને આવા પ્રકારના બાલ્યાવસ્થામાંજ મળવા મત! શક્ષણનો મોટી ઉમરે જે અસર થાય છે, તેનો મસાલો તેના મગજમાં ભરવામાં આવ્યો. આ ભરવામાં આવેલા મસાલાએ ધુંધવાઇ તથા ભડકો થઇ કેવો ધર્તીકંપનો ધ્રુજારો ચલાવ્યો તે આપણે આગળ જોવાનું રહે છે.

## ત્રણ મિત્રો સાથે ઠરાવ.

હસનનો પીતા હસનના બંને સ્કુલ સાથીઓ નિઝામ–ઉલ–મુલ્ક તથા ઉમર ખેયામના પરિચયમાં આવેલો હોવો જોઇએ. બંનેની ઉંડી પહોંચની તેને પૂર્ણ ખાત્રી થઇ ગઇ હોવી જોઇએ. બનવા જેગ છે કે અલી નેશાપુર હસનને ઇમામ મોફ્ક–ઉદ–દીનના મદ્રેસામાં મુકવા તથા ઉસ્તાદને ભલામણ કરવા આવ્યો હોય અને ઇમામને તેણે પોતા ઉપરનું મુલહિદપણાનું તથા કુફરો ઝંદકાનું આળ દુર થાય તેવી તાલીમ હસનને આપવાની ભલામણ પણ કરી હોય. ઉપરાંત તે અવાર નવાર નેશાપુર આવતો હશે અને જ્યારે જ્યારે તે નેશાપુર આવતો હશે ત્યારે ત્યારે તે નિઝામ–ઉલ–મુલ્ક તથા ઉમર ખેયામની બુદ્ધિ તથા ઉંડી પહોંચથી મોહિતગાર થતો હશે. આવી રીતના પરિચયથી તેને એ બાબતની ખાત્રી થઇ ગઇ હોવી જોઇએ કે

બંને ભવિષ્યમાં બહુજ મોટી પદવીએ પહોંચી જવાના છે. અને તેવી મોટી પદવીએ હસન પણ પહોંચે તે માટે તેણે હસનને તે બંને સાથે ભવિષ્યના મળનારા લાભમાં ભાગીદારી લખાવી લેવાને

ભલામણ કરી હોવી જોઇએ. આ ભલામણ ઉપરથી અથવા તો ખુદ હસનને પણ તે બંને મિત્રો માટે તેવી ખાત્રી થઇ ગઈ હતી, તેથી તેણે તેમની સાથે વિદ્યાર્થી અવસ્થામાંજ કરાર કરાવી લેવાનું નક્કી કરી લીધું.

ત્રણે મિત્રો એકજ સ્કુલમાં એકજ ઉસ્તાદ પાસે અભ્યાસ કરતા હતા. ત્રણે વચ્ચે ગાઢ મિત્રાચારી થઇ ગઇ. સ્કુલ ક્લાસમાંથી છુટયા પછી પણ આ ત્રણે મિત્રો અભ્યાસ પાઠના સંબંધમાં વાદ-વિવાદ કર્યા કરતા હતા. અને મિત્રચારી એટલી હદ સુધી જરૂર લંબાઈ ગઇ હતી કે તેઓ એક બીજાની માગણીઓનો સ્વીકાર કરી લે. હસને પોતાના પીતાની શીખવણીથી અથવા તો પોતાની દીર્ઘદ્રષ્ટિથી તે બંને મિત્રોને ભવિષ્યની ઉન્નતિના ભાગીદાર બનવાને જણાવ્યું. ખુદ નિઝામ–ઉલ–મુલ્ક કહે છે કે " એક દહાડો હસન સબ્બાહે ઉમર ખૈયામ તથા મને કહ્યું કે, એ વાત જગ જાહેર છે કે ઇમામ મોઅ-ફકના શિષ્યો મોટી પદવીએ પહોંચ્યા જાય છે. અને તેમાં શક નથી કે જો આપણ સઘળાઓ માનવંત પદવીએ કદાચ ન પહોંચીએ તો એક તો જરૂર પહોંચી જશે. તેટલા માટે આપણ ત્રણે કોલકરાર કરીએ. મેં કહ્યું કે સરતો પર અમલ કેવી રીતે થઇ શકશે ? હસને કહ્યું કે આપણે ત્રણ પૈકી ખુદા જેને માનવંત પદવીએ પહોંચાડી આપે, તેનાપર ફરજ થશે કે, બાકીના બંને મિત્રોને પણ તેણે પોતાની દોલતમાં સરખો ભાગીદાર ગણવો અને કોઇને પણ એ હક પ્રાપ્ત નહિ થાય કે, પોતાની જાતને બીજાપર સરસાઈ આપે."

જે વયે આ કરાર કરવામાં આવ્યો હતો તે યુવાવસ્થા હતી. આવો કરારદાદ કરાવી લેવાનું સુઝી આવવું એ પણ હસનના ભેજાની

ઉંડી પહોંચને સાબીત કરનારૂં છે. આવો કરાર તે બંને મિત્રોને કરી લેવાનું સુઝતું નથી; બલ્કે હસન જ્યારે તે ઠરાવની વાત રજુ કરે છે ત્યારે નિઝામ-ઉલ-મુલ્કે તો કહ્યું કે તેનાપર અમલ કેવી રીતે થઈ શકશે ? એટલે કે તેનાપર અમલ નહિ થઇ શકે, માટે તે થઇ શકે નહિ; પરંતુ હસન તુરતજ બાહુજ સફાઇથી તેમના મનનું સમાધાન કરી આપે છે.

આ કરાર ઉપલક દ્રષ્ટિથી જોતાં એક ટાહેલી તથા સાધારણ બાબત હતી; પણ તેમાં હસનને માટે ભવિષ્યનો લાભ સમાએલો હતો. તેમાં કોઇપણ પ્રકારની તેને હાનીની ધાસ્તીજ નહિ હતી. તે ચોકસ ધારી બેઠો હશે કે જો મને ઉંચી પદવીએ જઇ પહોચવામાં નિષ્ફળતા મળી તો આ આફતો લાભ મુળ હેતુને પ્રાપ્ત કરાવી આપશે. જો પોતાને ઉંચી પદવી મળી જાય તો મિત્રો પાસેથી તેને કાંઇ લાલચ રાખવાની નહિ હતી. કદાચ બંને મિત્રોને ઉંચી પદવી-ઓ નહિ મળી અને માત્ર હસનનેજ મળી તો હસન તે મિત્રોને કાંઇ દાદ આપે તેમ નહિ હતો. તેમ તેના મિત્રો આવા ટાહેલા તથા રમુજી કરારદાદપર ભરૂસો રાખી હસન પાસે ભાગ લેવાને આવે એ બનવા જોગજ નહિ હતું. મતલબકે દરેક દ્રષ્ટિથી આ કરાર કરાવી લેવામાં લાભનીજ આશા હતી. હસનને ઉંચી પદવીએ પહોં-ચવા તથા દોલત મેળવવાની બહુ લાલચ હતી. અને તેથી પુત્રના પગ પારણામાંથી આ કરારદાદે સાબીત કરી આપ્યા હતા.

તે કેળવણી સંપાદન કરી મોટી દોલત હાથ કરવાની ઉંડી ખાહેશ ધરાવતો હતો; તેપરથી તેનામાં દુન્યવી દોલતની મોહજાળ પુરતા પ્રમાણમાં પ્રવેશ કરી ચુકી હતી એમ સિદ્ધ થાય છે. તેણે કરારદાદ

કરાવી લઇ કદી પણ નુકસાન નહિ કરે તેવો અને લગભગ લાભ દાયકજ નીવડે તેવો વીમો કરાવી લીધો હતો. અને તે વીમાની પોલિસિ તેને ભવિષ્યની ઉન્નતિનું સબળ સાધન નીવડવા પામી હતી.

હસનની ભવિષ્યવાણી ખરી પડી અને નિઝામ-ઉલ-મુલ્ક બહુજ જલદીથી ઉન્નતિ કરતો કરતો સલજુકી રાજ્યનો વડો વજીર થઇ ગયો. તે આવી પદવીએ પહોંચ્યો તે દરમિયાન હસન બિન સબ્બાહ મેદાન હાથ કરવાને આમ તેમ ભટકતો રહ્યો; પરંતુ તેમાં તે ફળી ભુત થયો નહિ; પણ તેણે સાંભળ્યું કે તેનો મિત્ર સલજુકી રાજ્યમાં વડા વજીરની પદવી સુધી જઇ પહોંચ્યો છે તેથી કરાવી લીધેલા કરાર પ્રમાણે તેની પાસેથી ભાગ લેવાને તે જઈ પહોંચ્યો. નિઝામ-ઉલ-મુલ્ક કે જે વજીર પદ ઉપર બીરાજતો હતો, તેણે પોતાના સ્કુલ સોબતીને જોઇ ઘણોજ આનંદ પ્રદર્શિત કીધો અને તેની થઇ શકે તેટલી ખાતર તવાજો કીધી. હસન સબ્બાહ કે, જેને હમણાં સુધી કોઇ જાણતું એ નહિ હતું એ તેની હમણા સુધીના આગળ વધવાના પ્રયાસની નિષ્ફળતાની દલીલ છે. જો તે પોતાના આગળ વધવાના પ્રયાસમા કાંઇપણ ફળીભુત થયો હતે તો, કદી પણ કરારનો અમલ કરાવવાને યાને હાથ બાંબો કરવાને આવતે નહિં.

હસનને કોઇ ઓળખતુંએ નહિ હતું, તે હવે વડા વજીરનો ખાસ મેહમાન હતો. વડો વજીર તેની થઇ શકે તેટલી ખાતર બરદાસ કરતો હતો; પરંતુ હસન તેવી ખાતર બરદાસથીજ સંતોષ પામે તેમ નહિ હતો. તેથી લાગ જોઇ કરારનો અમલ કરાવી લેવા માગતો હતો. ખ્વાજા તેની દરેક રીતે ઇઝ્ઝત વધારે જતો હતો અને તેમાં તે દીનપ્રતિ દીન ઉમેરો કરે જતો હતો. ખુદ ખ્વાજા કહે છે કે "એક દીવસે હસન બિન સબ્બાહે મને આવીને કહ્યું કે, ખ્વાજા!

તમો સત્યના ઉપાસક અને ઇમાનદાર છો. અને તમો સારી પેઠે જાણો છો કે, દુનિયા એ નજીવી મીલકત છે. બનવા જોગ છે કે તેના મોહજાળમાં તમો સપડાઈ તમો અપાયલા વચનની વિરૂદ્ધતા કરો અને વચન તોડનારાઓના ટોળામાં દાખલ થઇ જાઓ."

ઉપરની હસનની માગણી, કેવા ઠાવકા શબ્દો તથા લેહજામાં નીકળી છે તેની સફાઇની જરૂર નથી. ખ્વાજાના વખાણ કરી તેને પ્રથમ તે છાપરે ચડાવી આપે છે અને પછી તેને દુનિયવી દોલતની મોહજાળમાં નહિ સપડાઇ જવાની સાવચેતી રાખવાનું સુચવે છે. અને કરાર પ્રમાણે તેની દોલતમાં સરખો ભાગ માગે છે. આવા ઠાવકા મુખે તે ખ્વાજાના દીલને કબજે કરી લઇ પોતાનો હેતુ કાઢી લેવા માગે છે. તે એક પુરેપુરો અય્યાર હતો કે જે ઠાવકાઇ તથા પોઝીશનથી પોતાના મતલબ સાધવાના ખેલ ખેલી રહ્યો છે. ખ્વાજા આગળ પ્રથમ તો તે દોલતનો ભાગ લેવાને જાય છે. તેની દોલત-માંથી ભાગની માગણી કરે છે અને સાથેજ દુનિયાને નજીવી મીલકત કહેતો જાય છે. તે એક મહાન ઠગ બાજી ખેલી રહ્યો છે આ ઉપરથી એટલું તો બહુજ સફાઇથી પુરવાર થાય છે કે તેનું મન ઠગ વિદ્યાથી ભરપુર ભર્યું હતું. અને દુનિયા જેને નજીવી મીલકત કહેતો જાય છે તેને કબજે કરવા માગતો હતો.

ખ્વાજાની ઇમાનદારી જુઓ કે, એક કરાર જે એક ટાહેલા સમાન હતો તેનાપર તે અમલ કરવામાં એક ડગલું પણ પાછો હઠતો નથી અને હસનની ખાતર તવાજો તથા આબરૂ વધારવાના એક પણ મોકાને તે હાથથી જવા દેતો નથી. હસનની ઠાવકે મુખે જે માગણી થઇ તેના જવાબમાં તે ભલો વજીર કહે છે કે " હરગીઝ

હું કરારનો ભંગ કરીશ નહિ." મતલબ કે ખ્વાજા કરાર પ્રમાણે અમલ કરવામાં લેશમાત્ર આનીકાની કરતો નથી. જો તેનામાં હસન સબ્બા જેવી ઠગવિદ્યા હતે તો આવા ટાહેલા કરારને કાંઇપણ મચક આપતે નહિ; પણ તે તો પોતાની ઇમાનદારીપર ચુસ્ત ખડો છે અને વચન ભંગ કરનારાઓમાં પોતાનું નામ દાખલ નહિ કરાવવાને ભાર આપીને જણાવે છે.

ખ્વાજા એમ તો નહિ જાણવા પામ્યો હતો કે, આ મિત્ર કરારના ચોપડા લઇ લેખાં કરાવી હીસાબ લેવાને આવ્યો છે. તે જાણતો હતો કે, તેને સારા હોદ્દાપર ગોઠવી આપું એટલે મારી મિત્રાચારીની ફરજથી હું મુક્ત થાઉં, પણ આ મોહમાન તો મીજબાનને ભાનમતીનો ખેલ બતાવી, તેને શીશામાં પુરવા માગતો હતો. ખ્વાજાએ તે ધોરણેજ તેને જવાબ આપ્યો; પણ તે જવાબ હસનને હેતુનું મોતી પ્રાપ્ત કરાવી આપે તેવો સ્પષ્ટ નહિ હતો. તેથી તેણે તે જવાબથી સંતોષ નહિ માનતાં ખ્વાજાને કહ્યું કે "આપની કૃપાઓ મારાપર અનહદ છે; પણ તે કરારદાદની સરતનો અમલ નથી." મતલબ કે હું તમારો મહેમાન છું, મારી તમો દરેક રીતે ખાતર તવાજા કરો છો. મારી ઇજ્જત વધારવાના એક પણ પ્રસંગને તમો જતો કરતા નથી. પરંતુ મને તો તમારી દોલત તથા પદવીમાં સરખો ભાગ જોઇએ છીએ. ખાતર બરદાસ તથા માનપાનથી મારો દીવસ શું વળવાનો હતો. માટે તે બાબત કરારદાદની સરતનો અમલ નથી માટે તમો કરારદાદની સરતનો અમલ કરી આપની દોલત તથા પદવીમાંથી મને સરખો ભાગ આપી ફારેગ થાઓ. ખ્વાજાની ભલાઇનો કાંઇ પાર નથી. તે કહે છે કે "તમો ખરૂં કહો છો મારી કિર્તિ તથા હોદ્દાના; બલ્કે મારી સઘળી મીલકતના તમો ભાગીદાર છો."

ઉપર પ્રમાણેની વાતચીતથી હસને ખ્વાજાથી કરારદાદની સરતો પર અમલ કરાવવાનું પાકું વચન લઈ લીધું. તેની આ હાવકી કાર-વાઇ તેની અચચારી તથા દાદાગીરિને સબળ રીતે પુરવાર કરે છે. લોપડ ચોપડ તથા દમ ભરાવી પોતાનો મતલબ સાધી લેવા માગે છે.

ખ્વાજા કે જેની ખાનદાની તથા ઇમાનદારીના થોકેથોક વખાણ કરવાં જોઇએ, કે તે પોતાના કરારના અમલમાં એક રતી બરાબર પણ પાછી પેની કરવા માગનો નથી અને હસનને કોઇ મોટી પદવીએ તે પહોંચાડવાને પોતાની સત્તા તથા લાગવગનો પુરેપુરો અમલ કરે છે. હસન કે જે એક મુફલીસ માણસ અને તે પણ એવો કે જેને કોઇ ઓળખતું ન હતું, તેને ખ્વાજા કરારદાદની સરતપર અમલ કરવાને ખાતર સુલતાન મલકશાહની હજુરમાં લઇ ગયો હસન જેવા માણસને મલકશાહ જેવા સુલતાનની હજુરમાં આવી ભલામણ વચ્ચે હાજર થવું એ એક ખ્વાજાની મહેરબાનીનેજ આભારી હતું, નહિતર હસનને તે બાબત સ્વપ્નમાં પણ પ્રાપ્ત થઇ શકે તેમ નહિ હતી. ખ્વાજાએ સુલતાન પાસે હસનને રજુ કરી તેની ઓળ-ખાણ કરાવી, તેનો પોતાની સાથેનો સંબંધ વર્ણવી બતાવ્યો અને તેની બુદ્ધિ તથા નીતિનાં બહુજ વખાણ કીધાં. આ સઘળી બાબતો તેણે એટલી સજ્જડ તથા લાગણીભરી કરી કે, સુલતાન તેનાપર મહેરબાન થયો અને હસન તેનો એક માનીતો દરબારી થઇ ગયો. ખ્વાજાની પોતાના મિત્ર પ્રત્યેની મહેરબાની જુઓ કે, જે મિત્રને કોઇ જાણતુંએ નહિ હતું, કે તે કોણ છે તે તેની મહેરબાનીથી સુલતાનનો માનીતો થઈ પડયો. અને હસનને ખ્વાજાની મહેરબાનીએ પોતાની ઉન્નતિનું દ્વાર ખોલી આપ્યું " તે પોતાની ચાંલાકીથી થોડા સમયમાં સુલતાનના

મીજાજપર એટલો ફાવી ગયો અને એટલો તો વિશ્વાસ ઉત્પન્ન કરી લીધો કે, સુલતાન મોટા મોટા મહાન કામોમાં તેની સલાહ પ્રમાણે ચાલતો હતો."

ખ્વાજાએ હસનને ઉપર પ્રમાણેની સ્થિતિએ પહોંચાડી આપવા ઉપરાંત તેને તેની ઇચ્છાથી હમદાન તથા દીનુરનો ગવરનર પણ બનાવી આપ્યો, પરંતુ તેટલાથી આ લાલચુ મિત્રની ઇચ્છા તૃપ્ત થાય તેમ નહિ હતી. તે તો ખ્વાજા સાથે વજીરાતમાં શરીક થવા માગતો હતો. એટલે કે આ મેહમાન ઘરધણીને ઘરમાંથી હાંકી કાઢી તે ઘરનો પોતેજ માલીક થવા માગતો હતો. વજીરાતમાં ભાગીદારી મેળવી લેવાથી તેની મુરાદ પ્રસંગો મેળવી કોઇની પણ દખલગીરી વગરનો તે વડો વજીર થઇ જાય તેજ હતી. મતલબ કે ખ્વાજાને હાંકી કાઢી, ગોયા કે તેને ગબડાવી નાંખી પોતેજ વડો વજીર બનવાને તે કાવત્રાં રચવા લાગી ગયો.

જુઓ કે જે હસને ખ્વાજાને એક પાઇ પણ આપી નથી. પોતેજ ટાહેલા જેવો ભાસ કરાવી એક કરારદાદ સ્કુલ અવસ્થામાં તેની પાસેથી કરાવી લીધો છે તે ખ્વાજા જેવા વડા વજીરનો મેહમાન થાય છે તેની ખાતર બરદાસની મઝા ઉડાવે છે. પોતાનું માનપાન વધારે છે. ખ્વાજા તેને કાંઇપણ આનાકાની વિના કરારની સરતો પર અમલ કરવાને જણાવી સુલતાન પાસે તેને રજુ કરી સુલ્તાનનો તેને માનીતો બનાવી આપે છે, અને માનીતો પણ એવો કે, તે સુલતાનનું દીલ જીતી લે છે અને સુલતાન મોટા મોટા મહાન કામોમાં તેની સલાહ પ્રમાણે ચાલવા લાગી જાય છે. ઉપરાંત તે હસનને હમદાન તથા દીનુરનો

ગવરનરી આપાવે છે. મતલબ કે ખ્વાજા પોતાના મિત્ર ઉપર કૃપાઓની ધોધમાર વરસાદ વરસાવે છે. તેવા મિત્ર તથા મુરબ્બીને તેના દરજ્જાથી ગબડાવી નાંખી; બલ્કે તેની પદવી છીનવી લઇ પોતેજ વડો વજીર થવા માગે છે. આ સઘળી બાબતો એ બાબત સાબીત કરવાને પુરતી છે કે હસન એક નીચ તથા તદ્દન હીચકારો માણસ હતો. જો તે નીચ તથા તદ્દન હીચકારો માણસ નહિ હતે તો, પોતાપર આટલા આટલા ઉપકારો કરનારનો તે કીયામત સુધીનો આભારી થઇ જતે. આભારી થવાની વાત તો એક તરફ, પણ ઉલટો તે તેને ખરાબ કરવાને તડામાર પૈરવી કરે છે.

ખ્વાજાના ઉપકારો જુઓ અને હસનના અપકારો જુઓ. ખરેખર ખ્વાજા પોતાની ખાનદાની તથા ઇમાનદારીમાં હદ કુદાવી ગયો અને ખરેખર તેણે દુધ પાઇને સાપ ઉછેર્યો; કે જે સાપ હવે તેને કરડવાને ફુંફાડા મારવા લાગ્યો છે. ખરેખર હસને જોયું કે, ખ્વાજાની ખાનદાની તથા ઇમાનદારી મારા સફેદ ઠગબાજીના કાવાદાવાને સમજવા દેશે નહિ તેથી તેને ખાત્રી થઇ ગઇ હતી કે, હું જરૂર ખ્વાજાને વજીરાતના હોદ્દાથી પદભ્રષ્ટ કરાવી, હું તે હોદ્દાને હાસલ કરી લઇશ. આવી રીતે ખ્વાજાને વજીરાત પદથી ઉતારી પાડવાને તેણે હમદાનની ગવરનરીનો પણ સ્વીકાર કીધો નહીં કેમકે તે તો વજીરપદ હાથ કરવાને મથી રહ્યો હતો અને એવો પ્રસંગ શોધતો હતો કે ખ્વાજાથી સુલતાન નારાજ થઇ તેને વજીરાતના હોદ્દાથી કર્મા કરે.

ખ્વાજાએ એક કમીના માણસપર ઉપકારો કર્યા હતા. જેનાથી કદી પણ ભલાઇની આશા નહિ રાખી શકાય તેનાપર પોતાની ઉદારતાનાં હાથો લંબાવ્યા હતા અને પાત્ર પિછાણવામાં તે ગોથું ખાઇ ગયો હતો તે પથ્થરને હીરો, માટોડીને કસ્તુરી અને ઉલ્લુને બુલબુલ

સમજવા પામ્યો હતો. તેની આવી ભુલની તેને સજા ન મળે એ બનવાજોગ નહિ હતું. હવે તે પોતાની ભુલનો બદલો પામવાની પુરેપુરી અણીપર આવી લાગ્યો છે. ખ્વાજાએ જે હસનને પોતાનો મેહમાન બનાવ્યો, તેની પુરી રીતે ખાતર તવાજો કીધી, તેની ઇજ્જત આબરૂ વધારવામાં ખામી રાખી નહિ અને છેવટે તેને સલજુકી સુલતાનની રૂબરૂમાં પેશ કરી તેને ગવરનરની પદવીએ પહોંચાડી આપ્યો, તે હસન હવે તેનેજ ઉથલાવી નાંખવાને બાજીઓ રચી રહ્યો છે અને તે બાજીમાં ફળીભુત થાય તેવા એક પણ પ્રસંગને હાથથી જવા દેતો નથી. ખ્વાજા પણ આ ઘાતકી પરોણાથી હવે ખબરદાર થઇ ગયો છે; પરંતુ તેની ખાનદાની તથા ઇમાનદારી તેને બદલો લેવાની રજા આપતી નથી. તો પણ એટલી વાત તો ખરી છે કે આ ઘાતકી મેહમાનથી તે ધાસ્તી ખાઇ ગયો છે; કેમકે તેણે પોતાની કેટલીક કારકીર્દીથી પોતાની ધાસ્તીમાં ઉમેરો કરી આપ્યો છે.

હસન ખ્વાજાને સુલતાનની નજરમાં હલકે પાડી તેને તેના વડા દરજ્જાથી ગબડાવી દેવાને મથ્યો હતો. આ મથનમાં તેણે કેવી કેવી ખટપટો તથા ચાલબાજીઓ ચલાવી હશે તેનાપર પરદો પડેલો છે; પણ એમતો નહિજ માની શકાય કે તેણે પોતાના એક પણ મોકાને હાથથી જવા દીધો હોય. હસન પણ જુએ છે કે, પોતાના વજીરપદ પર આવવાને માત્ર ખ્વાજાજ નડતર રૂપ છે. જો સુલતાન તેનાથી નારાજ થઇ જાય તો, હું તેની કુરસીપર બીરાજમાન થઇ જાઉં. સુલતાન મલકશાહ કે જેની કુશળ કારકીર્દી જગ આશકાર છે તેની નજરમાં ખ્વાજા જેવા ભલા તથા બાહોશ માણસને ગબડાવી નંખાવવો એ તે સમયના બીજાઓ માટે તો અશકય જેવુંજ હોવું જોઇએ, પણ હસનની ઉંડી પહોંચ તે અશક્યને શકય કરી નાંખવાને દીલાસો આપતી હતી.

ખ્વાજાને સુલતાનની નજરમાં હલકો પાડવાના હસનના કાવા દાવાના સંબંધમાં ખુદ ખ્વાજા બે પ્રસંગોજ ટાંકી બતાવે છે. તે બે પ્રસંગોમાં પહેલો ખ્વાજાની ઇનામની વહેંચણી કરવામાં થએલી ભુલનો હતો. હલબમાં કાચો પથ્થર બને છે કે જેનાં વાસણો થાય છે. સુલતાન મલકશાહે તે પથ્થર પુરતા પ્રમાણમાં ઇસ્ફહાન લાવવાની ખાહેશ જણાવી. છાવણીના એક માણસે સુલતાનની ઇચ્છા સમજી, તે પથ્થર ઇસ્ફહાન સુલતાનપર મોકલવાનું નક્કી કરી, બે ઉંટવાળાઓ સાથે પાંચસો મણ પથ્થર ઇસ્ફહાન મોકલાવ્યા. બે ઉંટવાળા પૈકી એક પાસે ચાર અને બીજા પાસે છ એમ કુલ્લે દશ ઉંટ હતા. દસે ઉંટપર દોઢ હજાર મણનો બોજો લાધવામાં આવ્યો હતો. દોઢ હજાર મણમાં તે છાવણીવાળા તરફના પાંચસો મણ પથ્થર હતા અને બાકીનો હજાર મણનો બોજો તે ઉંટવાળાઓનો પોતાનો ખાનગી હતો.

સુલતાન પથ્થર જોઇ ખુશી થયો અને ઉંટવાળાઓને સરપાવ ઉપરાંત એક હજાર દીનાર ઇનામમાં આપ્યા. તે ઇનામની રકમ વહેંચી આપવાને તે ઉંટવાળાઓએ ખ્વાજા આગળ અરજ કીધી. ખ્વાજાએ જોયું કે ઉંટ દશ છે અને દીનાર હજાર છે તેથી પ્રત્યેક ઉંટ દીઠ સો સો દીનાર આપવા જોઇએ તેમ ગણી છ ઉંટવાળાને છસો અને ચાર ઉંટવાળાને ચારસો આપ્યા. આ વહેંચણી કરવામાં ખરી રીતે ભુલ થઇ હતી, પરંતુ તે ભુલ મુળ બનાવ જોતાં પહેલી દ્રષ્ટીએ નજરે ચડે તેવી નથી. ખ્વાજાને તો માત્ર હજાર દીનાર દસ ઉંટવાળાને વહેંચી આપવાના હતા. તે તેણે સાધારણ દ્રષ્ટીએ વહેંચી આપ્યા, પણ તે અંદરખાનેથી દસ ઉંટોપર પંદરસો મણનો બોજો આવ્યો છે અને તે પંદરસોના બોજામાં હજાર મણ તેમના ખાનગી છે તે વાતથી તે અજાણ્યોજ હોવો જોઇએ.

જો ઉંટવાળાઓએ વહેંચણી બાબતમાં વાંધો રજુ કરી બધી હકીકતથી ખ્વાજાને વાકેફ કીધો હતે તો, ખ્વાજા જેવો માણસ ન્યાય ન કરે એ બનવાજોગજ નહિ હતું. જે માણસ એક બળવાન રાજ્યનો વડો વજીર છે તે આવા ક્ષુલક બનાવમાં અન્યાય કરે એમ તો માની શકાય નહિ, પણ જેટલી હકીકત તેને રજુ થઈ તે ઉપરથી તેણે ઇનામની વહેંચણી કરી આપી. ઇનામની વહેંચણી બરાબર થઈ ન હતી એ વાત નિરવિવાદ છે; પરંતુ તે વહેંચણીની ભુલ પકડવામાં હસનનો કોઇ નિર્દોષ હેતુ હોય એમ કહી શકાતું નથી. ખ્વાજા કે જેણે હસન ઉપર ઉપકારોના ફુલોની વૃષ્ટિ કરવામાં કાંઇ કસર બાકી રાખી નહિ હતી તેની આવી નિર્દોષ ભુલને પકડી, રજનું ગજ કરી આપવું એ તેની ખ્વાજાને ખરાબ કરવાની બાજી હતી. જ્યારે આવી એક સાધારણ બાબતમાં તે ખ્વાજાની વિરૂદ્ધતા કરવાને ચુકયો નહિ ત્યારે બીજા રાજ્યના બનાવોમાં પણ તેણે ખ્વાજાને ઉતારી પાડવાને પુષ્કળ માથું માર્યું હશે એ નિર્વિવાદ વાત છે.

એક મિત્ર તરીકેની ફરજને દ્રષ્ટિ મર્યાદામાં રાખતાં હસનની આ ભુલ પકડી, ખ્વાજાને બદનામ કરવાની વેતરણ એક મહાન ગુનાહ સમાન લેખી શકાય. મિત્રની આવી ભુલને પકડી તેને બદનામ કરવાને તત્પર થઈ જવું એ મિત્રાચારીની દોરીને તોડી પાડવા કરતાં, કાંઇ ઓછી બાબત નથી. ખ્વાજાની ભુલ થઇ હતી અને તે તેને ( હસન ) જણાઇ આવી તો તેણે તેથી ખ્વાજાને વાકેફ કરી આપવો જોઇતો હતો અને જો તેમ તેણે કર્યું હતે તો ખ્વાજાને ઇનામની વહેંચણીમાં ફેરફાર કરવાને કાંઇ પણ અડચણ નહિ હતી. ખ્વાજા એવો માણસ તો નહિજ હતો કે, જે પોતાની ભુલ જોઇ તેનો સ્વીકાર ન કરે

અને તેની દુરસ્તી ન કરે. ખુદ ખ્વાજા વસાયા તથા દસ્તુરૂલ વુઝરામાં પોતાની ભુલોનો ઇકરાર કરે છે. અને તેવી ભુલોને છુપાવવાને લેશ માત્ર પણ પ્રયાસ કરતો નથી. જે ભુલ માટે કોઇએ આક્ષેપ લીધો નથી, તે બાબતમાં પણ તે પોતાની ભુલનો ઇકરાર કરે છે અને પોતાના બેટાને તેવી ભુલમાં નહિ પડવાને તે વસીયત કરે છે. હસને જે વર્તન ખ્વાજા સાથે ચલાવી તે અતિ નીચ તથા હીચકારા ભરી છે. ખ્વાજાના ઉપકારો ઉપર તેણે પાણી ફેરવ્યું છે. અને ખુદ ખ્વાજાએ તેને જે તલવાર આપી તે તેણે ખુદ ખ્વાજા ઉપરજ અજમાવી છે.

ખ્વાજાની ભુલ બતાવતાં હસને કહ્યું કે ખ્વાજા નિઝામ-ઉલ-મુલ્કે ઇનામની વહેંચણીમાં ભુલ કીધી છે. અને નાણાંને ગેરવાજબી રીતે આપી દીધાં છે. અને નાણાં મેળવવાનો જે ખરો હકદાર હતો તેનો હક સુલતાન ઉપર બાકી રહ્યો. "છ ઉંટવાળાને આઠસો અને ચાર ઉંટવાળાને બસો દીનાર મળવા જોઇતા હતા " હસને ખ્વાજાની ભુલ કાઢી એટલુંજ નહિ; પણ ખ્વાજાને તેથી ખાનગીમાં જાહેર નહિ કરતાં, તે ભુલને પબ્લીકમાં ફેલાવવા માંડી. રાજ્યમાં જ્યાં કરોડો રૂપીઆ ઇનામ અકરામમાં અપાય છે ત્યાં આ રકમ કશા પણ બીસાદમાં નથી; પરંતુ હસને રજનો ગજ કરી હવાની જેમ તેને ફેલાવી આપી. આ ભુલ વિષે જ્યાં ત્યાં ચર્ચાઓ ચાલી હશે અને લોકોએ પણ જ્યારે હીસાબ તપાસ્યો હશે ત્યારે ખ્વાજાની ભુલ કબુલ રાખી હશે. આ ખ્વાજાની ભુલની ચર્ચાએ એટલું તો જોર પકડયું કે, તે માટે ખુદ ખ્વાજા કહે છે કે " આ ખબર ઉડતી જ્યારે સુલતાન સુધી પહોંચી ત્યારે તેણે મને બોલાવ્યો " ખ્વાજાના આ શબ્દો એટલું તો ચોક્કસ પુરવાર કરે છે કે, સુલતાનનું આ બનાવ પ્રત્યે ખાસ ધ્યાન

ખેંચાયું અને તેણે તે બાબતનો ખુલાસો માગવાને ખ્વાજાને ખાસ તેડાવ્યો. ખ્વાજા કહે છે કે “ હું હાજર થયો ( સુલતાન પાસે ) ત્યારે હસનબિન સબ્બાહ પણ હાજર હતો.” એક નજીવી બાબત પ્રત્યે સુલતાનનું ખાસ ધ્યાન ખેંચાવું અને તે માટે ખાસ ખ્વાજાને બોલાવવો અને હસનનું સુલતાન પાસે હાજર હોવું એવા અનુમાનપર લઇ જાય છે કે સુલતાને પ્રથમ હસનથીજ તે વાત સાંભળી હશે. અથવા તો તે કેસની હકીકત તેનાથી સમજી લીધી હશે. એમ પણ માની શકાય કે, ખ્વાજાને પુછતી વખતે તેની ભુલનો ઇકરાર કરાવવાને તેણે હસનને પ્રથમથીજ બોલાવી લીધો હશે.

જે વાત આટલી હદ સુધી જઇ પહોંચી છે તેની ખ્વાજાને ચોક્કસ ખબર હોવી જોઇએ. હસન આ બનાવનો ઉત્પાદક તથા પ્રસારક હતો તેને ખ્વાજા સુલતાન પાસે બેસેલો જુએ છે અને તેને હવે પોતાની ભુલનો ઇકરાર કરવા સિવાય બીજો એક પણ માર્ગ નથી. તે સુલતાનની રૂબરૂમાં જવાબ આપતાં ગભરાયો હોય, એ સ્વભાવિક છે. સુલતાન તો ખ્વાજાની ભુલને બરાબર સમજી ચુકયો હતો, પણ તે માત્ર ખ્વાજાને મુખે તેનો ઇકરાર કરાવવા માગતો હતો. ખ્વાજાની સ્થિતિ ખુદ સુલતાનનેજ દયા જનક લાગી હતી તેથી તે ખ્વાજાને જોતાંજ હસી પડયો. સુલતાનનું ખ્વાજાને જોતાંજ હસી પડવું એ સુલતાન માટે આ કેસ બહુજ રમુજ આપનારો થઇ પડયો સાબીત કરે છે. પોતાના હસી પડવાથી તે ખ્વાજાને સપડાએલો સમજે તથા જણાવે છે. વળી આ કેસ સુલતાન માટે વધુ રમુજી થઇ પડેલો, તો એ ઉપરથી જણાઇ આવે છે કે, તેણે ખ્વાજાને જોતાંજ હસી પડીને હસનને કહ્યું કે “ ધનાયની હકીકત

જણાવો." ખ્વાજા હવે હસનના કાવત્રાંનો ભોગ થઇ પડયો હતો અને હસને પોતાના હરીફને બરાબર સાંડસામાં પકડયો હતો. આ બનાવથી ખુદ ખ્વાજા પ્રત્યક્ષ હસનની શત્રુતા જોઇ શકયો, અને તે એટલી હદ સુધી પહોંચેલી કે, ખુદ સુલતાનની રૂબરૂમાં તેને શરમીંદો કીધો. પોતાના મિત્ર તથા મુરબ્બી સાથે આટલી બધી ગુસ્તાખી તથા વિરૂદ્ધતા કરવી, એ તેના અતિ નીચ ખવાસને પુરવાર કરે છે અને નીચ ખવાસના માણસપર ઉપકાર કરવાથી, ઉપકાર કરનારને કેટલું ભોગવવું પડે છે તેનું તે એક પ્રત્યક્ષ પ્રમાણ પેશ કરે છે.

સુલતાનનું આ કેસમાં અતિ રસ લેવું પણ હદ કુદાવી ગયું હતું. હસન ઇનામના કેસને સંક્ષિપ્તમાં વર્ણન કરી બતાવે છે ત્યારે તે કહે છે કે "તે સંક્ષિપ્તમાં બયાન થયું છે, પણ તેને વિગતથી બયાન કરો" હસને હીસાબને વિસ્તારીને બયાન કીધું, જેથી સુલતાન પોતાની ધારણામાં ફળીભુત થયો; એટલે તે ખ્વાજાને તેની ભુલ જણાઇ જોઇ શકયો. સુલતાન ઘણો ચતુર તથા ખ્વાજાનો ચાહક હતો તેથી તે પોતાનો કેસ જીતી લઇને પણ ખ્વાજાને નારાજ કરવાને ચાહતો નહિ હતો; તેથી તેણે તે વાતને હસી મજાકમાં ઉડાવી દીધી. પણ ખ્વાજા કહે છે કે "હું સમજી ગયો કે આ બનાવથી સુલતાનના દીલમાં કેવો અસર થયો છે!"

એક અધિકારી પોતાના તાબાના નોકરની ભુલ પકડીને, માત્ર તેને ઝંખવાણો પાડવાને, જયારે તે ભુલ નોકરને સાબીત કરી આપે છે ત્યારે જે અપૂર્વ આનંદ અધિકારીને થાય છે તેની સીમા બાંધવી મુશ્કેલ છે. આ બાબતને અનુભવીઓ બરાબર સમજી શકે છે. તાબાનો નોકર ભુલ કરે અને તે ભુલને અધિકારી પકડી પાડી માત્ર નોકરને ઝંખવાણો પાડવાને તે ભુલ નોકરને સાબીત કરી આપે ત્યારે નોકરને

જે અપૂર્વ શરમીંદગી થાય છે તેની સીમા બાંધવી પણ મુસ્કેલ છે. મતલબ કે હસને ખ્વાજાપર એક કારી ઘા કીધો, જે ઘાએ ખ્વાજાને જખમી કરી નાંખ્યો.

હસનના આ નીચ કર્તવ્ય વિષે જ્યારે કાંઇક બારીકિમાં ઉતરીએ છીએ ત્યારે હસનની દુષ્ટતા વધુ ગંભીર જણાઇ આવે છે. હસનને ખ્વાજા સાથે ગાઢ સંબંધ હતો અને તે ખ્વાજા સાથે વિદ્યાર્થી અવસ્થામાં લેખી રીતે મિત્રાચારીનો કરારદાદ લખાવી ચુકયો હતો પરંતુ તેણે ખ્વાજા સાથે શત્રુતાભરી વર્તન ચલાવી, તે કરારદાદનો તેણે ભંગ કીધો; કેમકે તે ખુદ ખ્વાજા પાસેથી કરારદાદની રૂએ તેના વજીરપદમાં સરખી ભાગીદારી લેવા માગતો હતો અને તેથી તેણે ઇન્સાફને ખાતર વિચારવું જોઇતું હતું કે, હું જે ખ્વાજાનું અપમાન કરૂં છું તે અપમાનમાં પણ હું તેનો ભાગીદાર ઠરૂં છું. પરંતુ હલકી ખવાસના માણસો પોતાનો સ્વાર્થ સાધવામાં જેમ દરેક અગત્યની બાબતને વીસરી જાય છે તેમ હસન પણ આ બાબતને વીસરી જાય છે. વીસરીજ જાય છે એટલુંજ નહિ પણ દેખતી આંખે તે ગુનોહ કરે છે. આવી રીતના કરાર તોડવાના આરોપ માટે હસનને જેટલો ધિક્કાર આપવામાં આવે તેટલો થોડોજ છે. ખુદ કરાર કરાવી લેનાર, કરારપર અમલ કરાવવા માગનાર અને તે કરારદાદ પ્રમાણે બદલો મેળવનાર, ખુદ પોતે કરારદાદનો ભંગ કરે એ કાંઇ ઓછી દીલગીરીની વાત ગણાય નહિ !

## હસનનો ખ્વાજાપર બીજો હુમલો.

હસનના ખ્વાજા ઉપરના ઉપર જણાવેલા પ્રથમના હુમલા કરતાં પણ, આ બીજો, રાજ્યના જમાખર્ચના આંકડા તૈયાર કરવા બાબતનો હુમલો વધુ ધ્યાન ખેંચનારો છે. આ બીજા હુમલાની શરૂવાતજ ખુદ

હસન કરે છે. હસને બીજા દરબારીઓના દીલો પણ કબજે કરી લીધાં હતાં; તેથી તેનો લાભ લઈ તેણે ખ્વાજાને હાર આપવાને એક બીજું પ્રોગ્રામ રચી કાઢયું. તેણે દરબારીઓ મારફતે સુલતાનના કાન સુધી, એ વાત પહોંચાડી કે, સુલતાન વીશ વર્ષથી રાજ્ય કરે છે, તેને પોતાના રાજ્યના જમા ખર્ચથી પણ જાણીતું થવું જોઇએ. આ બાબતજ ખુદ એવી હતી કે, જે સુલતાનને અગત્યની જણાય; તેથી ખ્વાજા કહે છે કે "આ બાબત માટે સુલતાન મલકશાહે મને પુછયું કે તમો તેવો એક સંપૂર્ણ રીપોર્ટ કેટલા દહાડામાં તૈયાર કરી શકો છો, કે જેનાથી રાજ્યના જમા ખર્ચની સઘળી વીગત જાણી શકાય ?" મે અરજ કીધી "કે ખુદાવીંદ નેઅમત ! આપનું રાજ્ય કાશગરથી રૂમ અને અંતાકીઆ સુધી પ્રસરેલું છે. જો હું પુરેપુરી કોશીશ કરૂં તો, બે વર્ષની મુદતમાં તે તૈયાર કરી શકું છું"

સુલતાનને કદાચ બે વર્ષની મુદત વધુ જણાય; પણ તેટલી મુદત થવાનું ખ્વાજાએ કારણ પણ સાથે જણાવી આપ્યું હતું. જો સુલતાન વધુ મુદત વિષે વધારે જીદ કરતે તો ખ્વાજા વિશેષ પુરાવાથી તેના મનનું સમાધાન કરાવી શકે તેમ હતો; પરંતુ હસનતો સમડીની જેમ પોતાના શીકારપર ટાંપીનેજ ઉભો હતો. તેણે ખ્વાજાને નીચું દેખાડવાનો પ્રસંગ બરોબર હાથ આવ્યો છે તેથી તેણે બાદશાહને અરજ કીધી કે "હું તેવો રીપોર્ટ ૪૦ દહાડાની અંદર રજુ કરી શકું છું; સરત માત્ર એટલી કે વજીરાતની ઓફીસ તેના સ્ટાફ સાથે મને સુપ્રત કરી આપવામાં આવે." "આપણે જોયું કે, સુલતાન તો તેવો રીપોર્ટ તૈયાર કરવાને ખ્વાજાને પુછે છે, પણ

હસનતો તલપીજ રહ્યો હતો, તેથી સુલતાનને વગર પુછે બોલી ઉઠયો કે " હું તેવો રીપોર્ટ ૪૦ દહાડાની અંદર રજુ કરી શકું છું. " ખ્વાજાએ બે વર્ષની મુદત્ત જણાવી, કે જેના સાતસો ઉપરાંત દહાડા થાય, પરંતુ હસન સબ્બાહે તો ૪૦ દહાડામાં તૈયાર કરી આપવાનું જણાવી ભાવ બહુજ સસ્તો કરી નાંખ્યો. બે વર્ષે તૈયાર થાય, તે ૪૦ દહાડામાંજ તૈયાર કરી આપવાનું કહે છે તેથી સુલતાનનું મન લલચાઇ જાય તેમ હતું; તેથી હસનની પરીક્ષા કરવાને સુલતાને તેની દરખાસ્ત કબુલ રાખી.

ખ્વાજા તો લાજવાબજ થઇ ગયો અને હસને મેદાન હાથ કરી લીધું. તેણે જોયું કે હું જે વઝીરાતની કુરસી હાથ કરવાને દાવ રચી રહ્યો છું તેમાં સાફલ્યતા મેળવવાનો આ સારો પ્રસંગ છે. અને તે સાફલ્યતા મળતાં પૂર્વેજ ૪૦ દહાડા સુધી તો તે કુરસી એકટીંગ મળી પણ આવે છે. ખ્વાજાની સ્થિતિ બહુજ દયાજનક થઇ પડી: એટલે કે બળવાન શત્રુ જે તેને ખરાબ કરવા મચી રહ્યો છે તે આમ પગલેને પગલે ફાવતો ચાલ્યો આવે છે. અને આ જમા ખર્ચના કેસમાં તો તે ૪૦ દહાડા માટે પોતાના અધિકારો વટીક છીનવી જાય છે. ખ્વાજાની ગભરાટનો કોઇ પાર નહિ હોવો જોઇએ; કેમકે તે શત્રુની તલવારના લોઢાને માનતો હતો. તે સમજી ગયો કે હસન જરૂર તે કામ ૪૦ દહાડામાં તૈયાર કરશે અને મને પસ્તાવા તથા અપમાનના દરીયામાં ગોથું ખવડાવી દેશે. ચાલીસ દહાડા હસને રીપોર્ટ તૈયાર કરવામાં લોહિને પાણી એક કરી નાંખ્યું હશે અને ખ્વાજા તેનું કામ જોઇ અસલ ગભરાતો પણ હશે; પરંતુ ગભરાય કે ન ગભરાય; પણ શત્રુ કાંઇ ગાંજ્યો જાય તેવો નહિ હતો. ચાલીસ દહાડામાં તેણે

રીપોર્ટ તૈયાર કીધો અને હવે માત્ર સુલતાનની રૂબરૂમાં તે પેશ કરી સમજાવી દેવાનું કામ બાકી રહ્યું.

હવે હસન ખ્વાજાનો મિત્ર રહ્યો નથી. તેની સાથેના કરારપર તેણે પ્રથમથીજ પાણી ફેરવી નાંખ્યું છે, બલ્કે તે કરારની આડમાં તેણે ખ્વાજાને ટક્કર મારવા લાયકનો પોતાને બળવાન બનાવી લીધો છે. ખ્વાજાને બરાબર હંફાવી રહ્યો છે. હસન પોતાને સુપ્રત થએલા કામમાં ફતેહ હાસલ કરવા માગતો હતો. અને તેની ફતેહમાં ખ્વાજાની લેવડી દાનાદાન થઇ જાય તેમ હતી. તેથી તેણે હસનને પાછો પાડવાને જરૂર પ્રયાસ કીધો. આવી સ્થિતિ વચ્ચે અમો ખ્વાજાને વધુ દોષિત ગણી શકતા નથી. એવો તે કોણ હોય કે આવા પ્રસંગે બચાવની તજવીજ ન કરે ! કોઇ તલવાર મારવાને દોડે અને પોતે ઢાલ આડે ન ધરે ! દબીસ્તાનુલ મઝાહેબવાળો કહે છે કે " ખ્વાજાએ પ્રપંચથી હસન સબ્બાહને ત્યાંનો રીપોર્ટ મંગાવી લઈ તેના પૃષ્ટો ફેરફાર કરાવી નાંખ્યાં હતાં." મતલબકે ચાલીસ દહાડા પુરા થયે હસન રીપોર્ટ લઇ સુલતાનને રજુ કરી સમજાવવાને દરબારમાં ગયો. સુલતાને તેને રીપોર્ટને લગતા પ્રશ્નો પુછવા માંડયા ત્યારે તે જવાબ આપી શકયો નહિ અને ગભરાટમાં પડી ગયો.

એક બારગી એમ માની લઇએ કે, ખ્વાજાએ પ્રપંચથી હસનને ત્યાંનો રીપોર્ટ મંગાવી લઈ તેના પૃષ્ટો ફેરફાર કરાવી નાંખ્યા હતા; પણ હસનનું ગભરાટમાં પડી જવું એક નવાઇની વાત હતી. જો રીપોર્ટ રજુ કરતી વખતે, તેણે પૃષ્ટો ફેરફાર થઇ ગએલાં જોયાં હતે તો તે તેવો ખુલાસો રજુ કરી એકાદ દહાડાની મોહલત માગી શકતે અને તે તેને મળી પણ શકતે. સુલતાન તેવી મોહલત આપવાને લેશમાત્ર પણ આનાકાની કરતે નહિ. તઝકેરે દોલતશાહીમાં લખ્યું છે

કે "ખ્વાજાના ચાકરે હસન સબ્બાહના ચાકરને મેળવી લઇ રીપોર્ટના પૃષ્ટો હેરફેર કરાવી નાંખ્યા હતાં. તેટલા ઉપરથી હસન સબ્બાહ મલકશાહના કોઇપણ પ્રશ્નનો જવાબ આપી શકયો નહિ."

આ સંબંધમાં ખુદ ખ્વાજાજ લખે છે કે "હસન સબ્બાહે ખરેખર કમાલ કર્યો હતો કે, તેટલી ટુંક મુદતમાં જમા ખર્ચનો રીપોર્ટ તૈયાર કરી લીધો." ખ્વાજાનું એમ તો કહેવુંજ નથી કે હસન રીપોર્ટ તૈયાર નહિ કરી શકયો, બલ્કે તેતો હસનની કાબેલીઅતની અતિ પ્રસંશા કરે છે; પણ હસન મલકશાહને તેના પ્રશ્નોના જવાબ નહિ આપી શકયો તેનો એક ભાવિક જવાબ આપે છે ને લખે છે કે "પણ હસને અદેખાઇ તથા કરારદાદની વિરૂદ્ધ થઇ આ કારવાઈ કીધી હતી. તેટલા માટે ખુદાના ફજલો કરમથી રીપોર્ટની રજુઆત વખતે તેને શરમીંદગી ઉઠાવવી પડી" અમો તથા સૌ કોઇ ખ્વાજાની એ વાતનો સ્વીકાર કરશે કે, હસને અદેખાઈ તથા કરારદાદની વિરૂધ્ધમાં જઇ આ કારવાઇ કીધી હતી. વાત પણ ખરી હતી કે તેવાજ કારણને લઇને હસનની આ કારવાઈ હતી. પણ અદેખાઇ તથા કરારદાદની વિરૂદ્ધમાં તે કારવાઇ હોવાથી તેને તેમાં શરમીંદગી ઉઠાવવી પડી એ કબુલ કરવા મન આંચકો ખાય છે.

શરર લખે છે કે હસન પોતાનો રીપોર્ટ લઇ દરબારમાં હાજર થયો ત્યારે નિઝામ-ઉલ-મુલ્ક પણ ઉદાસપણે દરબારમાં ઉભો હતો અને વિચાર તો હતો કે, જો આ રિપોર્ટ બાદશાહને પસંદ પડી ગયો તો મારા તો બારજ વાગી જવાના! " આ પુરાવો ખ્વાજા ઉપરના આરોપને દુર કરી આપે છે. જો ખ્વાજાએ હસનના ચાકરને ખુટવી રીપોર્ટના પૃષ્ટોમાં ફેરફાર કરી નાંખ્યો હતે તો તેને ઉદાસપણે ઉભા

રહેવાની જરૂર પડતે નહિ, બલ્કે તેની ખુશાલીનો કોઇ પાર રહ્યો હતે નહિ. તેના દિલમાં સંતોષ તો હોવો જોઇએ કે, રીપોર્ટના પૃષ્ટોમાં એવો હેરફેર કરી નાંખ્યો છે કે તે બરાબર રજુ કરી શકશેજ નહિ. વળી જ્યારે ખ્વાજા તે રીપોર્ટને તેના નોકરને ખુટવી પોતાની પાસે મંગાવી લે છે ત્યારે તેના પૃષ્ટોમાં એટલો ફેરફાર કેમ ન કરે, કે તેને રજુ કરવામાં હસન ગભરાઇ જાય વળી જ્યારે ખ્વાજા તેને હસનના નોકરને ખુટવીને રીપોર્ટને પોતા પાસે મંગાવી લે છે ત્યારે તે ખુદ રીપોર્ટનેજ નાશ શા માટે ન કરી નાંખે ?

વળી ખ્વાજાએ તે નોકરને ખુટવી જો રીપોર્ટ પોતા પાસે મંગાવ્યા હોય તો તે નોકરને તે વધુમાં વધુ ખુટવી શકવાની પૂર્ણ સત્તા પણ ધરાવતો હતો. રાજ્યમાં તેની સત્તા એટલી તો બળવાન હતી કે લાખો રૂપીઆ તે આપી શકતે અને તે માટે તેનો કોઇપણ ઓડીટ પણ ન કાઢતે. ખ્વાજાની વજીરાત વખતની કારકીર્દિ તથા સત્તા વિષે જેઓ જાણીતા છે તેઓ અમારા મત સાથે મળતા થયા વિના રહેશે નહિ; પણ હીસાબમાં ખામી જરૂર રહી હોવી જોઇએ. રીપાર્ટમાં તેણે કોઇ બાબત દાખલ ન કીધી હોય અથવા તો તેને દાખલ કરવાની તેને જરૂર ન જણાઇ હોય, પણ સુલતાનને તેની જરૂર જણાતાં તે બાબતનો તેણે પ્રશ્ન કર્યો હોય તો, ના કહી શકાય નહિ. આવી સ્થીતી વચ્ચે હસન ગભરાય અને જવાબ ન આપી શકે એ બનવા જોગ હતું.

તો પણ ખ્વાજા પોતાની ખાનદાની તથા ઇમાનદારીને નહિ છોડતાં, હસનના રીપોર્ટમાં ખામી હોવાનું જણાવતો નથી. બનવાજોગ છે કે સુલતાને હસનને પુછેલા પ્રશ્નો ખ્વાજાને બિન જરૂરના જણાયા હોય, પણ સુલતાને પુછ્યા અને હસન તેના જવાબો આપી શક્યો

નહિ અને ગભરાઇ ગયો. ખ્વાજા આ સબંધમાં કહે છે કે " પણ હસને અદેખાઇ તથા કરારદાદની વિરૂદ્ધ જઇ, આ કારવાઈ કીધી હતી, તેટલા માટે ખુદાના ફજલો કરમથી રીપોર્ટની રજુઆત વખતે તેને શરમીંદગી ઉઠાવવી પડી. " ખ્વાજાના લખાણથી એમ કેમ અનુમાન ન લઇ જઇ શકાય કે, હસનને ખુદાતાલાએ તેની અદેખાઇ તથા કરારદાદ તોડયાની સજા કીધી. હસન જ્યારથી ખ્વાજા પાસે આવ્યો અને રીપોર્ટ તૈયાર કીધો ત્યાં સુધી તેણે ઘણીજ ધિક્કારને પાત્ર વર્તન ચલાવી હતી. અદેખાઇ તથા કરારદાદને તોડયો હતો અને તેથી તેના પાપનો ઘડો ભરાઇ ગયો હતો, તેથી કુદરત તેને તેની સજા અપાવવાને સુલતાનથી તેને એવા પ્રશ્નો પુછાવે છે કે, જે તેના જવાબો આપી શકતો નથી અને ગભરાઇ જાય છે.

બાદશાહ સ્હેજ વાતમાં ખુશીને સ્હેજ વાતમાં નારાજ થઇ જાય તેવા તો હોય છેજ. વળી અહીં તો શરર લખે છે કે " બાદશાહ હસનની વર્તણુંકને ધીક્કારની નજરથી જોતો હતો " બાદશાહ પ્રથમથીજ હસનની વર્તણુકને ધિક્કારની નજરથી જોતો હતો તો તેથી એમ બહુજ સરળતાથી કહી શકાય કે, હસનની ધિક્કારને પાત્ર વર્તણુક સંબંધે તેને બાતમીઓ મળી ગઇ હોવી જોઇએ. બનવા જોગ છે કે કોઇ પણ દરબારીએ હસનની ખ્વાજા પ્રત્યેની હીલચાલ વિશે તેને જાણીતો કરી આપ્યો હોય અને તેથી નારાજ થવાનું કારણ મળતાં તે તેના પ્રત્યે ગુસ્સે થઈ ગયો હોય! થયું પણ તેમજ કે, જ્યારે તે રીપોર્ટ સંબંધે પુછવામાં આવેલા પ્રશ્નના જવાબો આપી શકયો નહિ ત્યારે તેના ધિક્કારને પાત્ર વર્તન વિશે તેની પૂર્ણ ખાત્રી થઇ ગઇ અને તે ખાત્રી પણ એટલી હદ સુધી કે શરર લખે છે કે "સુલતાનના ગુસ્સાનો કાંઇ પાર રહ્યો નહીં. તે તેને સજા કરવાને તૈયાર થઇ ગયો" આ સઘળી બાબતોનો જો સામટો

વિચાર કરી જોઇએ તો ખ્વાજાપર પ્રપંચ કરવાનો જે આરોપ મુકવામાં આવે છે તેમાં કાંઈ વજુદ જણાશે નહિ. વળી એ બાબતને પણ વીસારી શકાય તેમ નથી કે, હસનનો બચાવ થઇ જવાના બે કારણો રજુ થાય છે. એક તો બાદશાહની દયા અને બીજું ખ્વાજાની સીફારસ. પાણી મોભારે જઇ પહોંચ્યું છે, છતાં ખ્વાજા તો પોતાની ખાનદાની તથા ઇમાનદારીનો દામન મજબુત પકડીને ઉભો છે. અને હસનને સજા નહિ કરવામાં આવે તે માટે ભલામણ કરે છે. સુલતાન જ્યારે તેને સજા કરવાને તઇયાર થઈ ગયો ત્યારે તે સજા જરૂર કરતેજ. માત્ર ખ્વાજાની સીફારશે તેને સજાથી બચાવી લીધો છે. ખ્વાજા આ વખતે સીફારશ નહિ કરતે અને તેને સજા થવા દેતે, અથવા તો સજા કરવાની ભલામણ કરતે તો પણ અમો ખ્વાજાને લગાર દોષિત ગણતે નહિ; કેમકે હસને પોતાની ધિક્કારને પાત્ર વર્તનથી ખ્વાજાને તેમ કરવાનો હક આપ્યો હતો; પરંતુ ખ્વાજા છે, કે જે પોતાની ઇમાનદારીથી ડગતો નથી. અમો નથી ધારી શકતા કે ખ્વાજાની જગોએ જો બીજો કોઇ આસામી હતે તો, આટલે હદ સુધી સહન કરે જતે અને ઇમાનદારીના તાજને તજતે નહિ. છેવટે તેણે હસનને બાદશાહના ગુસ્સાની સજાથી બચાવ્યો અથવા તો હસન ખુદ સજાની બીકથી ત્યાંથી નાશી ગયો.

હસન રીપોર્ટ લઇ બાદશાહ પાસે લઈ ગયો; પરંતુ જ્યારે સુલતાને તે રીપોર્ટને લગતા પ્રશ્નો પુછવા માંડયા ત્યારે તે તેના જવાબો આપી શકયો નહિ અને ગભરાટમાં પડી ગયો. આમ થવું એ નિઝામ-ઉલ-મુલક માટે અહો ભાગ્યની વાત હતી. તેતો ખાસ્તીજ ખાઇ ગયો હતો કે, જેનો ખુદ પોતેજ ઇકરાર કરે છે કે " જો ખુદા

ન ખાસ્તા હસન સબ્બાહને જમા ખર્ચના રીપોટના કામમાં હાર ન થતે તો, પછી મુશ્કેલીઓનો મુકાબલો કરવો પડતે " આવી ધાસ્તીને ટાંકણે આમ મામલો પલટાઇ જવો, એ તેને ખરેખર તેની કબુલાત પ્રમાણે ખુદાનો ફજલો કરમ લાગ્યો, અને તે સમજ્યો કે જો, ખુદા-તાલા હસનને તેની અદેખાઇ તથા કરારદાદ તોડવાની સજા નહિ કરતે તો, ખરેખર તેના માટે મહાન મુશ્કેલીઓનો સામનો ખડો થઇ જતે. તેણે ખુદાનો શુકર માન્યો. તે બહુજ વ્યાજબી હતો, કેમકે તે મુશ્કેલીઓમાં સપડાવાથી તેનાજ ફજલો કરમથી બચી જવા પામ્યો છે.

જો રીપોર્ટના કાગળોના પૃષ્ટોમાં ખ્વાજાએ ફેરફાર કરાવી નાંખ્યો હતે તો, તેટલાપરથી કાંઇ હસન ગાંજ્યો જાય તેવો નહિ હતો. પૃષ્ટો ગોઠવવાની મોહલત માંગી તે બીજેજ દહાડે પોતાના હથીઆરો ખ્વાજાપર અજમાવતે; પણ સત્ય વાત એજ જણાય છે કે, હસનની હારવાઇ માત્ર અદેખાઇ તથા સુલતાનનું મન વશ કરવા ઉપર થઇ હતી, નહિતર સુલતાન મલકશાહનો સમય કે જે આજથી એક હજાર વર્ષ પૂર્વેનો છે કે જ્યારે આજના સમય જેવા રીપોર્ટ જલદીથી તઇયાર કરી શકવાના સાધનો હસ્તી નહિ ધરાવતાં હતાં. આજના જેવાં સરકારી ઓફીસો, રૈલ, તાર કે ટપાલ નહિ હતી. મલકશાહનું રાજ્ય કાશગરથી લઇ રૂમ તથા અંતાકીઆ સુધી ફેલાયલું હતું, કે જેની વિશાળતા આજના હીન્દુસ્તાન જેટલી માની શકાય; તેવા મોટા રાજ્યનો જમાબંધીનો અને તે પણ સંપૂર્ણ, એવો જે રીપોર્ટ, તે માત્ર ૪૦ દહાડામાં કેમ તઇયાર થઇ શકે તેમ હતો? જો માત્ર ૪૦ દહાડામાંજ તેવો રીપોર્ટ તૈયાર થઇ શકે તેમ હતે તો, તે કામ હસન કરતાં ખ્વાજા વધારે સરળતાથી કરી શકે તેમ હતો અને જો તેમજ હતે તો તેને તેવા રીપોર્ટ માટે બે વર્ષની મુદ્દત જણાવવાની

કાંઇ કારણ નહિં હતું; બલ્કે જલદીથી કરી આપી સુલતાનને સંતોષ આપી શકતો હતો, પણ તેણે કામની મુશ્કેલીઓ જોઇ જે મુદત માગી તે વ્યાજબીજ લાગે છે. આજના સમયમાં પણ જો હીન્દુસ્તાનનો તેવો રીપોર્ટ તૈયાર કરવો હોય તો ૪૦ દહાડામાં થઇ ન શકે. વડોદરા મેસુર, નિઝામ વીગેરે હીન્દુસ્તાનના દેશી રાજ્યોના વાર્ષિક રીપોર્ટો કે જે માટે સરળતાના બધા સાધનો મોજુદ છે; તે પણ ૪૦ દહાડામાં તૈયાર થઇ શકતા નથી. તેવા રાજ્યોના સેનસસ, ફેમીન વીગેરેના રીપોર્ટો તૈયાર થતાં પણ છછ મહિનાઓ નીકળી જાય છે તો પછી ખ્વાજા તે કામ ૪૦ દહાડામાં તૈયાર નજ થઇ શકે તે બરાબર જાણતો હોવો જોઇએ. અને તેથી તેને એ બાબતની ખાત્રી હોવી જોઇએ કે, જો રીપોર્ટની દરેક બાબતની તપાસ કરવામાં સુલતાન ચુક ન કરે તો. તે રીપોર્ટ તે પાસ કરી શકશે નહિં; પણ માત્ર તેને જે ધાસ્તી હતી તે એટલા માટેજ હતી કે, રખેને સુલતાન ઉપર ટપકે રીપોર્ટ જોઇ તેને પસંદ કરી લે અથવા તો હસન સુલતાનનું મન મનાવી આપે. આ બાબત માટે ખ્વાજાએ સુલતાનને જે અરજ ગુજારી, તે આ પ્રશ્નને બહુજ ચોખ્ખો કરી આપે છે.

હસન જ્યારે સુલતાનના પ્રશ્નોનો જવાબ આપી શક્યો નહિ અને ગભરાટમાં પડી ગયો ત્યારે ખ્વાજાએ લાગ જોઇ હાથ જોડીને અરજ કીધી કે "ખુદાવીંદ નેઅમત ! આવીજ મુશકેલીઓના વિચારથી મેં બે વર્ષ મોહલત માગી હતી આવડા મોટા રાજ્યનો જમા ખર્ચનો રીપોર્ટ ચાલીસ દહાડામાં તે કેમ થઇ શકે ?" ખ્વાજા ચાલીસ દહાડામાં જે કામને અશક્ય ધારતો હતો તેવોજ તેણે સુલતાનને જવાબ પણ આપ્યો અને હસનનો રીપોર્ટ પણ તેજ પરીણામપર આવી ઉભો રહ્યો, મતલબ કે હસનને પોતાની

અદેખાઇ તથા કરારદાદ તોડવાની સજા મળી ગઇ અને તે હસપહાનથી નાશી ગયો.

અમે નથી ધારી શકતા કે, ખ્વાજાના એ મતને કોઇ મળતો ન થાય કે, હસને અદેખાઇ તથા કરારદાદ વિરૂદ્ધમાં જમા ખર્ચના રીપોર્ટનું તોહું ઉભું કીધું હતું. સૌ કોઇ એવા અભીપ્રાયપર સહજે આવી શકશે કે, હસનની આ કારવાઇ ધિક્કારને પાત્ર હતી. જે ખ્વાજા સાથે તેણે વિદ્યાર્થી અવસ્થામાં મિત્રાચારી બાંધી છે, બલ્કે એક બીજાની કીર્તિ તથા દોલતમાં ભાગીદારીનું લખત કરાવી લીધું છે. તેને ખ્વાજાએ પોતાને ત્યાં મેહમાન રાખી તેની ખાતર તવાજોના કોઇપણ પ્રસંગને હાથથી જવા દીધો નથી. તેને સુલતાન રૂબરૂમાં રજુ કરી પોતા સાથેનો સંબંધ તથા તેની નીતિ રીતિ તથા બુદ્ધિના વખાણ કરી સુલતાનનો તેને માનીતિ બનાવી આપ્યો છે. સુલતાનને ભલામણ કરી હમદાનના ગવરનરની પદવી અપાવી છે, તે હસન આવી રીતે ખ્વાજાનું કાસળ કાઢી નાંખવાને ગંભીર પ્રયાસ કરે અને છડેચોક જંગ કરે, તે હસનની અતિ નીચ કોટીને વગર શંકાએ પુરવાર કરે છે. હસનની આવી નીચ વર્તણુક માટે તેને જેટલી લાનત મલામત કરવામાં આવે તેટલી થોડીજ લેખાશે.

## હસન અબુલફઝલનો મેહમાન.

મલકશાહના દરબારમાંથી હસનને હાંકી કાઢવામાં આવ્યો એ બનાવનું હસનની ધિક્કારને પાત્ર વર્તન મલકશાહને પુર્ણ પણે સાબીત થયાનું સૂચવે છે. તેનું આવી રીતે અપમાનથી હાંકી કઢાવું, એ હસનના ગુસ્સાને સખ્ત ઉશ્કેરી મુકનારી બાબત હતી; પરંતુ લાચારી પણ કોઇ વસ્તુ છે કે, જે ગુસ્સાને પીવડાવે છે. તેણે ખ્વાજાને હવે પોતાનો પાકો શત્રુ બનાવી લીધો છે અને તેણે ખ્વાજા પ્રત્યે જે

વર્તન ચલાવી છે તેથી તેને ખ્વાજા તરફની પુરેપુરી ધાસ્તી છે કે, રખેને તે કોઇ મુશકેલીમાં સપડાવી આપે; જો કે ખ્વાજાને તે બાબત વિષે સ્વપ્ને પણ ખ્યાલ નહિ હતો. તે તો પોતાની ખાનદાની તથા ઇમાનદારીને ચુસ્તપણે વળગી રહ્યો હતો. હસનનું દરબારમાંથી અપમાનથી હંકારી મુકાવુંજ તેના માટે કાફી હતું, કે તેને એક જીવજાન શત્રુથી ફરાગત મળી ગઇ. જો ખ્વાજાને તેનું વેરજ લેવું હતે તો, તે છેલ્લા પ્રસંગને હાથથી જવા દેતે નહિ; બલ્કે તે તેને જે ચાહતે તે સજા કરી શકવાની સત્તા ધરાવતો હતો.

હસન મલકશાહ તથા ખ્વાજાની બીકથી નાશી ગયો અને શત્રુને પોતાપર વાર કરવાનો તેણે પ્રસંગ આપ્યો નહિ. નાશી જવાનું જ્યારે તેનાથી બની શકતું હતું ત્યારે તે શત્રુના હાથમાં એક મીનિટ પણ પોતાને રહેવા પણ કેમ આપે ! મતલબ કે તે નાશી જઇ ઇસ્ફહાનના કાજી અબુલફજલને ત્યાં જઈ છુપાયો. અબુલફજલ તેનો મિત્ર હતો તેથી તેણે તેને પોતાને ત્યાં આશ્રય આપ્યો. અબુલફઝલે તેને મોટા માન સાથે મેહમાન રાખ્યો.

હસન જો કે મલકશાહ તથા ખ્વાજાથી બચી જવા પામ્યો છે; પણ મલકશાહ તથા ખ્વાજા તેની આંખમાં કણાં સમાન ખટકી રહ્યા છે. તે આ કબાબના હાડકાંઓને નાબુદ કરવાને મનમાં ઘોડા ચડી રહ્યો છે. તેને અબુલફઝલની મેહમાનીમાં કાંઇપણ મજા આવતી નહતી. તે તો ગુસ્સા તથા વેર લેવાના લોહિના ઘુંટાથી પોતાને તૃપ્ત કરી રહ્યો છે. શરર લખે છે કેઃ—

" સુલતાન મલકશાહના દરબારમાંથી નીકળી હસન બિન
" સબ્બાહ ઇસ્ફહાન ગયો અને ત્યાંના અમીર તથા કાઝી
" અબુલ ફઝલનો મહેમાન થયો. અબુલ ફઝલે તેની ઘણીજ

" આગતા સ્વાગતા કરી, પણ એક દહાડે હસનના મુખમાંથી
" એવો ફકરો સાંભળીને કે " જો મને બે ખરા મિત્રો મળી
" જાય તો હું સલજુકી રાજ્યને ઉથલાવી નાંખું " તે
" સમજ્યો કે મહેમાનને ઘેલછાપણું થઈ ગયું છે તે એટલા
" માટે કે પોતાની આવી સ્થિતિ તથા ઓકાત વચ્ચે તે
" બળવાન રાજ્યને ઉથલાવી નાંખવાનો દાવો કરે છે કે જે
" હલબથી કાશગર સુધી પ્રસરેલું છે. અબુલ ફઝલને હસનના
" દીવાનાપણા વિષે એટલે સુધી ખાત્રી હતી કે તેણે એક
" હકીમને બોલાવી તેનો ઇલાજ શરૂ કર્યો "

મઝાહેબ-ઉલ-ઇસ્લામના કર્તા હસન બિન સબ્બાહે અબુલ ફઝલને જે ફકરો કહ્યો તે નીચે પ્રમાણે ટાંકે છે.

" જો મને બે ખરા મિત્રો મળી જાય તો, હું આ તુર્ક
" ( મલકશાહ ) ના રાજ્ય અને તે ગામડીઆ ( ખ્વાજા
" નિઝામ-ઉલ-મુલ્ક તુસી ) ની વઝીરાતને ઉથલાવી નાંખું "

હસનના મુખમાંથી જે અગ્નિ વરસાવતો ફકરો નીકળી પડયો છે તે ગુસ્સા તથા વેર લેવાની ધુનનું માપ રજુ કરે છે તે પોતાનું વેર એટલે સુધી લેવા માગે છે કે, મલકશાહના રાજ્યને તે ઉથલાવી નાંખે. ખ્વાજા કે જેને તે એક ગામડીઓ સમજે છે તેની વઝીરાતને ધુળધાણી કરી નાંખે. આવી વેર લેવાની ધુન એ તેના ખુની ખવાસની સાબિતિ આપે છે. મલકશાહ તથા ખ્વાજાને પાયમાલ તથા નીસ્તો નાબુદ કરવાને તે તર્ક વિતર્ક કરવામાં એટલો બધો લીન થઇ ગયો છે કે, હવે તેનાથી ગુસ્સાને જીરવી

શકાતો નથી. ગુસ્સાના થર્મામેટરના પારાને છેવટ સુધી ઉપર ચડાવી આપે છે. અને પોતાના મિત્રને એવી ઇચ્છા જાહેર કરે છે કે જે મિત્રને તેનો મગજ ખરાબ થવાનું અનુમાન કરાવે છે. મિત્રને હસનનો ફકરો હસનના ખસી ગએલા ભેજાંના અનુમાન પર લઇ જાય તેમાં કાંઇ નવાઇ નહિ હતી. કાશગરથી રૂમ તથા અંતાકીઆ સુધીનું યાને લગભગ હિન્દુસ્તાન જેવડું રાજ્ય, તેનો બાદશાહ, તેને એક સાધારણ રીતે અધોગતિમાં રખડતો માણસ ઉથલાવી નાંખવાની વાત કરે, તો તેવી વાત કહેનારને દીવાનો ગણી કાઢવામાં કોણ ઢીલ કરે ? અબુલફજલ તે અબુલફજલ હતો. કાંઇ તે હસન નહિ હતો કે, તેની ઉંડી પહોંચને સમજી શકે. હસનને માત્ર મલકશાહ તથા ખ્વાજાને બરબાદ કરવામાં એક મદદગારનીજ જરૂર હતી. તે માત્ર એટલુંજ માગતો હતો કે, જો એક મદદગાર મળી જાય તો પોતાનો ધારેલો હેતુ પાર પાડી લે. બનવા જોગ છે કે હસને અબુલફજલને મદદગાર કરી લેવાને તે વાક્ય ટેને સંભવાવ્યું હોય પરંતુ અબુલફજલ હસનના ઇશારાને સમજી શકે તેમ નહિ હતો. હસનની દવાએ તો અબુલફજલના રોગને ઉલટો વધારી મુક્યો. એટલે કે હસનના તે ફકરાએ ખુદ પોતેજ દીવાનો થઇ ગયો છે તેવો અભિપ્રાય અબુલફજલને કરાવી આપ્યો. તે સમજ્યો કે મહેમાનને ઘેલછાપણું થઇ ગયું છે, તે એટલા માટે કે પોતાની આવી સ્થિતિ તથા ઓકાત વચ્ચે, તે બળવાન રાજ્યને ઉથલાવી નાંખવાનો દાવો કરે છે, કે જે રાજ્ય હલબથી કાશગર સુધી પ્રસરેલું છે. અબુલફજલ તો એમજ ચોક્કસ સમજ્યો કે, ખરેખર મહેમાનનું મગજ ખરાબ થઇ ગયું છે, તેની ડગળી ખસી ગઇ છે. તેથી તેણે એક હકીમને બોલાવી તેનો ઇલાજ શરૂ કર્યો. અબુલફજલ પોતાની

જ્ઞાનેશમંદીથી સમજ્યો કે, મારો મહેમાન દીવાનો થઇ ગયો છે અને માત્ર તેવા ખ્યાલથી દસ્તર ખાન ઉપર એવી વાનીઓ રાખવા લાગ્યો કે, જેથી મગજને પુષ્ટિ મળે.

હસન મિત્રના અનુમાનને પામી ગયો અને મિત્રની બુદ્ધિની કોતાહિ માટે મનમાં બબડવા લાગ્યો. નાદાન મિત્રની સ્થિતિ જોઇ હકીમથી પોતાનો પંજો છોડાવી, તે ગુપચુપ ઇસ્ફહાન છોડી ગયો, ગુપચુપ ઇસફહાન છોડી જવું, એ જો કે સારી રીતભાનથી ઉલટું છે; પણ કદાચ તે એવી ધારણાથી ગુપચુપ અબુલફજલનું ઘર તજી ગયો હોય કે, અહીં પોતાનો હેતુ સરે તેવી કોઇ મદદ મળનારી નથી. કદાચ એ કારણ પણ હોય કે, મારા ફકરા વિષે જાહેરાત થઇ જશે અને હું મલકશાહ તથા ખ્વાજાને ઉથલાવી નાખવા જેવો મસાલો એકઠો કરી શકું, તે અગાઉ હું ખુદ તેમનો ભોગ થઇ પડુ. મતલબ કે તે પોતાની ધારણા પાર પાડવાની સામગ્રીઓ શોધવામાં આમ તેમ બેસરો સામાન ભટકી રહ્યો છે.

## હસનનો મુળ ધર્મ

હસન બિન સબ્બાહનો પીતા અલી, જેના ધર્મ તથા આચાર વિચાર ઉપર પ્રથમ આપણે દ્રષ્ટિ નાંખી ચુકયા છીએ તેવા પીતાના ઘરમાં આપણા નાયકનો જન્મ થાય છે. એ બાબત સ્વાભાવિક છે કે, તે પીતાના પંથનોજ અનુયાયી થયો હોય. હસન ઇમામ મોફક-ઉદ-દીનની શાળામાં અભ્યાસ કરતો હતો ત્યારે પણ તેના ધર્મ વિષેની તેની કેવી હાલત હતી, તે ખ્વાજા જણાવતો નથી. તે પોતાના કીસમત અજમાવવામાં નિષ્ફળ જઇ, કરાર પ્રમાણે ખ્વાજા પાસે સરખો ભાગ માગવા આવે છે અને જેટલી મુદત તે

મલકશાહ તથા ખ્વાજાના સમાગમમાં રહે છે ત્યાં પણ તેના ધર્મ વિષેની કોઇ હકીકત આપણી જાણમાં આવી શકતી નથી; મતલબ કે કોઇપણ મસાલાની ગેરહાજરીમાં આપણે એ બાબતનો અભિપ્રાય નક્કી કરવાને અશક્ત છીએ, કે તેનો શું મઝહબ હતો ? પરંતુ એટલી વાત તો ખરી ઠરે છે કે, તેણે પોતાના પીતાનો ધર્મ તો તજી આપ્યો જે આપણે આગળ જોઇશું.

સલજુકી દરબારમાંથી હંકારી કઢાયા પછી, હસન રઝળપાટમાં હતો તેવામાં તેની મુલાકાત ઇસમાઇલીઆ ફીરકાના રફીકો જોડે થઇ જે આ સમયમાં સઘળા મુલાકાઓમાં પ્રસરેલા હતા. તેના રફીકોએ તેને સમજાવ્યો કે " મીસરના ફાતમી ખલીફાઓ ખરા ઇમામ છે જેની તાબેદારી દરેક મુસલમાનપર ફરજ છે અને જગતમાં સૌથી શ્રેષ્ટ ધર્મ ઇસ્માઇલીઆ છે. " હવે જો હસન પ્રથમથીજ ઇસિમાઇલી હતે તો, ઇસમાઇલી રફીકો તેને એ પ્રમાણેનો ઉપદેશ કરતે નહિ; કેમકે જે ધર્મનો હોય તેને તે ધર્મ ઉપર લાવવાને કહેવું વ્યર્થ છે; તો પણ ઇસમાઇલીઆ ધર્મનો હસને જે બહુજ લાગણી સાથે સ્વીકાર કરી લીધો, તે એમ સ્હેજે જણાવી આપે છે કે, હસનના પીતાનો તથા તેનો મુળ મઝહબ શીઆ સંપ્રદાયની કોઇ એક પેટા શાખાનો હતો. બનવા જોગ છે કે તે મોતઝલા ટોળાંમાંથી હોય. એક સુન્ની મુસલમાનને ઇસિમાઇલીઆ મઝહબ ગ્રહણ કરી લેતાં ઘણીજ મુશ્કેલીઓ નડે છે. તેણે ઘણી ઘણી જાતની દૃઢ થઇ ચુકેલી માન્યતાઓ તોડવી પડે છે અને પુષ્કળ દલીલોની લડાઈ પછી કાબેલ ઉસ્તાદથીજ તે ગઢ તેનાથી જીતી શકાય છે. પરંતુ એક શીઆ પંથની શાખાવાળાને ઇસમાઇલીઆ મઝહબ

ગ્રહણ કરી લેવો કાંઇક સરળ થઇ પડે છે. તે ઇમામોની સંખ્યાનો નીવેડો કરી લે ત્યાર પછી તેને તે માર્ગમાં બહુજ સરળતા જણાય છે. આંટી ઘુંટીવાળી બાતીન્યા ફીલસુફીમાં તેને જકડી લેવાનું ઇસમાઇલી દાઇને બહુજ સહેલું હોય છે; કેમકે આંટી ઘુંટી વાળી બાતીન્યા ફીલસુફી પ્રથમ દ્રષ્ટિએ તો આંજી નાંખે તેવી હોય છે અને સ્થાપિત ધર્મના લોકોએ પોતાના કર્મ કાંડમાં જે પ્રમાણેનો બગાડો તથા સ્થિતિ બનાવી મુકી હોય છે તેનેજ ઉંડાણમાં નહિ ઉતરતાં લોકો સ્થાપિત ધર્મનું શિક્ષણ માની લે છે; તેથી આંટી ઘુંટીવાળી બાતીન્યા તાલીમ તેને જલદીથી અસર કરી જાય છે. આ બાબતની વધુ સ્પષ્ટતા આગળ કરવામાં આવશે.

હસનનો મુળ ધર્મ તેના પીતાનોજ અથવા તો તેને મળતોજ હોવો જોઇએ, કેમકે હસનની એકંદર ધાર્મિક કારકીર્દિ ઉપર, જો એક દ્રષ્ટિ નાંખી જઇએ તો બહુજ સરળતાથી જણાઇ આવશે કે, તેના કાર્યો તથા વિચારોમાં મુલ્હીદપણું તથા કુફરો ઝંદકા ભરપુર ભરેલાં હતાં. ખ્વાજાએ હસન માટે પોતાના પુસ્તકમાં ભવિષ્ય ભાખ્યું હતું કે " હસન થોડાજ સમયમાં ભોળા અને અંધ શ્રદ્ધાવાળા લોકોને બહેકાવી બહુજ ખરાબ કરી નાંખશે. " છેવટે એજ થવા પામ્યું કે જે ખ્વાજાએ ભાખ્યું હતું. ફાતમી ઇમામના રફીકે હસનને એક તત્વ ગ્નાન વિચારનો તથા સ્વતંત્ર જાણી તેણે પોતાના બોધને એક નવી પદ્ધતિથી જાહેર કીધો કે, ઇસમાઇલી ધર્મ બીલકુલ તત્વ ગ્નાન ભરેલો ધર્મ છે. હસને પોતાની નબળાઇ કાંઈ એટલે સુધી નહિ જાહેર કરી કે, તે રફીક જે વાત કહે છે તે માનીજ લેવી, પરંતુ એક વિદ્યાર્થી પેઠે તેને જુદા જુદા પ્રશ્ન પુછવા લાગ્યો રાત્રી દિવસ આ બંને મિત્રો ( હસન તથા ઇસમાઇલી રફીક ) માં

એજ સિદ્ધાન્તોપર વાદવિવાદ ચાલવા માંડયો. જાહેરમાંતો તે તેના વિચારો વિરૂદ્ધ બોલતો હતો; પરંતુ અંતરમાં તેના વિચારો અસર કરી જતા હતા. મતલબ કે આ ઇસમાઇલી રફીક હસનના પ્રથમના વિચારોની બાંધેલી દીવાલને તોડે છે અને પોતાની દીવાલને નબળી માની રફીકના પ્રહારથી પોતાની દીવાલને જમીનદોસ્ત કરાયલી જુએ છે. તે પોતાના ધર્મને નિર્બળ જુએ છે. તેમાં ખામીઓ જુએ છે અને ખરો સમજતો નથી. તે પોતાના મુળ ધર્મને ટકાવી રાખવાને ઘણોએ પ્રયાસ કરતો હતો; પણ મુળ ધર્મના વિચારો વિચાર કરતાં પોતાનો બચાવ નહિ કરી શકનારા લાગતા હતા અને જે ધર્મ પોતાનો નથી તેના વિચારો તેને તત્વ જ્ઞાન તથા બુદ્ધિ ભરેલા લાગે છે તેથી તે પોતાના મુળ વિચારોને તજી આપવાની ફરજમાં મુકાયો છે અને હવે તે નવી શાળામાં બેસવાને તૈયાર છે. પ્રથમની શાળા હવે તેને તદ્દન નકામી તથા ખાલી માથાકુટની લાગે છે.

ઇસમાઇલી દાઇએ પોતાનું કામ ઘણે પાકે પાયે કર્યું હતું. તે કોઇનું તોડયું તુટે તેવું નહિ હતું. હસન ઘણો ઘણો વિચારે છે, તપાસે છે, પણ તેને તે વિચારોમાં ખામી જણાતી નથી. તેને તે જેમ જેમ તપાસે છે તેમ તેમ તે તદ્દન ખરાજ લાગે છે. ઇસમાઇલી રફીકનું જાદુ હસન પર ફાવી ગયું છે અને હસન હવે પોતાના પ્રથમના ધાર્મિક મતને દીલમાંથી તો તજી ચુકયો છે પણ માત્ર જાહેરમાં બાપ્તીસ્મ લેવાની ક્રીયા બાકી રહે છે અને તે ક્રીયા માટે તે તદ્દન અધિરો થઇ જાય છે. તે ક્રીયાની વીધિ માટે પોતાને તદ્દન તૈયાર બતાવે છે અને તે માટેની તે ઉછળી ઉછળીને માગણી કરે છે; પણ ઇસમાઇલી રફીક તેને ઢીલમાં નાખી તેની જીજ્ઞાસાને વધુને વધુ

તેજસ્વી બનાવે છે અને તેને પોતાની માગણી માટે કાલાવાલા કરતો છોડી આપે છે.

રશીદથી વિખુટો પડયા બાદ તેસામ્ત માંદો પડયો અને જીવવાની બીલકુલ આશા રહી નહિ. બિછાનાપર પડયો પડયો મૃત્યુની રાહ જોતો હતો. આ વખતે તેણે પોતાની આજ સુધીની જીંદગીપર નજર નાખી અને તે સાથે તે ઇસમાઇલી રશીદની દલીલો યાદ આવી જાય છે. તે મનમાંને મનમાં કહે છે કે ઇસમાઇલી ધર્મ સત્ય છે. જો હું આવી સ્થિતિમાં મૃત્યુ પામીશ તો બેદીન રહી જઇશ. આ વિચારોમાં તે એટલો તો લીન થયો, કે સાજો થઇ કોઇ ઇસમાઇલી દાઇને સત્ય ધર્મ ગ્રહણ કરવા શોધવા નીકળ્યો.

હસનને ઇસમાઇલી સીદ્ધાન્તો એટલાં તો સત્ય લાગ્યા હતાં કે, તે તેના માટે છેવટના હતાં. તેમાં કાંઇપણ શંકા કે ભુલ રહી જતી હોય તેમ રહ્યું નહિ. આ ધર્મની સત્યતા તેના મનમાં એટલી તો ઘર કરી ગઇ કે, છેવટ મૃત્યુ પામતાં સુધી તે કાયમ રહી. કાયમ રહી એટલુંજ નહિ; પણ તે વધુને વધુ પરિપકવ થતી ગઇ, બલ્કે તેણે તે ધર્મની કેટલીક બાબતોમાં અનુકુળ સુધારો વધારો કરી વધારે વ્યવહારૂ બનાવ્યો.

થોડા વખતની ધર્મ શોધના સમયમાં તેને અબુ નજમ સેનાજ નામના એક ઇસમાઇલી માણસની મુલાકાત થઇ. તેનાથી ઇસમાઇલી ધર્મના સિદ્ધાન્તો વિષે ખાત્રી કરી અને મનમાંને મનમાં કહેવા લાગ્યો કે, "આ સિદ્ધાન્તો ખોટાં ઠરી શકે તેમ નથી" હવે તે જાહેરમાં ઇસમાઇલી ધર્મ ગ્રહણ કરવાની તૈયારીઓ કરી રહ્યો હતો. તેટલામાં મુમન નામના એક ઇસમાઇલી દાઇની તેને મુલાકાત થઇ. આ દાઇને એરાકના શેખ અબ્દુલ મલક બિન અત્તારે

ઇસમાઇલી ધર્મની દાવત કરવાની પરવાનગી આપી હતી. આ દાઇની મુલાકાત થતાંજ, તેણે કહ્યું કે હું કાંઇપણ વિશેષ ખાત્રી કરવા માગતો નથી, મને કૃપા કરી આપ આપના સત્ય ધર્મમાં દાખલ કરો. આ મુમનના હાથપર તે શીઆ ધર્મ તજી ઇસમાઇલી ધર્મમાં દાખલ થયો. આ ધર્મમાં દાખલ થવાને હજુ થોડીજ મુદત્ત થવા પામી હતી કે, તેટલામાં શેખ અબ્દુલ મલક ફરતા ફરતા રૈયના મુલકમાં આવ્યા. હસન તેની મીજલસમાં પહોંચ્યો. શેખે હસનની વર્તણુક, બુદ્ધિ, હિમ્મત અને દ્રઢતા જોઇ, તેને ઇસમાઇલી ધર્મના મીશનરીના કામની પરવાનગી આપી.

હસન ઇસિમાઇલી થવા માટે જે ઉતાવળ કરવા માગતો હતો, તેમાં કાંઇક ભેદ જરૂર જણાય છે. તેણે ઇસમાઇલી ધર્મને ખરો તો માની લીધો હતો, તેથી એક દ્રષ્ટિથી જોતાં તેને જાહેરમાં ઇસમાઇલી કહેવડાવવાને ઉતાવળ કરવાની કાંઇ જરૂર નહિ હતી. જો એક માણસ પોતાના પ્રથમના ધર્મ વિચારોને ભુલ ભરેલા સમજે તો તેજ ઘડી તે, તે પોતાના મુળ ધર્મથી નીકળી ગયોજ મનાય અને તેમ થવા સાથે તેને હવે જે ધર્મના વિચારો ખરા લાગે તે, તે ધર્મનો થઇ ગયો ગણાવાને પુરતા છે. જે માણસને ધર્મથી મોક્ષ પ્રાપ્ત કરવાનો છે, તેને તે ધર્મ ગૃહણ કરી તેનાપર માત્ર અમલ કરવાનું બાકી રહે છે. જાહેર લોકોમાં તેનો સ્વીકાર કરવાનો અભખરો તેની બાબત સાથે કશીપણ નીસબત ધરાવતો નથી; પરંતુ અહીં તો હસન મુમનને કાકલુદી કરી તથા કૃપા માગીને ઇસમાઇલી ધર્મમાં જાહેર શામેલગીરિની અરજ કરે છે. આમ ઉતાવળ કરવામાં જો કે તેના અનેક કારણો હોવાં જોઇએ. તેમાંનું એક તો એજ હોય કે, હવે તે પોતાની

ઉન્નતિ માટે કોઇ માર્ગ ગ્રહણ કરી લેવા માગતો હતો. જે વસ્તુ ઉન્નતિ મેળવવાના માર્ગમાં નડતર રૂપ હતી તે ખસેડવી જરૂરની હતી. આ નડતરો બીજી કોઇ નહિ, પણ સુલતાન મલકશાહ તથા ખ્વાજા નિઝામ-ઉલ-મુલ્ક હતી. આ બંનેએજ તેની ઉન્નતિના માર્ગને છીન્ન ભિન્ન કરી નાંખ્યો હતો. પોતે ઉન્નતિના પ્રયાસને જે પગભર હાલતે પહોંચાડયો હતો, તે તેમણે ખુંચવી લીધો છે. જે રાજ્યમાં તે ગવરનરની પદવીએ જઇ પહોંચ્યો છે. જે મોટા સુલતાનનો તે એક દરબારી તથા સલાહકાર થયો છે. ત્યાંથી તેને એવો તો હાંકી કાઢવામાં આવે છે કે, તેને અહીં તહીં છુપાઇ આમતેમ જાન બચાવવાના લાલા પડી ગયા છે. પોતાની આવી સ્થિતિ કરી મુકવા માટેનો બધો આરોપ તે સુલતાન મલકશાહ તથા ખ્વાજાપર મુકે છે. હજુ પોતે જીવની ધાસ્તીથી આમ તેમ છુપાતો ફરે છે અને તેવી સ્થિતિમાંજ, જ્યારે તે ઇસ્ફહાનમાં પોતાના મિત્ર અબુલફઝલને ત્યાં મેહમાન હતો, ત્યારેજ પોતાના શત્રુઓ પ્રત્યેની વિરૂદ્ધતા કરવાની તેની ઇચ્છાઓ ઉછળી આવે છે. બંને શત્રુઓને પીસી નાંખવાને દાંતો કચડે છે અને પોતાનો બદલો લેવાની ઇચ્છાના થરમામેટરને એટલું તો ચઢાવી આપે છે કે, અબુલફઝલ જેવો મેજીસ્ટ્રેટ દરજ્જાનો માણસ, તેને ઘેલછા થઇ ગયાનું માની દવા શરૂ કરી આપે છે.

હવે જે માણસની આવી સ્થિતિ હોય, જે માણસ ભુખ્યા સિંહની જેમ શીકારની શોધમાં આમ તેમ જંગલે જંગલ ભટકતો હોય, તેના મગજનું ધક ધ્યાન બીજી કશી પણ બાબત સાથે હોઇ શકે નહિ. તેની દષ્ટિમાં તો જ્યાં જોઇએ ત્યાં બદલા લેવાનોજ ચીતાર ખડો હોવો જોઇએ. તેને નતો ખાવા પીવામાં કે નતો મોજ માણવામાં મજા પડે. તેને તો પોતાની માશુક (મલકશાહ તથા

ખ્વાજા ) ના વસ્લનો ઇશ્ક લાગ્યો છે. આશકને એ વાત ક્યાં ગવારા છે કે પોતાની માશુકને એક ઘડી પણ વીસરે! તેને ખાત્રી પૂર્વક જણાયું કે, મારો ઇરાદો પાર પાડવાને કોઇપણ સબળ વસ્તુ હોય તો, આ ઇસમાઇલી ફીરકાની આડ છે. તેની આડમાં રહી તેને પોતાનો હેતુ ફળીભુત કરી લેવાનું બહુજ સજ્જડ લાગ્યું, અને તેથીજ તે ઇસમાઇલી ફીરકામાં દાખલ થયો. આ બાબતને વધુ સ્પષ્ટ સમજી લેવાને હસનનું સંપૂર્ણ જીવન ચરિત્ર પુરતું છે, કે તેણે ઇસમાઇલી ફીરકામાં જઇ શું કારવાઇ કીધી ?

## ઇસમાઇલી પંથ રાજદ્વારી પંથ.

ઇસમાઇલી પંથની ઉત્પત્તી બહુ નબળા પ્રમાણમાં થઇ હતી. બહુજ થોડા લોકો તે પંથમાં શામેલ થયા હતા. તેમાં કાંઇપણ ધ્યાન ખેંચનારી કોઇ બાબતજ નહિ હતી; પણ પાછળથી તે પંથના આચાર્યોમાં ખીલાફતનો લોભ દાખલ થયો, ત્યારે તેણે તદ્દન રાજદ્વારી મંડળી જેવી સ્થિતિ અખ્તેયાર કરી લીધી. અબ્દુલા બિન મેમુન નામના એક મહાન કુશળબાજ ઇસમાઇલીએ, આ નવા મંડળનો પાયો નાંખ્યો. તેના માર્ગો તથા ઉપદેશોની શૈલીઓ ઉપજાવી કાઢી. ધી પ્રીચીંગ ઓફ ઇસ્લામમાં લખ્યું છે કેઃ—

"ઇસમાઇલી મઝહબની મીશન પદ્ધતિનો શોધક અને તેનો ફેલાવો કરનાર અબ્દુલ્લા બિન મૈમુન હતો. આ માણસ મનુષ્ય જાતની પ્રકૃતિ પિછાણવા તથા ધર્મના અકાયદોને જુદી જુદી પ્રકૃતિઓ અને ધર્મોને મળતો બનાવવામાં ખ્રીસ્તી યસુઆ પંથના સ્થાપકથી પણ વધારે કુશળતા ધરાવતો હતો. ઇસવી સનની નવમી સદીમાં આ માણસે ઇસમાઇલી મઝહબમાં નવો આત્મા ફુંકી આપ્યો

અને આ મઝહબના મીશનરીઓને જુદા જુદા છુપા વેષમાં જુદા જુદા દેશોમાં મોકલી આપ્યા. આ મીશનરીઓ ઘણું કરીને સુફીઓ અને વેપારીઓનો વેશ ધારણ કરતા હતા. અજ્ઞાન વર્ગના લોકોને તેઓએ શોબદા ( જાદુ તથા હાથ ચાલાકીના ખેલો ) બતાવ્યા, કે જે મોઅજીઝા તરીકે મનાયા અને કેટલીક અર્થરહિત વાતો, કે જે તસવ્વુફની છુપી અને માર્મિક બાબતો ગણાઇ. તેમની વાતો સાંભળવા તરફ લોકોને અસાધારણ ચાહ ઉત્પન્ન થયો વીગેરે ”

ઇસમાઇલી મઝહબમાં જે પ્રકારની બાબતો અબ્દુલ્લા બિન મૈમુને ઉમેરી તેના ગુણ દોષ તરફ ઉતરવાનું આગળ ઉપર રાખીશું; પણ એ વાતમાં કાંઇપણ શક રહેતો નથી કે, અબ્દુલ્લા બિન મૈમુને જે પાયો નાંખ્યો હતો તે રાજદ્વારી બળ હાસલ કરવા માટેજ હતો અને તેમ કરતાં, સ્થિાપિત ધર્મમાં ગમે તેટલો તિરસ્કારને પાત્ર છબરડો થઇ જાય તેની તેણે લેશમાત્ર પણ દરકાર રાખી નહિ; માત્ર મુદ્દો એ હતો કે, રાજદ્વારી બળ હાથ કરવામાં આવે. અબ્દુલ્લા બિન મૈમુને ઇસમાઇલી પંથમાં જે પ્રકારનો રાજદ્વારી મસાલો દાખલ કર્યો, તેથી તેણે ધર્મની બાબતોને પણ રાજદ્વારી શક્તિ બનાવી નાંખી. ઘણીજ અનુકુળ થઇ પડે તેવી રાજદ્વારી શક્તિ પ્રાપ્ત કરવાનું ઇસ્માઇલી ધર્મને હથીઆર બનાવવામાં આવ્યું અને તેને તત્વજ્ઞાન તથા ફીલસુફીની ભાવના આપી, તેનો એવો દેખાવ કરી આપ્યો કે, તેનો અંદરનો હેતુ બહુજ થોડા સમજે. બાકી તો ધર્મની બાબતો સમજી તેપર અમલ કરે જાય અને તેનું પરિણામ રાજદ્વારી બળ રૂપે પ્રાપ્ત થાય. થયુ પણ એમજ કે, આવા છુપા ડાયનામેટની ખબર તેના બહુજ થોડા નેતાઓનેજ હતી અને તેટલી ટુંકી હદમાંજ તે સમજને સંકોચવાની જરૂર પણ હતી; વળી તેમાં જે પ્રકા-

રની કેળવણી આપવામાં આવતી હતી, તે, ભલભલાને એવી ભુલ થાપમાં નાંખનારી હતી કે, તેને રાજદ્વારી બાબત સાથે નીસ્બત નથી; પણ આ નાળીએરમાં કોપરૂં સમાએલું તેની ભાગ્યેજ કોઇને જાણ થવા પામતી. આ પંથના અધિકારીઓ જાહેરમાં ધર્મના પ્રચારકો તથા ઉપદેશકો જેવાજ લાગતા હતા. રાજ્ય પણ તેને ઓળખી શકતું નહિ; પરંતુ ચાલુ રાજ્યને ઉથલાવી નાંખવું, એજ કારવાઇ એવી ગોખાબાજી વચ્ચે તેમાં થતી હતી કે જે તેના અધિકારીઓ સિવાય તાબાના વર્ગની જાણમાં પણ તે આવી શકતી નહિં.

અબ્બાસી ખલીફોની જાહોજલાલી ભરી સત્તા સ્થાપિત હતી તેની સામે માથું ઉચકવું એ પોતાનો વિનાશ કરવા સમાન હતું. જેમણે જેમણે જાહેરમાં રાજ્ય સામે બળવા કે બખેડા કર્યા, તે સઘળા તલવારની ધાટે ઉતારવામાં આવ્યા. જેમના વિષે તે બાબતની શંકાઓ થઇ તેમને પકડી મારી નાંખવામાં કે કેદ કરવામાં આવ્યા રાજ્ય તરફના છુપા જાસુસો આવા છુપા મસાલા વિષે ખબરદાર થઇ ગયા હતા તેથી પોતાની કારવાઇમાં મશગુલ હતા. કોઇ પણ શંકાની માફી હતીજ નહિ. જેવી રીતે કુરાનમાં ખુદાની જાતમાં શીર્ક કરવાના ગુનાહની માફી નથી તેવી રીતે અબ્બાસીઓના સમયમાં તેમના રાજ્યની સામે કાંઇપણ વિક્ષેપ કે વિરૂધ્ધ કરનાર માટે માફી હતીજ નહી. આવી નાજુક સ્થિતિએ સત્તાના લોભીઓને ગુપ્ત પણે રૂપ બદલાવી કામ કરવાની જરૂર પાડી હતી અને તેથી ઠેક ઠેકાણે રાજદ્વારી બળ પ્રાપ્ત કરવાની હીલચાલ જાહેર ધર્મના દેખાવમાં સંડોવી સત્તાવાળાઓને ભુલમ થાપમાં નાંખવામાં આવતા હતા. જુદા જુદા ઇમામતના દાવેદારો અને તેમાં પણ ખાસ કરીને ઇસમાઇલી દાવેદારોએ, આ કામને અસાધારણ કુનેહબાજીથી ઉભું કર્યું તથા ચલાવ્યું હતું. તેમણે

જોયું કે જ્યાં સુધી સ્થાપિત ધર્મમાં મતલબ પાર પડે તેવો ફેરફાર નહિ કરી નાંખવામાં આવે ત્યાં સુધી, સત્તા પ્રાપ્ત કરી શકાશે નહિ. આવા પ્રકારની પોલિસિ જેમણે જેમણે અખ્તેયાર કરી હતી તે દરેક વર્તતા ઓછા પ્રમાણમાં ફાવવા પામ્યા હતા અને તેથી આ પોલિસિને વધુ સંગીન બનાવવાને નવી નવી યુક્તીઓથી કામ લેવામાં આવતું હતું જે આપણે આગળ જતાં જોઈશું.

ઉપર પ્રમાણેની પોલિસિ સંજોગોએ ઉભી કરવાને ઉશ્કેરણી આપી હતી. જ્યારે પ્રજા અથવા તો કોઇપણ વર્ગ પોતે એમ સમજે છે કે રાજ્ય તરફથી જુલમ થાય છે. રાજ્યને અરજ કરવા જતાં રાજ્ય બેવફા સમજી કચડી નાંખે છે. જુલમથી બચવાનો કોઇપણ જાહેર માર્ગ જ્યારે રહેતો નથી ત્યારે પ્રજા ગુપ્ત માર્ગ ગ્રહણ કરે છે. રાજ્ય તરફની બેવફાઇ ઘર કરી જાય છે અને રાજ્યને નાબુદ કરવા તરફ તેમનું ધક ધ્યાન રજુ થાય છે, ત્યારે જાહેરમાં જુદો દેખાવ કરી અંદરખાનેથી મુળ હેતુ પ્રાપ્ત કરવાને પ્રજા તજવીજ કરે છે. એનારકીસ્ટો, નેહલીસ્ટો, તથા સોસ્યાલીસ્ટો વીગેરેના જગતમાં થએલા તથા થનારા કરારનામાંઓથી જેઓ જાણીતા છે તે, આ બાબતને બરાબર સમજી શકે છે. હસન સબ્બાહે જે ધર્મની આડમાં રાજદ્વારી મંડળ સ્થાપન કર્યું હતું, તેને રાઇટ ઓનરેબલ જસ્ટીસ અમીરઅલી એ " નેહલીસ્ટ ઇન ઈસ્લામ " એવું નામ આપ્યું છે. જે આપણે આગળ જોઇશું. મતલબ કે આવા પ્રકારની ઇસમાઇલી સંસ્થા હસનના હેતુને વધુને વધુ આવકાર દાયક થઇ પડે તેમાં કાંઇ નવાઈ નહિ હતી અને તેથી તેણે હેતુની પ્રાપ્તી માટે તેમાં જલદીથી દાખલ થઇ જવાને પસંદ કર્યું અને તેને આ માર્ગ એટલો તો વધુ ઉપયોગી જણાયો કે, વધુ વિચારવાની કાંઇ જગ્યા તેના માટે રહી જ

નહિ. કહેવાની મતલબ એજ છે કે હસને પોતાના શત્રુઓને ઉથલાવી નાંખવા માટે તથા સત્તા પ્રાપ્ત કરવાને માટેજ આ વેશધારી ઇસમાઇલી પંથમાં પ્રવેશ કર્યો. આ બાબતની સાબીતી હસનની એકંદર કારકીર્દિ પુરવાર કરવાને પુરતી છે.

## હસન મીસરમાં જાય છે.

હસન કે જેની અદભૂત શક્તિ મલકશાહ તથા ખ્વાજા જેવાને માત્ર એક મદદગાર મળતાંજ ઉથલાવી નાંખે તેવી છે, તેવી શક્તિવાળો માણસ જે કામ હાથ ધરે તે પણ અદભૂત શક્તિથી કરી, પોતાને તેના ટોચે પહોંચાડયા વિના રહે નહિ વળી તેને તો ઇસમાઇલી પંથમાં દાખલ થઇ માત્ર પોતાના આચાર વિચારથી ધર્મને લગતી પોતાના મનની સમાધાની કરી લેવાની અથવા તો મુક્તિ મેળવવાની નહિજ હતી; કેમકે જો તેની તેવી ઇચ્છા હતે તો પોતાના આચાર વિચાર તે પ્રમાણેના રાખી કોઇ પણ નિર્દોષ માર્ગ પોતાના ઉદર નિર્વાહ માટે શોધી તેમાંજ પોતાનું આયુષ્ય ગાળતે; પરંતુ અહીં તો મામલોજ જુદો જોવામાં આવે છે.

ઇસમાઇલી પંથમાં દાખલ થઈ, એરાકના શેખ અબ્દુલ મલક બિન અત્તારને પોતાની વર્તણુંક, બુદ્ધિ, હિમ્મત તથા દ્રઢતાથી છક કરી નાખ્યો અને ત્યાં સુધી પોતાને ચુસ્ત ઇસમાઇલી બલકે ઇસ્માઇલી વિદ્વાન દેખાડી આપ્યો કે, શેખે તેને ઇસમાઇલી ધર્મના મીશનરી કામની પરવાનગી આપી દીધી. એક માણુસ નવો સવો, એક નવા ધર્મમાં દાખલ થવા સાથેજ પોતાનું આટલું બધું પાણી દેખાડી આપે એ, તે તેની કામ કરવા તથા સમજવાની તથા પોતાની બીજાપર અસર કરી આંજી નાંખવાની યોગ્યતા તથા કાબેલીયત બતાવીજ

રળતાથી પુરવા કરે છે. અને હસનમાં તે પ્રકારની જે કાબેલીયત હતી તેનું પુરેપુરૂં ચિત્ર દોરી બતાવવું એ અમારા માટે એક અશકય કાર્ય અમો જોઇએ છીએ.

હસન જે પોતાની ઉન્નતિ ચાહતો હતો અને તેમ કરી મલકશાહ તથા ખ્વાજાને ઉથલાવી નાંખવા માગતો હતો, તેણે ખરેખર ઇસમાઇલી પંથમાં દાખલ થઇ ધારેલા કામ માટેની તયારીઓ કરવાની હતી. પ્રથમ તો તેણે પોતાનું પાણી એરાકના શેખને દેખાડી આપી ટુંક સમયમાંજ અસાધારણ ઉન્નતિ મેળવી લીધી અને હવે તે ઇસમાઇલી પંથનો એક કુશળ મીશનરી થઇ કામ કરવાને લાગી ગયો.

એરાકનો શેખ હસનની વર્તણુક, બુદ્ધિ, હિમ્મત તથા દ્રઢતા જોઇ, તેમજ તેના ઇસમાઇલીપણાના જ્ઞાનથી ઘણોજ છક થઇ ગયો અને તેણે જોયું કે, આવા માણસની ઇમામ મુસ્તનસર બીલ્લા પાસે ઘણીજ જરૂર છે. આવો માણસ જો મીસરમાં ઇમામ પાસે હોય તો ઇમામને તેનાથી સારી મદદ મળી શકે છે અને હસને પણ યુક્તિથી શેખને ઇસમાઇલી પંથની મહાન સેવા બજાવવાને પોતાની ઇચ્છા જણાવી પણ હોય; મતલબ કે શેખ અબ્દુલ મલકે હસનને ઇસમાઇલી ધર્મના મીશનરી કામની પરવાનગી આપી અને કહ્યું કે " જો કે તમોને પરવાનગી આપી છે, પરંતુ મુનાસબ છે કે તમો મીસરમાં જઇ ખલીફ મુસ્તનસર બીલ્લાની મુલાકાત લો " આ બોધનો હસનને એટલો બધો ઉંડો અસર થયો કે, શેખથી વિખુટો પડતાંજ તે મીસર જવાની તૈયારીઓ કરવા લાગ્યો.

જે માણસ બુદ્ધિશાળી, હિંમતબાજ તથા દ્રઢ મનનો હોય અને સાથેજ જેની દ્રષ્ટી મહાન કાર્ય કરી બતાવવા તરફ હોય. અને તે

મહાન કાર્યને કરી નાંખવામાં તે ફતેહમંદીજ દ્રષ્ટી સામે જોતો હોય તે કોઇ પણ પ્રકારની આળસ કે ઢીલ પોતાના કામમાં કરે, એ બનવાજોગ નથી. જે માણસ પોતાની ઉન્નતિના તથા ધારેલા હેતુના કામને કરી નાખવાનું બહુજ આસાન સમજે છે અને સાથેજ તે મદદમાં માત્ર એકજ માણુસની જરૂર જુએ છે. જે કામ મોટા બાદશાહથી પણ ન થઇ શકે તેવું હોય તેને માત્ર એક બચ્ચાના ખેલ સમાન ગણે છે તે શા માટે પોતાના કામની તૈયારીમા ઉતાવળ ન કરે તે સમજી શકાતું નથી.

હસન મીસરમાં પહોંચ્યો ત્યાર પહેલાં તેનું નામ મીસરમાં પહોંચી ચયું હશે. શેખ અબ્દુલ મલકે તેને જે મીશનરી કામની પરવાનગી આપી હશે તે બાબતનો શેખે જરૂર મીસર રીપોર્ટ કર્યો હશે અને અધિકાર અપાયલા મીશનરીની યોગ્યતા તથા તેના ભવિષ્યમાં અતિ ઉપયોગી થઇ પડવાના વખાણ જરૂર લખ્યા હશે. વળી હસને મીશનરી કારકીર્દિમાં જે ચમત્કારો બતાવ્યા હશે, તેથી પણ તેના કામની ખ્યાતિ મીસરમાં તથા છેક ઇમામ સુધી પહોંચી ગઇ હશે. જો તેણે આવા પ્રકારની ખ્યાતિ નહિ મેળવી લીધી હતે તો, એ બનવાનો બહુજ ઓછો સંભવ હતો કે, તેનું નામ મીસર સુધી છેક ઇમામ પાસે પહોંચી જાય. !

હસન મીસરમાં પહોંચે, તે અગાઉ તેની કીર્તિ મીસરમાં એટલે સુધી પહોંચી ગઇ હતી કે, જ્યારે તે મીસર પહોંચ્યો ત્યારે ખલીફ મુસ્તનસર બીલ્લાએ તેની સામે દાઇઓની એક ટોળી મોકલી, તેને શહેરમાં ઉતારો આપ્યો અને પરોણાગત માટે પોતાના મંત્રીઓ મોકલ્યા. ખુદ ખલીફ તેને સામે લેવાને દાઇઓની ટોળી મોકલે છે તથા

તેને સહેરમાં ઉતારો આપે છે; બલ્કે તેથી પણ આગળ વધીને તે તેની પુરોણાગત કરવાને પોતાના મંત્રીઓ મોકલે છે, તે હસનનો ખલીફના દીલમાં શો દરજ્જો હતો, તે બહુજ સરળતાથી સમજી શકાય તેવું છે.

હસન દોઢ વર્ષ મીસરમાં રહ્યો, પણ ખલીફના દરબારમાં તે પહોંચી શક્યો નહિ, પણ મુસ્તનસર દર વખતે તેની વર્તણુકની ખબર રાખતા હતા અને તેની એટલી બધી તારીફ કરતા હતા કે લોકો તેને રાજ્યનું કામ જલદીથી સોંપાશે એવો શક રાખતા હતા. મુસ્તનસર બીલ્લા દુર દરાજના એક તાજા મુરીદ ઉપર આટલા બધા મોહિ પડયા, કે જેનું વર્ણન અમો ઉપર કરી ગયા, તેનું ખાસ કારણ હોવું જોઇએ. ખુદ મુસ્તનસરની હાલત બહુજ દયાજનક હતી. રાજ્યની સઘળી સત્તા વડા સેનાધિપતીના હાથમાં હતી અને મુસ્તનસર તેમના હાથનું રમકડું હતા. મુસ્તનસરની સ્થિતિ એટલે સુધી પહોંચી ગઈ હતી, કે તેમની પાસે બેસવાને માત્ર એક ચટાઇ રહી હતી. બીજી બાબતમાં પણ તેમની સ્થિતિ રહેમીયતને પાત્ર હતી. આવી સ્થિતિમાંથી મુક્ત થવું, એ તેમની ઇચ્છા હોય તેમાં કાંઈ સંદેહ નથી. વડા સેનાધિપતિનું જોર એટલું બધું હતું કે, મુસ્તનસર તેની વિરૂદ્ધમાં એક શબ્દ વટીક બોલી શકતા ન હતા, તેથી તેમણે હસન સબ્બાહ સાથે પોતાની સ્થિતિ સુધારવા મસલેહત ચલાવી હોય અને હસન સબ્બાહથી તે બાબતમાં લાભની તેમને ખાત્રી થઇ હોય, અને હસને પણ તે માટેની યોજનાઓ બતાવી હોય તેમજ તે કામ બરાબર સજ્જડ કરી આપવાનું તેણે જણાવ્યું હોય તો તે શક્ય વાત છે. આવા કારણને લીધે મુસ્તનસર તેના ઉપર, ઉપર જણાવ્યા પ્રમાણે પ્રેમ રાખતા હતા.

હસન પ્રત્યેની ખલીફની મહોબત અતિ વધી ગઇ હતી અને લોકો સમજતા હતા કે, નજીકમાં તેને રાજ્યનું કોઇ મોટું કામ સોંપાશે. આ રાજ્યનું મોટું કામ ખલીફ હસનને સોંપવા માગતા હતા અને હસન તે લેવા માગતો હતો, પણ જેમ સલજુકી દરબારમાં ખ્વાજા નિઝામ–ઉલ મુલ્ક નડતર રૂપ હતો, તેમ અહીં વડો સેનાધિપતી હતો. હસન પ્રત્યે ખલીફની લાગણી તથા તેને કોઇ રાજ્યનું મોટું કામ સોંપવાની વાતોથી વડો વજીર હસન પ્રત્યે શંકાશીલ દ્રષ્ટિથી જોવા લાગી ગયો હતો. મુસ્તનસરને બે પુત્રો હતા એક નીઝાર અને બીજા મુસ્તેઅલી, પ્રથમ નીઝારને ગાદી વારસ નીમ્યા હતા, પણ પાછળથી તેની વર્તનથી નારાજ થઇ મુસ્તેઅલી માટે વસીયત કીધી મુસ્તેઅલીને વડા સેનાધિપતીની સહાયતા હતી અને મુસ્તેઅલી વડા સેનાધિપતીના નજીકના સગા પણ હતા તેથી નીઝારના તરફદારો ફાવી શકતા નહિ હતા. હસને જોયું કે જો મુસ્તેઅલીને ઇમામ નીમવામાં આવે તો, વડા સેનાધિપતીની સત્તા જે ઘણીજ બળવાન છે. તેમાં ઉલટો ઉમેરો થાય અને જ્યાં સુધી વડા સેનાધિપતીની સત્તા રહે ત્યાં સુધી પોતાની ધારણા ઉન્નતિ મેળવવાની પાર પડે નહિ. વળી વડા સેનાધિપતી સાથે હસનને ઝઘડો થઇ ગયો. આ ઝઘડાનું કારણ એજ હતું કે, હસન મુસ્તેઅલીની વસીયત મનસુખ કરાવવા તથા વડા સેનાધિપતીને ઉથલાવી નાખવા માગતો હતો. હસને વડા સેનાધિપતી સાથે વિરૂદ્ધતા કરી તેને માર્ગથી ખસેડવા જરૂર હતી, તેથી તેને ખસેડવા જતાં બન્ને વચ્ચે ઝઘડો વધી ગયો.

હસને મીસરમાં જઇ પોતાનો લાગવગ તથા સત્તા જમાવવામાં ઘણો પ્રયાસ કરેલો હોવો જોઇએ, કેમકે જો તેમ ન કર્યું હોય તો

તે વડા સેનાધિપતિ જેવા બળવાન સામે હુમલો કરવાની હીંમતજ કેમ કરી શકે! પોતાનો પક્ષ તેણે વધાર્યો હશે. અને વડા સેનાધિપતિના પક્ષને નિર્બળ કરવાને પ્રયાસો કર્યા હશે.

મલકશાહના દરબારમાં જલદીથી માનીતો થઇ પડવાને ખુદ ખ્વાજાની તેને પુરી સહાયતા મળી હતી. ખ્વાજાની વિરૂદ્ધતા કરવા છતાં પણ ખ્વાજા તેને ખરાબ કરવાને કશો પણ પ્રયત્ન કરતો નહિ હતો, પરંતુ તે તો પોતાની ઇમાનદારી તથા કરારદાદની શરત પ્રમાણે તેની દરેક વિરૂદ્ધની હીલચાલને ક્ષમા કરેજ જતો હતો; પણ અહીં તેવી મદદ તથા ક્ષમા નહિ હતી. અલબત્ત મુસ્તનસરના ચારે હાથ તેનાપર હતા, પરંતુ ખુદ મુસ્તનસરની હાલત એક સાધારણ ગરીબમાં ગરીબ માણુસ કરતાં સારી નહી હતી. નામ હતું કામ નહિ હતું. બધો રાજકારભાર વડો સેનાધિપતીજ ચલાવતો હતો. તેજ કરતો કારવતો હતો. આવી સ્થિતિ વચ્ચે તેની હસનને વધુ મદદ મળી શકે તેમ નહિ હતી. હસન તો એમજ ચાહતો હતો કે, જો વડો સેનાધિપતિ વચમાંથી નીકળી જાય તો, રાજ્યનો હુંજ ધણી થઈ પડું. ખરેખર જો વડો સેનાધિપતિ, તેની વિરૂધ્ધમાં નહિ હતે તો હસનને મીસરનું રાજ્ય પચાવી પાડવાને અડચણુ આવતે નહિ અથવા જો તે તેમ ન કરતે, તોપણુ એટલું તો જરૂર કરતે કે સઘળી સત્તા પોતાના હાથમાં લઇ લેતે. ખુદ મુસ્તનસરનું મગજ નબળું પડી જઇ ઘેલછાપણું તેમાં આવી ગયું હતું. કીમતી જવાહીરોને ખરલમાં પીસી પાણીમાં વહાવી દેતા હતા. તો આવા ખલીફની નામની સત્તાની આડમાં પોતે બધી સતા ભોગવી શકતે અને જો તેમ થતે તો, તેણે અલમોત કબજે કરી જે હૈરત ભર્યા કાર્યો કરી જગતમાં થલકો નાંખી આપ્યો

તેવા બલ્કે તેથી પણ વિશેષ હેરત ભર્યાં કામો, તે મીસરમાં બેશીને કરી શકતે અને તે મલકશાહ તથા ખ્વાજા નિઝામ-ઉલ-મુલ્કને તો પહેલીજ તકે કચડી નાંખતે.

વડા સેનાધિપતિ બદરે જમાલી જ્યારે નિઝારની વિરૂદ્ધમાં હતો, જ્યારે હસને તો નીઝારની ઇમામતની દાવત શરૂ કરી આપી. આનો એજ અર્થ છે કે હું મુસ્તેઅલીને ગાદીપર આવવા દેવા માગનો નથી. અને તે ગાદીપર ન આવે અને નિઝાર આવે તે માટે તેણે મુસ્તેઅલી ઇમામ નહિ; પણ નિઝાર ઇમામ છે એમ દાવત આપવા માંડી. નિઝારની દાવત હસન કરે છે તેવા સમાચાર જ્યારે વડા સેનાધિપતિને મલ્યા ત્યારે તેણે જોયું કે હસન મુસ્તેઅલીની ઇમામત તથા મારી સત્તાને ઉખેડી નાંખવા વ્યવહારૂ કોશીશો કરે છે ત્યારે તેણે મુસ્તનસરના હુકમથી તેને દુમીયાદના કીલ્લામાં કેદ કર્યો. મુસ્તનસર પોતાની રાજીખુશીથી હસનને કેદ કરવાનો હુકમ આપે નહિ, કેમકે તેની હસન પ્રત્યેની ચાહના હદ કુદાવી ગયાનું આપણે ઉપર જોઇ ગયા છીએ; પરંતુ વડા સેનાધિપતિની ભલામણને તાબે થયા સિવાય તેના માટે બીજો કોઇ માર્ગજ નહિ હતો; તેથી લાચારીથી તેણે હસનને કેદ કરવાનો હુકમ આપ્યો. વડા સેનાધિપતીએ મુસ્તનસર પાસેથી હસનને કેદ કરવાનો હુકમ મેળવ્યો હશે ત્યારે તેણે તેમ કરવાનાં કારણો તેની આગળ રજુ કર્યાં હશે અને તે કારણોમાં હસનની કાળી બાજુ તેણે પુરેપુરી આળેખી હશે. મતલબકે હસન દુમીયાદના કીલ્લામાં કેદ થાય છે.

હસને મીસરમાં કેટલી પ્રીતી સંપાદન કરી લીધીહતી તથા લોકોને કેટલા પ્રમાણમાં પોતાના મુરીદ જેવા કરી લીધા હતા, તે એ ઉપ્રરથી જણાઈ આવે છે કે જે કીલ્લામાં તેને જે દહાડે કેદ કરવામાં આવ્યો તેજ દહાડે કીલ્લાનો એક બુરજ, જે ઘણોજ મજબુત હતો તે પડી ગયો. તેને લોકો હસનની કરામત સમજ્યા. તેજ દહાડે બુરજનું પડી જેવું તેમાં કરામત જેવું તે શું હતું ? જે બુરજને લોકો મજબુત સમજતા હોય, પણ તે ખરેખર તેવો હોય નહિ અને પડી જાય તેવો હોય તો પડી જાય; પણ લોકો તેને હસનની કરામત સમજવા લાગી ગયા. તે વાતથી હસને પોતાનો લોકોપર કેટલો બધો અસર નાંખ્યો હતો તે જણાઇ આવે છે.

## મીસરમાંથી હસનને હંકારી કઢાયો.

વડા સેનાધિપતિ આગળ હસનનું કાંઇ ચાલી શક્યું નહિ અને તેના શત્રુઓએ તેને આફ્રીકા તરફ જતા એક વહાણમાં જબરદસ્તીથી ચડાવી આપ્યો. હસન ઘણોએ રોકાવા માગતો હતો, પણ લાચારીથી તેને તેમાં બેસવુંજ પડયું. કાળાં કાળાં કદ્દાર મોજાઓ તેને સમુદ્રમાં ઘસડી ચાલ્યા. વહાણ આગળ ચાલતાં મોટા વાવાઝોડાના તોફાનમાં આવી ગયું, આ તોફાને વહાણને એટલું બધુ નુકસાન પહોંચાડયું કે, વહાણમાંના સઘળાઓ મૃત્યુની વાટ જોવા લાગ્યા. વહાણમાં સઘળાઓ આહોજારી કરતા હતા; પરંતુ હસને પોતાના ચેહરાપર જરાએ ચીન્તા આવવા દીધી નહિ. તે દરેક વખતે હસમુખે ચેહરે આનંદમાં જણાતો હતો. એક ઓલીઆની પેઠે પોતાના બોલોને બનાવી બોલ્યો કે " ખુદાએ મારી સાથે વાયદો કર્યો છે કે વહાણ ડુબશે નહિ. માટે ગભરાવાનું કોઇપણ કારણ નથી " લોકોએ તેના બોલો તરફ આશ્ચર્ય અને માનની નજરથી જોયું અને કેટલાકનેતો

તેને ઘેલછાપણું થયું છે એમ જાણી હસવા લાગી ગયા. મતલબ કે વહાણમાંના સઘળા લોકોનું ધ્યાન તેના તરફ ખેંચાયું. થોડી વારમાં વહાણ તોફાનમાંથી મુક્ત થયું ત્યારે સઘળા લોકો આવી આવીને હસનના પગપર પડવા અને હાથ ચુમવા લાગ્યા. તેઓ સઘળા હસનને અલ્લાને માન પામેલો અને વડો ઓલીઆ હોવાપર ઇમાન લાવ્યા. આ બનાવ માટે ઐતિહાસકારો કહે છે કે હસને વિચાર્યું કે જો હું એમ કહીશ કે, વહાણ ડુબવાનું નથી અને જો ખરેખર નહિ ડુબે તો મારા ઓલીઆપણાપર કોઇને શક રહેશે નહિં; પરંતુ જો વહાણ ડુબી ગયું તો મારા તેમજ વહાણમાંના લોકોનો પત્તો રહેશે નહિ.

ઇતિહાસકારોનો આ અભિપ્રાય તદ્દન સત્ય જણાય છે. હસને જોયું કે જો વહાણ ડુબીજ જવાનું હશે તો, મારી વ્યાકુળતા કે ચીન્તા કાંઇ લાભ આપી શકે તેમ નથી, માટે વ્યાકુળતા તથા ચીન્તા તો તદ્દન નકામી વસ્તુ છે. જેમ આ વાત હસન સમજ્યો હતો, તેમ બીજાએ પણ સમજવાની હતી અને જો ન સમજે તો પણ તેનું પરિણામ તો એજ હતું, જે હસને ધાર્યું હતું. પણ આવી ખરી વાતપર મક્કમ રહેવું અને તેનો વ્યવહારૂ અમલ કરવો એ હસન જેવા માણસનુંજ કામ હતું. સામાન્ય વર્ગ તેવે પ્રસંગે પોતાના મનપર કાબુ તથા દ્રઢતા રાખી શકતો નથી. અમો ખુદ પોતા માટે એમ ધારીએ છીએ કે, જો અમો તેજ વહાણમાં હતે તો જરૂર વ્યાકુળ તથા ચીન્તામાં ગરકાવ થઇ જતે અને તે પણ એવી માન્યતા સાથે કે અમારી વ્યકુળતા તથા ચીન્તા કાંઇપણ કામ આવનાર નથી.

લોકો બીમાર થાય છે ત્યારે બહુજ ગભરાય છે. મરણ થઇ જશે તો પોતાની બધી ઇમારત પડી ભાગશે અને કુટુંબમાં ઘણીજ ખરાબી થશે તેમ માની લઇ વ્યાકુળ તથા ચીન્તા કરવા લાગી જાય છે; જો કે તે વખતની વ્યાકુળતા તથા ચીન્તા પરિણામ માટે કશીપણ ઉપયોગી થઇ શક્તી નથી; બલ્કે ઘણે ભાગે રોગ તથા દુખ વધારવાને મદદગાર થઇ પડે છે; પરંતુ મનપર કાબુ રાખી શકાતો નથી. હજાર માણુસે કદાચ હસન જેવો મનપર કાબુ રાખનારો એકાદ મળી આવે તો મળી આવે. આ વખતનું તેનું વર્તન, તેની અસાધારણ દ્રઢતા તથા દીલપર કાબુની ગવાહી આપે છે, જો કે બાબત બહુજ સાધારણ છે; પરંતુ તે વ્યવહારમાં મુકનાર માટે તેની અસાધારણ બુદ્ધિ, હીમ્મત તથા દ્રઢતાની સાબીતિ કરાવે છે.

હવે જો કદાચ વહાણ ડુબી જતે તો હસનને કોણ કહેવા આવનાર હતું કે, તું જુઠું બોલતો હતો! મતલબ કે હસનને પોતાના બોલ વિષે કદીપણ પસ્તાવો કરવાનું હતુંજ નહિ. માત્ર જો થાય તો લાભજ થાય તેમ હતો. તેથી તેણે કાંઇપણ જોખમદારી વિના પોતાની ઉન્નતિનો તે માર્ગ હાથ ધર્યો અને તોફાન કે જે મોટું હતું તે શમાવાનું હતું તે શમાઇ ગયું અને હસને જે વિજયી પરિણામની ધારણા રાખી હતી તે ખરી પડી. એક કુદરતી બાબતપર ઉભો રહી તેણે પોતા માટે અસાધારણ દરજ્જો મેળવી લીધો અને પોતા તરફ લોકોનાં મન આકર્ષી લીધાં. તેણે લોકોનાં મનો જે જીતી લીધાં હતાં તે કોઇપણ જાતની તેમને સહાયતા કે શીખામણ આપી તેના બદલામાં નહિ હતાં; પણ કાંઇપણ આપ્યા વિના અસાધારણ બદલો તેણે મેળવ્યો હતો.

હસન કોઇપણ કામમાં નિષ્ફળ ભલે નીવડે પણ તે પોતાની હીમ્મતતો હારતોજ નથી તેની નિષ્ફળતાજ તેના માટે ભવિષ્યની ઉન્નતીનું દ્વાર થઇ પડે છે. તે જે કાર્યમાં નિષ્ફળજાય છે તેજ કાર્યથી તેના ભાગ્ય ચઢવા માંડે છે. હસનની યુક્તિ તેના બુદ્ધિબળનો એક ચમત્કાર હતો. તેનામાં બનાવટી વસ્તુને એવા રૂપમાં રજુ ક્વાની આવડત હતી કે બીજા લોકો તેને તદ્દન અસલ વસ્તુજ સમજે. હસન લોકોના વલણ તથા ભાવનાને બહુજ સમજતો હતો તેથી સાધારણ તથા ભોળા લોકો જલદીથી પોતાની ભોળાઇનો ભોગ થઇ પડી તાબે થઇ જાય તેવાજ પ્રકારની પોતાની યુક્તિને ભાવના આપી પ્રથમ તો તેણે બીજાઓની જેમ પોતાને વ્યાકુળ, ચીન્તાતુર તથા રડાકુટમાં ન નાખતાં ઉલટા આનંદમાં રહી પોતાનો પહેલો ચમત્કાર દેખાડયો. આ પહેલો ચમત્કાર બીજા અસાધારણ પ્રયાસોના મુકાબલામાં અસાધારણ જાદુઇ અસર કરનારો હતો અને તે બધાનું તે તરફ ધ્યાન ખેંચે તેવો હતો. લોકો ગમે તેવી આફતમાં હતા, પણ તે છતાં તેણે હસનના હસમુખા ચેહરા તથા આનંદીપણાપર ધ્યાન ખેચ્યું અને તેણે વહાણમાંના બધાને પોતા તરફ ખેંચી લીધા.

લોકો કેવી વાત કરવાથી તેના તરફ ફીદા થઇ જાય અને પોતાનો હેતુ કેવી સરસ રીતે પાર પડે તે માટે તેણે પોતાના બોલોને તેને બરના બનાવ્યા અને કહ્યું કે " ખુદાએ મારી સાથે વાયદો કર્યો છે કે વહાણ ડુબશે નહિ માટે ગભરાવાનું કાંઇ કારણ નથી. " તેના આ બોલો પણ તેના આનંદી રહેવા કરતાં પણ લોકોપર અસાધારણ અસર કરનારા હતા. હસને જોયું કે જો વહાણ ડુબવાનું હશે તો ડુબી જશે અને ખુદા એ મારી સાથે કરેલા વાયદા વિષેનું

મને કોઇ પુછાણું કરનાર રહેશે નહિ માટે આવો તદ્દન લાભદાયક વેપાર તેણે કર્યો. લોકોતો એમજ સમજ્યા કે, તેને ઘેલછાપણું થયું છે; પણ જે વર્ગ ભોળો તથા ભાવિક હતો તેણે તો એમજ માની લીધું હશે કે તે કોઇ ઓલીઆ પુરૂષ છે. જ્યારે આપણે ભોળા વર્ગના ભાવિકપણા વિષેનો વિચાર કરીએ છીએ ત્યારે જણાઇ આવે છે કે, સાધારણ ડોળ તથા બોલને તેઓ ચમત્કાર તથા કરામત માનવા લાગી જાય છે. તદ્દન મુર્ખાઇ ભરેલી ભોળી વાતને, લુચ્ચાઇ ભરી વાતને પોતાની બુદ્ધિથી કાંઇ વધારે ઇક્કાં ઉંડ.ણુવાણી વાસને જાહેર બગભક્ત જેવા દેખાવને કે ભવિષ્યના સવાબની ચોડી ચીકણી વાતને તેઓ એવા તો તાબે થઇ જાય છે કે પોતાનું સઘળું ભાન ભુલી જાય છે અને જાણે કે તેવી બાબતમાંજ ખુદાઇ બધી સમાઇ ગયાનું અને તેમાં ખુદાઇ ભેદ સમાયો છે તેમ માની બેસે છે. હસનને પણ આવાજ મુરીદો વહાણુમાં મળી ગયા. અમો તો આગળ વધીને એટલે સુધી કહી શકીએ છીએ કે, તેની વાતને બુદ્ધિશાળીમાં ખપનારા પણ તાબે થઇ ગયા હોય તો તેમાં કાંઇ નવાઇ નથી. કેમકે મરણમાંથી બચવા માટે લોકો ભલે બુદ્ધિનાજ પુજારી હોય અથવા તો ભલે નાસ્તિકજ હોય, પણ ધર્મ તથા આસ્થાનો આશરો લેવાને લલચાઇ જાય છે. ખ્રીસ્તી શહેનશાહ માંદો પડે અથવા તો કોઇ આફતમાં સપડાય ત્યારે તે પોતાની જુદો જુદો ધર્મ પાળનારી પ્રજાને પોતાની માંદગી તથા આફત ટળવાને દરેકને તેમના તેમના ધર્મ પ્રમાણે ખુદાની બંદગી કરવાને ફરમાવે છે. જે ધર્મ પોતાનો નથી, જે ધર્મ તેની દ્રષ્ટીમાં ખરો નથી, જે ધર્મ તેની દ્રષ્ટિમાં મુક્તિનો દાતા નથી. તે ધર્મની પણ તે મદદ માગે છે. નાસ્તિક સજા હોય,

તો પણ તેવે પ્રસંગે પ્રજાને પોતાની માંદગી દુર થાય તેવી બંદગી કરવાને કહે છે. તેનું ઇમાન તેવે પ્રસંગે ડખલી જાય છે.

એક હીન્દુનો છોકરો માંદો પડે છે અને સાધારણ ઉપચારથી તેને આરામ થતો નથી તો તે કોઇ મુસલમાન પીરની માનતા માને છે. મુસલમાન ફકીર તેને ઉતારા માટે બળીદાત નું કહે છે તો તે પણ કરે છે. મુલ્લાના તાવીજ લોબાનની ધુણી દઇ બાંધે છે. કેસરથી મંત્રો લખેલી રકાબીઓ પીએ છે અને તેને એ બાબતનું કાંઇ પણ ભાન રહેતું નથી કે, જે ધર્મને હું ખરો સમજતો નથી તેનાથી મને આવો લાભ તે કેવી રીતે થઇ શકે છે! જેમ આવા પ્રસંગે એક હીન્દુ વરતે છે તેવી રીતે એક મુસલમાન પણ વરતે છે. દેવદેવીની માનતા કરે છે. સાધુના કહેવા પ્રમાણે રાક્ષસી દેવોના બળીદાનો આપે છે. આવા પ્રસંગે લોકો બચાવનો કોઇ પણ પ્રયાસ બાકી ન રહેવા પામે અને કોઇ પણ રીતે બચી જવાય તેટલુંજ ઇચ્છે છે. હસનને લોકોની થઇ ગએલી સ્થિતિનો પુરેપુરો લાભ મળ્યો અને હસન ખુદ પોતે પણ તેવોજ લાભ મળી શકે છે તેમ સારી પેઠે જાણતો હતો.

થોડીવારે વહાણુ જ્યારે તોફાનમાંથી મુક્ત થયું ત્યારે સઘળા લોકો આવી આવી હસનના પગપર પડવા અને હાથ ચુમવા લાગ્યા. હસને જે પરિણામની આશા રાખી હતી તેતો નિશ્ચય આવવાનુંજ હતું એટલે કે વહાણુ બચે અથવા તો ડુબી જાય. ડુબી જાય તો કાંઇ ચીન્તા કે પસ્તાવાનું કારણુ નહિ હતું; કેમકે જે પસ્તાવા: કે ચીન્તાનું પરિણામ કશુંએ ન હોય તે માટે કોઇ ચીન્તા કરેજ શાની? બાકી તેનું ખરૂં નીશાન વહાણુના બચી જવા સાથે સબંધ રાખતું હતું. વહાણુ બચ્યું એજ તેની ઉન્નતિનું સબળ દ્વાર થઇ પડશું અને

લોકો તેને કોઈ દેવતાઇ પુરૂષ હોવાપર ઇમાન લાવ્યા. તેઓ સમજ્યા કે તે ખરેખર ઓલીઆ છે; કેમકે જો તેમ નહિ હતે તો તે શા માટે બીજાઓની જેમ રડવા તથા વ્યાકુળ થવામાં પડતે નહિ; કેમકે તેઓ એ વાતને તો સમજીજ નહિ શકતા હતા કે ચીન્તા તથા વ્યાકુળતા નજ કરવી જોઇએ, બલકે તેવા પ્રસંગે ચીન્તા તથા વ્યાકુળતા લોકોમાં કુદરતી થઇ પડેલી હોય છે તેથી તેઓને તો તે બાબત દેવતાઇ બાબત લાગી અને તે બાબતે તેમને હસનના દેવતાઇ પુરૂષ હોવાપર ઇમાન અર્પણ કર્યું. વળી તેઓ એમજ સમજ્યા કે આ માણસે કહ્યું હતું કે, ખુદાએ મારી સાથે વાયદો કર્યો છે કે, વહાણ ડુબશે નહિ તેથી તેના નહિ ડુબવા વિષે તેને ખાત્રી હતી અને તેઓએ જોયું કે થયું પણ તેમજ કે વહાણ ડુબ્યું નહિ અને તેની વાત તદ્દન ખરી પડી. તેઓ બાપડા ઇમાનના આંધળા શું સમજી શકે કે, વહાણ બચવાનું હોય તો બચી જાય અને તેમ તે બચી ગયું. આસ્થા આંધળી છે તેને કાંઇ પણ સુઝતુંજ નથી. બસ આટલીજ એ બાબતો લોકોને હસનના ગુલામ તથા મુરીદ થઇ જવાને બસ હતી. લોકો તેના પગપર પડયા અને તેના હાથ ચુમવા લાગ્યા અને સાથેજ તેને અલ્લાહનો માન પામેલો ઓલીઆ હોવાપર ઇમાન લાવ્યા.

હસનને આ યુક્તિ તથા પ્રયોગથી એ સિવાય બીજા કોઇ પણ લાભની આશા નહિ હતી કે, તેને પોતાની ઉન્નતિના માર્ગમાં સરળતા થાય. ભવિષ્યની ઉન્નતિ માટે કોઇ માર્ગ નીકળી આવે. વહાણમાંના લોકોએ તેનાપર આસ્થા લઇ જવા ઉપરાંત તેને ભેટ સોગાદો પણ જરૂર આપી હશે, કેમકે આસ્થાનો બદલો તેવીજ રીતે અદા

કરવાનું ભોળા વર્ગમાં અસાધારણ પ્રચલિત હોય છે. ઉપરાંત વહાણમાં જે લોકો હશે તેમાં જુદા જુદા શહેરો તથા ગામડાના લોકો પણ હશે. તેઓએ પોતાના વતનમાં જઇ હસનના શું શું વખાણ નહિ કર્યાં હશે તેને અટકળી શકાય નહિ. વળી હસને તો તેમને ઇસમાઇલી ધર્મનો બોધ કરી ઇસમાઇલી પણ કરી લીધા અને તેને નીઝારનીજ દાવત તેણે આપી હશે. આવી રીતે જે માર્ગને મજબુત કરી પોતાને પોતાનો હેતુ પાર પાડવાનો છે તેના મજબુતપણા વિષે તેણે પૈરવી કરી. આ લોકો ચુસ્ત નીઝારી થયા હશે અને તેમની ઓલાદ પણ તેજ પ્રમાણે ઇમાન લાવી હશે. વળી તેમણે બીજાઓને પણ અસર કરી નીઝારી બનાવ્યા હશે. મતલબકે આ પ્રસંગના લાભની સાંકળ ઘણે દુર સુધી પહોંચી જાય છે.

અહીં આપણે એ વાત જોવાની છે કે હસન પોતા કાર્યમાં કેટલો બધો કુશળ તથા ખંતીલો છે. જ્યારે કશાપણ બીસાદમાં ન હોય તેવાજ બનાવથી પણ તે અસાધારણ લાભ મેળવી લે છે ત્યારે જે જે બાબતો મોટા લાભની આશા આપનારી હશે તેમાં તે પોતાની કુશળતા તથા ખંત શું શું નહિ બતાવતો હોય ! ! તેની દ્રષ્ટિમાં કોઇપણ કાર્ય મુશકેલ નહિજ હતું; માત્ર મુશકેલીને ટાળનારી બાબત બરાબર અમલમાં મુકાવી જોઇતી હતી. કાળા માથાનો માનવી શું ન કરી શકે, એ બાબતનું ચિત્ર તેની વર્તણુંક રજુ કરે છે. જે પ્રકારની અનુકુળતાઓ બીજાને બે ચાર ડગલાં કદાચ આગળ વધારી શકે તેજ અનુકુળતા હસનને લાખો માઇલો દુર લઇ જઇ શકતી હતી. શક્તિના સ્વરૂપને પીછાણવું, તેના સ્થાનને સમજવું, તેને બરાબર

ફીટ કરવી, થોડી પણ યોગ્ય સ્થાને મુકવામાં આવતી શક્તિમાં શું ચમત્કાર છે તે સમજવું એ હસનની બુદ્ધિના સાધારણ ચમત્કાર હતા, અને આવા ચમત્કારોનુંજ પરિણામ હતું કે તેનું તીર ભાગ્યેજ ખતા કરતું હતું.

## હસન ફરીથી મીશનરી.

હસન જે વહાણમાં બેઠો હતો, તે વહાણ થોડા દહાડામાં કીનારે પહોંચ્યું. કીનારાપરનો રાજા ખ્રીસ્તી હતો. તેણે આ વહાણમાંના લોકોને લશકરી નહિ; પણ સાધુઓ જોઇ હસનને દાવત ( ખાણું ) આપી માન આપ્યું. હસનનો ફોટો જે અમોએ આ પુસ્તકમાં પણ આપ્યો છે તે જોઇ કહી શકાશે કે, તેણે જાહેર વેશ પણ શીકારી જેવો યાને ધાર્મિક માણસ જેવોજ રાખ્યો હતો. ખ્રીસ્તી રાજાએ તેને એક આબીદ જેવો જોઇ તેને ધાર્મિક પુરૂષ તરીકે માની તેને માન આપ્યું. વહાણોમાં મુસાફરીએ ઘણાઓ કરે છે; પણ ત્યાંના રાજા અને તે પણ પરધર્મના તેમને હસનના જેવું માન આપતા હોય તેમ માની શકાતું નથી; પણ વહાણમાંથી ઉતરતાંજ વહાણમાંના લોકોએ હસનની એક ઓલીઆ સમાન ખીદમત તથા ખ્યાતિ જાહેર રીતે કરી હશે. વળી હસનની લાયકાત તથા હુશીઆરીથી રાજા માહિતગાર થયો હશે. હસન તેને મળ્યો હશે અથવા રાજાએ તેને બોલાવ્યો હશે. મુલાકાત પછી સંતોષ પામી રાજાએ તેને ખાણું આપી માન આપ્યું હશે, જ્યાં જોઇએ છીએ ત્યાં ઇતિહાસિક હેવાલ એટલો તો અધુરો મળે છે કે, વધુ અનુમાનો નીકળી શકતાં નથી; નહિતર અમો ધારીએ છીએ કે આવા પ્રસંગોએ હસને પોતાની બુદ્ધિ, વિદ્વતા તથા દ્રઢતાનું ઘણું સારૂં

પાણી દેખાડયું હશે. જો આપણે એ બાબતનો વિચાર કરીએ કે, જે હસને મલકશાહ તથા મુસ્તનસર જેવા બાદશાહોને પોતાની બાહોશીથી આંજી નાંખ્યા હતા, તેણે વહાણમાંના લોકો તથા કીનારાપરના ખ્રીસ્તી બાદશાહપર શું અસર નહિ કીધો હોય?

ખ્રીસ્તી રાજાના બંદર ઉપરથી વહાણ ઉપડી, થોડાજ દીવસમાં એશીયાઇ તુર્કસ્તાનના કાંઠાપર જઇ પહોંચ્યું. અહીં હસન ઉતરી ગયો અને હવે તે જમીન માર્ગે હલબ, બગદાદ, ખોજીસ્તાન, ઇસ્ફહાન, કીરમાન વીગેરે ઇરાનના તથા એશીયાના પ્રખ્યાત શહેરોમાં મુસાફરી કરવા લાગ્યો. આ દરેક સ્થળે તે ઇસમાઇલી ધર્મનો બોધ કરતો. કીરમાનથી તે બીજી વખત ઇસ્ફહાન આવી ચાર માસ રોકાઇ ખોજીસ્તાન ગયો. અહીં દસ માસ રોકાઇ દામગાનનો માર્ગ લીધો. અહીં તે ત્રણ વર્ષ ઇસમાઇલી ધર્મનો બોધ કરી પુષ્કળ મુરીદો બનાવી શક્યો. ત્યારબાદ તે પુષ્કળ શહેરો તથા ગામડાઓમાં જઇ પોતાનું મીશનરી કાર્ય બજાવતો રહી, છેવટે તે અલમોતના કીલ્લામાં પહોંચ્યો અને અહીંજ મૃત્યુ સુધી પોતાના પગ પાથરી રહ્યો.

અમો નથી માની શકતા કે, હસન જેવો હિમ્મતબાજ તથા પોતાની ધુનમાં સતત મચ્યો રહેનારો બીજો કોઇ હોય અથવા તો એટલી વાતતો ખરી કે, તે બંને બાબતોમાં અતિ પાવરધો હતો. મીસર છોડયા પછીની કુંક વરસોની મીશનરી કારકીર્દિ અસાધારણ જશકશી ભરી જણાય છે. ઇરાન તથા એશીયાનાં પ્રખ્યાત શહેરો તથા ગામડાઓની મોટી સંખ્યામાં મહીનાઓ તથા વરસો લગી રોકાઇ તે પોતાની ઉન્નતિનો મસાલો એકઠો કરતો હતો; કારણ કે તેને જે બળવાન કિલ્લો તોડવાનો હતો તેને માટે પુર્ણ પાવરવાળા ડાયનામેટની તેને જરૂર હતી. જે ડાયનામેટને તે બરાબર એકઠો કરવા મચ્યો હતો. જમીનજગ પોતાના

થાણું બેસાડતો હતો. સ્થળે સ્થળે તે પોતાનાપર ફીદા થઇ જનારા સીપાઇઓ બનાવતો હતો. જે લોકો તેના મુરીદ થયા હતા, તે જાહેરમાં તો ધાર્મિક મંડળમાં સામેલ થતા હતા એટલુંજ સમજતા હતા; પરંતુ આડકત્રી રીતે પોતાની બેખબરી વચ્ચે તે હસન માટે તેઓ ડાયનામેટનો મસાલો બનતા હતા. હસન પણ જાહેરમાં ધાર્મિક કામ કરતો જોઇ શકાતો હતો; પરંતુ અંદરખાનેથી ખરી રીતે તો આડે આવનારા બળવાન કીલ્લાઓને તોડવાના જંગી સાધનો તૈયાર કરતો હતો. આ મીશનરી સમયમાં તેણે તેવા પ્રકારની તાલીમ આપી તથા લોકોનાં દીલો કેવી કુનેહથી હરી લીધાં, તે સંબંધેની માહિતીથી ઇતિહાસીક પૃષ્ટોથી ખાલી છે. જો આ સંબંધમાં તેણે કાંઇપણ અજવાળુ પાડયું હતે તો તેની મીશનરી કારકીર્દિ ઉપર ઘણા ઘણા અનુમાનો ખેંચી શકાતે અને આમ નથી થઇ શકતું તે માટે અમો દીલગીર તથા લાચાર છીએ; તોપણ એટલા ઉપરથી તેના મીશનરી કારકીર્દીના સ્વરૂપને કાંઇક પણ જરૂર પીછાણી શકીએ કે, તેણે અલમોતપર કબજો કર્યા પછી, જે ધાર્મિક ઉપદેશનો પ્રચાર કીધો, તેને મળતીજ તેની પ્રથમની મીશનરી કારકીર્દી હશે. તેની આ કારકીર્દી જ્યારે હસન અલમોતપર કબજો કરી લઇ જે ધાર્મિક વિચારોનું આન્દોલન ચલાવ્યું તેની વિગત જ્યારે અમો આગળ ચાલી આપીશું ત્યારે તેનો તેમાં સમાવે થઇ જશે.

## અલમોતપર હસનનો કબજો.

ઉપર આપણે જોઇ ગયા તેમ, હસન જોકે જાહેરમાં ઇસમાઇલી મીશનરીપણું કરતો હતો પરંતુ ખરી રીતે તો પોતાના માટે બળવાન સ્થળની તે તલાશ કરતો હતો. મીસરના ફાતમી ખલીફ સાથેનો તેનો દરેક

સંબંધ તુટી ગયો હતો; કેમકે ત્યાં મુસ્તેઅલી પક્ષ જોરપર આવી ગયો હતો અને હસનના પાકા શત્રુ બદરે જમાલીના હાથમાં રાજ્યની બધી સત્તા આવી ગઇ હતી. હસન જો મુસ્તેઅલીના પક્ષમાં પણ જાય, તો પણ ત્યાં બદરે જમાલી કબાબમાં હાડકા સમાન નડતર રૂપ હતો; તેથી મુસ્તેઅલી પક્ષમાં રહેવાથી તેને પોતાના માટે કશાપણ લાભ જેવું નહિ હતું માટે હવે તેણે તે તરફની બધી આશા છોડી હતી અને પોતાના માટે સત્તા પ્રાપ્ત કરવાનો તેણે બીજોજ માર્ગ શોધી કાઢ્યો હતો અને તે માર્ગ નીઝારની ઇમામતના સ્વીકારની આડમાં રહી મેળવી શકાય તેમ હતો. જેમ મીસરમાં મુસ્તેઅલી ઇમામ ગણાઇ રાજ્ય ભોગવતા હતા, તેમ અહીં નીઝારના નામથી ઇમામતની ગાદી કાયમ કરી, રાજકીય સત્તા મેળવવાની તેની યોજના હતી.

આ યોજનામાં નીઝારની ઇમામતનો સ્વીકાર લોકોને કરાવવાનો હતો અને તે કરાવવામાં તેની પાસે બહુજ અસર કરનારી દલીલ મોજુદ હતી. ઇમામ મુસ્તનસર બીલ્લાએ પ્રથમ પોતાના વડા પુત્ર નીઝાર માટે ગાદીની વસીયત કીધી હતી; પણ પાછળથી તેનાથી નારાજ થઇ બીજા પુત્ર મુસ્તેઅલી માટે વસીયત કરી. નીઝાર માટેની વસીયત મનસુખ કીધી હતી. હસને જણાવ્યું કે ઇમામે પ્રથમ જે વસીયત કરી હોય તેજ ખરી વસીયત છે. તેમાં ફેરફાર થઇ શકતો નથી, ભલે ઇમામ બીજા માટે ફરી વસીયત કરે, તોપણ અમલ તો પેહલી વસીયત પ્રમાણેજ થવો જોઇએ. આ વાતના ટેકામાં તેણે ઇમામ ઇસમાઇલનું દ્રષ્ટાંત રજુ કર્યું કે, ઇમામ જાફરે સાદકે પ્રથમ શાહ ઇસમાઇલ માટે વસીયત કીધી હતી, પણ પાછળથી મુસા કાઝમ માટે વસીયત થઇ; પરંતુ તેમાં પહેલી વસીયત ઉપરજ અમલ કર-કરવામાં આવ્યો છે જેને ઇસમાઇલીઆ પંથે કબુલ રાખ્યો છે. માટે

તેજ ધોરણે નીઝાર માટેની વસીયતપર અમલ કરવો જોઇએ. જેમ મુસા કાઝમ માટેની બીજી વસીયતપર અમલ કરવામાં આવ્યો નથી અને જેઓએ ઇસમાઇલ માટેની પેહલી વસીયત કબુલ રાખી નહિ અને મુસા કાઝમને ઇમામ માન્યા તેને આપણે હકપર સમજતા નથી તેવીજ રીતે આ પ્રસંગે પણ જેઓ શાહ નીઝાર માટેના વસીયતનો સ્વીકાર ન કરે, અને મુસ્તેઅલી માટેની બીજી વસીયતને કબુલ રાખે તેને હકપર ગણી શકાય નહિ. તેની આવી દલીલ લોકોપર અસર કરી ગઇ અને તેથી તેણે પોતાના મીશનરીપણામાં તેજ દલીલપર શાહ નીઝારની ઇમામતનો બોધ કરી લોકોને તેનાપર મુસ્તકીમ કરવા માંડયા. પોતે મીસરથી આવી જેટલા વર્ષો ઇરાન તથા તુર્કસ્તાન વગેરેમાં ફર્યો, ત્યાં ત્યાં તેણે તેજ બોધ પ્રમાણે કામ કીધું અને ઇમામ નીઝાર માટેની ઇમામતનો પાયો મજબુત કરવા માંડયો. ઇરાનના તથા એશીઆના મોટા મોટા શહેરો તથા ગામડાઓમાં મહિનાઓ તથા વરસો લગી ઘણીજ જેહમત ઉઠાવી તેણે આ પાયો મજબુત કર્યો.

બની ઉમય્યાના સમયથીજ ઇમામતના જુદા જુદા દાવેદારો અવારનવાર ખીલાફત મેળવવા માટે જાહેરમાં લડવાને નીકળતા આવ્યા છે અને તે તે દાવેદારોના મુરીદો પોતાના ઇમામની ખીલાફત કાયમ કરવા માટે ઇમામ સાથે રહી વિરોધીઓ સામે લડાઇ કરતાજ આવ્યા છે. આવા ઇમામતના સેંકડો દાવેદારોએ બની ઉમય્યા તથા બની અબ્બાસના રાજ્ય સામે પોતાના ઇમામતના હક માટે ખોરૂજ કરેલા હતા, તેથી ઇમામતની ગાદીનું રાજ્ય કાયમ કરવા માટે જે તે દાવેદારોના મુરીદો ટેવાઇ ગયા હતા.

**નીઝારને મીસરમાં ગાદી મળી નહિ;** ખુદ નીઝાર પોતાના ગાદીપર બેસવા પામેલા ભાઇ મુસ્તેઅલીના હાથે કેદ પકડાયા અને શહીદ

પણ કરાયા, તેથી મીસરમાં તેમના જે મુઠ્ઠીભર મુરીદો હતા, તેમનાથી તો ગાદી મેળવી આપવા માટેનું બની શકે તેમ હતું નહિ. ઇરાન તરફના ભાગમાં જે ઇસમાઇલીઓ હતા તેઓ હવે મુસ્તેઅલીને ઇમામ નહિ પણ નીઝારને ઇમામ માને તેવો ઉપદેશ હસને પોતાના મીશનરી-પણાથી ફેલાવી આપ્યો હતો અને હવે તેવા નીઝારને ઇમામ માનનારા વર્ગની સહાયતાથી નીઝાર માટેની ગાદી હસને સ્થાપવાની હતી અને તે માટે સહાય કરનારી મોટી સંખ્યાની જરૂર હતી જે તેણે ઉભી કરી લીધી હતી.

હવે તેણે જોયું કે, મુરીદોની સારી જેવી સંખ્યા ઠામ ઠામ થઇ જવા પામી છે અને જો તે ફોજ એકઠી કરી બીજા દાવેદારોની જેમ જાહેરમાં ખેરૂજ કરતેતો જેમ બીજા વધુમાં વધુ દાવેદારોની જે વલે થઇ તેજ વલે તેની પણ થતે. એટલે કે સ્થાપિત બાદશાહોના હાથે તેનો બીજાઓની જેમ હારમાં અંત આવી જતે. માટે હસનને માટે તે યોજના કશાપણ કામની નહિ હતી. તેથી તે એવી યોજના શોધી રહ્યો હતો કે, વગર લશ્કરે અથવા તો ઓછા લશ્કરે ઇમામની ગાદી સ્થાપી તથા ટકાવી રાખી શકાય. આ સ્થાપવા માગતી ગાદીને શત્રુઓ તોડી નજ શકે, તે માટેની વ્યવસ્થાની જરૂર હતી.

જો હસન કોઇપણ સ્થળે મુરીદોનું લશ્કર એકઠું કરી રાજ્ય જમાવવા માગે તો, દેશનો બાદશાહ તેને હરાવી મુરીદો તથા તેનો અંત લાવે અને હસન આવી રીતે કામ કરે પણ નહિ; તેથી તે પ્રથમ તો કોઇ બાદશાહ લડવાને આવે તો પણ ફાવી શકે નહિ તેવા સ્થળની તલાશમાં હતો, આવું સ્થળ તેને અલ્મોતનો કીલ્લો નજરમાં આવ્યું; તેથી તેણે તે કીલ્લો હાથ કરવાની યોજના ઘડી વ્યવહારૂ અમલ શરૂ કર્યો.

અલમોત એ ઇરાનના રૂદબાર પ્રાંતનો એક કીલ્લો હતો. તેને તેની સઘળી હદ સાથે લોકો "તાલકાન" ના નામથી ઓળખતા હતા. આ કીલ્લો પહાડોની વચમાં અને વિકટ માર્ગોમાં ઘેરાએલો હતો આ કીલ્લાની સ્થાપના વિષે એમ કહેવાય છે કે, દેલમના બાદશાહોમાંના એકને શીકારનો બહુજ શોખ હતો. એક દીવસ તે શીકાર કરતો આ વિકટ પહાડી માર્ગમાં આવી પહોંચ્યો. ત્યાંથી એક પક્ષી પકડવાને બાજને ઉડાવ્યું. બાદશાહ દોડતો ત્યાં પહોંચ્યો અને જોયું કે એક ઘણુંજ આનંદી અને રક્ષણનું સ્થળ છે. બાદશાહે જોયું કે, આ જગો કરતાં બીજી કોઈપણ જગો મજબુત કીલ્લો બાંધવાને પાત્ર નથી; તેટલા માટે મજકુર બાદશાહે અહીં કીલ્લો તથા ભવ્ય રાજમહેલ બંધાવ્યો.

હસનને જેવા સ્થળની જરૂર હતી, તે તેણે હવે શોધી તો કાઢ્યું છે અને તે અલમોતનો કીલ્લો છે. આ અલમોતનો કીલ્લો જો હાથમાં આવી જાય તો તે તેની રાજધાની બની શકતો હતો, માત્ર હવે તેને કબજે લેવો એજ કામ બાકી રહ્યું હતું. હસન કે જે અલમોતમાં કે બીજે એક પણ ઇંચ જમીનની માલેકી ધરાવતો નથી તે જ્યારે અલમોત જેવા કીલ્લાને કબજે લેવાને તૈયાર થાય છે ત્યારે તેણે તે મેળવવાનું સામર્થ્ય તો જરૂર મેળવેલું હોવું જોઇએ જો તે કીલ્લો સરળતાથી મેળવી લેવાની યોજનામાં કાંઇ એવો વિક્ષેપ ઉત્પન્ન થાય કે, તેથી નાની સુની લડાઇ કરવી પડે તો, તેની પાસે એટલા મુરીદો તો જરૂર હશે કે, જે લડવાને મેદાનમાં પડે. નાણાં તથા હથીઆરોની જરૂર પડે તો તે તેણે જરૂર એકઠાં કરેલાં હોવાં જોઇએ. અથવા તો તેના મુરીદો તરફથી તે પુરાં પાડી શકાય તેમ

હોય. આ અદભૂત માણસની હીમ્મત તો જુઓ કે, વગર લશ્કરે કે વગર સરંજામે તે રાજ્ય ઉભું કરવાને નીકળી પડયો છે અને તેવીજ બેસરો સામાનીમાં તે હથેળીમાં સરસવ જમાવી લેવા માગે છે.

પ્રથમ તો તેણે અલમોતની આસપાસના વિભાગમાં ઇસમાઇલી પંથ ફેલાવ્યો અને જ્યારે તેને આસપાસ તથા દુરના મુરીદોથી એ બાબતની ખાત્રી થઇ કે, રાજ્ય સ્થાપવા તથા નિભાવવા પુરતી મદદ મુરીદો તરફથી મળી શકે તેમ છે ત્યારે તેણે અલમોતમાં જાતે જઇ ત્યાં મુરીદોની સંખ્યા વધારવા માંડી. એક તરફ તેની રીયાઝત તથા બંદગી લોકોપર જાદુઇ અસર કરતી હતી જ્યારે બીજી તરફ તેનો ઉપદેશ જીગરોના કીલ્લાઓને જીતી રહ્યો હતો. તેની ઉંડી પહોંચ તથા કુનેહબાજ આવડત તેને ધારવા કરતાં પણ વધારે સાફલ્યતા આપતી હશે. અને જ્યારે અલમોતના સઘળા લોકો તેના મુરીદજ થઇ ગયા હશે ત્યારે તો તેણે નક્કી જોઇ લીધું હશે કે, હવે આ કીલ્લો પોતાનોજ થઇ શકે છે. માત્ર હવે કોઇ પણ તદબીરે પ્રથમના હાકેમને ત્યાંથી હાકી કાઢવો બાકી રહે છે. પ્રથમના હાકીમને ત્યાંથી હાંકી કાઢી પોતાનું થાણું બેસાડી દેવામાં આવે એટલે અલમોત કીલ્લો પોતાના કબજામાં આવી ગયો મનાય તેમ હતો.

જે કીલ્લો પોતાનો કરી લેવા સંબંધે કોઇપણ ન્યાય પૂર્વકનો તેનો સબંધ પહોંચી શકતો નથી ત્યાં હવે વરૂએ ઘેટાનું બચ્ચું ચટ કરી જવા માટે જે માર્ગ ગ્રહણ કીધો હતો તેજ અહીં હસને પણ ગ્રહણ કરવો જોઇતો હતો. કાઇપણ બહાનું કાઢી તે કીલ્લાના કોટવાલને કીલ્લા બહાર કાઢી મુકવા માગતો હતો.

હસન હજુ આ કીલ્લામાં દાખલ થયો ન હોતો, ત્યાર પહેલાં તેણે પોતાના મીશનરીઓ મારફત આ કીલ્લામાં ઇસમાઇલી પંથનો બોધ ચાલુ રાખ્યો હતો. આ બોધથી કેટલાક માણસો તેના પંથમાં સામેલ થયા હતા થોડી મુદત પછી હસન પોતે કીલ્લામાં ગયો અને બોધ કરી ઘણા લોકોને પોતાના જજમાન બનાવ્યા.

કીલ્લામાં ઇસમાઇલી ડાયનામેટ પૂર્ણ પ્રમાણમાં દાખલ થઇ ગયો હતો. તે કામ માટે હસને પોતે જાતે તથા તેના મીશનરીઓએ અસાધારણ કોશીશ કીધી હતી. તેઓએ એવી કોશીશ જરૂર કરી હશે કે, આ કીલ્લામાં એક પણ માણસ પારકા પંથનો રહે નહિ. આવી રીતની કોશીશમાં ફળીભુત થવું એ હસન જેવા બુદ્ધિશાળી, કુનેહબાજ તથા મીશનરી માટે આસાન હતું કે, જેમાં તે વિજય મેળવવા પામ્યો. આ તેના વિજયની ધ્વજા એટલી તો ફરકી કે, કીલ્લાના કોટવાળ મેહદીએ પણ જોયું કે, જો પોતે પોતા માટે ઇસમાઇલી હોવાનો દેખાવ નહિ રાખે તો કીલ્લામાં રહેવું તથા કીલ્લાને જાળવી રાખવું મુસ્કેલી ભર્યું છે. તેથી તેણે તકપ્યા કરી જાહેરમાં ઇસમાઇલી પંથ કબુલ કર્યો કે જે ત્યાંનો રાજ્ય તરફનો વડો અધિકારી ગણાય અથવા તો તેજ ત્યાંનો સુલતાન હશે, તે જ્યારે હસનની મુરીદીમાં આવ્યો ત્યારે તો કામ બહુજ સરળતાપર આવ્યું હશે.

હસન તો પવન તથા સૂરજની લડાઇની જેમ સૂરજ બની શાન્તી તથા સામાના મનનું સમાધાન કરાવી પોતાનો હેતુ કાઢી લેવા માગતો હતો, તેથી હસને તે મેહદી કોટવાલની મુલાકાત લીધી. કોટવાલ હસનને એક આબેદ ( ભક્ત ) સમજી ઘણાજ સત્કારથી તેને મળ્યો. હસને જો કે પોતાની લગભગ સઘળી કારકીર્દી કાબિલ પ્રમાણેની

ચલાવી હતી તેથી અહીં પણ તેજ પ્રમાણે તેણે કરવા માગ્યુ. કોટવાળ મેહદીને બહુજ સફાઇ તથા શાન્તીથી કીલ્લા બહાર કાઢી મુકવાની જરૂર હતી; માત્ર હવે તેમાટેના બહાનાની જરૂર હતી તેથી હસને તે પોતાના આબીદપણાના ભારે આડંબર સાથે મેહદીને કહ્યું કે, " આ કીલ્લો જગતના સઘળા ભાગોથી જુદો અને રક્ષણ કરનારો છે અને અમારા જેવા એકાંતમાં બેશી અલ્લાહની ભક્તિ કરનારા લોકોને લાયકનો છે માટે મને અહીં એક બળદના ચામડામાં સમાય તેટલી જમીન વેચાતી આપવામાં આવે તો, હું તેની કીમતના ત્રણ હજાર દીનાર આપવાને તૈયાર છું. " એટલું કહી દીનારની કોથળી મેહદી સામે રાખી દીધી.

કોટવાળ જે હસનનો મુરીદ થઇ ચુક્યો હતો. હસનની જેણે એક આબીદ સમજી આવકાર કરનારી મુલાકાત લીધી હતી. જે હસનના મુરીદોથી કીલ્લાની વસ્તી છલકાઇ ગઇ હતી. ઇસમાઇલી બળ કીલ્લામાં વધી પડયું હતુ તેવી સ્થિતિ વચ્ચે હસનની માત્ર ખુદાની ઇબાદત બંદગી કરવા માટે, એક મઢી જેટલી જમીનની માગણી કબુલ રાખવી એ આવસ્યક હતી. વળી સાથેજ ત્રણ હજારની કોથળીએ તો સોનાપર સુહાગો ચડાવી આપ્યો. મેહદી દીનાર જોઇ લલચાયો અને વિચાર્યું કે એક ભકત માણસને આટલી જમીન આપવામાં કાંઇ હરકત નથી; તેથી રૂપીઆ લઇ જમીનનું વેચાણપત લખી આપ્યું. હસન હવે એક બળદના ચામડામાં સમાય તેટલી જમીનનો કીલ્લામાં માલીક થયો.

હસને જમીનની જેટલી હદ માગી, તેમાં ચાલુ માપનું ધોરણ રાખ્યું નહિ; કેમકે જો તે પંદર પીશ ફૂટ જમીનની માગણી કરતે તો તેમાં પોતાનો મતલબ પાર પાડયા જેવું બહાનું કાઢી શકાતે

નહિ; પણ બળદના ચામડાની હદ ઠેરાવી, કે જેમાં રજનો ગજ કરી શકાય તેમ હતું. અને ખત લખી આપનાર તો પોતાના દીલમાં એમજ સમજે કે, માત્ર પંદર વીશ ફૂટ જમીન વેચાતે આપવામાં આવી છે. વળી વેચનાર પોતે સારો નફો મેળવતો હતો; કેમકે પંદર વીશ ફૂટ જેટલી જમીનના ત્રણ હજાર દીનાર, તેની મુળ ગણાતી કીંમત કરતાં અનેક ગણી હતી, વળી તેટલી કીમતની તે વેચવાની હા પાડે તે છતાં પણ તેટલી કીમતની માગણી કરતે નહિં; પણ હસને જોયું કે, જો તેને પ્રથમથી કીમત નહિ જણાવી આપવામાં આવે તો તે તેટલી જમીનની નજીવી કીમત આવે, સમજી તેમાં તેનું મન લલચાશે નહિ તેથી પ્રથમથીજ તેની કીમત જણાવી આપી, બલ્કે મેહદીને માગણી કબુલ રાખવામાં અસાધારણ ઉત્તેજીકપણું પ્રગટ થાય, તે માટે માગણી સાથે તેની ત્રણ હજારની કીમત પણ સામે ધરી આપી. આટલી બધી બાબતો વચ્ચે મેહદી હસનની માગણીનો અસ્વીકાર તે કેવી રીતે કરી શકતો હતો! મતલબકે તેણે દસ્તાવેજ કરી આપ્યો.

બીજી રીતનું બળ પોતાની પાસે ન હોય તો, કોઈ આવા દસ્તાવેજ ઉપરથી બારીકી શોધી કાઢી વધુ જમીન લઇ શકે નહિં; પરંતુ હસનની પાસે પુરતું. બળ હતું. માત્ર તેને બહાનાની જરૂર હતી. તેથી હસને તે બળદના ચામડાની દોરી જેવી ઝીણી ઝીણી વાધરીઓ બનાવી, તેનાથી સઘળા કીલ્લાને ઘેરી લીધો અને મેહદીને કહ્યું કે તમારા લખી આપેલા દસ્તાવેજ પ્રમાણે આ બળદના ચામડામાં સમાઇ તેટલી જગો મારી માલકીની ઠરે છે માટે તમારે કીલ્લો ખાલી કરીને ચાલી જવું. હસનની આવી ખુલ્લી લુચ્ચાઇને મેહદી આધિન થઈ કીલ્લાને તજી ચાલ્યો જાય છે તે ઉપરથી હસનની તે કીલ્લા

વાસીઓ ઉપર કેટલી બધી સત્તા ગાલેબ થઇ ગઇ હતી, તે તથા મેહદી કેવી દયાજનક સ્થિતિમાં મુકાયો હતો, તે સ્પષ્ટ જણાઇ આવે છે. મેહદી આવી કઢંગી સ્થિતિમાં મુકાયો હતો, તેનો હસને પુરેપુરો લાભ લીધો અને હસન જે એક આબીદના લેબાસમાં કીલ્લામાં આવ્યો હતો તે હવે તે કીલ્લાનો ધણી થઇ ગયો.

મેહદી કીલ્લાનો કોટવાળ હતો. અને તે સુલતાન મલકશાહના તાબાનો કીલ્લો હતો. મેહદી પણ મલકશાહનો નોકર હતો. કીલ્લા વાસીઓ સબળા લડાયક ખસલતના હતા, તેથી તેના બંદોબસ્ત માટે કાંઇ સીપાઇઓ પણ જરૂર હશે અને આવી સ્થિતિ હોવા છતાં; પણ મેહદીનું કાંઇપણ જોર નહિ ચાલ્યું હોય, એ હસનની કીલ્લામાંની શરૂવાતની કારવાઇની પુરી દાદ આપે છે. વળી મેહદી કીલ્લો છોડી ચાલ્યો જાય છે; છતાં હસનને કાંઇપણ ધાસ્તી નથી તેથી એમ અનુમાન થાય છે કે; હસન તે વિશે બેફીકર હતો તે જાણતો હતો કે આવા અટપટાવાળા કીલ્લાપર કબજો થઇ ગયા બાદ, શત્રુ સહેલાઇથી તેને લઇ શકે તેમ નથી અને જો લેવા આવશે તો તેને ભારે નુકસાની વેઠી પાછું હઠવું પડશે અથવા તો તેને પાછો હઠાવવાનો તે પ્રસંગે બીજોજ કોઇ માર્ગ હાથ ધરી લેવાશે.

કીલ્લો મેળવવામાં હસનનું અસાધારણ પાજીપણું હતું. જે કીલ્લામાં પોતે એક રઇયત તરીકે રહેતો હતો, તે કીલ્લાના માલેકને તે કેવી ખુબી સાથે, કશાપણ ઝઘડા ફસાદ વિના હાંકી કાઢે છે તે તેની અમાપ આવડત પુરવાર કરે છે. નહિતર કોઇપણ કીલ્લાના ધણી પાસેથી કીલ્લો મેળવી લેવામાં કેવી કેવી લડાઇઓ લડવામાં આવે ત્યારે તે જીતી શકાય છે! વગર લડાઇએ તેણે એવી ખુબીથી

કામ લીધું કે, મેહદીને કીલ્લો ખાલી કરીને હાથ ઘસતાં નીકળી જવું પડયું. હસન એક આબીદ તરીકે જે જાહેર દેખાવ રાખતો હતો પરહેઝગારી તથા રીયાઝત કરતો હતો, ધર્મનો ઉપદેશ કરતો હતો. ઠામ ઠામ પોતાના દાઇઓ મોકલી પોતાનું બળ વધારતો હતો, તે કયા હેતુને પાર પાડવા માટે બધુ હતું! તે કીલ્લો લેવાના બનાવથીજ સાફ જણાઇ આવે છે અને તેણે આબીદ તથા મીશનરી પણાના આભામાં કેવા કેવા ખેલ ખેલ્યા હશે, અને કેવી કેવી રીતે પોતાની સત્તા જમાવી હશે અને તે જમાવવામાં સત્તાવાળાઓને કેવા અજાણમાં નાંખ્યા હશે, તે બધી બાબતો એવી છે કે, તેને સ્પષ્ટ રીતે વર્ણવી બતાવવી દુર્લભ છે.

ઘણા પ્રખ્યાત ઇતિહાસકારોનું કહેવું છે કે, ઉપરની યુક્તિથી હસન કીલ્લાને મેળવવા પામ્યો નથી; પરંતુ તે બીજીજ યુક્તિથી ફાવ્યો છે. તેણે જોયું કે કીલ્લાના પુષ્કળ માણસો અને મેહદી કોટવાળ સુદ્ધાં મારા મુરીદો થઇ ગયા છે, તેથી કોઇપણ મારી વિરૂદ્ધતા કરી શકશે નહિ. તે એક દીવસ કીલ્લાના કોઠાપર ચડી ગયો. અને મેહદીની સામે જઇ કહેવા લાગ્યો કે “ નીકળો અને કીલ્લો ખાલી કરી આપો. ” મેહદી એક રમુજની વાત જાણી હસવા લાગ્યો. જ્યારે કોટવાળ પોતાની જગોથી ખસ્યો નહિ ત્યારે હસને પોતાના મુરીદોને ઇસારો કર્યો કે, “ મેહદીને કીલ્લામાંથી કાઢી મુકો. ” ઇસારા સાથેજ હસનના મુરીદોએ મેહદીને કીલ્લા બહાર કાઢી મુકી ધામગાન પહોંચાડી આપ્યો.

આ બીજી યુક્તિ પણ વધારે સંભવિત છે. બીજા કોઇ પણ માણસ માટે જો આવી યુક્તિની વાત કહેવામાં આવી હોય તો, તેનો સ્વીકાર કરી લેવામાં કાંઇક વિલંબ કરવામાં આવે; પરંતુ હસન

જે કુનેહબાજી જાણતો હતો અને જે ધોરણે તેનો વ્યવહાર અમલ કરતો હતો, તે જોતાં તેના માટે તે યુક્તિ માની લેવામાં કાંઇપણ વિલંબ કરી શકાતો નથી. તે પોતાનું નીશાન એવું તો આબાદ ટાંકતો હતો કે, ભાગ્યેજ તે ખતા કરતું હતું. અને વળી તે પોતાના તીરને એવા માર્ગથી ફેંકતો હતો કે, જે માર્ગે બીજાઓ ફેંકી શકતા નહિ, તેમ ફેકેલું પણ નહિ. દરેક પ્રસંગે તે તદ્દન અછુતી યુક્તિ ખોલી કાઢતો હતો અને યુક્તિપર જ્યારે તે અમલ કરતો હતો ત્યારે કોઇને તેના વિશે કશીપણ શંકા ઉત્પન્ન થતી નહિ તેમ કોઇને શંકા લઈ જવા જેવું કશું લાગતું નહિ. તે ઘણીજ ગફલત-માં નાંખનારી જાળ નાખી પોતાના શીકારને પકડી લેતો અને શીકાર જ્યારે તેની જાળમાં સપડાઇ જતો ત્યારેજ તેને માલુમ પડતું કે, મને અસાધારણ છેતરપંડીમાં નાખી પકડી લેવામાં આવ્યો છે.

જેમ જાસુસનું કામ કરનારા જુદા જુદા વેશ ધારણ કરી ધારેલે ઠેકાણે પહોંચી જાય છે અને સાધારણ તકેદારી છતાં પણ તેમને રોક-વામાં નીષ્ફળતા થાય છે તેમ હસનનો વેશ એવો તો જુદા પ્રકારનો હતો કે, તેના માટે કોઇને એવી શંકા નજ જાય કે, આ સાધુ અંદરખા-નેથી રાજલોભ માટે પોતાની બાજી રચી રહ્યો છે. ધીમે ધીમે તેણે કીલ્લા પર પોતાની સત્તા એવી તો જમાવી દીધી કે, તે કોટવાલને તે એક રમુજ તરીકે બહાર હાંકી કહાડવાને કહેવા નીકળ્યો. હસનની સત્તા પુરેપુરી જામી ગઇ હતી; પણ મેહદીને તેની કશી ખબર નહિ હતી તેથી હસને જ્યારે તેને "નિકળો અને કીલ્લો ખાલી કરી આપો" કહ્યું ત્યારે તે હસનની એક રમુજભરી હીલચાલ જોઇ હસવા લાગી ગયો. તેતો એમજ સમજતો હશે કે, હું કીલ્લાનો માલીક છું અને

હસન મારી રૈયત છે. તેની શું મજાલ કે, મને કીલ્લામાંથી નીકળી જવાને જણાવે, પણ તેનું મગજ કાંઇક ખરાબ થઇ ગયું છે; નહિતર કીલ્લાનો કોઇપણ માણસ એમ તે કેમ કહી શકે ? મેહદીના હસીપડવાથી હસન બરાબર સમજી ગયો હશે કે મેહદીએ મને દીવાનો સમજી લીધો છે. પણ હસન બરાબર જાણતો હતો કે દીવાનો કોણ છે? દીવાનો તો મેહદી હતો કે જે પોતાને કીલ્લામાંથી હંકારી કઢાયા જેવી સ્થિતિમાં મુકાયા છતાં તેથી તદ્દન બેખબર છે. મેહદીએ પોતાની સત્તાની ઘણી ઘણી વાતો કહી હશે, તાબાના સીપાઇઓ ઉપર હુકમો કીધા હશે; પરંતુ તેની સત્તા હસને એટલી તો નિર્મુળ કરી નાખી હતી કે, હસન તેનો ઉહાપોહ જોઇ ઉભો ઉભો ખડખડ હસતો હશે. કીલ્લાના સઘળા લોકો અને મેહદીના સિપાઇઓ વટીક હસનના હાથના રમકડાં થઇ ગયા હતા, તેથી મેહદી માટે કીલ્લો ખાલી કરી આપવા સીવાય બીજો કોઇ માર્ગજ નહિ હતો. મતલબ કે હસનના મુરીદોએ મેહદીનો હાથ પકડી કીલ્લા બહાર હાંકી કાઢયો અને છેક ધામગાન સુધી પહોંચાડી આપ્યો.

જે માણસ સાકરથી મરતો તેને હસન ઝેર ખવડાવતો નહિ, બલ્કે એવી ચાપલુસીથી મીંઢડો બની કામ કરતો કે, સામાને મારી નાંખવા છતાં પણ પોતાની ભલમનસાઇના ડોળને તજતો નહિ. મેહદીને કશી પણ લડાઇ વિના કિલ્લા બહાર કાઢી મુકયો; પણ સાથેજ તેણે પોતાની પોલિસિને એમ છલકાવી આપી કે, તેને છેક ધામગાન સુધી પહોંચાડી આપ્યો અને તે સાથે તેનો સરસામાન પણ પહોંચતો કરી આપ્યો અને કીલ્લાના વેચાણના ત્રણ હજાર દીરમની હુંડી પોતાના મુરીદ રઇસ મુઝફર કે જે ગીર્દકોહ કીલ્લાનો હાકેમ હતો તેનાપર લખી આપી. આમ કરીને બહુજ ઠંડે પેટે તેણે મેહદીના ઝખમી જીગરપર નીમક છાંટયું અને તે આ બધા લોહિના

ગોટ પી ગયો અને છેવટે તેણે જોયું કે કીલ્લો તો ગયો; પણ ત્રણ હજાર દીનાર પણ જો નહિ લઉં તો જશે, તેથી તેણે તે ત્રણ હજાર દીનાર મેળવી લઇ સંતોષ માન્યો. હસને ત્રણ હજાર દીનારમાં અલમોતનો કીલ્લો પોતાનો કરી લીધો અને હસન જે એક પ્રજા તરીકેનો માણસ હતો તે, અલમોતનો રાજા થઇ ગયો.

હસનમાં મનુષ્ય જાતની પ્રકૃતિ પારખવાની અને તે પ્રકૃતિને અનુસરીને લોકોથી પોતાનું કામ કાઢી લેવાની પૂર્ણ શક્તિ હતી. આ શક્તિઓનો જેટલો ઓહળો જથ્થો તેનામાં એકઠો થઇ જવા પામ્યો હતો, તેટલો બીજાને ક્વચિતજ મળેલો જોવામાં આવશે. આ શક્તિઓ એટલી તો ચમત્કારિક અસર કરનારીઓ છે કે, જેના બળથી એવાં એવાં મહાન કાર્યો સાધારણ પ્રયાસથી સાધી શકાય છે કે જે બીજી રીતે લાખોની કતલ પછી પણ ભાગ્યેજ સાધી શકાય. બીજી રીતના પ્રયાસમાં જે માણસ શત્રુ તરીકે સામો થાય તેજ માણસ પહેલા પ્રયાસથી દાસ બની તાબેદારી કરે અને તે તાબેદારી કરવામાં તે એટલે સુધી કદમ લંબાવે કે, પોતાનો પ્રાણ વટીક આપી દે અને દાસપણું બતાવવામાં, તે જેમ જેમ વધુ કષ્ટ ભોગવે તેમ તેમ તે પોતાને વધુ કૃતાર્થ સમજે.

એક માણસને જો છાપરે ચડાવી તેનાથી કામ લેવામાં આવે તો, તે મરી મટતાં સુધી સામાનું કામ કરી આપે છે. હવે જો તેજ માણસને તેજ કામ મગરૂરીથી કરવાનું કહેવામાં આવે તો તે કામ તો તે પોતે કરશેજ નહિ; બલ્કે હુકમ કરનારનું તે અપમાન પણ કરશે. દંભ લાલચ વીગેરેના ચમત્કારો અતિ અવર્ણનિય શક્તિ ધરાવનારા છે. હસને આવા શસ્ત્રોમાં સ્થુળ શસ્ત્રો કરતાં વધુ પાવર

જોયો અને તેથી તેણે સ્થુળ શસ્ત્રો કરતાં દંભ, લાલચ, રોઆબ વગેરેનાં શસ્ત્રોને અગ્રપદ આપી તેનાથીજ કામ લીધું.

આપણે જોયું કે, તેણે એવાજ પ્રકારના શસ્ત્રો પ્રત્યેક સ્થળે વાપરવા માંડયા હતાં. તેનામાં આવા શાસ્ત્રોના ચમત્કારનો આત્મા બાળપણથીજ દાખલ થઇ ગયો હતો. નિશાળમાં ભણતી વખતે તેણે નિઝામ-ઉલ-મુલ્ક તથા ઉમર ખેયામ સાથે જે કોલકરાર કર્યો હતો, તે તેના વ્યવહારૂ અમલનો પહેલો દાખલો રજુ થયો છે. નિઝામ-ઉલ-મુલ્ક પાસે જઇ કરારદાદ પ્રમાણે કીર્તિ તથા દોલતમાં ભાગ માગવો અને છેવટે તે બહુજ સરળતાથી પડાવી લેવો, એ તેના વ્યવહારૂ અમલનો બીજો દાખલો રજુ થાય છે. સુલતાન મલકશાહના દીલને જીતી લઇ નિઝામ-ઉલ-મુલ્કનું કાટલું કાઢવાને તેણે જે ત્રાગડો રચ્યો હતો તેમાં તેની કૌશલ્યતાની કોઇ ખામી ન હતી. બીચારો નિઝામ ઉલ-મુલ્ક તેના જાલેમ પંજાથી બચવા માટે ખુદાનો ફજલો કરમ માત્ર માન્યો હતો. તેના હુમલા સામે નિઝામ-ઉલ-મુલકની કોઇ પણ યોજના કારગત થઇ નહિ હતી. જો હસન સુલતાનના સવાલોના જવાબો આપવામાં ગભરાઈ ન ગયો હતે તો નિઝામ-ઉલ મુલ્ક એક મચ્છરની જેમ ચોળાઇ જતે તેમાં કાંઇ પણ સંદેહ નથી. હસન ખુદ મલકશાહનો વજીર થઈ પડતે અને તેવા હોદ્દાપર આવો પાવરધો માણસ આવતાં, તે પોતાની ઉન્નતિ તથા સત્તા જમાવવા માટે શું ન કરતે તે અટકળી શકવું મુશ્કેલ છે તે જરૂર સુલતાન મલકશાહની બધી સત્તા પોતાના હાથમાં લઈ લેતે અને છેવટે તે જગતમાં શું શું કાળું પીળું ન કરી બતાવતે, તેનો અંદાજ ખેંચી શકાતો નથી.

# અલમોત હસનની રાજધાની

અલમોત એ એવા પહાડી વિકટ માર્ગો વચ્ચે આવેલો કીલ્લો હતો કે, જ્યાં તેના બચાવના કુદરતી સાધનો મોજુદ હતાં. કીલ્લો એવા તો અટપટા ઉંચા શીખરપર બાંધવામાં આવ્યો હતો કે, ત્યાં સુધી શત્રુને પહોંચવું લગભગ અશક્ય જેવુંજ થઇ પડે. હસન પોતાની જાતને ભરૂસે ઝઝુમવા ઉભો થયો હતો અને તે પોતાના કદમો એવી રીતે ફુંકી ફુંકીને તથા સાવચેતીથી આગળ લંબાવતો હતો કે, જેનાં પરિણામે તે અણધારી મુસ્કેલીમાં આવી પડે નહિ. જોકે તેણે કીલ્લાપર કબજો કરવા પહેલાં પણ ખરી રીતે તેનાપર કબજો કરીજ લીધો હતો; પરંતુ કીલ્લો કબજે કરવાની જાહેર વિધી થઇ ગયા બાદ, તેને પોતાની બુદ્ધિ, ચતુરાઇ, હીમ્મત, દ્રઢતા તથા કૌશલ્યતા બતાવવાનો પુરેપુરો પ્રસંગ મળ્યો. તે એ વાત તો ચોક્કસ જાણતો હતો કે, જ્યારે મલકશાહને મારા કીલ્લાપર કબજો કરી લેવાના સમાચાર મળશે ત્યારે તે જરૂર મારાપર ચડી આવશે; પરંતુ હસનને કુદરત જે ધોરણે અનુકુળતા આપતી હતી, તે પ્રમાણે આવા એક દુર વસાયલા કીલ્લાપર હુમલો લઇ જવાનું કામ મલકશાહ માટે કાંઇ બહુ જરૂરનું નહિ હતું, તેથી તેણે હસન ઉપર હુમલો લઇ જવાના કામને બહુજ ઢીલમાં નાંખ્યું અને બીજી રાજદ્વારી બાબતો એટલી તો વિશેષ હતી કે, તે ઘણી મુદત્ત સુધી અલમોત તરફ પોતાનું રૂખ કરી શક્યો નહિ.

હસન બરાબર સમજતો હતો કે, અલમોત ઉપર જરૂર હુમલો થશેજ, તેથી તેણે તે હુમલા સામે બચાવ કરવાને ચાંપતા ઇલાજો લેવા માંડયા. તેના માટે મુખ્ય બાબત એ હતી કે પોતાના ધર્મને

ફેલાવવો, કેમકે ધર્મ તો રાજદ્વારી બળ મેળવવા માટેની એક બળ-વાન આડ હતી. આવા પ્રકારની રાજદ્વારી સત્તા મેળવવામાં કાંઇ મુશ્કેલી પણ નહિ હતી. ઉપદેશ તથા કુનેહબાજીથી ઇસમાઇલીઆ ધર્મમાં લોકોને લાવવામાં આવતા હતા. અને લોકોને જે યુક્તિથી ઉપદેશ કરવામાં આવતો હતો, તેથી ઇસમાઇલી મઝહબમાં લોકોને લાવવાનું કામ બહુજ સરળ થઇ પડયું હતું. જાહેરમાં ધર્મ વધે છે એમ લોકો જાણે અને હસન એમ જાણે કે રાજદ્વારી સત્તા વધે છે. આવી સ્થિતિ વચ્ચે આસપાસના સત્તાવાળાઓ એ બાબત ન સમજી શકે કે, ખરેખર હસન રાજદ્વારી ડાયનામેટ એકઠો કરી રહ્યો છે. તેઓ તો એમજ સમજતા હશે કે, ઇસમાઇલીઆ દાઇઓ પોતાનો પંથ વધારવાને ઠામઠામ ઉપદેશ કરી રહ્યા છે વળી સત્તાવાળાઓ ક્યાંઇ પણ હથીઆરો કે લશ્કરી હીલચાલ નહિ જોતાં, પોતાના અનુમાનને વધુ મજબુત માનતા હશે અને તેથી હસન માટે તેમ થવું અતિ આવકારદાયક થઈ પડયું હતું; પરંતુ આવા કીમતી વખતનો લાભ લેવાને હસન લેશમાત્ર ગાફીલ નહિ હતો. તેણે કીલ્લામાં બેશી હીમ્મત ચતુરાઇ અને સતત પ્રયત્નથી પોતાના ધર્મને જાતમાં પ્રસારવા લાગ્યો તેના મુરીદો રૂદબાર પ્રાંતમાં દીન પ્રતિદીન વધતા જતા હતા ધર્મના બોધ અને મીશનરી પણાના લેબાસમાં, ગુપ્ત રીતે હસને રૂદબાર પ્રાંતની સત્તા પોતાના હાથમાં કરી લેવાના પ્રયત્નો કરવા માંડયા તેના હીમ્મતવાન મુરીદોએ ઠેકઠેકાણે નવા કીલ્લાઓ બંધાવ્યા અને ખાસ અલમોતના કીલ્લાની આસપાસ ભવ્ય અને આલીશાન મહેલો બંધાવ્યા. તેની સત્તા એટલે સુધી વધી જવા પામી કે આસપાસના બાદશાહો અને સુબાઓ તેનાથી બીહવા લાગ્યા અને તેમને ધાસ્તી બેઠી કે, રખેને હસનના હાથમાં સઘળો ઈરાન દેશ ન આવી જાય!

હસન કીસમતનો નહિ પણ પ્રયાસનો પુજારી હતો. તે બરાબર જાણતો હતો કે, જો બળવાન પ્રયાસ હોય તો કીસમત પણ પલટાઇ જાય છે. ગોયા કે પ્રયાસના સંઘાડાપર કીસ્મતના ઘાટો ઘડાય છે. હસન કે જેણે કીલ્લાપર કબજો કરી લઇ મીશનરી લેવામાં રૂદબાર પ્રાંતની સત્તા હાથ કરી લીધી. નવા નવા કીલ્લાઓ બંધાવ્યા તથા અલમૌત તથા તેની આસપાસ ભવ્ય ઇમારતો ચણાવી અને છેવટે એટલે સુધી બળ મેળવી લીધું કે આસપાસના બાદશાહો તથા સુબાઓ દેહશત ખાઇ ગયા કે રખેને હસન આખા ઇરાન દેશપર સત્તા જમાવી આપે, તે બનાવ હસનના મહાન પ્રયાસને ઘણીજ સ્પષ્ટ રીતે ખોલી બતાવે છે. બાદશાહો તથા સુબાઓ કે જેની સત્તા તે સમયમાં અસાધારણ હતી, તેમને આટલી ધાસ્તીમાં મુકવા માટે હસને જે પ્રયાસો કર્યા હશે, તેમાં તેણે શું શું નહિ કર્યું હોય તેનો અંદાજ ખેંચી શકાય તેમ નથી. પ્રાંતના સત્તાવાળાઓ પાસેથી સત્તા ઝુંટવી લેવાને, તેમને નસાડી મુકવાને, તેમના હુમલાને રોકવાને, સત્તાની વ્યવસ્થા કરવાને, કીલ્લાઓ બાંધવા તથા મેહલો ચણાવવાના લાખોના ખરચોને પહોંચી વળવાને તેણે જે જે પ્રયાસો કર્યા હશે તે જો વિસ્તારથી તવારીખમાં નોંધાયા હતે તો, મનુષ્ય પ્રયાસના અદ્દભુત પરદાને ખોલી બતાવવાને ઉપયોગી થઇ પડતે. તો પણ જે પ્રયાસ તેણે કીધો અને તેનું જે પરિણામ આવ્યું, તે એ બાબત પુરવાર કરવાને પુરતું છે કે, તેણે મનુષ્ય જાતને છક કરી નાંખનારો પ્રયાસ કીધો છે. રૂસ્તમ તથા અસ્કંદયાર નેપોલીયન તથા કૈસરના પ્રયાસો ભલે જગતમાં ગવાય; પણ અમો તો હસનના પ્રયાસ આગળ તેને લેખવી શકતા નથી. જેમ જેમ ઉંડા ઉતરીએ છીએ, તેમ તેમ તેની હિમ્મત ચતુરાઇ, બુદ્ધિ, તથા કોશલ્યતાની છાપ વધુને વધુ અંતઃકરણ ઉપર પડતી

જાય છે અને તે છાપ એવી તો સજ્જડ પડે છે કે, તેને વીસ્તારથી રજુ કરવાની અમો પોતામાં યોગ્યતા જોતા નથી. મતલબકે હસન જે પ્રથમ અલમૌતના માત્ર કીલ્લાનો હાકેમ હતો, તે હવે રૂદબાર પ્રાંતનો હાકેમ છે. સેંકડો કીલ્લાઓ તથા મેહલોનો તે ધણી છે અને તેની સત્તાનો ડંકો મોટા મોટા બાદશાહો તથા સુબાઓના દીલપર ગાલેબ થઇ ગયો છે અને તે બાદશાહો તથા સુબાઓ દેહશત ખાઇ ગયા છે અને પોતાનો બચાવ કરવાની તેમનાપર ફરજ આવી પડી છે. જેની પાસે થોડા વર્ષ પહેલાં એક ઇંચ જમીન પણ નહિ હતી તે, આજે રૂદબાર પ્રાંતનો રાજા થઇ બેઠો છે અને પોતાનો રાજ્ય કારોબાર મજબુત કરવાને તથા તેમાં ઉમેરો કરવાને મહાન પ્રયાસો કરવામાં રોકાયો છે.

## નિઝામ-ઉલ-મુલ્કનું ખુન.

હસને ભવિષ્યના શત્રુઓની ગફલતનો લાભ લઇ, રૂદબાર પછી કોહીરતાન ઇલાકા ઉપર પણ પોતાનો કબજો કરી લીધો. સલજુકી વંશના ઇતિહાસમાં લખ્યું છે કે દેલમના સુલતાનો તથા પહેલાના જે હાકેમો હતા તેઓએ સઘળા દેશના સમાચારો મેળવવા માટેના જાસુસો મુકરર કરી રાખ્યા હતા અને દેશનો કોઇ પણ ખુણો એવો નહિ હતો કે, જયાંની ખરી બાતમીઓ સુલતાનો સુધી ન પહોંચતી હોય, પણ સુલતાન અલપ અર્સલાને આ ખાતું તોડી નાંખ્યું હતું જેનું એ પરીણામ આવ્યું કે, બાતીન્યા ફીરકો ધીમે ધીમે વધતો ગયો અને રાજ્યને તેના બખેડા તથા કાવત્રાઓની એ વખતે ખબર થઇ કે, જ્યારે હસને કઝવીન તથા રૂદબાર વીગેરેના કીલ્લાઓ કબજે કરી લીધા હતા, પરંતુ સુલતાન અલપ અર્સલાનના સમયમાં આ

ભયંકર ફીરકાનો અંત લાવવાને કાંઇ પણ પ્રયાસ નહોતો થયો. તેટલા ઉપરથી હસન સબ્બાહને તોડી પાડવાનું કામ મુશ્કેલ લાગતું હતું તેથી નિઝામ-ઉલ-મુલ્કે સમય સુચકતાથી કામ કાઢી લેવાને મુનાસબ ગણ્યું અને તે માટે એવી તદબીર કીધી કે, હી. સ. ૪૮૩ મુતાબીક ઈ. સ. ૧૦૯૦ માં સુલતાન તરફથી એક ડેપ્યુટેશન હસન સબ્બાહ પાસે મોકલાવ્યું. તે ડેપ્યુટેશનનો હેતુ એ હતો કે, સુલતાનની બાદશાહી જાહોજલાલીથી હસનને બીહવડાવી તાબેદારી માટે તૈયાર કરવો, કે જેથી લશ્કરની ચડાઇ કરવાની અગત્ય ન પડે.

નિઝામ-ઉલ મુલકની તદબીર જોકે, ઘણીજ સારી હતી રાજ્ય સામે બખેડો કરનારને આવી યુક્તિથી પટાવી લઇ શકાય અને તેવી રીતે પટાવી લેવાયાના જગતમાં અનેક બનાવો બનવા પામ્યા છે અને તેમાં ફતેહ મળવા પામી છે; પણ અહીંતો હસનનો બાવા આદમજ નિરાળો હતો. મથુરાનો પીંડોજ ન્યારો હતો. અહીં હસનને જે નીશો ચડયો હતો, તે આવી તદબીર રૂપી ખટાસથી ઉતરે તેમ નહિ હતો. નિઝામ ઉલ-મુલ્ક બરાબર સમજતો હતો કે, મારી તદબીર કારગર થઇ જશે, કેમકે સુલતાનની જાહોજલાલી આગળ હસનથી પોતાનું માથું ઉચકી શકાશે નહિ અને જ્યારે ડેપ્યુટેશન તેની આગળ હકીકત તથા ધમકી રજુ કરશે ત્યારે હસન જરૂર નમતું તોળી સુલેહ કરી લેશે, પરંતુ નિઝામ-ઉલ-મુલ્ક હજુ હસનના ભેજાને પીછાણી શકયો ન હતો. આવી તદબીર હસનને કાંઇ પણ અસર કરનાર નથી, તેનું તેને જરાએ ભાન નહિ હતું અને જો હસન સબ્બાહ નિઝામ-ઉલ મુલ્કની તદબીરને વશ થઇ જાય તો, અમો તેની બુદ્ધિ, ચતુરાઇ હીમંત તથા દ્રઢતાના જે અસાધારણ વખાણ કરીએ છીએ, તે કેવી રીતે કરતે?

હસન સબ્બાહ જોકે રૂદબાર તથા કોહીસ્તાનનો રાજા હતો અને જોકે તે બંને પ્રાંતોનો વિસ્તાર બહુજ થોડો હતો, પરંતુ તેની ઉંડી પહોંચ નિઝામ-ઉલ-મુલ્ક જેવા હજારો રાજદ્વારીઓની તદબીરો માટીમાં મેળવી દેવાને બસ હતી. મતલબકે એલચી ખાતાએ અલમોતમાં પહોંચી સુલતાન તરફની વીગત હસન સબ્બાહના દરબારમાં રજુ કરી, પરંતુ હસનપર એલચી ખાતાના મેમ્બરોના બોલોનો કાંઇ પણ અસર થયો નહિ. તાબેદારીનો સ્વીકાર કરવો તો, એક તરફ રહ્યો, પરંતુ હસને તો ઉલટાં એલચી ખાતાના લુગડાં ઉતારી લેવાને ધમકી આપી. એલચી ખાતાને રજા આપતી વખતે કહ્યું કે "તમો જઇ મલકશાહને કહી આપો કે, અમોને ન સતાવે નહિતર લાચારીથી મુકાબલો કરવો પડશે; પણ એટલું જરૂર યાદ રાખજો કે, મલકશાહની ફોજ અમારી ફોજના મુકાબલા માટે લાયકની નથી, કેમકે અમારા લશ્કરનો દરેક સીપાઇ ( મુરીદ ) જીવ સટોસટની બાબતમાં એ મીસલ છે. તેમની નજરમાં પોતાનો પ્રાણ આપવો અને બીજાનો પ્રાણ લેવો એકજ અર્થ ધરાવે છે."

હસનનો બાવા આદમજ નિરાળો હતો. તેની ખોપરીમાં કાંઇ અજબ પ્રકારનું ભેજું ભરેલું હતું કે, તેણે પોતાની નાની સરખી રાજદ્વારી સત્તાનો કાંઇ પણ ખ્યાલ નહિ કરતાં, હિંદુસ્તાન જેવડી શહેનશાહત ધરાવતા શહેનશાહને ઉપર પ્રમાણેનો કરડો તથા ઉલટો ધમકી આપનારો જવાબ આપ્યો. આટલી દીલેરી બે પ્રાંત ઉપર સત્તા ચલાવનાર, મલકશાહ જેવા ચક્રવર્તી સુલતાનને આપે, એ જગતમાં પહેલોજ બનાવ હતો અને જો કોઇ અજાણ્યો માણુસ આ વાત જાણે તો, તે હસનના ભેજામાં ફીતુર આવ્યાનું તુરતજ અનુમાન

ખેંચે; પરંતુ અહીં હસને યુક્તિ તથા પ્રપંચનું લશ્કર એટલું તો એકઠું કીધું હતું કે, શત્રુઓની લાખોની ફોજ તેના કશા બીસાદમાં નહિ હતી. લાખોની ફોજને તે મગતરાં તથા તણખલાની મીસાલે પીસી નાંખવાને તૈયાર હતો.

હસને ડેપ્યુટેશનને આંજી નાંખવાને ઘટતું કરવામાં કાંઇ પણ મણા રાખી નહિ. ઉપર પ્રમાણેની ધમકી જોકે તેણે એલચીખાતાને આપી, પણ મલકશાહ હસન સબ્બાહના લશ્કરી બળપર નજર નાંખતાં, તેને પીસી નાંખવાને તૈયાર થઇ જાય, તેમાં કાંઇ સંદેહ નહિ હતો, તેથી હસને પોતાનું કામ એવું તો બેવડે દોરે કરવાનું નક્કી કર્યું કે મલકશાહ ધાસ્તી ખાઇ જઇ અલમોતપર ચડાઇ કરવાનું નામ પણ લે નહિ. એલચી ખાતાને રજા આપતી વખતે તેણે, જે જવાબ આપ્યો, તે પ્રસંગે તેણે એલચીઓની હાજરી વચ્ચે પોતાના એક મુરીદનેહુકમ દીધો કે, " ખંજર મારીને મરી જાઓ," બીજા મુરીદને કહ્યું કે " અલમોતના શીખરપરથી પોતાને પછાડી નાંખો " ત્રીજાને કહ્યું કે " પાણીમાં પડી ડુબી મરો " ચુનાચે એકજ વખતમાં આજ્ઞાનુંસાર ત્રણે મુરીદો એલચીઓની નજર સામે હસન સબ્બાહપર કુરબાન થઇ ગયા.

જ્યારે એલચી ખાતું ઉપર પ્રમાણેનો તમાશો જોઈ ચુકયું ત્યારે હસન સબ્બાહે સવાલ પુછ્યો કે " મલકશાહના સઘળા લશ્કરમાં એક પણ સિપાઈ તેવો છે કે, જે મારા મુરીદની પેઠે જીવ સટોસટ માટે તૈયાર હોય " એલચીઓને આ તમાશો દેખાડવાના પ્રસંગે કોઇ શરઈ વાત માટે ખુદ હસન સબ્બાહના પુત્રો ન્યાય માટે રજુ થયા. હસને તે બંનેને દુર્રાઓ ( ચાબુકોના ફટકાઓ ) મારવાનો હુકમ કર્યો અને તે બંને તેની પીડાથી એલચી ખાતાના મેમ્બરોની રૂબરૂમાં તરફડી તરફડીને મરણ પામ્યા.

જે ડેપ્યુટેશન હસનને બીહવડાવી પોતાનો મતલબ સાધી જવાને આવ્યું હતું, તેને આવી રીતે ધાસ્તી આપી હંફાવવું એ હસનની અદભુત ઉંડી પહોંચની સબળ દલીલ છે. વાત પણ ખરી છે કે, ધાસ્તી ખવડાવવાની તેણે જે વ્યવહારૂ ક્રીયા કરી દેખાડી અને તે જો પુરેપુરી જેવી હતી તેવી, સત્ય ડેપ્યુટેશનને જણાઇ હોય તો, તે બીનાનો તેના તથા મલકશાહ ઉપર કાંઇ જુદોજ અસર થાય પરંતુ ડેપ્યુટેશનને જે અસર થઇ હોવી જોઇએ, તે એકે હસન પાસે જીવ સટોસટ લડનારા પ્રાણ લેનારા તથા ખોનારા સીપાઇઓ છે. આવું જાણવા છતાં પણ તેઓ વધુ ધાસ્તીને વશ ન થઇ શકે, એ બનવાજોગ હતું, કેમકે તેવા જીવ સટોસટ લડનારા સીપાઇઓ હસનની ગુંજાશના પ્રમાણમાંજ હોઇ શકે. તેના રાજ્યની હદજ એટલી ટુંકી હતી કે, જેના પ્રમાણમાં તે એટલું લશ્કર તો નજ ધરાવી શકે, જે મલકશાહના લશ્કરના મુકાબલામાં કાંઇ હેશીયત ધરાવી શકે.

એલચી ખાતાને બીહવડાવવાની વ્યવહારૂ તદબીર અમો નહિ ધારતા હતા કે, તે મલકશાહ તથા નિઝામ-ઉલ-મુલ્ક ઉપર અસાધારણ અસર કરનારી નીવડશે; પરંતુ તેવી કલ્પનામાં અમો ભુલમાં ફસાયા હતા. તે ડેપ્યુટેશન પરત આવી નજરો નજર જોએલી હકીકત સુલતાન તથા ખ્વાજા આગળ બયાન કીધી ત્યારે એ વરસને માટે ચડાઈ કરવાનું મુલતવી કરી આપ્યું. આવી રીતે ચડાઇને ઢીલમાં નાખવાની ડેપ્યુટેશને જે હકીકત રજુ કરી હતી તે ઉપરાંત એ પણ હોવું જોઇએ કે, હસનના બળ વિષે તેઓને બીજી રીતે ઘણું ઘણું જાણવાનું મળ્યું હશે. આવા સઘળા કારણો કે જે હસને અગાઉથી તૈયાર કરી રાખ્યાં હતાં તેને લઈ અલમોત ઉપરનો પહેલ વહેલો

હુમલો બે વર્ષ માટે મુલતવી રાખવામાં આવ્યો અને હસનની તદબીર આટલી હદ સુધી રામબાણ નીવડી તે માટે તેને શું અસર નહિ થયો હોય તે અટકળી શકાતું નથી. એક પણ સીપાઇનું ખુન રેડાયા વિના કોઇને એક ચટકો પણ નહિ કરાવાયા છતાં, હસને મલકશાહ જેવાના બળવાન હુમલાથી પોતાને બચાવી લીધો અને તે પણ લાચારી તથા નમતું તોળીને નહિ, પણ ઉલટી ધમકી બતાવી તથા મુછોપર તાવ દઇને, તે બીના હસને ટુંક મુદત્તમાં જે બળ પ્રાપ્ત કરી લીધું હતું તેનું આબાદ ભાન કરાવે છે.

ખ્વાજા કે જેને હસન એક ગામડીઓ ભરવાડ સમજતો હતો અને સુલતાન મલકશાહ કે, જેને ગામડીઓ તુર્ક સમજતો હતો તેથી તે બંને તેની દ્રષ્ટિમાં કાંઇ પણ ગણત્રીમાં નાહ હતા એમ સ્પષ્ટ જણાઇ આવે છે. શહેરી માણસો ગામડીઆ ભરવાડને કેવા જંગલી પંકતીના સમજે છે અને તેની દરેક બાબત માટે કેવી હસી મશ્કરી જેવી વાતો કરે છે તેજ પ્રમાણે હસન ખ્વાજાને સમજતો હતો અને તે મલકશાહને પણ ગામડીઓ તુર્ક જણાવતો હતો. ગામડીઆ તુર્કની વ્યાખ્યા તદન જંગલી બદુ કરીએ તો ઠીક લાગે છે. મતલબકે મલકશાહ પણ હસનના ઉંડા ભેજાં આગળ એક તરણા મીસાલ હતો.

જે હસન પોતાને મહાન કૌશલ્યબાજ સમજતો હતો, સમજતો હતો એટલુંજ નહિ પણ ખરેખર તે તેવોજ હતો. અને ખ્વાજા તથા મલકશાહ જોકે ઘણા બાહોશ તથા વિદ્વાનો હતા, પણ તે હસન આગળ તો તેવાજ હતા કે જેવા તે તેને સમજતો હતો. જેમ એક ગામડી-આને એક તેજ ગામડાનો વેપારી જંગલી સમજે છે. તેમ તેજ

ગામડાના વેપારીને શહેરનો વેપારી જંગલી સમજે છે. શહેરના વેપારી કે બીજાને લંડન કે યુરોપના લોકો જંગલી સમજે છે તેજ પ્રમાણે મલકશાહ તથા ખ્વાજા ભલે સર્વેની દ્રષ્ટિમાં વિદ્વાન હતા અને ખરેખર તેઓ હતા પણ વિદ્વાન, પણ હસન આગળ તો તે તદન ગામડીઆ ગમાર તથા ભોળીઆ હતા. હસનના પ્રપંચ આગળ તે પુતળીની જેમ નચાવ્યા નાચે તેવા હતા. તેથી હસન તેવા શત્રુઓથી ડરી જાય એ બનવાજોગજ નહિ હતું. જે શત્રુને તે તરણાને તોલ ભોળા મેઢાં સમાન ગણતો હતો, તેને પીસી નાંખવાને તેની પાસે કેટલું પાણી હોવું જોઇએ તેનો અંદાજ ખેંચવો મુશ્કેલ નથી.

વળી મલકશાહ તથા ખ્વાજાની બળવાન સત્તા વિષે તે જોકે જાણીતો હતો, પણ તે બળવાન સત્તાનો હસન ઉપર કાંઇ પણ ઉપયોગ તેઓ કરી શકે, તે પહેલાં તે તેને ઠેકાણે પાડી શકે તેની પહોંચ ધરાવતો હતો. એક તો તે બંને સાથે પ્રથમની દુશમનાઇ હસનને હતી અને હસન જ્યારે કશા પણ સાધન વિના આમ તેમ રઝળ પાટમાં હતો, ત્યારે પણ તે તે બંનેનો નાશ કરવાને માત્ર એક મદદગારની રાહ જોતો હતો. હવે તો તેની પાસે બબે પ્રાંતોની સત્તા તથા જીવ સટોસટ કામ કરનારા અને મરવા મારવાને એક સરખુ સમજનારા મુરીદો મળ્યા હતા, તેથી તેનો અંત આણવો એ બહુજ સાધારણ વાત હતી. જો મલકશાહ તથા ખ્વાજાએ એલચીખાતું મોકલી હસનની છેડખાની ન કીધી હતે અને જો હસન પોતાના પ્રથમના કીનાનો બદલો લેવાને માગતે તો તે બહુજ જલદી તથા સરળતાથી લઇ શકતે, પરંતુ તે આવી બહારની પંચાતમાં તેના યોગ્ય સમય પહેલાં પડવા માગતો નહિ હતો, તેતો માત્ર પોતાના રાજ્ય તથા મુરીદોને ભવિષ્યની ઉન્નતિ માટે તૈયાર કરવા માગતો હતો. તેથી તેણે

મલકશાહ તથાખ્વાજાને સજા કરવાનું બહુ જરૂરનું વિચાર્યું નહિ હોય. તેને તો જ્યારે મરજી પડશે ત્યારે બહુજ સ્હેલાઇથી ઠેકાણે પાડી શકાશે એમ તે સમજતો હતો અને તે કામ તેની દ્રષ્ટિમાં કોઇ મહત્વની જોખમાનીનું નહિ હતું.

જોકે હસન સબ્બાહના ડેપ્યુટેશનને આપેલા દીલેરી ભર્યા જવાબ તથા છક્કા છોડાવી નાંખનારી ધાસ્તી દેખાડવાથી તુરતને માટે તો મલકશાહનો હુમલો અટકી ગયો, પરંતુ તે હુમલો ભવીષ્યમાં નજ થાય તેમ નહિ હતું. હસન સબ્બાહ જેવો શત્રુ આમ આંખો આંજી આગળ વધતો જાય એ મલકશાહ તથા ખ્વાજા માટે સહન નહિ થઇ શકે તેવી બાબત હતી અને હસન પણ સમજતો હતો કે, મને આમ આગળ વધતો જોયા છતાં મારા માટે મલકશાહ તથા ખ્વાજા પગલાં ન ભરે એ બનવાજોગ નથી તેથી ચોક્કસ જે ધાસ્તી આવવાની છે તેના માટે તેને નચિંત રહેવું કોઇ પણ રીતે મુનાસબ લાગ્યું નહિ. હસન સબ્બાહની જીંદગીના જે મહાન ફતેહમંદ અખ્તરાઓનો વિચાર કરી જુએ, તે એ બાબતના અંદાજ ઉપર બહુજ સ્હેલાઇથી આવી શકે કે, હસન આવી ધાસ્તીમાં રહેવાનું પસંદ કરે નહિ અને જે આવી દરેક ધાસ્તીને બહુજ સરળતાથી તથા એક બચ્ચાંના ખેલની જેમ નાબુદ કરી શકવાને સમર્થ છે તે ઢીલ કરે પણ શા માટે! માટે તેણે પાણી આવવા પહેલાં પાળ બાંધવાનું યોગ્ય વિચારી, નિઝામ ઉલ–મુલ્ક બે વર્ષ પછી ચડી આવે, તે પહેલાંજ તેણે પોતાનો એક ફીદાઇ મોકલી તેની જીંદગીનો અંત આણી દીધો. અને તે ફીદાઇએ હસન સબ્બાહના હુકમથી ખ્વાજાને એક ખંજરથી કતલ કરી નાંખ્યો. તુસીનો કર્તા લખે છે કે " સઘળા ઇતિહાસકારોએ માન્ય રાખ્યું છે કે ખ્વાજાનો કાતેલ એક ફીદાઇ

હતો અને તેણે હસન સબ્બાહની આજ્ઞાથી ખ્વાજાને કતલ કરી નાંખ્યો હતો, તેટલા માટે મુળ ખુની હસનબિન સબ્બાહ છે. "

તુસીનો કર્તા લખે છે કે " હી. સ. ૪૮૫ મુતાબક ઇ. સ. ૧૦૯૨ માં રાજકીય અગત્યને લઇ જ્યારે સુલતાન મલકશાહે ઇસફ્હાન જવાનું કર્યું ત્યારે ખ્વાજા નિઝામ-ઉલ-મુલક સાથે હતો. રમજાન માસ હોતાં, મુસાફરી કરવી અનુકુળ ન હતી, પણ જ્યારે અરધી મુસાફરી કપાઇ ગઇ ત્યારે સુલતાને થોડા દહાડા માટે નહાવંદમાં મુકામ કર્યો. અને બાદશાહી તંબુઓની આસપાસ અમલદારોએ પોતપોતાનું રહેઠાણ રાખ્યું. ખ્વાજાનો મુકામ મોજે સહનામાં હતો. "

તબકાતે અકબરીમાં લખ્યું છે કે " ગુરૂવારનો દીવસ અને હી. સ. ૪૮૫ મુતાબક ઇ. સ. ૧૦૯૨ ના રમજાન માસની દસમી તારીખ હતી ખ્વાજાએ રોઝો અફતાર કરી મગરીબની નમાઝ પડી અને નમાઝથી ફારેગ થઇ, દરરોજના નિયમ મુજબ ફકીહો તથા ઉલ્માઓ સાથે વાતો ચિતો કરતો રહ્યો.

" આ જલસો ખલાસ થતાં ખ્વાજાએ તરાવીહની નમાઝ પડી અને નમાઝથી ફારેગ થઇ એક માફામાં બેશી જનાનખાના તરફ રવાના થયો જ્યારે મુકામ પાસે પહોંચ્યો......માફો ચાલ્યો જતો હતો, તેટલામાં એક દેલમનો યુવાન માફા તરફ આવ્યો અને અરજદારના ધોરણે તેણે પોતાની અરજી ખ્વાજા તરફ ફેંકી. જ્યારે ખ્વાજા અરજી જોવા લાગ્યો, ત્યારે લાગ જોઇ તે દેલમી ફીદાઇએ ખ્વાજાની છાતીમાં છરી ભોંકી આપી. ઘા ઘણોજ ઉંડો વાગ્યો હતો તેથી થોડી વારમાંજ ખ્વાજાનું કામ ઉકલી ગયું. ફીદાઇએ હુમલો કરતાંજ સઘળા લશ્કરમાં કોલાહલ મચી ગયો અને જ્યારે તેનો ગણગણાટ ખુદ બાદશાહને કાને સંભળાયો ત્યારે તે પણ રડતો તથા ગમગીન થતો આવ્યો

અને ખ્વાજાના માથા પાસે આવીને બેશી ગયો. ત્યારે ખ્વાજાના હોશ હવાસ દુરસ્ત હતા. તેટલા માટે મલેકશાહને સંબોધી તેણે મૃત્યુના મોકાસરના કેટલાક શેઅરો કહ્યા એટલામાં તેની જીભ બંધ થઇ ગઇ અને દમ નીકળી ગયો."

ખ્વાજાના ખુનીનું નામ અબુ તાહેર હારસ એવાની હતું. એક રીવાયતમાં એમ છે કે હસનબિન સબ્બાહે પોતાપર સુલતાન ચડાઇ કરે છે એવા સમાચાર સાંભળી સુલતાન પાસે પોતાનો એલચી મોકલાવ્યો હતો. આ એલચીએ ખ્વાજાને કતલ કરી નાંખ્યો. ખુની અબુ તાહેર હારસ ખ્વાજા ઉપર હુમલો કરી તંબુઓની આડમાં છુપાઇ ગયો. જેને ખ્વાજાના ગુલામોએ, ખ્વાજાની સખ્ત મનાઇ છતાં કતલ કરી નાંખ્યો.

મલકશાહના એલચી ખાતાને હસન સબ્બાહે જે ધાસ્તી બતાવનારો જવાબ તથા દેખાવ કહ્યો તથા દેખાડયો હતો, તેથી જોકે મલકશાહે બે વર્ષ માટે લડાઇ મુલતવી રાખી, પરંતુ મુદત પુરી થતાં હી. સ. ૪૮૫ મુતાબક ઇ. સ. ૧૦૯૨ માં અલમોતના કીલ્લાપર લશ્કર મોકલાવ્યું. લશ્કરના સીપે સાલાર અમીર અર્સલાને કીલ્લાને ઘેરી લીધો. અને લુટફાટથી કીલ્લાવાળાને ઘણું નુકસાન પહોંચાડયું આ વખતે કીલ્લામાં હસનની પાસે માત્ર સીતેર માણુસો હતાં અને બનવાજોગ હતું કે, હસન પકડાઈ જાય, પરંતુ તે અરસામાં કઝવીનથી ત્રણુસો સીપાઇઓ મદદે આવી લાગ્યા. તેને અબુ અલીએ મોકલ્યા હતા. આ ત્રણુસો સીપાઇઓએ અમીર અર્સલાનના લશ્કરપર રાત્રે છાપો માર્યો. અને ઘણોજ લૂટનો માલ હાથ કર્યો જ્યારે આ હારના સમાચાર સુલતાન મલકશાહને મળ્યા ત્યારે તેણે કઝલ સારૂકને એક મોટી ફોજ સાથે રવાના કર્યો. કીલ્લાની બહાર લડાઇ થઇ અને નજીક હતું કે કીલ્લાવાળા હસનને તજી નાશી જાય. મુરીદોને

નાશીપાસ થએલા જોઇ હસન સબ્બાહે કહ્યું કે " ઇમામ બરહકનો હુકમ છે કે, કોઇ પણ માણસ કીલ્લાની બહાર ન જાય, કેમકે અમારી ફતેહ તથા ઉદય આ કીલ્લાપર આધાર રાખે છે. " અને બીજી તદબીર એ કીધી કે એક શીઆઇને ખ્વાજા નિઝામ-ઉલ-મુલ્કને કતલ કરવાનો હુકમ કીધો. જેણે ખ્વાજાનું ટુંકું પતાવી નાખ્યું. આ બનાવથી પાંત્રીસ દીવસ પછી બગદાદમાં સુલતાન મલકશાહ પણ મરણ પામ્યો. એક રીવાયત એ છે કે હસન સબ્બાહે ઝેર ખવડાવીને તેને મારી નાંખ્યો. આવી સ્થિતિ વચ્ચે લડાઇ ચાલુ રહી શકે તેમ નહી હતી: મતલબકે અલમોતપર ઘેરો ઘાલી પડેલી ફોજો પાછી બોલાવી લેવામાં આવી.

હસન સબ્બાહ મલકશાહ તથા ખ્વાજાની બીકથી ગાફેલ નહિ હતો. પોતાના રાજ્યમાં એક માણસ તેનો કેટલોક ભાગ પચાવી પાડી પોતાની સ્વતંત્ર રાજ્ય સત્તા જમાવે, તે રાજ્ય સત્તા તોડી પાડવાનું રાજ્યપર ફરજીઆત હોય છે. કોઇ પણ રાજ્ય આવી સત્તાને તોડી પાડવાને ઢીલ કરે અથવા તો ઘટતું ન કરે એ બનેજ નહી. હસન પાસે પુરતું લશ્કર તો હતુંજ નહિ કે, મેદાનમાં આવી મુકાબલો કરે, તેથી તેણે પોતાની પ્રપંચી પોલીસિપર અમલ કરવાને નક્કી કરી, તે પ્રમાણેનો સરંજામ એકઠો કરી રાખ્યો હતો. એલચી ખાતાને તેણે જે ધમકી બતાવી તે તેની અસાધારણ કાર્યને પહોંચી વળી શકવાની પહોંચ સાબીત કરે છે. તેણે જે શત્રુઓને હરાવવાની યોજના તૈયાર કીધી હતી તે બહુજ કારગર નીવડે તેમ હતી અને તેથી તેને તેનાપર પુર્ણ વિશ્વાસ હતો કે, મારો શત્રુ મારા હાથથી બચી શકે તેમ નથી તેથીજ તેણે એલચી ખાતાને એવો તો દમ ભરાવ્યો કે, જેમ કરવું દરેકને તેની શક્તિ ઉપરાંતનું કાર્ય લાગી આવે.

એલચી ખાતાને ધમકી આપી, તે જોઈ પ્રથમતો એલચી ખાતાના મેમ્બરોજ દંગ થઇ ગયા હશે કે, આ માણસ પાસે કોઇ એવું બળ છે કે જેનાપર તે આટલો બધો દીલેર થઇ ઝઝુમે છે. વળી તેણે એવા જીવ સટોસટ વખતે એક ઇંચ પણ પાછા ન હઠે તેવા સિપાઇઓ એકઠા કરી લીધા છે એમ પણ પોતાના તેવા ત્રણ મુરીદોને જાનથી મરાવી નાંખીને વ્યવહારૂ સાબીત કરી બતાવ્યું. મતલબકે હેબત ખાઇ એલચી ખાતું તો ગયું અને બે વર્ષ સુધી લડાઇ કરવાનું મલકશાહે મુલતવી રાખ્યું, પરંતુ અમો ઉપર જણાવી ગયા તેમ આવા શત્રુથી મલકશાહ તથા ખ્વાજા કયાં સુધી ગાફેલ રહી શકે, તેથી બે વર્ષ પછી તેણે અલમોત ઉપર ચડાઇ મોકલી આપી. આ ચડાઇ ખ્વાજાની સલાહથી મલકશાહે મોકલી હતી અને મલકશાહનો બધો દારોમદાર ખ્વાજા ઉપર હતો. મલકશાહના સમયમાં લગભગ ખ્વાજાજ રાજ્યના ધણી જેવો હતો. અને તેની મરજીને મલકશાહને બહુ બહુ રીતે આધિન રહેવું પડતું હતું તેથી લડાઇનું કારણ હસને ખ્વાજાને સમજી તેને કતલ કરી નાંખવાને દુરસ્ત વિચાર્યું; કે જેથી ખુદબખુદ લડાઇનો અંત આવી જાય, તેથી લડાઇ શરૂ થયા પછી કે અગાઉ, તેણે પોતાના એક એલચીને મોકલી આપ્યો. જાહેરમાં તે એલચી પણ હતો; પણ ખરી રીતે તેને ખ્વાજાનું ખુન કરવાનું સુપ્રત થયું હતું. એલચી જેવા માતબર કામ માટે જે માણસ આવ્યો હોય, તેને ઘણા માનપાન સાથે રાખવામાં આવે છે તથા તેની મુલાકાત પણ તેજ ધોરણે લેવાય છે તેજ ધોરણે ખ્વાજાએ કશીપણ શંકા લઇજવા વિના તેની મુલાકાત લીધી. ખ્વાજાને શું ખબર કે, તે જાહેર એલચીના જામામાં તેનો ખુની છે. એલચીએ પોતાની હકીકત રજુ કરવાના દેખાવમાં ખ્વાજાપર હુમલો કરી ખ્વાજાને ઠાર કીધો.

બીજી રીવાયત પ્રમાણે અબુ તાહેર નામના ફીદાઇને હસને મોકલાવ્યો, કે જેણે અરજી આપવાનો દેખાવ કરી ખ્વાજાની છાતીમાં છરીનો ઘા ભોંકી તેને ઠાર કીધો. અને એ રીતે હસને પોતાના રાજ્યપર લડાઇ લઇ જવાની સલાહ આપનાર તથા ચડાઇ મોકલનારને રમત રમતમાં મારી નાંખ્યો અને જ્યારે ખ્વાજા જેવો વજીર મલ્લકશાહ ખોઇ બેઠો હશે ત્યારે તેની રાજ્ય વ્યવસ્થા જાળવી રાખવાની તેનાપર વધુ જોખમદારી આવી પડી હશે અને જ્યારે ખ્વાજાને એક ફીદાઇએ આવી દીલેરીથી કતલ કર્યાનું તેના જાણવામાં આવ્યું હશે ત્યારે તે પણ બહુજ ધાસ્તી ખાઈ ગયો હશે અને ચડાઇ માટે તેણે જાતી કાળજી કે દેખરેખ નહિજ રાખી હોય.

હસને એમ પણ વિચાર્યું હશે કે, ખ્વાજાને તો મારી નાંખવામાં આવ્યો તો મલકશાહને બીજો વજીર મળી રહેશે, જે પણ અલમોત ઉપર ચડાઇ જરૂર કરશે, તેથી તેણે આ ચડાઇનું લાંબા સમય સુધી ટીખળ ઉખેડી નાંખવાને ખુદ મલકશાહને કે જે બગદાદમાં હતો તેને ઝેર ખવડાવી મારી નંખાવ્યો અને એ રીતે તેણે થોડા વર્ષ પહેલાં તે બંને માટે જે ભવિષ્ય ઉચાર્યું હતું તે તેણે ખરૂં કરી દેખાડયું.

હસન સબ્બાહ કે જેને ખ્વાજાએ દરેક રીતે સહાયતા કીધી હતી અને હસને જેની સાથે વિદ્યાર્થી અવસ્થામાં મિત્રાચારીનો લેખી કરારદાદ કરાવ્યો હતો તેને આમ ફીદાઇ મોકલાવી મરાવી નાંખવો, એ તેની નિર્દયતાની અંતીમ સિમા છે. અને તેવી નિર્દયતા વાપરવામાં તેણે દરેક પ્રકારની નીતિ રીતીને ભ્રષ્ટ કરી નાંખી પોતાના જ્ઞાન દીપને છેતર્યું છે અને તેના આવા નિર્દય કાર્ય માટે કોઇ પણ તેની જાતપર લાનત મલામત ન કરે એમ અમો માની શકતા નથી હસનની ફરજ તો એ હતી કે પોતાની સારી સ્થીતીમાંથી કરારદાદ

પ્રમાણે ખ્વાજાને ભાગ આપતે અને ખ્વાજાને કાંઇ પણ જરૂરતી મદદ જરૂર હતે તો, તેને તે આપી કરેલા કરારદાદને પાળીઃ બતાવતે, પરંતુ દયા જેવી વસ્તુ તેના દીલમાં ઉતપન્ન થવા પામી ન હતી તેથી તેનાથી તેવી વર્તનની કેમ આશા રાખી શકાય. મતલબ કે ખ્વાજા જેવા એક અહંગ ઇસલામી વિદ્વાન કે જેની વિદ્વતાનો ડંકો તેની હયાતીમાંજ વાગવો શરૂ થયો હતો તે આજે પણ જેવોને તેવો વાગી રહ્યો છે. તેના ખુનથી હસને પોતાના હાથો રંગ્યા. તેની બદનામી તેના સીવાઇ નામે અમલમાંથી રોઝો હશર સુધી ભુસાઇ શકે તેવી નથી.

હસન સબ્બાહે નિઝામ–ઉલ–મુલ્કને માત્ર એક ફીદાઇ મોકલી મરાવી નંખાવ્યો એટલોજ સતાવ્યો નથી, પરંતુ તેની જીંદગીનો દીવો ગુલ કરવા અગાઉ પણ તેને સંકટો આપવામાં ખામી રાખી નથી ખુદ ખ્વાજા " વસાયા " નામના પુસ્તકમાં પોતાના પુત્રને ઉપદેશ કરતાં લખે છે કે " અને જો પરાયાઓને વ્યવસ્થાનું કાર્ય સુપ્રત કરવામાં આવે તો તેમાં પણ અનેક હાનીઓ છે. જુઓ કે હસનબિન સબ્બાહની જાનથી મને જે સંકટો પહોંચ્યાં છે તથા હજુ પહોંચ્યા કરે છે અને ભવિષ્યમાં હું નથી જાણી શકતો કે, શું શું સંકટો પેશ આવશે અને તે સઘળું તમો તમારી આંખોથી જોઇ ચુક્યા છો." ખ્વાજાના આ શબ્દો હસનબિન સબ્બાહ તરફથી તેને જે અસહ્ય સંકટો પહોંચ્યાં છે તથા હજુ પણ પહોચ્યાજ કરે છે તેની સાબિતી આપે છે અને તે સાથે ભવિષ્યમાં તેનાથી જાણી તથા કળી નહિ શકાય તેટલા સંકટો આવશે તેવી ધાસ્તી થાય છે. આથી હસન સબ્બાહની કારવાઇએ ખ્વાજાની હાલતને કેવો ફટકો માર્યો હશે તેનો ખ્યાલ આવે છે. શું હસન સબ્બાહની આ તથા તેના

જીવન ચરિત્રમાં સમાએલી તેની અસંખ્ય બાબતો એમ સાબીત કરવાને સમર્થ છે કે એક સાધુ તથા ધાર્મિક માણસ તરીકેની તેની વતન હતી? જો તે સાધુ હતો તો રશીયન સાધુ રાસપુટીન જેવાતો તેના અદના અદના દાસ હતા.

અલમોત ઉપર લશ્કર ચઢી આવ્યું, પણ લશ્કર સામે લશ્કર મોકલી જીત મેળવી શકાય તેટલી હસન પાસે સામગ્રી તો હતીજ નહિ. લગભગ હીન્દુસ્તાન જેવડું બળવાન રાજ્ય જેના હાથમાં છે તેને એકાદ પ્રાંત ધરાવનારો રાજા લશ્કરથી હરાવી શકે એ બનેજ કેમ! આમ હોવાથી મલકશાહના લશ્કરના સેનાધિપતી અમીર અર્સલાને કીલ્લાને ઘેરી લીધો અને લુટફાટથી કીલ્લાવાળાને ઘણું નુકસાન પહોંચાડયું. આ વખતે કીલ્લામાં હસનની પાસે માત્ર સીતેર માણસો હતા. કીલ્લાના માણસો કે જે બહુજ સહેલાઇથી સમજી શકે તેમ હતા કે, આવેલા લશ્કરને આપણાથી પહોંચી શકાય તેમ નથી તેથી તેઓ લડાઇથી બીહી જઇ આમતેમ નાશી પણ ગયા હોય અને આવી સ્થિતિ વચ્ચે બનવાજોગ હતું કે, હસન પકડાઇ જાય. હસન પોતે પકડાઇ જાય, એ બાબત તેના ઘણા મુરીદોના દીલમાં ઠસી ગઇ હોવી જોઇએ, કેમકે લડાઇમાં હસનની જીત થાય તેવું એક પણ સાધન હસન પાસે મોજુદ નથી એમ તેઓ જાણતા હતા પણ હસન પાસે ફીદાઇઓદ્વારા જીત મેળવી લેવાનું સબળ સાધન હતું, તે તેના ખાસ માણસો સીવાય કોઇ જાણી શકે તેમ નહી હતું અને સામાન્ય મુરીદો તો તેના સાધન વિષે તદ્દન અજાણ્યાજ હોય અને જે જાણીતા હોય તે પણ એમ સમજે કે, ફીદાઇદ્વારા જીત મેળવવાનો અખતરો કદાચ ફતેહમંદ ન પણ નીકળે, કેમકે ફીદાઇને વેશ બદલી તથા ઘણીજ કુશલતા વાપરી કામ કરવાનું હતું. શત્રુ પાસે પહોંચવા સુધીમાં

ફીદાઇને વખતે એવી પણ અડચણ પડે કે, તેના વિશે કોઇને શંકા પણ પડી જાય અને તેમ થતાં તે પકડાઇ પણ જાય. વળી ફીદાઇને પોતાનું કામ મોકો જોઇ કરવાનું હોય તેથી મોકો મેળવી લેવામાં ઢીલ પણ થઈ જાય; પરંતુ હસનને નિષ્ફળતા વિષે બહુજ ઓછી ચીન્તા હોય એ બનવાજોગ છે, કેમકે તેની યોજના વિષે તે એકલોજ પૂર્ણ માહિતગાર હતો અને તેની સાફલ્યતા વિષે તેને તો કશો સંદેહ નહિં હતો.

હસન જોકે જાહેરની ઓછી સામગ્રીથી મહાન કામને પહોંચ વળવાને ઉતરી પડતો હતો, પરંતુ તેની યોજના એવા પ્રકારની ત રચતો હતો કે, પ્રોગ્રામ પ્રમાણે એક પછી એક ‘‘ કરે અને પોતે છેવટે ફતેહમંદ બની જાય. આ બાબતને તેના સદ્ ભાગ્ય સમજો કે, તેની કુનેહબાજી સમજો, મતલબકે દરેક આવનારી મુશ્કેલીજ તેના માટે ભવિષ્યનો માર્ગ સાફ કરનારી નીવડતી હતી. હસન પકડાઇ જાય તેમ લોકો તથા શત્રુઓ માનતા હતા અને તેમ માનવાને તેમનો પાસે સબળ જાહેર કારણો હતાં. જે કારણથી તેમની માન્યતા પડી ભાગે તેમ હતી, તે માટે તેઓ લગભગ અજાણ્યાજ હતા અને પોતાનો પોતાની શક્તિ પ્રમાણેનો બચાવ કરતાં, એમ કોઇ કેમ માનીજ લેકે, રીદાઇના હાથથી હું મરાઇજ જઇશ, મતલબકે હસન સખ્ખાહ ઘેરાઇ ગયો, પરંતુ તે અરસામાં કઝવીનથી ત્રણસો સીપાઇઓ તેની મદદે આવી લાગ્યા, કે જેને તેના મુરીદ અબુ અલીએ મોકલ્યા હતા આ ત્રણસો સિપાઇઓને આવા પ્રસંગે હસનેજ બોલાવ્યા હોવા જોઇએ કેમકે તે ત્રણસો સીપાઇઓ આવી ધોરણસર પોતાની લડાઇ શરૂ કરતા નથી; પરંતુ શત્રુની ગફલતમાં તેમનાપર રાત્રીએ તેમણે છાપો માર્યો. શત્રુઓ તો રાત્રીના વખતે સામાન્ય રીતે

આશાયશ લેવામાંજ હતા, તેથી અમુઅલીએ મોકલેલા ત્રણસો સિપાહીઓ કાંઇક ફાવી ગયા અને ઘણોજ લૂટનો માલ તેમને મળવા પામ્યો.

જ્યારે આ હારના સમાચાર સુલતાનને મળ્યા ત્યારે સુલતાને ટઝઝલ સારૂકને એક મોટી ફોજ સાથે રવાના કર્યો. કીલ્લાની બહાર લડાઇ થઇ અને અને નજીક હતું કે, કીલ્લાવાળા હસનને તજી નાશી જાય. આમ પોતાની વિરૂદ્ધમાં પરિણામ ન આવે તે માટે, હસનનો ઓછો પ્રયાસ નહિ હોય. તેણે પોતાના કોઇપણ અખતરાને કે, જેને તે રામબાણ સમજ્યો હશે, તે અજમાવવાનું બાકી નહિ રાખ્યું હોય અને તે સઘળી બાબતનું અનુમાન ખ્વાજાએ વસાયામાં પોતાના પુત્રને જે હસન સબ્બાહ તરફના સંકટો પોતાને પહોંચ્યાં છે તથા પહોંચી રહ્યાં છે તથા ભવિષ્યમાં પહોંચવાનાં છે તે સંબંધે જે વર્ણન આપેલું છે તે ઉપરથી ખેંચી શકાય છે.

હસને ફીદાઇઓ તરફના પ્રોગ્રામમાં ફળીભુત થવાના પ્રયાસને શરૂ કરી આપ્યા; પણ તેમાં ફળીભૂત થવામાં ઢીલ થાય તો, અહીં કીલ્લો શત્રુના હાથમાં ચાલ્યો જાય તેમ હતો અને પોતે પણ પકડાઇ જાય તેમ હતું, તેથી તેણે એક બીજોજ માર્ગ પોતાના મુરીદોને મક્કમ રાખવાને માટે હાથ ધર્યો. આ માર્ગ એ હતો કે, તેણે પોતાના નાસીપાસ થઇ જતા મુરીદોને કહ્યું કે, "ઇમામ બરહકનો હુકમ છે કે, કોઇ માણસ કીલ્લાની બહાર ન જાય; કેમકે અમારી ફતેહ તથા ઉદય આ કીલ્લાપર આધાર રાખે છે." આ માર્ગ ગૃહણ કરવામાં હસને એ ખુબી વાપરી કે, કીલ્લાની બહાર કોઇ ન જાય, તે માટે ઇમામે બરહકના હુકમની ઢાલ આડે ધરી. હસને જોયું હશે કે હું હુકમ કરૂં છું છતાં પણ લોકોની ધીરજ ટકતી નથી તેથી, ઇમામે બરહકના હુકમથી લોકોને ધીરજ આવી જાય અથવા તો ઇમામે બરહકના

હુકમ પ્રમાણે કીલ્લાની બહાર ન જાય અને કતલ થઇ જાય તો શહીદ થઇ સીધા સ્વર્ગમાં પહોંચી જાય. શીઆ સંપ્રદાયમાં ઇમામે બરહકનો હુકમ કેટલો બળવાન તથા વજુદ ભરેલો છે તેનાપર જો નીગાહ કરવામાં આવે તો હસને લીધેલા માર્ગની ચમત્કારિક ખુબી જણાઇ આવશે. એક તરફથી આમ લોકોને દમ દીલાસો આપી રાખ્યા અને બીજી તરફે એ તદબીર કીધી કે, એક ફીદાઇને ખ્વાજાન કતલ કરવાનો હુકમ કીધો. જેણે ખ્વાજાનું ટુંકું પતાવી નાંખ્યું. સુલતાન મલકશાહને પણ ફીદાઇ મોકલી ઝેર ખવડાવી મારી નંખાવ્યો. મતલબકે હસને બળવાન શત્રુઓને સાધારણ પ્રયાસથી નાબુદ કરી નાંખ્યા.

## અલમોત ઉપર બીજો હુમલો.

હસન સબ્બાહ પોતાનું રાજદ્વારી બળ બીજાઓ સામે ટકી શકે તેવું મજબુત કરવા માગતો હતો; પણ તે કામ એટલું તો મહાન હતું કે, તેમાં ઘણી લાંબી મુદતો લાંબા લાંબા જોખમ ભર્યા પ્રયાસો પછીજ ફળીભૂત થઇ શકાય, તેના પ્રયાસમાં ખ્વાજા તથા મલકશાહ કબાબના હાડકાં સમાન અટકેલા હતા અને તેને દુર કરવાની તેને પુરેપુરી આવશ્યકતા જણાઈ હતી; તેથી આપણે ઉપર જોઇ ગયા તેમ, તેણે તે બંને શત્રુઓનો કોઇપણ મોટી કાપાકાપી કરનારી લડાઇમાં નહિ ઉતરતાં, માત્ર બે ફીદાઇઓ મોકલી ફેંસલો કરાવી નાંખ્યો. સુલતાન મલકશાહને એક ફીદાઇ દ્વાર ઝેર ખવડાવી મારી નાંખવામાં આવ્યો, તેટલીજ હકીકત ઇતિહાસ પુરી પાડે છે, પણ જો તે ફીદાઇ કોણ અને તેણે સુલતાનને ઝેર ખવડાવવામાં કેવા પ્રકારની રીતભાતથી કામ લીધું હતું તે જો જણાવ્યું હતે તો હસનના પ્રયાસ વિષે વધુ અજ-

વાળું પડતે; પરંતુ એટલી વાતતો ચોક્સ છે કે મલકશાહને ઝેર આપવામાં આવ્યું છે. આ ઉપરથી અનુમાન થઇ શકે છે કે, હસન સબ્બાહનો કોઇ પાત્રરેખો ફીદાઇ બગદાદ જઇ મલકશાહના બબરચીખાનામાં નોકર થઇ ગયો હોય અથવા તો બબરચીખાતાના કોઇ માણસને હસને અથવાતો તે ફીદાઇએ લાંચ રૂશ્વત આપી ફુટવ્યો હોય અને તેમ કરી મલકશાહને ઝેર ખવડાવી તેની જીંદગીનો ચેરાગ ગુલ કરાવ્યો હોય.

ખ્વાજા તથા મલકશાહનું કાસળ કાઢી નાંખ્યા પછી તો, તુરંતને માટે હસનને શત્રુઓ તરફની ધાસ્તી ઓછી થઇ ગઇ. શત્રુઓનું લશ્કર કીલ્લાનો ઘેરો તજી જતું રહ્યું. ઇરાન જેવા દેશમાં અને તે સમયના લગભગ સઘળા દેશોમાં અને ઘણે ભાગે આજે પણ કેટલાક દેશોમાં એવું જોવામાં આવ્યું છે કે, એક સુલતાન કે રાજાના મરણ પછી નવા ગાદી વારસ માટે ખટપટો ઉભી થાય છે. જુદા જુદા દાવેદારો ઉભા થઇ, જે બળવાન થઇ જાય તે ફાવી જાય છે. અથવાતો એટલી વાત તો અવશ્ય બને છે કે, રાજાના વારસોમાં જુદી જુદી વ્યક્તિઓ રાજ્યની ગાદીપર આવવાને પ્રયત્ન કરે છે. મલકશાહના મૃત્યુ પછી પણ વારસા જેવા ઝઘડાએ રાજ્યને નબળું પાડી દીધું અને તેમ કરી ગોયા હસનને પોતાનું બળ વધારી લેવાનો પ્રસંગ આપ્યો.

સુલતાન મલકશાહના મૃત્યુ પછી, શાહજાદા બરકયારૂકે ઇસ્ફહાન ઉપર ચડાઈ કીધી. મલકશાહની બેગમ તુર્કમાનખાતુને ડરી જઇ બરકયારૂક સાથે સુલેહ કરી લીધી. હવે રાજ્ય બહકયારૂક તથા માહમુદ બન્ને વચ્ચે વહેંચાઇ ગયું. માહમુદનું મરણ થયું અને ચાર વર્ષ પછી બરકયારૂકના બીજા ભાઇ મોહંમદે ચડાઇ કીધી અને ઇરાક

ઉપર કબજો કરી લીધો અને એક પછી એક આવી ચાલુ લડાઇઓ પછી હી. સ. ૪૯૨ મુતાબક ઇ. સ. ૧૦૯૮ માં બરકયારૂક તથા મોહંમદ વચ્ચે રાજ્ય બે ભાગમાં વહેંચાઇ ગયું. આ સાત વર્ષની મુદત્તમાં હસન સબ્બાહ તરફ કાંઇ પણ લક્ષ અપાયું નહિ, મતલબકે રાજ્યની અંદર અંદરની લડાંઇઓનો હસન સબ્બાહે સારો લાભ લીધો. ગીર્દકોહ, લામસ્તર, રૂદબાર, વીગેરે કીલ્લાઓ, જે ઘણાજ પ્રખ્યાત તથા મજબુત હતા તેનાપર કબજો કરી લીધો. આવી જીતોથી હસન સબ્બાહની સત્તા પ્રથમ કરતાં પણ વધી ગઇ અને તે સ્વસંતોપથી મઝહબે ઇસ્માઇલીઆનો પ્રચાર કરવા લાગ્યો.

જ્યારે સુલતાન બરકયારૂકને કુટુંબી બખેડાઓથી ફુરસદ મળી ત્યારે તેણે સઘળી પ્રજા તથા ઉલ્માઓની હસન સબ્બાહ તરફના ત્રાસની શીકાયત જોઇ હી. સ. ૪૯૪ મુતાબક ઇ. સ. ૧૧૦૧ માં હસન સબ્બાહના અનુયાયીઓ યાને બાતીન્યાઓ ( ઇસમાઇલીઆ ) ને કતલ કરવાનો હુકમ આપ્યો. ચુનાંચે જેનાપર બાતીન્યા હોવાનો વહેમ ગયો, તેવાઓને કતલ કરવામાં આવ્યા. સુલતાનના આવા હુકમથી હસન સબ્બાહનો ગુસ્સો વધી ગયો અને તેણે એક બાતીન્યાને બદલે દસ મુસલમાનોને કતલ કરાવ્યા.

હસન સબ્બાહના ફીદાઇઓ છરી તથા ઝેર આપી શત્રુઓને ઠામ ઠામ ઠાર કરવા માંડયા હતા. તેમાં વળી સુલતાન બરકયારૂકે, તેમની છેડછાડ કીધી, તેથી ઇસ્ફહાન ખુરાસાન વીગેરેમાં ઘણા છરીબંધ ફીદાઇઓ ફેલાઇ ગયા અને મુસલમાનો કતલ થવા લાગ્યા. આમલની પાસેના દામકોહ કીલ્લાપર બાતીન્યા લોકોનો કબજો હતો અને તે લોકો શહેરના લોકોને બહુ દુઃખ દેતા હતા મતલબ કે તેમની ફરીયાદો ઉપરથી સુલતાને અલમોત કીલ્લાપર ચઢાઈ કરી અને આઠ માસના ઘેરા પછી તેનાપર કબજો કરી લીધો.

સુલતાન બરકયારૂકની પેઠે તેના ભાઇ સુલતાન મોહંમદની પણ બાતીન્યા લોકો તરફ ખાસ નજર હતી. હી. સ. ૪૯૮ માં બાતીન્યાઓએ બહીકના ઇલાકાઓમાંથી નીકળી, ખુરાસાન, માવરા–ઉન–નહર અને હીન્દુસ્તાનના હાજીઓના કાફલાઓ રેયના નજીકમાં લુટી લીધા અને પછી રૈયની આસપાસ પણ લૂટ મચાવી દીધી. આ લૂટફાટ દરમિયાન બગદાદના પુષ્કળ મુસલમાનો માર્યા ગયા અને તેમની માલમીલકત તથા ઢોરો પણ લૂટાઇ ગયાં. જ્યારે બખેડો બહુજ વધી ગયો ત્યારે હી. સ. ૫૦૦ મુતાબક ઇ. સ. ૧૬૦૭ માં ખુદ સુલતાન મહંમદે શાહદઝ કીલ્લાપર હલ્લો કર્યો. આ કીલ્લો ઇસ્ફહાનની નજીકમાં હતો અને સુલતાન મલકશાહે ઘણી કાળજીથી તેને બંધાવ્યો હતો. આ શહેરપર બાતીન્યાઓનો કબજો હોવો, તે જાણે રાજધાની ઉપર કબજો હતો. એહમદ બિન અબ્દલ મલક બિન અતાશ તબીબ બાતીન્યા તરફનો કીલ્લાનો હાકમ હતો. એહમદ જોકે અજ્ઞાન તથા વિદ્યા પ્રત્યેની બાબતમાં તદ્દન કોરો હતો. પણ હસન સબ્બાહે એમ કહી, તેને કીલ્લાંનો હાકેમ બનાવ્યો હતો કે, તમો મારા ઉસ્તાદ અબ્દુલ મલકના પુત્ર છો. તમારો હક ઉપર છે. હસન સબ્બાહે આ કીલ્લાને ઘણોજ મજબુત બનાવ્યો હતો, પણ સુલતાને ઘેરો ઘાલી તુરતજ તેને ફતેહ કરી લીધો. જ્યારે એહમદ પકડાઇને સામે લાવવામાં આવ્યો, ત્યારે સુલતાને કહ્યું કે " તમોએ તો પેશીનગોઇ કીધી હતી કે, ઇસ્ફહાનમાં મારી વડાઇ તથા જાહોજલાલી ઘણે ઉંચે દરજ્જે પહોંચશે અને સામાન્ય લોકો મારી પાસે આવી મળશે, પણ તે પેશીનગોઇ જુઠી ઠરી " એહમદે જવાબ આપ્યો કે " નહિ તેમ નથી. તે પેશીનગોઇ ખરી ઠરી છે. રાજકીય સત્તા પ્રમાણેની નહિ, પણ ધાર્મિક ધોરણે " સુલતાન આવો જવાબ સાંભળી ચુપ થઇ

રહ્યો અને પછી તેને બળદ ઉપર સવાર કરી, ઇસ્ફહાનના મોહલ્લા-ઓમાં ફેરવ્યો. પછી તેની જીવતાં ચામડી ઉતરડાવી નાંખી. અને એ રીતે તેની જીંદગીનો અંત લેવાયો.

સુલતાનનો વઝીર સાદ–ઉલ–મુલ્ક પણ એહમદનો સહાયક તથા મદદગાર હતો અને તે સુલતાનને અંદર ખાનેથી કતલ કરવા માગતો હતો. તેટલા માટે તે કસુર બદલ તેને ફાંસીએ દેવામાં આવ્યો અને અબુ નસર એહમદબિન ખ્વાજા નિઝામ–ઉલ–મુલ્કના હાથમાં વઝીરાતનું કલમદાન સુપ્રત થયું. ત્યારબાદ ઇ. સ. ૧૧૦૯ મુતાબક હી. સ. ૫૦૩ માં અલમોત કીલ્લાને ઘેરો ઘાલવાને ફોજ રવાના થઇ; પરંતુ સખ્ત ઠંડીને લઈ, તે ફોજ પાછી આવી. આ ફોજનો સેનાધિપતી ખુદ વઝીર એહમદ હતો; પરંતુ હી. સ. ૫૧૧ મુતાબક ૧૧૧૦ માં તે સેનાધિપતીપણું અમીર નવીસ્તગીન શેરગીરને અપાયું અને બીજી વાર ચડાઇ કરવામાં આવી. અને એક વર્ષ સુધી કીલ્લાપર ઘેરો રહ્યો. કીલ્લામાં ખાધ ખોરાકી ખુટી પડતાં કીલ્લાવાસીઓને ઘણી ઇજા પહોંચી.

હસન સબ્બાહે બીજાની નજરમાં નિર્બળ જણાય તેવો, પણ ખરેખર મજબુત, એક નવો માર્ગ હાથ ધર્યો. યાને બાળકો તથા સ્ત્રીઓને સુલતાન પાસે મોકલ્યા અને અમાનની માગણી કીધી; પણ તે દરખાસ્ત નામંજુર થઇ; તો પણ હસનના ભાગ્ય ખીલેલાં હતાં, તેથી હારજીત થતાં પૂર્વે સુલતાન મહમદનું ટુંકું પતી ગયું. સુલતાન મહમદના મરણને લઇ, કીલ્લાપર હસન સબ્બાહનો કબજો રહી ગયો. સલજુક વંશના ઇતિહાસમાં લખ્યું છે કે, અમીર દરકઝીની, જે હસન સબ્બાહથી મળેલો હતો, તેણે અમીર શેરગીરના લશ્કરને ગભ-

નાખી નાંખ્યું અને ફોજ અમીરને એકલો મુકી ચાલી આવી. જો સીપાઇઓ દગો ન કરતે તો અલમોતનો કીલ્લો ત્રણ દહાડામાં ફતેહ થઇ જતે. ફોજ ચાલી ગયાથી કીલ્લાવાળાઓએ અમીરપર હુમલો કીધો, અને વધુમાં વધુ બે લાખ દીનારનો માલ મેળવી કીલ્લામાં ભરી ગયા.

હી. સ. ૫૧૨ મુતાબક ઇ. સ. ૧૧૧૮ માં સુલતાન મહમદના મરણથી સુલતાન સંજર ખરો સુલતાન થયો અને મલકશાહ પછી તે સુલતાન પોતાના સઘળા ભાઇઓ કરતાં ઘણોજ બળવાન અને પરાક્રમી હતો. રાજ્ય વધારવા તથા લડાયક બળમાં પણ તે સઘળાથી આગળ વધેલો હતો, મતલબકે સુલતાન સંજર એક લડાયક લશ્કર લઇ અલમોત ઉપર ચડી ગયો.

હસન જોકે વારંવારના હુમલાથી મુશ્કેલીમાં આવી જતો હતો; પરંતુ તે એક વિલક્ષણ પુરૂષ હતો અને તે પોતાના વિલક્ષણ મગજમાંથી વિલક્ષણ તદબીર શોધી કાઢી, તે ઉપર અમલ કરી, પોતાની મુશ્કેલીને દફે કરવાનું બહુજ સરસ રીતે જાણતો હતો. શત્રુના લશ્કરના વડાઓને ખુટવવામાં પણ તે કાબેલ હતો. દરકઝીની જેવાને પક્ષમાં લઇ શેરગીરના લશ્કરને ખુટવી નાંખ્યું તેથી લશ્કર અમીરને એકલો મુકી ચાલ્યું ગયું અને એ રીતે એક મોટી ચડાઇનો તેણે અંત આણી દીધો.

સુલતાન સંજર કે જે એક ઘણોજ બળવાન સુલતાન હતો, તે બળવાન લશ્કર લઇ જાતે અલમોત ઉપર ચડી આવ્યો. હસન સબ્બાહ શાહી લશ્કર સામે તો શું મુકાબલો કરી શકે તેમ હતો, તેના સીપાઇઓ તો ચોર અને લૂટારાઓની જેમ છરીઓ મારવાનું જાણતા હતા તેટલા માટે આ ચડાઇને દુર કરવાને એક એ ચાલાકી વાપરી કે, સુલતાનના કોઇ ખાસ ગુલામકે લોંડીને મેળવી લઇ, સુલતાનના પલં-

ગના ઓશીકા નીચે ખંજર ભોંકાવી રાખ્યું. સુલતાને જ્યારે સવારમાં ઓશીકામાં ખંજર ભોંકાયેલું જોયું ત્યારે તે ડરી ગયો. અને તે ખંજરના હાથાપર હસન સબ્બાહનો એક પત્ર બાંધેલો હતો. જેમાં લખ્યું હતું કે, " હા! અય સુલતાન સંજર! જો તારા પ્રત્યે અમો ભલી લાગણી ન ધરાવતા હતે તો સખ્ત જમીનમાં ખંજર ભોંકાવાને બદલે તે તારી નરમ છાતીમાં ભોંકાવું સહેલ હતું " એમાં તો શક નથી કે, હસન સબ્બાહે સંજરશાહના ઉપર મોટી મહેરબાની કીધી અને તેને માત્ર ધમકાવીને છોડી દીધો.

ઇતિહાસકારો સંજરશાહપર હસન સબ્બાહે દયા બતાવ્યાનું જણાવે છે. પરંતુ ખરી રીતે તેમાં હસનની દયા સાથે કાંઇ પણ લાગતું વળગતું નથી, બલ્કે હસનની વધુ ઝુહાકી જણાઇ આવે છે. હસને પ્રથમના બનાવો કે, જેમાં તેણે સુલતાન તથા વજીરના ખુનો કરાવ્યાં હતાં તેણે જોઇ લીધું કે, સુલતાન તથા વજીરના ખુનોથી, જોકે તાત્કાળીક લાભ થતો હતો; પરંતુ નવા સુલતાન તથા નવા વજીરપર બાતીન્યા ગુસ્સો વધુ ઉસ્કેરાઇ જતો હતો અને તેઓ ટુંક મુદત્તમાંજ ચડાઇ લઇ આવતા હતા અને તેથી કીલ્લો વધુ જોખમમાં આવી પડતો હતો. માટે હવે તે એક બીજી તદબીર ઉપર ચાલ્યો કે સુલતાનને આ વખતે ફીદાઇદ્વારા કતલ કરવો નહિ; પણ તેને બીહવડાવીને પોતાની ઇચ્છાનુસાર સુલેહ કરાવી લેવી, કે જેથી તે સુલતાન જ્યાં સુધી જીવે ત્યાં સુધી દેહશતને લઇ કીલ્લાપર ચડી આવે નહિ અને તે સુલતાનની જીંદગી સુધી સુલેહ જળવાઇ રહે. અને તેમ થતાં લડાઇ કે હારની બીલકુલ દેહશતજ જતી રહે. તેટલા માટે સંજરશાહને ધાસ્તી ખવડાવી, નસાડી મુકવાને તેણે એ યુક્તિ કીધી કે, તેના કોઇ વિશ્વાસુને ખુટવી, તેના પલંગની નીચે પોતાની

ચીઠી બાંધેલું ખંજર ભોંકાવી આપ્યું. અને તે પત્રમાં સુલતાનના વખાણ પણ કીધાં અને ધમકી પણ તેના હોશ ખાટ્ટા કરી નાંખનારી બતાવી. હસનની આ યોજના અતિ રામબાણ હતી, જે કારગર નીવડી ગઇ અને સુલતાન સંજરશાહ ડરી ગયો અને ડરી જાય તેમાં કાંઇ પણ નવાઇ જેવું નહિ હતું; કેમકે તે જોઇ ચુકયો હતો કે, ફીદાઇઓએ ખ્વાજા નિઝામ–ઉલ–મુલ્ક, મલકશાહ તથા બીજા ઘણા ગણત્રીના આગેવાનોને મારી નાંખ્યા હતા તેવા ફીદાઇઓ તેને પણ મારી નાંખે તેમાં કાંઈ મુશ્કેલી જેવું નહીં હતું.

આ બનાવને વળતેજ દહાડે હસનનો કાસદ પત્ર લઇ, સુલતાન પાસે પહોંચ્યો અને સુલેહની માગણી કીધી. સુલતાન સંજર તો પ્રથમથીજ ધાસ્તી ખાઇ ગયો હતો, તેથી પ્રાણની ધાસ્તીમાં જંગ કરવા કરતાં, સુલેહ કરવી તેને વધુ મુનાસબ જણાઇ અને આ નીચેની સાધારણ સરતોપર સુલેહ થઇ. સુલતાનનું લશ્કર પાછું રાજધાની તરફ ગયું. સુલેહની શરતો આ છે.

૧ ઇસમાઇલીઓ કીલ્લાઓમાં કોઇ નવીન ઇમારત ન બંધાવે.

૨ નવાં હથીઆરો અને મશીનો ન ખરીદે.

૩ ભવિષ્યમાં આ મઝહબમાં નવા કોઇ મુરીદને ન દાખલ કરવામાં આવે.

હસન સબ્બાહ માટે આ સિવાયનાં નરમ શરતો બીજી તે શું હોઇ શકતી હતી ! કેમકે રૂદબાર, કોહીસ્તાન, શામ અને રૂમના કાંઠા સુધી પચાસ કરતાં પણ વધારે કીલ્લાઓ બાતીનીઆઓનાં કબજામાં હતા અને તે સઘળા મજબુત અને ઉપયોગી હતાં. તેથી

હસન સબ્બાહને નવો કીલ્લો બાંધવાની જરૂર નાહ હતી. બીજી સરત પણ તદ્દન નકામીજ હતી; કેમકે અહીં કમરમાં તલવાર તથા સંગીનને બદલે માત્ર એક છરી બસ હતી. ત્રીજી સરત જો કે જાહેરમાં સખ્ત લાગતી હતી; પણ તેને તેની હવે જરૂર પણ બાકી નહિ હતી; કેમકે હસન સબ્બાહની ફોજ સીતેર હજાર સુધી તો પહોંચી ગઇ હતી. વળી નવા મુરીદો કરવાનું કામ જાહેરમાં તો કરવાનું હતુંજ નહિ; તે તો છુપાછુપીથી થતું હતું. તેથી તે છુપી રીતે પોતાના મુરીદો વધારેજ જાય, તો તેની સુલતાનને શી ખબર પડે તેમ હતી.

આ સુલેહ હસનની ધારણા મુજબ અમૃત સમાન નીવડી; મતલબકે સુલતાન સંજરના સમય સુધી ઇરાનમાં બખેડાઓ નહિ થયા. હસને હવે શાન્તીથી શામ તથા યમન તરફ પોતાની કીકી ફેરવી અને તે મુલકને પણ ગુપ્ત પણે હજમ કરી લેવાને પોતાના છુપા કાવત્રાંઓ શરૂ કરી આપ્યાં.

આપણે અલમોત ઉપર થએલા હુમલાઓના વર્ણનથી જોઇ શકયા કે, હસન સબ્બાહ તેની જાહેર શક્તિ ઉપરાંતની મુશકેલીઓમાં આવી પડતો હતો. તેનીજ જગોએ જો બીજોજ કોઇ સુલતાન હતે તો, પોતાનો બચાવ કરી શકતે, તેમાં અમોને શક છે; પણ હસનની વિલક્ષણ ચતુરાઇ તેવી મુશકેલીઓમાંથી તેને બહુજ જલદીથી ચમત્કારિક રીતે મુકત કરી આપતી હતી. તે એક સાધારણ રીતે ધર્મના ઉપદેશક તરીકે દેખાવ દઇ, છેવટે ઇરાન તથા રોમનો ઘણા ભાગો નો સુલતાન થઇ ગયો અને મલકશાહ તથા સંજરશાહ જેવા બળવાન સુલતાનોને હંફાવી શકયો. આ સઘળી બાબતો તેની ઉંડી પહોંચની ગવાહી આપે છે. તેને ઘણી તદબીરો અજબ સુચકતાથી સુઝી આવતી

હતી. દરેક મુશકેલીનો તે માર્ગ શોધી કાઢતો હતો. તે માર્ગપર બહુજ મજબુતાઈથી અમલ કરાવી શકતો હતો. અને એકંદર લોકો-પર અસર નાખવાની તેનામાં અદ્દભૂત શક્તિ હતી. મોટા મોટા અમીરો તથા સેનાધિપતીઓ તેની જાળમાં આવી ગુલામ બની જતા હતા અને તેમ થતાં તેની મુશકેલી ફતેહમંદીમાં ફેરવાઇ જતી હતી. જો કે તેની યોજના તથા તે ઉપરનો વ્યવહારૂ અમલ, ઘાતકી તથા અનીતિથી ભરપુર હતો; પણ અહીં માત્ર એટલુંજ જોવાનું છે કે તેથી તે પોતાનો હેતુ બરાબર સાધી લેતો હતો અને તે પોતાની મુશ્કેલીઓ દુર કરી પોતાના કદમો ઘણે દુર સુધી લંબાવી શકતો હતો. આવી રીતની ફતેહમંદીઓએ તેને બહુજ થોડાજ વરસોમાં અસાધારણ આગળ વધારી આપ્યો હતો અને તેનાથી મોટા મોટા રાજા મહારાજાઓ થરથરતા હતા. કોઇપણ રાજા કે મહારાજાને આવી સત્તા પ્રાપ્ત થવી અતિ દુર્લભ છે; પરંતુ હસનનું એનાર્કીસ્ટ-પણું તેના ઉદયનો દ્વાર થઇ પડયું હતું; કે જેના સંબંધમાં આપણે આગળ જોઇશું.

## હસનની સત્તાનો ગુપ્ત ભેદ.

હસન સબ્બાહ એક ભિક્ષુક દરજ્જાથી વધતો વધતો, એક સુલતાનના દરજ્જા સુધી પહોંચી ગયો. અને સુલતાન પણ એવો સુલતાન કે, બીજા મહાન બળવાન સુલતાનો તેની ધાસ્તીમાં સુખે ઉંઘી કે ખાઇ શકે નહિ, આ સઘળી બાબત હસનના પરાક્રમીપણાને સીદ્ધ કરવાને પુરતી છે. એવું જોવામાં આવ્યું છે કે, એકજ માણસમાં અનેક યોગ્યતાઓ એકી સાથે ક્વચિતજ એકઠી થવા પામે છે અને જોગ જોગે જો તેમ થવા પામે છે તો, તે માણસ જગતમાં ઘણોજ

પ્રખ્યાત થઇ જાય છે. હસનના સદ્ ભાગ્યે હસનમાં અનેક યોગ્યતાઓ એકઠી થવા પામી હતી અને તેને લઇ તે લાખો કરોડો માણસોના દીલો જીતી લેવાનો અધિકારી બન્યો હતો. અત્રે અમો જે યોગ્યતાનો શબ્દ વાપરીએ છીએ, તેનો અર્થ માત્ર સારી બાબતજ એમ સમજવાનો નથી. માત્ર જે કામ હાથ ધરવામાં આવે, ભલે પછી તે સારૂં કે નરસું હોય અને ભલે તેને પાર પાડવાનો માર્ગ સીધો કે પ્રપંચી હોય, પણ તેમાં ફળીભૂત થવાનોજ છે.

હસન સબ્બાહને આગળ વધવામાં અનેક અનુકુળતાઓ મળવા પામી હતી અને તે અનુકુળતાઓ એવી હતી કે, સામાન્ય વર્ગને તે હસન જેટલી ઉપયોગી થઇ પડે નહિ. અનુકુળતા ઉભી કરવી અને તે અનુકુળતાથી લાભ લેવો, એ બાબત જો કે બધા માણસોમાં હોય છે; પણ તે એટલા નબળા પ્રમાણમાં હોય છે કે, તેથી તેઓ પોતાને આગળ વધારવામાં વધારે મદદગાર બનાવી શકતા નથી કાંઇક અડચણ આવે ત્યારે ગભરાઇ કે હારી જઇ, હીમ્મતને હારી જાય છે; પણ જે મહાન પરાક્રમી હોય છે તે, તેજ શક્તિનો એટલી હદ સુધી મક્કમ પણે ઉપયોગ કરે છે કે, એક પછી એક આવતી મુશ્કેલીઓનો તે મુકાબલો કરી, તેને ઠોકરે મારતો જાય છે અને છેવટે હેતુના શીખરે પહોંચી જાય છે. હસનને પહેલી અનુકુળતા એ મળી કે, તેને બુદ્ધિની કેળવણી એટલી મળવા પામી કે, બારીકમાં બારીક બાબતમાં તેનાથી અસાધારણ લાભ મેળવી શકે, તેવી યોજનાઓ શોધી કાઢી શકતો હતો. આપણે ઘણી વખતે કોઇ માણસને જે માર્ગથી આગળ વધી ગએલો જોઇએ છીએ અને જ્યારે તે માર્ગ વિષે આપણે માહિતગાર થઇએ છીએ ત્યારે આપણને એમ લાગે છે કે, તે માર્ગે આપણે

પણુ ફાવી શકીએ છીએ; પરંતુ બીજાનો માર્ગ જાણ્યા પહેલાં તે માર્ગ આપણુને સુઝી આવતો નથી. મતલબ કે મહાન ભેજું દરેક નવીન અખ્તરાનું ઉત્પાદક બને છે, જ્યારે બીજાઓ તેવાઓનું અનુકરણુ કરવામાં રોકાય છે. મતલબ કે હસનની બુદ્ધિ ઘણુાજ વિશેષ પ્રમાણુમાં વિકસિત થવા પામી હતી અને તેને તેની બુદ્ધિને વધુ વિકસિત કરી આપે તેવા ઉસ્તાદો નાનપણુમાંજ મળવા પામ્યા હતા અને સાથેજ કેટલીક શારીરિક રચના તથા અવયવો તેને એવાં સાનુકુળ મળ્યાં હતાં કે, તેવાં બુદ્ધિના વિકસિતપણુાને સાનુકુળ થઇ પડે અને તેનાથી બુદ્ધિના વિકસિતપણુાનો પુરેપુરો લાભ લઇ શકે. આપણે ઉપર જોઇ ચુકયા તથા હવે પછી જોઇ સકીશું કે, હસને પોતાનો માર્ગ નિર્ભય બનાવવામાં અને આવતી દરેક અડચણુને દુર કરવામાં, બુદ્ધિના મશીનનોજ પુરેપુરો ઉપયોગ કીધો છે; મતલબ કે તે એક અડંગબુદ્ધિશાળી માણસ હતો અને તે બુદ્ધિએ તેને પોતાના પ્રકાશમાં સાથે લઇ અંધારા જંગલોમાંથી તેને ઉન્નતિના બાગમાં પહોંચાડી આપ્યો હતો.

તે હકીમ, ખગોળવેત્તા, ગણીત શાસ્ત્રી, તથા જાદુગર હતો. આ બધી વિદ્યાઓ એવી છે કે, જે માણસમાં બુદ્ધિ પ્રમાણુ સામાન્ય વર્ગ કરતાં વિશેષ હોય, તેજ તેનો અધિકારી થઇ શકે છે. બુદ્ધિના વિકસિતપણુાની જ્યાં થોડી પણુ ગેરહાજરી હોય છે તે આ વિદ્યાઓમાં ક્વચિતજ ખ્યાલ મેળવવા પામે છે અને માત્ર અધી રસ્તે જઇ અટકી જાય છે. આ વિદ્યાઓ એવી બળવાન ચમત્કારો દેખાડનારી છે કે, જે જોઇ સામાન્ય વર્ગ તો દંગ છકજ થઇ જાય અને તેવો ચમત્કાર બતાવનાર માટે એકદમ ઉંચો મત આપે બલકે તેના ચમત્કારિક પુરૂષ હોવાપર ઇમાન લાવે.

ઉપરની વિદ્યાઓ ઉપરાંત તે ફ્કાહ તથા દીનીયાતમાં મુજતેહદાના દરજ્જો ધરાવતો હતો. આ દરજ્જાને પ્રાપ્ત કરવું, ધાર્મિક વિશેષ જ્ઞાનની સાબીતિ છે. ધર્મ પોતાની આજ્ઞા શી કરે છે, શા માટે કરે છે. અને આજ્ઞામા ઉંડામાં ઉંડુ શું રહસ્ય તથા શો હેતુ તથા શું પરિણામ સમાએલું છે, તે સમજવાપર ધર્મના પરિણામો આધાર રાખે છે. જે મુજતેહદમાં આ પ્રકારનું જ્ઞાન હોય છે અને જો તે જ્ઞાનનો તે સદુપયોગ કરવા ધારે તો, તે સમાજને ધર્મની ઉચ્ચ પાયરીએ ચડાવવામાં ફળીભૂત થાય છે અને સમાજને માટે તે એક આશીર્વાદ રૂપ બને છે. હસનના ધાર્મિક જ્ઞાનથી સમાજને આશીર્વાદરૂપ બનવાનું તો પ્રાપ્ત થયું નથી, કેમકે હસને પોતાના જ્ઞાનનો સદુપયોગ કરવા માગ્યો નહિ હતો, પરંતુ તેણે પોતાનો અંગત સ્વાર્થ સાધવાને માટે તેનો ઉપયોગ કર્યો હતો જે તેને પ્રાપ્ત થયો હતો. મતલબકે એક વસ્તુમાં જે ફતેહમંદી અર્પણ કરવાની શક્તિ છે, તે તે શક્તિ જરૂર તે આપે છે. માત્ર તે શક્તિ સારી કે નરસી પ્રાપ્ત થાય તે તેનો ઉપયોગ કરનારની ઇચ્છાને આધિન હોય છે.

હસન સબ્બાહમાં બીજી યોગ્યતા એ હતી કે, બુદ્ધિના ચમત્કારથી તેનો ઉંચામાં ઉંચો લાભ લેવાનું તે બરાબર સમજી ગયો હતો અને માત્ર સમજીજ ગયો હતો એટલુંજ નહિ; પણ તે સમજનો લાભ લેવામાં તે અસાધારણ તૈયાર બની ગયો હતો. નદી કીનારાપર બેઠેલાં બગલાં જ્યારે પોતાના શીકારને હડપ કરવા માગે છે ત્યારે તે કેવા કેવા પ્રકારના માછલાંઓને ભુલથાપ ખવાડવાના પ્રયોગો કરે છે અને તેમ કરી ભોળાં માછલાંઓને તદ્દન પવિત્રતાજ દેખાડી આપી, પોતાનો શીકાર મેળવી લે છે તેજ ધોરણ હસનમાં અસાધારણ દાખલ થયું હતું અને તે ધોરણનો તે પુરેપુરો લાભ કેમ લેવો

તેનો લાયકનો પોતાને બનાવવામાં તે અતિ નિપુણ બની ગયો હતો અને એજ કારણ હતું કે, તે કટોકટની મુશ્કેલીમાંથી બહુજ જલદીથી પોતાને પસાર કરી નાંખતો હતો.

તે ખાત્રીપુર્વક તથા વ્યવહારૂ રીતે સીદ્ધ કરીને સમજી ગયો હતો કે, કર્તાએ મનુષ્ય શરીરમાં જે જે પ્રકારની શક્તિઓ આપી છે, તેની શક્તિ અતિ મહાન છે, પરંતુ લોકો તે શક્તિના બળને નહિ સમજતાં અથવા તો તેને કેળવવામાં હિંમત હારી જતાં, તેના લાભથી વિમુખ રહી જાય છે; પરંતુ જો તે શક્તિને બરાબર સમજી લેવામાં આવે અને દ્રઢતાથી તેને કેળવવામાં આવે તો, જે કાર્ય લાખો એન્જીનોના બળથી નહિ થઇ શકે તે તેનાથી બહુજ સહેલાઇથી થઇ શકે. આજે પણ દુનિયામાં એવા બળવાન રાજદ્વારી પુરૂષો જોવામાં આવે છે કે, જો તેઓ ચાહે તો એક દહાડામાં દુનિયામાં લડાઇનો આત્મા ફુંકી આપે અને કરોડોની કતલ કરાવી નાંખે. તો જ્યારે આવા બુદ્ધિબળના સમયમાં કુદરતી શક્તિઓને કેળવી, તેનાથી કામ લેનાર આવી શક્તિ ધરાવે છે, તો પછી હસન કે જેણે બુદ્ધિ બળના વચગાળેના સમયમાં અથવા તો તેથી પણ બે ડગલાં પાછળ રહેલા સમયમાં, પોતાની મહાન બુદ્ધિબળની શક્તિઓને કેળવી હશે, ત્યારે તેણે ઘણાજ અચળ તથા દ્રઢ મને સુફીયાની રીયાઝતો કીધી હશે. તેના માટે એવું કહેવામાં આવે છે કે તે સુફીઓની જેમ રાત્રી દિવસ રીયાઝતો કરતો હતો. ખુદ આવી સુફીયાની રીયાઝત કરવી એ કુદરતી મહાન શક્તિઓને કેળવનારૂં એકલુંજ બળવાન સાધન છે. જગતમાંના મહાન કાર્યો કરી શકનારા બધાઓએ, આ ધોરણેજ પોતાની શક્તિઓને કેળવી મનુષ્યમાં મુકવામાં આવેલું મહાન બળ પ્રાપ્ત કરેલું હતું.

એક ધર્મ પ્રવર્તક માટે એ બાબત ફ્લેહની ચાવી સમાન છે કે, તે રાત્રી દિવસ સુફીયાની રીયાઝતોમાં મશગુલ રહે અને તેમ કરી મનુષ્યમાં છુપાયલા કુદરતી મહાન બળને તે મેળવે અને તે બળથી પોતાનું જહાજ સપાટાબંધ હંકારી જઇ કીનારે પહોંચી જાય. હસને પણ આ સાધન માટે રાત્રી દીવસ સુફીયાની રીયાઝતો કરવા માંડી હતી અને તેમ કરતાં તેનો લોકોપર તેની પવિત્રતાનો ઘણોજ ઉંડો અસર નંખાયો હશે; કારણકે સામાન્ય વર્ગની એ ખાસીયત જોવામાં આવે છે કે, જાહેર દંભથી અંજાઇ પતંગીયાની જેમ પ્રકાશપર જઇ પડે છે. કોઇ સાધુ કોઇ પણ એકાંત સ્થળમાં પણ મઢી જમાવી રાત્રી દિવસ તપશ્ચા કરવામાં નિમગ્ન થઇ બેસે છે, તો ટુંક મુદત્તમાંજ આસપાસના લોકોનું તે તરફ ધ્યાન ખેંચાય છે. લોકો તેના દર્શન માટે આવે છે. આ પ્રસંગે પણ જો તે સાધુ મૌન્ય ધારણ કરી રીયાઝતમાં મચ્યો રહે તો, દર્શન કરવા આવનાર ઉપર તેનો જાદુઇ અસર થાય છે અને લોકો તેને મહાપુરૂષ કહેવા લાગી જાય છે. જેમ જેમ તે રીયાઝત કરવામાં મક્કમ બને છે તેમ તેમ લોકોના દીલો તે જીતતો જાય છે. જોકે રીયાઝત તો તે સાધુ કરે છે પણ તેના માટે અતિ ઉપયોગી થઇ પડે, તેવી ઇમારત લોકોના દીલોમાં બંધાતી હોય છે. થોડી મુદ્દત પછી જો તે સાધુ પોતાની જીભ સાધારણ ખોલે અથવાતો આંખ ઉંચી કરી દર્શન કરવા આવનાર તરફ જુએ તો, લોકો પોતાને કૃતાર્થ થએલા સમજી તે સાધુ માટે પોતાને કાંઇક ઉપયોગી થઇ પડવાને ચાહે છે. જો પછી તે સાધુ ચાહે તો તેને મંદીર બંધાવી આપે છે. સદાવ્રત ચાલુ કરાવી આપે છે. ગામ ગીરાસ આપે છે. મુર્તિની પધરામણી થાય છે. લોકો મોટો મેળો ભરી ત્યાં ઓચ્છવ કરે છે. દુર દુરના લોકો ત્યાં દર્શન કરવા તથા માનતા માનવાને આવે છે અને એવું

કરી બતાવે છે કે, જેને વહેમો ગુમાનમાં પણ કલ્પી ન શકાય. અમો તો આ સઘળું પરિણામ તેની સુફીયાની દ્રઢ રીયાઝતનુંજ માનીએ છીએ. સુફીયાની દ્રઢ રીયાઝત, એ એક એવો મોજીઝો છે, કે જે નાસ્તિકનું મન પણ ડોલાવી નાંખે છે. મોટા મોટા બળવાન કીલ્લાને પણ તોડી નંખાવે છે. અને લોકોમાં તેને એક મહાત્મા કે પીર તરીકે પુજાવે છે. સુફીયાની રીયાઝત જેમ જેમ તે વધારતો જાય છે તેમ તેમ લોકોના દીલો તે જીતતો જાય છે.

લોકો એ બાબતમાં સામાન્ય રીતે છેતરાતા જોવામાં આવે છે કેમકે તે લાયકાતની હદ નિર્માણ કરી શકતા નથી. અને લાયકાત કરતાં સામામાં વધુ લાયકાત હોવાનું બહુજ જલદીથી માની બેસે છે અને અસાધારણ લાયકાત સામા માણસમાં છે એમ માની તેને એકદમ છાપરે ચડાવવા લાગી જાય છે. તેવા વધુ રીયાઝત કરતા સાધુને ધીમે ધીમે બ્રહ્માનો અને ત્યાર પછી સાક્ષાત ઇશ્વરનો અવતાર જણાવી ઇશ્વરજ ઠરાવી દે છે. જે લોકો હીન્દુઓના દેવો તથા સંપ્રદાયોના સ્થાપકો તથા મુસલમાનોના પેગંબરો, ઇમામો તથા પીરોના મુરીદોને બારીકીથી તપાસી જુએ છે તે બહુજ સહેલાઇથી સમજી શકે છે કે, લોકો લાયકાતનું તોલ કરવામાં બહુજ ગોથું ખાઇ જાય છે. પ્રથમ તો તેઓ લાયકાત પીછાણવાની શક્તિજ ધરાવતા નથી અને પોતામાં શક્તિ છે એમ માની લાયકાત નિર્માણ કરવા માગે છે તેથી તેઓ સામાન્ય રીતે લીમિટ છાંડી જાય છે. લાખો કરોડો હીન્દુઓ રામ કૃષ્ણાદિ વધુ લાયકાત ધરાવનારા પુરૂષોને ઇશ્વરનો અવતાર માને છે. આજે પણ એવા હજારો સાધુઓના વૃતાન્તો અમારી દ્રષ્ટિ સમીપ છે કે, જેને લોકોએ ઇશ્વરના અવતારો માની તેની આરાધના કરવા માંડી છે. અમો એવા પણ સેંકડો સાધુઓને જોઇએ છીએ કે, જે

આજે હયાત છે અને લોકો તેમને ઇશ્વરના અવતાર માને છે. તેવીજ રીતે મુસલમાનો પેગમ્બરને, ઇમામને કે પીરને તેના દરજ્જા કરતાં વધુ માન આપવા લાગી ગયા પણ જોવામાં આવે છે. જેઓ મુસલમાનોમાં પડેલાં બસો ચારસો પંથોના આચાર્યો તથા તેમના સેવકો સંબંધે માહિતગાર છે તે અમારા કહેવાનો ભાવાર્થ બહુજ સહેલાઇથી સમજી શકે છે.

સ્વામી નારાયણ સંપ્રદાયના લોકો પોતાના મુળ આચાર્ય સ્વામી સહજાનંદને, વૈષ્ણવ સંપ્રદાયના લોકો ગોસાંઇ મહારાજને, ઇશ્વરના અવતાર માને છે. તેવીજ ભુલથાપમાં મુસલમાનોમાં નુસેરીઓ હઝરત અલી અ૦ ને, ગુલ્લાતો ઇમામો તથા નબીઓને તથા આગાખાનીઓ ઇરાની ઉમરાવ આગાખાનને ઇશ્વરના અવતાર માનવા લાગી ગયા છે. અહીં માત્ર નમુના તરીકે બેચાર નામો આપવામાં આવ્યાં છે; પરંતુ તેવા અનેક લોકો તથા ટોળાં છે કે, જે મનુષ્ય જાતને ઇશ્વર કહેવા લાગી ગયા છે. મતલબકે હસન સબ્બાહનો સુફીયાની રીયાઝતથી લોકોમાં પોતાની પીરાઇ હાસલ કરવાનો હેતુ હતો ખરી રીતે ખુદાની બંદગીજ કરવાને તે રીયાઝતો કરતો હતો એમ ઘડી ભર માટે પણ માની શકાય તેવું નથી કેમકે તેની પ્રપંચી વર્તણુકના અસંખ્ય બનાવો તેના દંભી તથા કૌશલ્યપણાને સબળ ટેકો આપે છે.

હસન સબ્બાહે સુફીયાના રીયાઝતો તથા બીજી ચાલબાઝીઓથી પોતાના ભક્તપણાનો લોકોપર અસર નાંખ્યો અને લોકો તેને એક ખરા ભક્ત તરીકે પણ માનવા લાગ્યા. આમ થતાં લોકો સત્ય અભિપ્રાય બાંધવામાં જેમ સામાન્ય ગોથું ખાઇ જાય છે તેમ હસન સબ્બાહને

પણ એક દેવતાઇ પુરૂષ સમજવા લાગ્યા અને તેના એટલા તો ખરા તાબેદાર થઇ ગયા કે, તેના માટે જાનમાલ કુરબાન કરવાને જરાપણ આંચકો ખાતા નહિ. ફીદાઇઓ છરીની મદદ, સિપાઇઓ હથીઆર વડે લડવાની મદદ તથા બીજા જે જે બાબતની પુંજી ધરાવનારા તે તે પુંજીથી તેને નવાજવા લાગ્યા. ખરેખર પીરની પીરાઇ મુજાવરના હાથમાં હોય છે. તેમ હસન સબ્બાહના મુજાવરોએ હસનને એવો તો છાપરે ચડાવી આપ્યો કે, તેઓ તેનેજ જોતા હતા. મતલબકે સુરીયાની રીયાઝત પણ હસનની ઉન્નતિમાં સહાયક થઇ પડી હતી અને તેવી બાબતથી તેને લોકોને ફોસલાવવામાં કમાલ હાસલ થઇ ગયો હતો.

લોકોના દીલો વશ કરવાની તેની પાસે ઉપર પ્રમાણેની અનેક મોહીનીઓ હતી તેમાં એક એ પણ હતી કે, પોતાના પંથીઓ સિવાય તે બીજા કોઇની મુલાકાત લેતો નહિ. આ મોહીની જો કે બહુજ સાધારણ લાગે છે; પરંતુ તેમાં રૂસ્તમી બળ ભરેલું છે. હસને આ બાબતને બરાબર જાણી લીધું હતું અને તે બળ સાધવાને તેણે પોતાના પંથીઓ અને તે પણ ખાસ પંથીઓ સિવાય કોઇની મુલાકાત લેતો નહિ. તેનાપર દ્રઢ અમલ કર્યો હતો. જો તે શત્રુઓ કે પરધર્મીઓને અવાર નવાર પોતાની મુલાકાત આપે તો, તેના માટે લોકોમાં જે છાપ બેશી ગઇ હતી તે છાપ જોઇને તેવી ટકી શકતે નહિ. જો કાંઇ મોટા શહેનશાહ તેની મુલાકાત લેતે તો તે શહેનશાહ તેની નબળાઇને જરૂર પામી જતે. જો તે કોઇ મોટા મુજતેહદ આલીમની મુલાકાત લે તે તો, તે મુજતેહદ તેના ધાર્મિક આડંબરથી જરૂર જાણીતો થઈ જતે. જો તે કોઇ મોટા સુફીની મુલાકાત લીધા કરતો હતે તો તે સુફી જરૂર તેનાં ખામીઓને પકડી પાડતે. જો તે કોઇ

પહેલવાન કે રાજદ્વારી માણસની વારંવાર મુલાકાત લેતો હતે તો, તે પહેલવાન તથા રાજદ્વારી માણસ તેની નબળાઇ વિષે આગાહ થઇ જતે.

એમ તો કહીજ ન શકાય કે, તેનામાં એવી કુશળતા હતી કે, જે બીજામાં નહિ હતી. તેના કરતાં દરેક બાબતમાં બીજા અનેક કુશળ લોકો હતા; પરંતુ હસને પોતાની કુશળતાનો લોકોને ઠગનારો એવો નો માર્ગ ગ્રહણ કીધો હતો કે, લોકો પ્રથમ દ્રષ્ટિએ ઠગાઇ તથા અંજાઇ જાય. તેઓ કાળી બાજુને બહુજ મોડેથી સમજે અથવા તો વધુ લોકો સમજે પણ નહિ. તેઓ બાપડા તો ઉજળું એટલું દુધજ સમજે, ભોળા તથા આંધળા લોકો પોતાના કોઈ મતલબને માટે પાણા એટલા પીર કરે છે અને એવી એવી વાહી તવાહી માન્યતા તથા આચાર વિચાર ધરાવે છે અને વ્યવહારૂ અમલ કરી બતાવે છે કે હેરત થઇ જવાય છે. હસનની કોઇની પણ મુલાકાત નહિ લેવામાં અજીઓ ગરીબ ચમત્કારો સમાએલા હતા, કે જેને વિસ્તારથી સમજાવવાની અમો અમારી કલમમાં શક્તિ જોતા નથી.

એક માણસ ગમે તેવા ભોટ હોય, પણ જો વિદ્વાનો જેવાં કપડાં પહેરે, અમીર ઉમરાવ જેમ પોતાની ઓફીસ સજાવે તથા નોકર ચાકર રાખે તથા વગર વરદીએ કોઇને પોતાની પાસે આવવા ન દે તો તેના ભોટપણા ઉપર કાંઇક પરદો પડે છે. જો કોઇ માણસને મળવું હોય અને તે માણસ મુલાકાત આપવામાં બહુજ ઢીલ નાંખતો જાયતો મુલાકાત લેવા માગનારના દીલમાં તેના પ્રત્યેનો રોઆબ ગાલીબ થતો જાય છે. કોઇ મોટા અમલદારને મળવાજવાનું હોય અને તેના પટાવાળાને વરદી આપવાને વિઝિટીંગ કાર્ડ આપીએ

અને જો તે એમ કહે કે, હમણાં સાહેબ કામમાં છે જરા ઉભા રહો, સાહેબ નવરા થાય તો વરદી આપું, પંદરેક મીનિટ પછી જો તે પટાવાળો અંદર જાય અને ફરી આવીને કહે કે સાહેબ હજુ કામમાં છે. પાંચેક મીનિટ હજુ ઉભા રહો. પછી પાંચેક મીનિટ પછી તે સાહેબને વરદી આપે અને જો સાહેબ કહે કે દસ મીનિટ પછી હું મુલાકાત આપીશ તો જેટલો વખત મુલાકાત લેવાના કાર્યમાં પ્રથમ નકામો વ્યતિત થયો તેટલા વખતમાં સાહેબના રોઆબનો મુલાકાત લેવા માગનાર ઉપર જરૂર અસર થશે. જે અધિકારીઓ રોઆબ દાબ રાખતા નથી અને વગર વરદીએ ગમે તેને ગમે ત્યારે પોતા પાસે આવવા દે છે તે અધિકારીનો રોઆબ પડતોજ નથી અને તેના માટે સામાન્ય નબળાઇના હલકા વિચારો ઉત્પન્ન થઇ જાય છે. માટે આવી રીતે ડુંગરા દુરથી રળીયામણા લગાડવાને હસન સબ્બાહે લોકોને પોતાની મુલાકાત આપવાનું સદંતર તજી આપ્યું હતું. નજરે જોયાંથી જરૂર ધારેલા મતમાં ઘટાડો થાય છે. અમોને એવા અનેક દાખલા યાદ છે કે, અમે અમુક અમુક માણસને મળવા અગાઉ તેના માટે ઘણાઉંચા મતો બાંધી બેઠા હતા; પરંતુ જ્યારે એકાદ બે વખત તેની પાસે જઇ વાતોચિતો કરી આવ્યા, ત્યારે અમો જાણી તથા જોઇ શકયા કે, અમો પ્રથમનો અભિપ્રાય બાંધવામાં ઘણે અંશે ગોથું ખાઇ ગયા હતા.

હસન જેમ કોઇને પોતાની મુલાકાત નહિ આપવામાં દ્રઢ હતો તેમ તે બીજી દરેક બાબતમાં અસાધારણ દ્રઢ હતો. તે અલમોતના કીલ્લામાં પાંત્રીશ વર્ષ લગી રહ્યો, પણ માત્ર એક અથવા બે વખત પોતાના રહેઠાણના મકાનનો દાદર ચડયો અને કીલ્લામાંથી તો તે એક દીવસને માટે પણ બહાર ગયો નથી. શું આ એક હસનના

અસાધારણ દ્રઢતાની બળવાન સાબીતી નથી ? પાંત્રીશ વર્ષમાં અનેકવાર કીલ્લા ઉપર હુમલાઓ થયા, કીલ્લો હાથથી નીકળી જવાની અણીપર આવી ગયો. કીલ્લાના લોકો હીમ્મત હારી ગયા અને હસનના પકડાઇ જવાની ઘડીઓ જતી હતી; તેમ છતાં પણ તે પર્વતની જેમ પોતાની જગોથી હાલતો નથી અને એટલે સુધી તેમાં પોતાના કદમો મજબુત કરે છે કે, પાંત્રીશ વર્ષ જેટલી લાંબી મુદત્તમાં તે માત્ર એક યા બે વારજ પોતાના મેડાના દાદરથી નીચે ઉતર્યો હતો અને કીલ્લાની બહાર તો એક વખત પણ ગયોજ નથી. જો હસનની આવી દ્રઢતા વિષે તથા કેવા કેવા આકરા સંજોગો વચ્ચેની દ્રઢતા વિષે વિચાર કરીએ તો, તે અસાધારણ પોતાના દીલપર કાબુ ધરાવનાર પુરૂપ હતો. મોટામાં મોટી મુશ્કેલીમાં પણ ગભરાટ શું ચીજ છે તેતો તે સમજતોજ નહિ હતો. જો તે ગભરાટ સમજતે હતો તો તેવા જીવ સટોસટના હીંગામમાં તે પોતાના દીલને કાબુમાં કેમ રાખી શકતે? અથવા તો પોતાના લશ્કરને મજબુત કરવાને કે બીજી વ્યવસ્થા કરવાને માટે પણ તે મેડા ઉપરથી ઉતર્યા વિના રહેતે નહિ અને જ્યારે તે તેવા કટોકટના પ્રસંગોએ પણ હીમાલય પર્વતની જેમ પોતાની જગોથી એક ઇંચ પણ ડગતો નથી ત્યારે તે પોતાનું દરેક કામ કેટલી ખુબી તથા વ્યવસ્થાથી કરતો હશે અને કોઇ પણ કામ તેની મરજી વિરૂદ્ધ ઘણા ભાગે નહિજ થતું હોય, નહિતર જો પોતાની મરજી વીરૂદ્ધ વ્યવસ્થા થતી હોય તો, તેને એમ જરૂર થઇ આવતે કે હું જાતે જઇ મરજી મુજબની વ્યવસ્થા કરી આવું, પરંતુ તે એક ડગલું ખસ્યા વિના પોતાના કામની દરેક વ્યવસ્થાને ઘણાજ મજબુત ધોરણે કરતો હતો અને તેમ કરવામાં તેની અમાપ બુદ્ધિ તથા ચતુરાઇનું માપ બાંધવું અશક્ય થઇ પડે છે.

નેપોલીઅન બોનાપાર્ટ તથા જર્મન કૈઝરના મક્કમપણાની તથા હીમ્મતની ઠામ ઠામ તારીફ થાય છે, પરંતુ તેઓએ જે જે કામો હાથ ધર્યા. તેમાં તેમને જાતે ઠામ ઠામ રઝળવું પડયું હતું: પરંતુ હસને તો જે મહાન કાર્ય કરી બતાવ્યું, તે કરવામાં પોતાના ઘરનો ખુણો વટીક છાંડયો નહિ. નેપોલીઅન તથા કૈઝરતો પોતાની છેવટમાં પોતાની યોજનામાં નિષ્ફળ નીવડયા અને હાર ખાઇ ગયા, પરંતુ હસન તો કોઇ પણ બાબતમાં તેવી સ્થિતિમાં મુકાયોજ નહિં. જે કામ હાથ ધર્યું તે તેણે ફતેહજ કરી દેખાડયું અને પસ્તાવો શું ચીજ છે તેતો તે સમજતો નહિ હતો. નેપોલીઅન બોનાપાર્ટ કહેતો હતો કે અશકય એ શબ્દ મુર્ખ લોકોની ડીક્ષનેરીમાંજ હોય છે, પરંતુ છેવટે તે શબ્દ તેને પોતાની ડીક્ષનેરીમાંથીજ મળી આવ્યો, પરંતુ હસન પણ એમજ કહેતો હતો, બલકે તે સાબીત કરી બતાવતો હતો અને તે સાબીત કરી બતાવવાને તે છેવટ સુધી નીભાવી ગયો અને અશકય એ શબ્દ મુર્ખ લોકોની ડીક્ષનેરીમાંજ હોવાનું તે પોતા માટે સત્ય મનાવી ગયો.

તે દરેક કાર્યને બરાબર સમજી લેવાની અસાધારણ કુશળતા ધરાવતો હતો અને કામને સમજી લીધા પછી, તે તે કામ કરવાને જરાપણ અશકય સમજતો નહિ હતો અને હાથ ધરેલું કામ થવુંજ જોઇએ, એમ તેની દ્રઢ માન્યતા હતી. ધર્મનો પ્રચાર કરવાના કાર્યમાં પણ તેણે સહેજ પણ ગફલત રાખી નથી. તે એક ગ્રંથ કર્તા પણ હતો અને તેણે કેટલાક ગ્રંથો પણ લખ્યા હતા.

મઝહબી અકાયદમાં તે હદ ઉપરાંતનો સખ્ત હતો ( અત્રે તે ઇસલામી અકાયદોમાં સખ્ત હતો એમ સમજી લેવાનું નથી તેના

ઇસલામી અકાયદ વિષે આગળ ઉપર સફાઇ કરવામાં આવશે ) જેવો પોતે પાબંદે શરા ( ઇસલામી શરીયત સમજવી નહિ, પણ તેની પોતાની નવી ઉભી કરેલી શરીયત ) હતો તેવોજ તે પોતાના મુરીદોને બનાવવા માગતો હતો. પોતાની શરીઅતના ગુનાહના આરોપ માટે તેણે પોતાના બંને બેટાઓને કતલ કરી નાંખ્યા.

સુલતાન મલકશાહનું એલચી ખાતું જયારે અલમોતમાં હસનના દરબારમાં આવ્યું હતું ત્યારે હસને પોતાના મુરીદોની ફીદાઇયતની ધાક મલકશાહપર બેસાડવાને માટે પોતાના ત્રણ મુરીદોને, મરી જવાને હુકમો આપ્યા હતા. જે હુકમો થતાંજ મરી ગયા હતા. તેજ દરબાર પ્રસંગે હસન સબ્બાહના પુત્રો કોઇ શરઈ ગુનાહની સજા માટે હસન સબ્બાહની રૂબરૂમાં રજુ થયા. હસને તે બંનેને દુર્રાઓ મારવાનો હુકમ કીધો અને તે બન્ને તેના પુત્રો તેની પીડાથી એલચીખાતાના મેમ્બરોની રૂબરૂમાંજ તરફડી તરફડીને મરણ પામ્યા અને હસને પોતાના મુખમાંથી એક ઉફ શબ્દ વટીકે કાઢયો નહિ.

શરર લખે છે કે હસન સબ્બાહ પોતાના ધર્મના ધારાનો અમલ કરાવવામાં તે સખ્ત બની ગયો હતો. તેણે પાપીપર દયા વાપરીજ નથી. તેના ધર્મમાં ધર્મનો વાંક તેમજ બીજાં પાપો માફજ થઇ શકતા નહોતાં. આ માફ નહિ થઇ શકવાની વાતને તેણે દરેક મનુષ્ય તથા મુરીદના અંતઃકરણમાં અસરકારક રીતે ઠસાવી આપી હતી. આ ધારાઓ પાળવા માટે તેણે એટલે સુધી હીમ્મત તથા દ્રઢતા ચલાવી કે કુદરતી પ્રેમ પણ તેના દીલમાંથી જતો રહેવા પામ્યો હતો. તેના પુત્ર હુસેને કોહીસ્તાનના એક દાઇને મારી નાંખ્યો હતો. હસને તુરતજ ન્યાય આપ્યો કે તે કસુર બદલ હુસેનને કતલ કરી નાંખો. હુસેન હુકમ પ્રમાણે કતલ થયો. બીજા પુત્રે એક પ્રસંગે દારૂ પીધો. આ કામને

હસન હરામ સમજતો હતો અને હરામ કામની સજા તેણે કતલ ઠરાવી હતી. તેને પણ તુરતજ કતલ કરાવી નાંખ્યો. એક દીવસે કીલ્લામાંના એક પ્રખ્યાત માણસે સીસોડી વગાડી, તે તેણે સાંભળી. આ કામ પણ હરામ હતું તેથી તે પ્રખ્યાત માણસને કીલ્લામાંથી બહાર કાઢી મુકયો. આ આગેવાન માણસને કીલ્લામાંથી નહિ કાઢી મુકવા કીલ્લામાંના સઘળા લોકોએ સીફારસ કરી, પણ તે સીફારસ હસનનું અંતઃકરણ નરમ કરી શકી નહિ. હસનની શરીયતમાં શેખ અથવા ઇમામના હુકમની અમાન્યતા અથવા તો ધાર્મિક બોલોમાં એમ કહી શકાય કે, ધર્મના રૂલથી વિરૂદ્ધ વર્તન કરનારને કતલની સજા હતી. આવા હુકમો તે દ્રઢતાથી બજાવતો અને પળાવતો હતો.

હસન બિન સબ્બાહને સઘળા તાવારીખ નવીશોએ ખુની તથા નિર્દય જણાવ્યો છે. ખુદ તેના કાર્યો તેને તેવો સાબીત કરવાને બળવાન પુરાવા છે. કોઇએ પણ હસન સબ્બાહના વખાણ કર્યા હોય તેવું અમારા સાંભળવામાં આવ્યું નથી. તવારીખની આવી સબળ દલીલો છતાં કોઇ હસનને દયાળુ તથા ન્યાયી કહેવા નીકળે તો તેનું તે કાર્ય તવારીખ દ્રષ્ટિથી અતિ અધમ ગણાય તેમાં કાંઇ સંદેહ નથી. તવારીખના સંબંધમાં તો જે બનાવો રજુ થયા હોય છે તેના ગુણદોષ તપાસવા ઉપરજ અભિપ્રાયો ઘડવાના હોય છે; એક લેખક નામને લાંચ્છન લગાડનારા કંગાલ લેખકે હસન સબ્બાહને દયાળુ તથા ઇનસાફી જણાવવાની જીવ વિનાની કોશીશ કરી મારા વાંચવામાં આવી છે. તેમાં તેણે એવી દલીલનો આધાર પકડયો છે કે, જો હસન અન્યાયી હતે તો પોતાના પુત્રોને ગુનાહની સજામાં કતલ કેમ કરતે ? તે ન્યાયી હતો માટે તેણે ન્યાયને ખાતર પોતાના બંને પુત્રોને મરાવી નાંખ્યા.

આપણે જોવું જોઇએ કે, ન્યાયી તથાઅન્યાયી માણસની તારવણી કેવી રીતે થઇ શકે છે. કોઇપણ અન્યાયીમાં અન્યાયી માણસ માટે એવું તો નજ બને કે, તેણે કોઇપણ થોડી સંખ્યામાં ન્યાય નજ કરેલો હોય, તો આવી સ્થિતિ વચ્ચે તેણે જે એકાદ બે પ્રસંગે ન્યાયથી કામ લીધુ હોય તેના ઉપરજ તેના ન્યાયીપણાની તારવણી થઇ શકે નહિ. વળી જે માણસોએ સંખ્યાબંધ બાબતોમાં અન્યાય કરેલો હોય તેના એકાદ ન્યાયના દાખલાથી તેને ન્યાયી જણાવવા નીકળવું એ ન્યાયનું ખુન કરવા સમાન છે. જે માણસે ન્યાય કરવામાં સતત પ્રયાસ કર્યો હોય, પણ ન્યાયની સમજમાં તેણે કોઇ જગોએ ભુલ કરી હોય તો તેવા માણસને અન્યાયી કહી શકીએ નહિ તેમજ જેમણે અન્યાય કરવામાં સતત પ્રયાસો કર્યા હોય; પણ અન્યાયની સમજમાં તેણે કોઇ જગોએ ન્યાય કરી નાંખેલો હોય તો, તેવા માણસને ન્યાયી કહી શકીએ નહિ. અમોએ ઇતિહાસમાં એવો એક પણ બનાવ જોયો નથી કે, તેમાં કોઇ એક માણસ કે જે અન્યાય કરવામાં પ્રખ્યાત થઇ ગયો છે તેણે બેચાર પણ ન્યાય પૂર્વકના કાર્ય ન કર્યાં હોય. એક માણસ ૯૦ માણસોને, જે નિર્દોષ છે તેને સજા કરે અને બાકીના ૧૦ માણસો જે નિર્દોષ હોય તેને સજા ન પણ કરે તો તેટલાપરથી તે માણસને ન્યાયી ગણી લેવાય નહિ. પણ ન્યાયી અન્યાયી પારખવામાં તે માણસે ન્યાયને દ્રષ્ટિ મર્યાદામાં રાખીનેજ કાર્ય કરેલું હોય અને વધુમાં વધુ કેસોમાં તેણે ન્યાયજ કરેલો હોય તેનેજ ન્યાયી કહી શકાય; ભલે પછી તેણે કોઇપણ થોડી બાબતમાં અન્યાય પણ કરેલો હોય, પણ તે તેની ઇચ્છાને લઇ ન હોય, પણ તે ઇજતેહાદી ભુલ હોય; પણ હસન સબ્બાહના જીવન ચરિત્રમાં તો એક પણ બનાવ એવો દ્રષ્ટિગોચર થતો નથી કે, જેમાં તેણે ન્યાય

પૂર્વકની વર્તન ચલાવી હોય. અથવા તો તેણે ઇજતેહાદી ભુલ કીધી હોય. તો તેવી સ્થિતિ વચ્ચે તેણે પોતાના છોકરાઓને કસુર બદલ મારી નાંખેલા તેટલા ઉપરથીજ તેને ન્યાયી તથા દયાળુ કેમ કહી શકાય ?

શરર લખે છે કે "અમો હસન બિન સબ્બાહનું જીવન ચરિત્ર લખવા માગીએ છીએ અને જેને મુસલમાનો ભલે માનની નજરથી ન જુએ; પણ ખરી વાત એ છે કે, તેનો તેના બંને સ્કુલ સાથીઓ કરતાં આગળ નંબર જાય છે. ખુદ નિઝામ-ઉલ-મુલ્ક હસન બિન સબ્બાહની તબીયતથી સારી પેઠે જાણીતો હતો. અને તે એમ કહ્યા કરતો હતો કે" તે નજીકમાં ભોળા, અંધશ્રદ્ધાળુ તેમજ સામાન્ય વર્ગને બેહકાવીને બહુજ ખરાબ કરી નાંખશે" તો તેણે નિઝામ-ઉલ-મુલ્કની પરખ પ્રમાણે ભોળા, અંધશ્રદ્ધાળુ લોકોને બેહકાવીને ખરાબ કરી નાંખ્યા તેમાં કોઇપણ ઇતિહાસકારને સંદેહ નથી. તો આવા ઐતિહાસિક નિર્ણયપર માત્ર આટલીજ બાબતથી જુદા અભિપ્રાયપર જઇ શકાતું નથી.

હસન બિન સબ્બાહના જીવન વૃતાન્તના મુખ્ય મુખ્ય બનાવો આપણને એ બાબત સાબીત કરે છે કે, તે ભોળા, અંધશ્રદ્ધાળુ તથા સામાન્ય વર્ગોપર પોતાનો અસર નાંખી, તેમને પોતાના હથીઆરો બનાવી પોતાનો અંગત હેતુ સાધી લેતો હતો. અને આવો હેતુ સાધવા માટે તે બહુજ કઠણ તથા મક્કમ હૃદયનો થઇ ગયો હતો. જે માણસે ખ્વાજા નિઝામ-ઉલ-મુલ્ક જેવા વિદ્વાન મિત્રને કતલ કરી નાંખવામાં પાછું વાળી જોયું નહિ તથા બીજા લાખો ખુનો કરવામાં લેશમાત્ર દયા વાપરી નહિ, તે પોતાનો તેજ હેતુ સાધવા

માટે પોતાના છોકરાઓને તેમની કસુર માટે, પણ ખરી રીતે તો પોતાની સફેદ પવિત્રતાઈની લોકોપર છાપ પાડવાને મારી નાખે તો, તેટલા ઉપરથી તેને ન્યાયી કે દયાળુ ગણી શકાય નહિ.

વળી તે છોકરાઓને એવા પ્રસંગે તેમના કસુર બદલની સજા કરે છે કે, જ્યારે સુલતાન મલકશાહનું એલચી ખાતું તેના દરબારમાં હાજર છે. હવે પરદેશ ખાતાના એલચીઓ જ્યારે દરબારમાં હાજર બેઠા હોય ત્યારે ન્યાય માટેનો કેસ રજુ થાય અને તે કેસમાં તે પોતાના છોકરાને મારી નાંખવાની સજા કરે, એ બીજું કંઇ નહિ: પણ પોતાના નિર્દયપણાની ઉંડી ધાક એલચી ખાતાના જીગરોમાં કોતરી આપવાને ખાતરજ કેમ ન હોય ! તે બરાબર જાણતો હતો અને તે જે જાણતો હતો તે બીજાઓ ક્વચિતજ સમજે તેવી બાબત છે અને સામાન્ય વર્ગ તો તે જે ધોરણ સમજતો હતો તે ધોરણ-પર, જઇ શકવાને અચકાય તેવી બાબત છે તેથી બીજા અનુમાન ઉપર જવું એ વ્યાજબી નથી; પણ એલચીખાતાના મેમ્બરો જઇને સુલતાન મલકશાહ તથા નિઝામ-ઉલ-મુલ્કને બનેલી હકીકત જણાવે કે જેથી તે ધાસ્તી ખાઇ આવા ભયંકર પુરૂષને છેડે નહિ; નહિતર તેમના માટે લેશમાત્ર દયા નહિ વાપરવામાં આવે, તેવી સખતાઈથી કામ લેવામાં આવશે.

દરબારમાં હસન એલચી ખાતાના મેમ્બરોને તેમને છક કરી નાખનારી તથા દેહશતથી કંપાવી નાંખનારી ધાસ્તી અપાવવા માગતો હતો તે માટે પોતાના ત્રણ ફીદાઇઓને એકને ખંજર ભોંકીને, બીજાને પાણીમાં ડુબીને અને ત્રીજાને ઉંચેથી પટકાઇ પડીને મરી જવાનો તેણે હુકમ કર્યો અને તે હુકમ પ્રમાણે તે ફીદાઇઓ અમલ કરી મરણ પામ્યા. આ બનાવથી હસન એમજ જણાવવા માગે છે કે,

તમારા બાદશાહ તથા વજીરને કહી દેજો કે, જો અમારી છેડખાની કીધી તો, આવા પોતાનો પ્રાણ જતાં સુધી દોહનો જાન લેવાને પાછું પગલું નહિ ભરે, તેવા મારાઓ તમારા માટે તૈયારજ છે. આવા પ્રસંગપર પોતાના છોકરાને કતલ કરવા, એ પણ ત્રણ ફીદાઇઓને મારી નાંખવાથી જે હેતુ તે સાધવા માગતો હતો, તેજ હેતુ સાધવાનો તેનો હેતુ જણાઇ આવે છે.

હવે જો એમ કહેવામાં આવતું હોય કે હસને તે સજાઓ મુસલમાની ધર્મ પ્રમાણે કીધી છે તો તેને ન્યાય પૂર્વકની કહ્યા વિના ચાલે તેમ નથી; પણ હસનબિન સબ્બાહનું મુસલમાન ધર્મપર કાયમ રહ્યાનું કંઇ પણ સિદ્ધ થઈ શકે તેમજ નથી. તો તેની સ્થિતિ વચ્ચે તેણે પોતાના છોકરાઓને મુસલમાની શરેઅ પ્રમાણેજ તે સજા કરી એમ કેમ કહી શકાય? હસને ઇસલામ મઝહબ તદ્દન તજી આપ્યો હતો. તે તેના મઝહબી પોઝીશન જણાવવા પ્રસંગે અમો સાબીત કરીશું તેથી તે બાબત રજુ થતાં સુધી હાલના અભિપ્રાય માટે થોભવું જોઇએ.

## હસનનો નવો ધર્મ.

હસન બિન સબ્બાહના મુળ ધર્મ વિષે, આપણે નજર નાંખી શક્યા છીએ. હસન ખ્વાજા નિઝામ-ઉલ-મુલ્કનો મેહમાન હતો ત્યારે તેના દીલમાં પોતાને ઉન્નત દિશાએ પહોંચાડી આપવાની સબળ ઝંખના હતી, પણ હવે વડા વજીરના દરજ્જા સુધી પોતાને પહોંચાડી આપવા સુધીની તેની ઇચ્છા આપણી જાણમાં આવી શકે છે; પરંતુ અનુમાનથી જાણી શકાય છે કે, તે સમયે પણ તેના દીલમાં રાજદ્વારી સ્વતંત્ર સત્તા પ્રાપ્ત કરવાની ઇચ્છા પણ હોય; કેમકે જ્યાં સુધી સ્વતંત્ર

સત્તા પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી તે પોતાને સંતોષ મળે તેવી ઉન્નત દશાએ પહોંચી નહિ શકે તેમ તે બરાબર જાણતો હોવો જોઇએ. તે બરાબર જોતો હતો કે, તેને આગળ વધવામાં ખ્વાજા નિઝામ-ઉલ-મુલ્ક આડે આવે છે; એટલે કે જો તેને ખસેડી નાંખવામાં આવે તો પોતે વડો વજીર થઇ શકે છે એમ તે માનતો હતો અને સુલતાનનું દીલ તો તેણે પોતાના કબજામાં પણ લઇ લીધું હતું અને તેને કબજામાં રાખવો એ બાબતને તો તે બહુજ સરલ સમજતો હોવો જોઇએ. આ બાબતની ખાત્રી તેણે ઇસ્ફહાનમાં પોતાના મિત્ર અબુલ ફઝલને કહેલા શબ્દોથી પુરવાર થાય છે. એટલે કે તેણે કહ્યું કે " જો મને બે મિત્રો એક દીલના મળતે તો હું આ ગામડીઆ તુર્કનું રાજ્ય ઉથલપાથલ કરી નાંખતે. " આ ગામડીઆ તુર્ક યાને સુલતાન મલકશાહનું રાજ્ય ઉથલપાથલ કરી નાંખવાને જે પ્રકારનો બળવાન મસાલો જોઇએ. તે ઉપરથી અંદાજ ખેંચી લેવો બહુજ સહેલ છે કે હસન સ્વતંત્ર રાજ્ય સત્તા મેળવવા માગતો હતો. આવી સ્વતંત્ર રાજકીય સત્તાની તે શોધખોળમાં મલકશાહના દરબારમાંથી હંકારી કઢાયા પછી ફરતો હતો અને તેણે પોતાના મગજને તેવી સત્તા પ્રાપ્ત કરવામાં રોકી રાખ્યું હતું.

હસનને કુદરતી શક્તિથી પૂર્ણ લાભ મેળવવાનું અતિ પૂર્ણ પ્રમાણમાં જ્ઞાન હતું. તેનામાં સમાજનું રૂખ પારખવાની, સમાજના રૂખને પોતાના લાભ માટે વાળવાની, કોઇ પણ હાથ ધરવામાં આવતા કાર્યના ગુણદોષ પારખવાની, લોકો કેવા પ્રકારની અજ્ઞાનતાને લઇ પોતાના કાર્યમાં વધુ ફાવી શકતા નથી તેના જ્ઞાનની એ વીગેરે કુદરતી શક્તિઓ તેનામાં પોતાનું કાર્ય બરાબર બજાવી રહી હતી. આ સઘળી બાબતોની કંઇક ખાત્રી ખ્વાજાના એ અભિપ્રાય " થોડાજ સમ-

યમાં તે ભોળા અને અંધ શ્રદ્ધાવાળા લોકોને બેહકાવી બહુજ ખરાબ કરી નાખશે " થી થઇ શકે છે અને તેથી તે ભોળા તથા અંધ શ્રદ્ધાળું લોકોને બેહકાવી પોતા માટે સ્વતંત્ર રાજદ્વારી સત્તા પ્રાપ્ત કરવા માગતો હતો.

જેવી રીતે રાજ્યના નવીન સ્થાપકો પોતાની હિમ્મત, બહાદુરી તથા જાતી કોશીશથી લડાઇઓમાં ઉતરી જીવ સટોસટની લડાઇઓ લડી અનેક વિપતીઓ પછી વિજય મેળવી નવીન રાજ્યને સ્થાપે છે, તે ધોરણ હસન પસંદ કરે તેવો નહિ હતો. તેની પ્રકૃતિ તેવા પ્રકારની લડાઇઓમાં જાતે સામેલ રહી સ્વતંત્ર રાજદ્વારી સત્તા પ્રાપ્ત કરવા કરતાં, કાંઇક જુદાજ પ્રકારની હતી. તેતો પોતાના મગજના હથીઆરોથી શત્રુને અસાધારણ ગફલત વચ્ચે હરાવી સત્તા પ્રાપ્ત કરવાની લડાઇ લડી શકતો હતો. હવે જે માણસ આવી સરળતાથી વિજય મેળવી શકવાને સામર્થવાન હોય, તે શા માટે તીરો તલવારના ઘમસાનના મારકામાં જીંદગી તથા મોતના વીમામાં ઉતરે ! મતલબ કે તે સ્વતંત્ર રાજદ્વારી બળ પ્રાપ્ત કરવા માનતો હતો.

મલકશાહના દરબારમાંથી હસન હંકારી કઢાયો, એ હસન માટે પહેલીજ નિષ્ફળતા હતી, કે જે તે માટે ઉન્નતિનો માર્ગ બની ગઇ. તેનો મિઝાજ તથા તેની હિમ્મત જે વિશાળ મેદાન શોધી રહી હતી, તેની હદ ઉપર જણાવ્યા પ્રમાણે ઘણીજ વિશાળ હોવી જોઇતી હતી. જે જગ્યાએ રહેવાથી કોઇની તાબેદારી ભોગવવી પડે, ત્યાંની આબોહવા હસન જેવા સ્વતંત્ર માણસને અનુકુળ ન આવે, એ બનવા જોગ હતું. તેમ આવો સ્વતંત્ર તથા કૌશલ્યબાજ પુરૂષ પોતાના અસ્ત્રની સામગ્રીઓ મેળવ્યા વિના રહી જાય એ પણ ભય ભરેલું હતું. તેમ આ સમયમાં કે જ્યારે જુદા જુદા વિચારના અને ખીલાફતનો દાવો

કરનારા લોકોના અને ખાસ કરીને મીસરના ઇસમાઇલી લોજના મીશનરીઓ દરેક જગોપર ફેલાયેલા હતા, તેમ ઇસલામી રાજ્યના પરદામાં અનેક ખટપટો ચાલી રહી હતી. અને ગુપ્ત બાતમીઓ મેળવવાને લીધે લોકો જાહેરમાં કાંઇ અને અંદરખાનેથી કાંઇ એમ પોતાને જુદા જાહેર કરતા હતા, તેવા વખતમાં હસનને પોતાના સ્વતંત્ર વિચારને લગતું કામ ન મળે, એ બનવાજોગજ નહિ હતું.

આવી રીતનો ધર્મનો બોધ કરવાવાળાઓ અથવા આજના લોકોમાં કહીએ તો મીશનરીઓની શરૂઆત ઇસલામમાં દમીશ્કના ખલીફ બની ઉમય્યાના છેવટના દોરમાં પડી હતી. જયારે કોઇ જાહેર શક્તિ બની ઉમય્યાનું બળ ન તોડી શકી ત્યારે બની હાશમે પોતાના યજમાનો તથા મુરીદોને "દાઇ" અને "નકીબ" ના નામો આપી, પોતાનું બળ વધારવા માંડયું. આ દાઇઓ અને નકીબો દરેક દેશમાં જતા અને જાહેરમાં રાજ્ય ભક્તિ બતાવી, અંદર ખાનેથી બની હાશમની તાબેદારીની બેઅત લેતા હતા. આવા હજારો દાઇઓ અને નકીબો ખુરાસાનથી શામ સુધી ફેલાઇ ગયા હતા. આ મીશનરીઓએ ગુપ્ત રીતે આજના રાજકીય પુરૂષોની પેઠે, એક એવો ડાયનામેટી જુસ્સો પાથરી આપ્યો હતો કે, જેને નાની સરખી ચીણગારી લાગતાંજ, તે એક જબરદસ્ત ધડાકો થઇ, ધરતી કંપના ધ્રૂજારાને પણ શરમીંદા કરી આપે. આ જુસ્સાને સહાયતા મળવાથી તેણે બની ઉમય્યાના રાજ્યને જડમુળથી ઉખેડીને ફેંકી દીધું. હવે બની અબ્બાસની રાજ્ય હકુમતના સમયમાં ફાતમાઇટ લોકો પોતાનો ખીલાફતનો હક મેળવવા માટે અનેક પ્રકારના ગુપ્ત કાવત્રાંઓ રચી રહ્યા હતા. પરંતુ મુશ્કેલી તો એ હતી કે તેમનામાં અન્યોઅન્ય સંપ નહોતો. બની ફાતમાના જુદા જુદા આગેવાન માણસો પોતે રાજ્ય તથા ઇમામતના

દાવેદાર બન્યા હતા. આ વાતતો તદ્દન અનુભવ સિદ્ધ છે કે, કોઇ કામમાં એક યુક્તિથી ફતેહમંદી મળી જાય તો, સઘળા માણસો તેજ યુક્તિ બીજા કામોને પણ લગાડવાને લાગી જાય છે. આ ધોરણ મુજબ ઇમામતના દરેક હકંદારો પોતાના દાઇઓ તથા નકીબો ઠેકઠેકાણે ફેલાવી આપ્યા હતા ફાતમાઇટ આગેવાનો જો એકત્ર થઇ, અમુકને ખિલાફત અપાવવા કોશીશ કરતે તો, તેઓને જરૂર તે મળી જતે, પરંતુ કુસંપને લીધે જુદા જુદા ઇમામના દાઇઓ એક બીજાના ઇમામો વિરૂદ્ધ બોલતા હતા. બન્યું એમ કે એક ઇમામની કોશીશને બીજા ઇમામે તોડી પાડી અને બની અબ્બાસનું જોર નાબુદ કરવા સામે કોઇ પણ બળવાન કોશીશ તેમનાથી થઇ શકી નહિ.

હસનને આવા પ્રકારનો ધર્મ, પીતા તરફના વારસામાંજ મળેલો હતો. તેમ જયાં જોઇએ ત્યાં, આવા પ્રકારના વિચારો ગલી કુચીએ ફેલાઇ રહ્યા હતા. હસન જ્યારે મલકશાહના દરબારમાંથી નાશી પોતા માટે માર્ગ શોધતો હતો, ત્યારે તેણે ઉપર જણાવેલા મીસરના ઇસમાઇલી ઇમામો તરફના દાઇઓ તથા નકીબોને જોયા, તેમને તે મળ્યો, તેમના વિચારો તેણે જાણ્યા. જાહેરમાં કાંઇ અને બાતીનમાં કાંઇની પોલિસિ નિહાળી. તે પોલીસિથી જુદા જુદા ઇમામતના દાવેદારોએ આવડત તથા સંજોગોથી ચોક્સ હદ સુધી સાફલ્યતા મેળવેલી તેણે જોઇ તથા વાંચી. દાઇઓ તથા નકીબોને જ્યાં ત્યાં અસાધારણ માન અપાતું તેણે જોયું. ઇમામોના નામ ઉપર લોકોને મરી મટનારા જોયા અને ખુદ મીસરના ઇમામોએ પણ ઉપર જણાવ્યા પ્રમાણેની પોલીસિથી મીસરનું રાજ્ય મેળવેલું તેણે જાણ્યું ત્યારે તે જોઇ શક્યો કે, પોતા માટે આ કરતાં બીજો કોઇ પણ માર્ગ વધુ ઉત્તમ નથી.

ઉપરના માર્ગથી ઇમામતના દાવેદારોએ, જેટલા પ્રમાણમાં -સત્તા મેળવી હતી, તેમાં હસનને ઘણી ઘણી ભુલો થઇ જણાઇ હતી.

તે ઇમામોની બુદ્ધિ, દૃઢતા, હિમ્મત તથા સમાજના રૂખને પારખવાની શક્તિમાં પણ તેણે અનેક નબળાઇ તથા ભુલો જોઇ હશે; પણ જો પોતે તે પોલિસિ વાપરે તો પોતે તેવા પ્રકારની ભુલો નજ થવા આપે અને તેમ કરી પ્રથમના જે જે ઇમામતના દાવેદારોએ તે પોલિસિથી મેળવ્યું હતું તેના કરતાં હસન ઘણું વિશેષ મેળવી શકે એમ તેને ચોકસ જણાઇ આવ્યું હોય તો કોઇ નવાઇની વાત નથી; તેથી તેણે પોતાની લગામ ઇસમાઇલી મઝહબ તરફ ફેરવી અને બહુજ સાવચેતીથી તે ઇસમાઇલી મઝહબમાં દાખલ થયો.

ગુરૂ કરતાં ચેલા આગળાની કહેવત પ્રમાણેની હસનની સ્થિતિ હતી. તેને જે ઇસમાઇલી દાઇઓ તથા નકીબો મળ્યા, તેની જોડે પ્રથમ તો તે મઝહબી ઇમામતના શાસ્ત્રાર્થમાં ઉતર્યો અને દાઇઓ તથા નકીબોને પોતાની બુદ્ધિ તથા આવડતનું પાણી દેખાડવાને તેણે પોતાનો તેમનાપર અસાધારણ અસર નાંખ્યો. આ ઉપરથી દાઇઓ સમજ્યા કે, આ અસાધારણ પાણીવાળો માણસ છે અને જો તે આપણા ટોળામાં આવી જાય તો બહુજ ઉપયોગનો થઇ પડે. હસને દાઇઓ તથા નકીબો જોડે શાસ્ત્રાર્થ કરવામાં બુદ્ધિ તથા તર્ક શક્તિનો એવો તો ઉપયોગ કર્યો કે, ઘણી બાબતોમાં તે દાઇઓ તથા નકીબો એવું સમજી ગયા કે, ઇસમાઇલી ધર્મના ઉંડાણને જેટલું અમો સમજવાને શક્તિવાન નથી, તેથી વિશેષ તે તેમાં ઉતરી શકે છે. મતલબકે પોતાના પાણીનો અસાધારણ અસર તથા રોઆબ દેખાડી, તે ઇસમાઇલી થઇ ગયો અને થતાંને વાર તેણે એક ચૂસ્ત તથા કામેલ મીશનરીને લગતી પોતાની કામેલીયત એટલી તો દેખાડી આપી કે, તેને મીશનરી યાને દાઇનો દરજ્જો આપવામાં આવ્યો. ઇસમાઇલી

ફીરકામાં દાખલ થવાથી તે આસપાસના સઘળા ઇસમાઇલીઓનો ધર્મપ્રિય બની ગયો અને તેમ થતાં તેણે તેવા લોકોના દીલમાં પોતાની કાબેલીયતનો સજ્જડ સીકકો બેસાડી નહિ આપ્યો હોય એમ કહી શકાય નહિ.

જ્યારે તે બેચાર વર્ષ શહેરે શહેર તથા ગામેગામ ફરી, મીશનરીપણું બજાવતો હશે ત્યારે ત્યારે તેને પોતાની ફતેહ બહુજ જલદી થઇ શકશે તેના જરૂર સ્વપ્ના આવતાં હશે. તે ઘણી અનુકુળતાઓ નજરો નજર જોતો હશે અને લોકો તેનાપર જાનમાલ કુરબાન કરવાને તત્પર થઇ જતા હશે. આજકાલના સાધારણ આચાર્યો તથા પીરો કે, જેમાં કાંઇ પણ ખેર કે ખુબી હોતી નથી તેને પણ જ્યારે ભોળા તથા અંધશ્રદ્ધાવાળા અસાધારણ ઉપમા તથા માનપાન આપવાને કાલા ઘેલા બની જાય છે ત્યારે એવા સમયમાં કે જ્યારે ઇમામતના દાવેદારો ચારે તરફ ઉભરાઇ પડયા હતા અને દરેક પોતપોતાની ઇમામત સાબીત કરવાને મથી રહ્યા હતા અને ફાવી જવાને ઘટતું કરતા હતા તે સમયમાં હસનને કાંઇ ઓછું માનપાન નહિ મળ્યું હશે. અને તે બરાબર સમાજ શરીરની રગ પારખી શકયો હશે કે, તેનો વેગ પોતાને કેટલી ઉંચી ટોચે ઘસડી લઇ જઇ શકે છે.

હસનને એક અતિ કાબેલ ઇસમાઇલી તરીકે જોઇ શેખ અબ્દુલ મલકે તેને મીસરમાં ઇમામ મુસ્તનસરની મુલાકાત લઇ આવવાને ભલામણ કીધી. આવી રીતે એક નવીન માણસને પોતાના પંથમાં લેવાની સાથેજ તે પંથના સૌથી વડા યાને ઇમામની છેક મીસર સુધી જઇ, મુલાકાત લેવા ભલામણ કરવી તેમાં જરૂર એ ભેદ હોવો જોઇએ કે, અબ્દુલ મલક હસનની હીસ્ટ્રીથી પુર્ણ રીતે વાકેફ થવા પામ્યો હશે અથવા તો હસને પોતાના મુખ્ય કારનામાઓ વર્ણવી

બતાવ્યા હશે અને તે તેની ઉંડી રાજદ્વારી પહોંચ વીગેરેથી બરાબર સમજી શક્યો હશે કે, મીસરમાં ઇમામ મુસ્તનસરનો દોર જે નબળો પડતો ચાલ્યો છે અને જે પક્ષ ઇમામ ઉપર પોતાનો દબાવ નાંખવામાં ફાવી ગયો છે તેને દુર કરવાને હસન ઉપયોગી થઇ પડે. અમારા આ અનુમાનમાં વજુદ હોવાનું એટલા ઉપરથી પણ માની શકાય કે, મીસર પહોંચતાં પહેલાં આવા એક ઉપયોગી માણસને મોકલાવી આપ્યાના સમાચાર મુસ્તનસરને અબ્દુલ મલક તરફથી મોકલી આપવામાં આવ્યા હતા અને તેની ખ્યાતિથી મુસ્તનસરના પક્ષકારોને જાણીતા કરી આપવાંમાં આવ્યા હતા. હસન મીસરમાં જાય છે ત્યારે તેનો ખુદ ઇમામ મુસ્તનસર પોતાના મંત્રીઓ મોકલી એસ્તકબાલ કરાવે છે તથા તેની મેહમાનદારીના લવાઝેમાત બજાવી લાવે છે. મુસ્તનસરને દબાવમાં રાખનારો વર્ગ જાહેર રીતે હસનને મુસ્તનસર સુધી પહોંચવા દેતો નથી. હસન પોતાના પ્રોગ્રામ પ્રમાણે નીઝારની તરફેણમાં ખટપટમાં ઉતરે છે તેથી મુસ્તનસરપર દબાવ નાંખનારા વડા સેનાધિપતિનો પક્ષ તેથી વિરૂદ્ધમાં છે અને તેથી તે હસન સબ્બાહની ખટપટથી વાકેફ થઇ, તે ખટપટ કરનારને સજા કરવાને તત્પર થઇ જાય છે અને તેને એક કીલ્લામાં કેદ પુરે છે. આ સઘળા બનાવો અમારા એવા અનુમાનને બરોબર ટેકો આપવાને પુરતા છે કે, હસનને મીસર ખાતે રાજદ્વારી ખટપટમાં સહાયતા મેળવવા માટે મોકલવામાં આવ્યો હતો અથવા તો તે પોતે તેજ હેતુ માટે મીસર ગયો હતો, કે જેમાં અંદરખાનેથી તે પોતાની લોભી તૃષ્ણા પાર પાડવા માગતો હતો.

જો તે રાજદ્વારી ખટપટ માટે મીસર નહિ ગયો હતે અને માત્ર ઇમામના દર્શન માટેજ ગયો હતે તો, ભલે તે ગમે તેટલો શ્રદ્ધાળુ

તથા ઉપયોગી પણ હતે, તો મુસ્તનસરને તેના એસ્તેકબાલ માટે પોતાના ખાસ મંત્રીઓ મોકલાવવાની શી જરૂર હતે? હસન સબ્બાહ કાંઇ એકલોજ ઇમામના દર્શન માટે નહિ આવતો હશે, હજારો માણસો નઝદીક તથા દુરથી કાયમ આવતાજ હશે અને જે દર્શન માટે આવતા હશે, તેને દર્શન પણ તુરતજ આપવામાં આવતાં હશે, કેમકે દર્શન કરવા આવનાર માણુસ વધુ વખત માટે રોકાય, તેનું કાંઇ કારણ હોઇ શકે નહિ; કેમકે તે માત્ર દર્શન કરવાને આવે છે અને જ્યારે દર્શન થઇ જાય ત્યારે તેનો આવવાનો હેતુ પાર પડી જતાં, તેને પરત વતનમાં વળવાનું હોય છે. પરંતુ હસન કે જેને શેખ અબ્દુલ મલક ઇમામ મુસ્તનસરના દર્શન માટે મીસર જવાનું કહે છે તે દર્શન જેને દર્શન કહેવામાં આવે છે તે દર્શન નહિ, પણ ઇમામને બીજાઓના દબાણુથી બચાવવાના કામમાં મદદગાર થઇ પડે તે છે અને અમલ પણ એજ પ્રમાણેનો થાય છે કે હસન ત્યાં જઇ ઇમામપર દબાણ ચલાવનાર વડા સૈનાધિપતી વિરૂદ્ધ ખટપટ ઉભી કરે છે, જેની ઇમામ ખુદ સહાયતા કરે છે. મતલબકે હસન ખરી રીતે દર્શન કરવાને માટે મોકલાયો કે ગયો નહિ હતો, પણ રાજદ્વારી ખટપટમાં ભાગ લેવડાવવા કે લેવાને મોકલાયો કે ગયો હતો.

હવે તે ઉપર પ્રમાણેની ખટપટમાં ભાગ લેવાને ગયો કે મોકલાયો તે જોઇએ. જોકે પરિણામ બંનેનું એકજ છે, તો પણ હસન, જે નવા મેદાનની શોધમાં આમતેમ ભટકતો હતો તેને જ્યારે ઇસમાઇલી મીશનરીના કાર્યમાં આગળ વધવાના સંજોગો નજરે પડયા હશે ત્યારે તે બરાબર જાણી શકયો હશે કે, આ મેદાનમાં ખરી સત્તા જો મેળવવી હોય તો તે આ સ્થળે નહિ પણ તે મીસરમાંજ મળી શકે છે. કારણુકે અહીં તે છેવટમાં છેવટ શેખની ડીગ્રી સુધી પહોંચી

શકે તેમ હતો, કે જે શેખ મીસરના ઈમામને તાબેનો એક માણસ ગણાય. મતલબકે તે અત્રે ગમે તેટલો અધિકાર મેળવે; તો પણ તેની હદ એ કરતાં આગળ હોઈ શકે નહિ કે, તે મીસરના ઇમામના વડા મંત્રીઓનો તે તાબેદાર ગણાય. તે અત્રે રહી બીજા શેખ, નકીબ તથા દાઈ કરતાં પોતા માટે વધુ લાગવગ સ્વતંત્ર રીતે મેળવી શકે તેમ નહિ હતો; કેમકે જો તેમ કરે તો બીજા દાઇઓ, નકીબો તથા શેખ તેની તેવી હીલચાલથી તુરતજ જાણીતા થઇ જાય અને તેમ થતાં વખતે હસનને મીશનરીપણામાંથી બાતલ પણ થવું પડે અથવા તો જેમ ખ્વાજા નિઝામ-ઉલ-મુલ્ક સાથે ખટપટમાં ઉતરવું પડયું તેમ અહીં પણ ખટપટમાં ઉતરવું પડે. વળી ત્યાં તો નિઝામ-ઉલ-મુલ્ક એક માત્ર વડો વજીર હતો. સ્વતંત્ર નહિ હતો. વડા વજીરો પ્રત્યે સુલતાનો અનેક અનેક બાબતમાં કાચા કાનો રાખવાના કારણે કચવાટમાં રહેતા જોવામાં આવ્યા છે. તેવા સંજોગોમાં તે વડા વજીરને પછાડી શકે એ બનવા જોગ હતું; પણ અહીં જો તે મીશનરીપણામાં તેવી કોઇ ખટપટનો ભોગ થઇ પડે તો, તેનો ફેસલો મીસરમાંથી થવાનો હતો જેમાં તે તદ્દન નાસીપાસ થાય તેમ હતું; કારણ કે અપાયલા અધિકાર ઉપરાંત જો મીસરના ઇમામ તેની હીલચાલ સાંભળે તો, તેને તેની સજા કર્યા વિના રહે નહિ માટે છેવટે હસનના મગજમાં એમ નક્કી આવ્યું હોય કે; ખરી સત્તા મીસરમાં જઇ ઇમામના ભોળપણાથી મેળવવી જોઇએ અને તેમ કરી છેવટે સ્વતંત્ર સતા પ્રાપ્ત થઇ શકે છે. એમ તે માને છે! આવા વચારથી તે મીસર જવાને ઉશકેરાયો હોય અને પોતાના તેવી ઉશ્કેરણીનું વ્યવહારૂ પરિણામ તે શેખના હુકમથી અમલમાં મુકે. માટે તેણે પોતાના મીસરમાં જવા વિશેનું અગત્યપણું આડકત્રી રીતે

શેખને સાબીત કરી બતાવ્યું હોય. જોકે પોતાને મીસર જવું હતું; પરંતુ તે પોતાના મુખથી માગી લેવાનું તેને મુનાસબ લાગ્યું નહિ, તેથી શેખજ તેને તેના માગણી સિવાય મીસર જવાની રજા આપે અથવા તો મોકલે તેવો શેખથી તેણે હુકમ મેળવવા પ્રયત્ન કર્યો, જેમા તે ફળીભૂત થયો અને તે મીસર જઇ પહોંચ્યો.

તેણે ઇસમાઇલી મઝહબ ગૃહણ કરવો, તેનું મીશનરી થવું, તથા ઇમામ મુસ્તનસરનાં દર્શન માટે મીસર જવું, તેને લગતી જે હકીકતો મળી આવી છે તે, એ બાબત માટે પુરતી છે કે તેનો મુળ ઉદ્દેશ સત્યમાર્ગ ગૃહણ કરી મોક્ષ મેળવવો એ નહિ હતો; કારણ કે જો તેનો તેવોજ ઇરાદો હતે તો રાજદ્વારી સ્વતંત્ર સત્તા પ્રાપ્ત કરવાને ઝીપલાતે નહિ. તેમ તેને લગતી ખટપટો તથા ધડાબંધીઓમાં ઉતરતે નહિ. તે રાજદ્વારી સત્તા પ્રાપ્ત કરવાની ખટપટોમાં ઉતર્યો અને તે સત્તા તેણે પ્રાપ્ત પણ કરી; તેથી તેનો તેમ કરવાનો હેતુ હતો તે નિર્વિવાદ છે અને તેથી ઉલટું તેણે કર્યું નથી, એ બાબત સિદ્ધ કરે છે તેમ કરવાનો તેનો ઇરાદોજ નહિ હતો.

હસન બરાબર જોઈ શકયો હતો કે, મઝહબી ભાવના, ઝનુન તથા ઉશકેરણીથી લોકો જેટલા વિશેષ પ્રમાણમાં તાબે થાય છે અને પોતાના પ્રાણુ વટીક અર્પણ કરવાને પાછા હઠતા નથી, તેટલા બીજી રીતના માર્ગથી તાબે થતા નથી તેમ પ્રાણુ વટીક આપવાને તત્પર થતા નથી. બીજો માર્ગ એવો ઓછી શક્તિવાળો છે કે, જેમાં સ્થુળ લાભની લાલચ હોય છે; જ્યારે પહેલો માર્ગ એટલો તો બળવાન હોય છે, કે જેમાં રૂહાની લાભ તથા સ્વર્ગની લાલચ હોય છે. દુનિયાના પ્રમાણમાં આખરતનું સુખ ઘણું બળવાન માનવામાં આવે છે. દુનિયા તથા તેનો વૈભવ નાશ પામનારો છે જ્યારે આખરત અને તેના

વૈભવો કાયમના છે. આખરતના વૈભવો કલ્પી પણ ન શકાય તેવાં ઉચ્ચ કોટિના છે જ્યારે દુનિયાનું સુખ સાધારણ છે. તેવીજ રીતે દુનિયાનું દુખ સાધારણ તથા થોડા દહાડા માટેનું છે જ્યારે આખરતનો અઝાબ અતિ ભયંકર તથા કાયમનો છે. આવી સમજથી ધર્મિષ્ટ લોકો આખરતના વૈભવને માટે દુનિયામાં ગમે તેટલું કષ્ટ પડે તો પણ તે સહન કરવાને તૈયાર થઇ જાય છે. તેના માટે પોતાનું સર્વસ્વ તથા પ્રાણ વટીક કુરબાન કરી નાંખે છે અને તે કુરબાન કરતાં તે એમ સમજે છે કે આખરતનું અતિ ઉત્તમ તથા કાયમનું સુખ તેના બદલામાં તેને મળી ગયું છે. મરણની સાથે તે અતિ ઉચ્ચ સ્વર્ગ તથા કાયમ ધામમાં જઇ મોજ માણવા લાગી જાય છે. જ્યાં આવા પ્રકારનું બળ વગર મશીને કાર્ય કરતું હોય અને પુરદમામ સંચો ચાલતો હોય તેવું સાધન હસન છોડી, થોડી તથા ટુક સમયની લાલચથી પોતાનો માર્ગ તે કાપવા લાગે, એ તેની બુદ્ધિ, ચતુરાઇ તથા કૌશલ્યતાને ઝાંખ લગાડનારી બાબત ગણાય; તેથી તેણે આવી શક્તિનો પોતાની ઉન્નતિ માટે આશરો લેવાનો નિર્ણય કર્યો, અને તેજ માર્ગમાં યાહોમ તેણે પોતાને હંકારી મુકયો.

ઉપર પ્રમાણેના લોકોના વલણના બળનો, પોતાની ઉન્નતિ માટે ઉપયોગ લેવડાવવવામાં એક મહાન મુશકેલી એ હતી કે, તેવા બળનો લાભ જે દાવેદાર થાય તેનેજ વત્તા ઓછા પ્રમાણમાં પ્રાપ્ત થઈ શકે અને તેજ તેનો હકદાર પણ ગણાય. પણ હસન કાંઇ તે ફીરકાનો ઇમામ નહિ હતો કે, તેને તે બળનો સીધી રીતે લાભ મળી શકે; પણ હસન ખરેખર કાળા માથાનો માનવી હતો. તેણે તે મહાન મુશકેલીને એવી ચતુરાઇથી દુર કરી અને લોકોની આંખો એવી તો આંજી આપી કે, જે સાંભળીને વાચક વર્ગ દીંગમૂઢ બની જાય તેમ

છે. આ બધી બાબતની પૂર્ણ સમજ હસને અખતેયાર કરાવેલા નવા મઝહબના આચાર વિચાર તથા તેને વ્યવહારૂ અમલમાં મુકાવેલાં ધોરણો આપે છે.

સ્વતંત્ર રાજદ્વારી સત્તા મેળવવાના જે કાર્યમાટે હસન મીસર ગયો હતો, તે કાર્યને ઠાર પાડવા માટે તેણે પુષ્કળ પ્રયાસ કર્યો અને પોતાની બુદ્ધિ, ચતુરાઇ તથા ઉંડી પહોંચથી ત્યાં તેણે અસાધારણ ખટપટ ઉત્પન કરી આપી. તેણે એટલે સુધી ખટપટમાં ભાગ લીધો કે, તેને વડા સેનાધિપતિ સામે મુકાબલામાં ઉતરવું પડયું. મલકશાહના દરબારમાં ખ્વાજા તેના કાર્યમાં વિઘ્નકર્તા નીવડયો હતો તેમ અહીં વડો સેનાધિપતિ સામે થયો હતો. મલકશાહના દરબારમાં જેમ તેના પર ખ્વાજાને નીચું નમાડી દેવડાવવાની ફરજ પડી હતી તેમ અહીં વડા સેનાધિપતિ માટે બન્યું હતું; પણ બંને સ્થિતિ વચ્ચે ઘણો ભેદ હતો. મલકશાહ એક સ્વતંત્ર તથા તે પણ અંગત સત્તાવાન સુલતાન હતો જ્યારે અહીં મીસરમાં તેથી ઉલટું હતું. ખલીફ મુસ્તનસરની સત્તા માત્ર નામનીજ હતી તે એ બાબતથી સમજમાં આવી શકશે કે, એક વખતે તેની સત્તાની હદ એટલી સંકુચિત થઇ હતી કે, તેની પાસે બેસવાને ચટાઇ સિવાય બીજું કશું એ રહ્યું નહિ હતું. હવે મીસરના સુલતાન તથા ઇસમાઇલી ફીરકાના ઇમામ ગણાતા આસામીની, જ્યારે આવી દયાજનક સ્થિતિ થઇ જવા પામી હશે ત્યારે, તે સત્તા કેટલી નિર્બળ તથા મામલો કેટલે સુધી પલટાઇ ગયો હશે તેનો અંદાજ નીકળી શકે છે; મતલબકે અહી ખરી રીતે વડા સેનાધિપતિનું રાજ્ય ચાલતું હતું. હસને મુસ્તનસર ખલીફને તો પોતાની ઇચ્છાનુસાર કબજે કરી લીધો હતો; પણ માત્ર તેને કબજે કરી લેવાથી મતલબ સરે તેમ નહિ હતો. ખલીફ મુસ્તનસરને કબજે

કરવામાં તથા તેની સહાયતા લેવાનું એક કારણ એ પણ હોવું જોઇએ કે, ઇમામત પ્રત્યેની માન્યતા, લાગણી તથા ફીદાગીરિની સત્તાનો લાભ લઇ શકાય તેમ હતો; પણ જો તેથી ઉલટું કરતે તો તેવો લાભ તેને મળી શકતે નહિ, વળી તેમ થવા સાથે વડો સેનાધિપતિ હસન જેવા મતલબી માણસને પત આપે તેમ પણ નહિ હતો. તેને પત આપવાનું કાંઇ કારણ પણ નહિ હતું. કેમકે તે દરેક રીતે સશક્ત હતો. આવા સશક્ત સત્તાવાન માણસ આગળથી હસન કાંઇપણ લાભ મેળવી શકે તેમ નહિ હતો; કેમકે તેને ભોળા તથા અંધશ્રદ્ધાળુ લોકો પાસેથી કામ કાઢી લેવાનું બહુજ અનુકુળ હતું. તેવો વર્ગ તેના બાતીનને સમજી શકે તેમ નહિ હતો માત્ર જાહેર જોઇ મરી પડે તેવો હતો; પણ વડા સેનાધિપતિનો પક્ષતો જરાપણ શક પડતી હીલચાલ જોઇ હસનના રંગઢંગને પામી જાય તેવો હતો. આવી મુશ્કેલી છતાં પણ હસને પોતાનો હેતુ પાર પાડવામાં લગભગ ફતેહમંદીજ મેળવી; પણ તે ફતેહમંદી તુરતજ લોકોને મૃગજલ જેવી જણાઇ; પરંતુ ખરી રીતે તે મૃગજલ ફતેહ નહિ હતી. તે ફતેહ તદ્દન પૂર્ણ છે એમ માત્ર હસનજ સમજતો હતો અને નિરાશા વચ્ચે પણ તેણે પોતાનું કાર્ય સાધી લીધું હતું; જો કે લોકોમાં તે નિષ્ફળ નીવડયો છે એમ દેખાવ થવા પામ્યો હતો.

કહે છે કે ઇમામ મુસ્તનસરે પ્રથમ પોતાના વડા પુત્ર નીઝારને ગાદી વારસ નીમ્યો હતો; પણ પાછળથી તેના વર્તનથી નારાજ થઇ પોતાના બીજા પુત્ર મુસ્તેઅલીને નીમ્યો. વડો સેનાધિપતિ મુસ્તેઅલીનો મામો થતો હોવાથી, કહે છે કે તેણે આવો ફેરફાર કરવાને ઇમામ મુસ્તનસરને ફરજ પાડી. તે ગમે તેમ હોય, પણ એ વાત ખરી કે પાછળથી મુસ્તેઅલીને ગાદી વારસ ઠેરવ્યા. આ ફેરફારી હસન માટે સહન

નહિ થઇ શકે તેવી હતી; કેમકે નીઝાર ગાદી ઉપર આવે તોજ હસનના હાથમાં રાજ્યની કુલ લગામ આવે અને હસન સ્વતંત્ર રાજદ્વારી સત્તા મેળવવા પામે; નીઝાર અને વડા સેનાધિપતિ વચ્ચે દુશમની હતી અને જો નીઝાર ગાદીએ આવે તો, તેની સત્તાપર અંકુશ આવે માટે તેણે મુસ્તેઅલીનો પક્ષ પકડયો, જેમાં તે ફાવ્યો.

આ ફેરફારી સામે હસને વાંધો ઉઠાવી નીઝારની તરફદારી કીધી; કેમકે તેમ કરવામાં તેનું હિત સમાએલું હતું. હસને લોકોને નીઝારના તરફેણ માટે બહુજ ઉશકેર્યા. તેણે કહ્યું કે, ઇમામ પહેલો હુકમ કરે તે માન્ય અને તેમાં ફેરફાર કરે તે અમાન્ય ગણાય. આ માટે તેણે દલીલ રજુ કરી કે, ઇમામ જાફર સાદક હઝરત ઇસમાઇલ માટે ઇમામતની વસીયત કરી હતી; પણ તે પીતાની હયાતીમાંજ ગુજરી-જતાં, તેમણે હઝરત મુસા કાઝમ માટે વસીયત કરી; પણ તેમની આ વસીયત બીજી વખતની હોવાથી માન્ય રખાઇ નહિ અને હઝરત ઇસમાઇલને ઇમામ ગણી તેનો સીલસીલો તેમની ઓલાદમાં ઉતર્યો; માટે આ પ્રસંગે પણ ઇમામ તો નીઝારજ ગણાય. આ ખટ-પટે ઘણુંજ ગંભીર રૂપ પકડયું, પણ વડો સેનાધિપતિ બહુજ બળ-વાન હોવાથી તેણે હસનને પકડી કેદખાનામાં પુર્યો અને પાછળથી આફ્રીકા તરફનું એક વહાણ હંકારાતું હતું તેમાં તેને રવાના કરી આપ્યો,

હસન જો કે લોકોની દ્રષ્ટિમાં તદ્દન હાર્યો હતો; પણ તેણે નીઝારના ઇમામતનો ઝુંડો પોતાના હાથમાં લઇ તે ઝુંડા વિષે તેણે બેઅત લેવાનું શરૂ કર્યું અને ટુંક વર્ષમાં તેણે ઇરાન તથા તેની આસપાસના બધા વિભાગોમાં ફરી તે કામ તેણે હાર પાડયું અને લોકોના મોટા સમુહને પોતાના પક્ષમાં કરી લીધો. અને લોકોના દીલોમાં તેણે ઠસાવી

આપ્યું કે, મુસ્તેઅલીએ નીઝારનો હક ગસબ કરી લીધેલો છે માટે તે હક તેનાથી મેળવવો જોઇએ. હવે નીઝાર જ્યારે ઇમામ ગણાયા, ત્યારે તેમની ઇમામતની ગાદી પણ મુસ્તેઅલીની મીસરમાં ગાદી છે તેમ થવી જોઇએ અને તેમ કરવા માટે હસને સતત પ્રયાસ કરી અલમોતને તેવી ગાદી બનાવી.

હસન જો કે જાહેરમાં નીઝારની ઇમામત વિષેનો બોધ આપતો હતો, અને તેને પોતાનો હેતુ પાર પાડવાને તેમજ કરવાની જરૂર હતી. નીઝારની ઇમામતના ઓઠાં હેઠળ, તેને પોતાનો મતલબ સાધવાનો હતો, પણ જો નીઝારની ઓલાદને ગાદી ઉપરજ બેસાડી આપવામાં આવે તો, તુરતમાં અથવા પછીથી હસનની સત્તા ઝુંટવાઇ જાય તેમ હતી તેથી નીઝારની ગાદીનું માત્ર નામ રાખ્યું અને અંદરખાનેથી પોતાનું કામ રાખ્યું. લોકોને કહ્યું કે આ ગાદી ઇમામ નીઝારના પુત્ર માટે તૈયાર થાય છે હાલ તે બાળક છે તેથી જાહેરમાં લાવી શકાય તેમ નથી. આમ કરવાનો તેનો હેતુ બહુજ સ્પષ્ટ છે કે, આવી યુક્તિથી હાલ તુર્ત પોતાને મજબુત બનાવી લઇ પાછળથી પોતાનીજ ઓલાદમાં સત્તા ઉતારવી અને કર્યું પણ તેમજ કે, પોતાના મૃત્યુ વખતે પોતાના પુત્ર કીયા બુઝુર્ગ ઉમેદને ગાદી સોંપી ગયો, કે જે ગાદી તેના વંશમાં છેક રૂકનુદ્દીન ખુરશાહ સુધી ચાલી.

જો હસને ખરી રીતે ઇમામ નીઝાર માટેજ ગાદી સ્થાપિ હતે તો, તેણે તે ગાદીપર તુરતજ ઇમામ નીઝારના પુત્રને બેસાડી દેવો જોઇતો હતો; પણ તે ૩૫ વર્ષ સુધી યાને પોતાની જીંદગી તુલીક તે તેમ કરતો નથી. વળી કીયા બુઝુર્ગ ઉમેદ પણ રાજ્ય ભોગવી પોતાની ઓલાદ માટેજ ગાદી રાખી જાય છે અને તે ઓલાદમાં

ઝીકીયા સલામે એક યુક્તિ કરી પોતાને નીઝારની ઓલાદમાં હોવાનું જણાવ્યું, કે જે બાબતની અત્રે ચોખવટનો પ્રસંગ નથી તેથી તેના ઝઘડામાં અમો ઉતરતા નથી. હસનનું એમ કહેવું કે ઇમામ નાની વયના છે તેથી ગાદીપર શત્રુઓની ધાસ્તીને લઇ આવી શકે નહિ; પણ આવી હસવા સરખી દલીલ કોઇને ગળે ઉતરી શકતી નથી કેમકે ઇસમાઇલી દીનમાં ઇમામની બાલ્યાવસ્થા કે યુવાવસ્થા બંને એક સરખાંજ ગણાય છે. તેમ શત્રુઓની ધાસ્તીનો તો અત્રે સવાલજ રહેતો નથી, કેમકે મલકશાહ તથા સુલતાન સંજરશાહ જેવાને પણ જયારે તેણે મચક આપી નહિ, તો પછી તે કરતાં તે બીજો કયો બળવાન શત્રું હસ્તી ધરાવતો હતો કે, જેની ધાસ્તીથી ઇમામને જાહેરમાં લાવી કે ગાદીપર બેસાડી શકાય તેમ નહિ હતું! મતલબકે હસને પોતે મેળવેલા રાજયનો પોતેજ ભોગવટો કરવા તથા ત્યાર પછી તેનો વારસો પોતાની ઓલાદમાં મુકી જવાને તેણે લોકોની આંખોપર પટી બાંધી આપી હતી. હવે જયારે સામાન્ય વર્ગની દ્રષ્ટિમાં ઇમામ તો બાળ વયના અને તદ્દન કોઇ ન જાણે તેવા ગુપ્ત રહ્યા ત્યારે સ્વતંત્ર સત્તાતો હસનના હાથમાંજ રહી, કે જેમ કરવાનો તેનો પાકો ઇરાદો હતો અને તે ઇરાદો પાર પાડવાને તે નવા નવા ખેલ ખેલી રહ્યો હતો.

આવી રીતે નીઝાર માટેની ઇમામતની ગાદીના સાયા હેઠળ તે પોતાના સઘળા શિષ્યોનું મુકાન મીસર તરફથી મરડીને પોતા તરફ લઇ શકયો અને અલમોત તથા તેની ગાદી એક સ્વતંત્ર ઇમામની ગાદી તથા રાજધાની થઇ; કે જેમાં ખરી રીતે હસન સબ્બાહ સુલતાન તથા સ્વતંત્ર સત્તાધિશ હતો. લોકોનું ધાર્મિક મુકાન મીસર તરફથી ફેરવવા સાથે તેણે મીસરની જેમ બાહી ધાર્મિક

તાલીમનો બંદોબસ્ત કર્યો, અને તેમાં મુસ્તેઅલી પક્ષના ધાર્મિક આચાર વિચારથી અલગપણું બતાવી તથા તેમાં ભુલો હોવાનું સિદ્ધ કરી તેણે પોતાના નવા આચાર વિચારની ઇમારત ચણવા માંડી.

હસને અલમોતમાં ઠરીને બેઠા પછી ઇસ્માઇલીઆ મઝહબને એક તદ્દન નવોજ લેબાસ પહેરાવ્યો. ઉપરના ઇમામતના સિદ્ધાન્તને કબુલ કર્યા પછી હસને સાયન્સની બારીક અને ઉંડી વાતોમાં ઉતરી, મુસલમાનો કે જે ખુદાને સર્વ શક્તિવાન ગણે છે તેને બીલકુલ શક્તિ રહિત જાહેર કીધો અને જણાવ્યું કે, ખુદામાં કોઇપણ સીફત છેજ નહિ. તેણે કહી બતાવ્યું કે, જો ખુદામાં સીફાતો હોય તો તે માણસના જેવો હોવો જોઇએ તેટલા માટે તેનામાં કોઇ સીફત નથી એમ માનવું જોઇએ. વળી તેણે જણાવ્યું કે, જે શક્તિઓ તેનામાં છે એમ કહેવામાં આવે છે તે તેનામાં શક્તિઓ છે તેટલા માટે કહેવામાં આવતું નથી, પરંતુ તે તે શક્તિઓ બીજાઓને આપનાર છે તેથી કહેવામાં આવે છે. ખુદાને કાદેર કહેવામાં આવે છે તે તેટલા માટે નહિ કે, તેનામાં કુદરત છે; પરંતુ તેણે બીજાને કુદરત આપી છે તેથી કહેવામાં આવે છે. એવીજ રીતે સઘળી શક્તિઓ તેનામાં છે એમ એટલા માટે કહેવામાં આવે છે કે તે સઘળી શક્તિઓ બીજાને આપનાર છે. ખુદાની શક્તિઓની વાત તો એક તરફ રહી, પણ ખુદાના હોવાપણાના સબંધમાં પણ તેણે શંકા જાહેર કીધી. તેની માન્યતા હતી કે, ખુદાની સાથે હોવાપણું શબ્દ લગાડી શકીએ નહિ " તેને અમે છે એમ અને નથી એમ પણ કહી શકતા નથી. "

વાંચક વર્ગ જોઇ શકશે કે, તેણે મઝહબે ઇસલામે ખુદાની જે [illegible] સ્વીકાર કીધો છે તેનાથી ઇનકાર કીધો અને લગભગ નાસ્તીકપણાના સિદ્ધાંતો તેણે ગ્રાહ્ય કર્યા. આવા કારણને લઇ હસન તથા

તેના પંથીઓને ઇસલામના સઘળા ઇતિહાસકારો તથા ઓલમાઓએ મુલહેદનું નામ આપ્યું છે. મુલેહદોના ઇતિહાસનું સંક્ષિપ્ત વર્ણન અમો આ પુસ્તકના પાછળના ભાગમાં આપવા ધારીએ છીએ તેથી અત્રે તેનું સ્થાન રાખતા નથી, પણ કહેવાનો મતલબ એકે, હસને મુસલમાની મઝહબમાં જે ખુદાની તવહીદ તથા સીફાતોની માન્યતા છે તે તજી આપી તથા પોતાના લાખો મુરીદોને પોતાના મત જેવા બનાવ્યા.

પોતે જે રાજદ્વારી સ્વતંત્ર સત્તા મેળવી તે, જાહેર રીતે જાણે કે તે ઇમામ નીઝારની ઓલાદ માટે મેળવતો હોય તેવો નિઃસ્વાર્થ પ્રયત્ન રજુ કરે છે, પણ ખરી રીતે તે લોકોની આંખો આંજી પોતા માટેજ બધું કરતો હતો. આવી રીતે ખરી રીતે પોતે સ્વતંત્ર સત્તા પ્રાપ્ત કરી તેણે ઉપર જણાવ્યા પ્રમાણેના મઝહબી તવહીદને લગતા અકાયદો ફેલાવવા માંડયા. તેનું દરેક કામ સખ્તાઇ ભરેલું, દ્રઢતાવાળું તેમજ હિમ્મતવાળું હોતાં, તે તે સઘળી બાબતોમાં પોતાની ધારણા તથા યોજના પ્રમાણે અમલ કરાવી શકયો.

મીસરના ઇમામો જે પ્રકારની કેળવણી તથા મીશનરી કાર્ય કરતા હતા તેનો યોજક અબ્દુલ્લા બિન મૈમુન હતો. હઝરત ઇસમાઇલના પુત્ર મહમદનું વર્ણન " કનઝલ મસાહેબ " નામના ગ્રંથમાં આગા મહંમદ હસનલ હુસેનીના મુનશી મીરઝા સાગરે લખ્યું છે કે " અબ્દુલા બિન મેયમુન હઝરત ઇમામ જાફર સાદકનો મિત્ર હતો. તેણે હઝરત ઇસમાઇલની સારી સેવા બજાવી હતી. " સર જોસફ આર્નોલ્ડ બારભાયા કેસના ફેંસલામાં લખે છે કે " મુળ બાબતોમાં ઇસમાઇલી લોકો શીયા હતા પણ ઇમામત જેવી બાબતોમાં કંઇએક

મતો ધરાવતા હતા જેનો જમાવ થઇને એક જુદો પંથ ઉભો થયો, ' કે જેની અંદર થોડા અથવા ઘણા છુપા મતોનો જુદો જુદો તફાવત હતો ' કે જે મતનો ઇ. સ. ૧૦ મી સદીની શરૂઆતને આશરે નામીચા અબ્દુલ્લા બિન મેયમને પહેલ વહેલા ઇરાનની દક્ષિણ અને આથમણી વચ્ચેના ભાગમાં આવાશ નામનું શહેર આવેલું તેમાં અને પાછળથી સીરીયાની અંદરના સલમીઆ શહેરમાં ઉપદેશ કર્યો. "

આગળ ચાલતાં તુરતજ લખે છે કે " મેજોઇ અથવા જરથોસ્તી-ઓના કેટલાએક મતો સાથે હિન્દુ ફીલસુફીને અબ્દુલ્લા બિન મેયમને સ્વીકાર કરી હતી અને ઇસમાઇલી ધર્મના સૌથી ઉંચા ભેદમાં " પાન્થીઝમ " યાને દરેક જગ્યાએ ખુદા છે એવો મત દાખલ કર્યો, કે જે મતથી ખુદાની હૈયાતી તથા માણસના જીવના અમર્ગપણાનો વિચાર નીકળી જાય છે. એમ જણાવીને એવો ખુલાસો સ્હેલથી ઉડા-વવામાં આવ્યો કે, એ મત પાળનારાઓ માણસને પોતાના કામનો જવાબદાર ગણુતા નથી. અથવા તેની દરકાર કરતા નથી આ દપકો ઇસમાઇલી ધર્મની ભેદ ભરેલી શીખામણને કાંઇ પણ પાયા વગર વારંવાર આપવામાં આવે છે "

પ્રોફેસર આર્નોલ્ડ પોતાના ધી પ્રીચીંગ ઓફ ઇસલામ નામના ગ્રંથમાં લખે છે કે " ઇસમાઇલી મઝહબની મીશન પદ્ધતિનો શોધક અને તેનો ફેલાવો કરનાર અબ્દુલ્લા બિન મેયમુન હતો. આ માણસ મનુષ્ય જાતની પ્રકૃતિ પિછાણુવા તથા ધર્મના અકાયદાને જુદી જુદી પ્રકૃતિઓ અને ધર્મોને મળતા બતાવવામાં ખ્રીસ્તી યસુઆ પંથના સ્થાપકથી પણ વધારે કુશળતા ધરાવતો હતો. ઇ. સ. ની નવમી સદીમાં આ માણસે ઇસમાઇલી મઝહબમાં નવો આત્મા ફુંકી આપ્યો. "

અબ્દુલ્લા બિન મેયમને જે પ્રકારના ઢાળામાં ઇસમાઇલી મઝહબને ઢાળ્યો તથા તેને જે પ્રકારનો પોશાક પહેરાવ્યો તે, સ્થાપિત ઇસલામી ધર્મથી તદ્દન નિરાળોજ હતો; નિરાળોજ હતો એટલુંજ નહિ; પણ તેનાથી વિરૂધ્ધ આચાર વિચારનો હતો. તેણે જરથોસ્તી, હીન્દુ, ઇસલામી વીગેરે પંથોમાંથી કેટલીક બાબતો ચુંટી કાઢી અને તેને ઇસમાઇલી મઝહબ સાથે મેળવી ઇસમાઇલી મઝહબને એક વિચિત્ર પ્રકારનો ખીચડો પંથ બનાવી આપ્યો.

મીસરના ઇસમાઇલી લોજમાં જે પ્રકારનું શિક્ષણ આપવામાં આવતું હતું, તેની નવ પાયરીઓ કરવામાં આવી હતી. આવી પાયરીઓની સંખ્યા તથા શિક્ષણમાં હસને કેટલોક ફેરફાર કર્યો હતો, પરંતુ સાધારણ રીતે તેને મળતીજ તેણે પણ અલમોતમાં ઇસમાઇલી શિક્ષણ લોજમાં પાયરીઓ કીધી હતી અને તે પાયરી પ્રમાણે ત્યાં શિક્ષણ અપાતું હતું, તેથી હીસ્ટ્રી ઓફ ધિ એસેસીન્સમાંથી તે પાયરીવાર શિક્ષણ અનુક્રમે તપાસીએ કે જેથી હસનના મઝહબ ઉપર પ્રકાશ પડે.

"બીજી સઘળી પાયરીઓ કરતાં પહેલી સૌથી વધારે લાંબી તથા મુશકેલ હતી; કારણકે શિક્ષકના જ્ઞાનમાં વિધાર્થીને પુરો ભરોસો રાખવાને ઉશકેરવા તથા ધર્મ સંબંધી છુપા ભેદ પ્રમાણે વર્તવામાં કાંઇપણ વાંધો લેવો નહિ તથા તેમાં તો માત્ર આસ્થાજ રાખવી એવું આકરા સમ આપી કબુલ કરવા તેનું વચન કરાવવા માટે તે જરૂરની હતી."

"આ મતલબ સાધવાને માટે સ્થાપિત ધર્મ અને બુદ્ધિથી જોતાં એક બીજાથી વિરૂદ્ધ જણાય એવી ઘણીક વાતોથી અવળા

સવાલો અને કપટ ભરેલી શંકા લાવી કુરાનની વાતોને ગુંચવણ ભરેલી કરી. અને જેવી રીતે નાળિએર ઉપર બહારના છાલાંની અંદર કોપરૂં રહેલું છે, એવી રીતે ઉપર ઉપરના અર્થની અંદર વધારે ઉંડો ગુઢાર્થ બતાવી, મનને ગુંચવણમાં નાંખવાને માટે લઇ શકાય તેવા ઉપાય લેવામાં આવતા. શિષ્યની જીજ્ઞાસા જેટલા પ્રમાણમાં વધતી હોય તેટલાજ પ્રમાણમાં જ્યાં સુધી તે આકરા સોગંદથી બંધાય ત્યાં સુધી આ મુશકેલીઓનો જરા પણ ખુલાસો આપવાને માટે શિક્ષકની ના પાડવામાં દ્રઢતા વધતી. આ પછી તેને બીજી પાયરીમાં દાખલ કરતા ”

આ પહેલી તથા બાકીની આઠ પાયરીઓ વિષે અમારા તરફથી “ અલમોતના રાજ્યનો ઇતિહાસ ” નામે પુસ્તક બહાર પડેલું છે તેમાં બહુજ વિસ્તારથી સ્પષ્ટિકરણ કરવામાં આવ્યું છે, પણ અત્રે અમો માત્ર ઉડતી નજરજ નાખવા માગતા હોવાથી તેવા લંબાણથી પરહેજ કરીએ છીએ. માત્ર વાંચક વર્ગને તે પુસ્તકનો તે ભાગ આ પ્રસંગે વાંચી જવાની ખાસ ભલામણ કરીએ છીએ કે, જેથી તે શિક્ષણની પાયરીઓ વિષે ખુલાસાવાર સમજુતિ મળી શકશે. અત્રે તો અમો માત્ર ટુંકાણમાજ પતાવવા માગીએ છીએ.

પહેલી પાયરીમાં પીરના જ્ઞાનમાં મુરીદને પુરો ભરોસો રાખવાને ઉશકેરવામાં આવતો હતો. એટલે કે ગ્રાન્ડ માસ્તર યાને પીર સર્વજ્ઞઃ છે. તેનામાં જ્ઞાનની કાંઇ પણ ખામી નથી. તથા તે જ્ઞાનની તાદ્રષ્ય પવિત્ર મૂર્તિ છે. તેવો તેનાપર પુજ્યભાવ રાખવાને લઇ શકાય તેટલા પ્રયત્નો કરવામાં આવતા હતા. જ્યારે આ પ્રમાણેજ આસ્થા રાખીને તેને બાંધી લેવામાં આવતો હશે અને તે માટે પણ જ્યારે દલીલોથી તેના મનનું સમાધાન કરી આપવામા આવતું હશે ત્યારે

તે ગમે તેવો બુદ્ધિશાળી, જ્ઞાની કે ચતુર છતાં એક મેઢાં સમાન રજુ રહેતો થઈ જતો હશે. પોતાને જે કહેવામાં આવે છે યાને કે ધર્મ સંબંધી છૂપા ભેદ પ્રમાંણે વર્તવામાં કાંઇપણ વાંધો લેવો નહિ તથા તેમાં તો કેવળ આસ્થાજ રાખવી. કહેવામાં આવે તે ભલે મુરીદને બુદ્ધિ કે ધર્મ વિરૂદ્ધનું જણાય; પણ તેમાં તેણે બીલકુલ શંકા કરવીજ નહિ; પણ તે તદ્દન સત્ય અને ધર્મ પ્રમાણેનુંજ છે એમ કેવળ આસ્થાજ રાખવા પોતાની બુદ્ધિને આ પ્રસંગે કામમાં લેવીજ નહિ. પારકી બુદ્ધિને કેવળ તાબે થઇ જવું અને તેમાં પણ તે પ્રમાણેની માન્યતા રાખવા તથા વર્તવા સાથે આકરા સોગંદ ખાવા અને સોગંદ નાગાની ભયંકર દેખાવ વાળી કબુલાતો ઉપર સહી કરી આપવી. કહેવાનો મતલબ એકે આ પાયરીમાં મુરીદ જે બુદ્ધિ પૂર્વકના માર્ગપર ચાલ્યો આવતો હતો તેને તે માર્ગથી ખસેડી કેવળ ગુરૂના શબ્દોપર આસ્થા ઉપર લાવી મુકવામાં આવે છે. વળી ખુબી તો એ છે કે, ગુરૂ તથા શિષ્ય બંને બુદ્ધિ રહિતના આસામીઓ હોતા નથી; તેથી ગુરૂ પોતાની બુદ્ધિનું બળ સ્થાપિત ધર્મના આધારે શિષ્યને માત્ર કેવળ આસ્થા રાખવા ઉપર ચાલવું વ્યાજબી તથા સશાસ્ત્ર છે એમ સમજાવવામાં ઘણે દુર દુર પહોંચે છે. તે માટે શિષ્ય જે શંકાઓ રજુ કરે તેના તે તેવીજ દલીલોથી સમાધાન કરે છે; પણ છેવટે પરિણામ એજ લાવવાનું, જે લાવવામાં આવે છે કે, તે ગુરૂના હાથમાં એક કાષ્ટની પુતળા બની જાય છે. આવી રીતે ગુરૂએ શિષ્યને જકડી લેવો અને તેને બુદ્ધિથી કામ લેવાને તદ્દન નકામો કરી દેવો, એ ઐશ્વરી બક્ષીસો તથા તેનાપર યોજાએલા ઇસ્લામ માર્ગના હેતુઓનો નાશ કરવા સમાન છે. ઐશ્વરી બક્ષીશો કે જેના પાયાપર ઇસલામ ઉભો કરવામાં આવ્યો છે, તે ઇસલામ

એક બુદ્ધિપૂર્વકનો મઝહબ છે. તેની કોઇપણ બાબત એવી નથી કે, જેમાં માત્ર આસ્થાજ રાખવાની હોય અને તે આસ્થા માટે દલીલ ન હોય અથવાતો દલીલપૂર્વકની સમજુતી લેવાની મનાઇ કરવામાં આવી હોય. ઇસલામ એ કુદરતના કાનુન યાને લૉ ઑફ નેચર પ્રમાણેનો મઝહબ છે. મનુષ્યની રચના તથા તેની શક્તિને લૉ ઑફ નેચર પ્રમાણે ઉન્નત દિશાએ પહોંચાડવી તે મઝહબને સુપ્રત થએલું છે. મઝહબ માત્ર આ શક્તિઓને વિકસિત કરવાનું જ્ઞાન આપી તેનાથી જે પ્રકારના લાભો મળી શકે તે માર્ગ નિર્ભય બતાવે છે; બુદ્ધિનો–ઉપયોગ કરવોજ નહિ અને ધર્મના છૂપા ભેદો માનવામાં કેવળ આસ્થાજ રાખવી એવી માન્યતા તથા સમજ મનુષ્ય જાતને ધીરે ધીરે પશુપણા તરફ ઘસડી જાય છે. જે જે પ્રજાઓ તથા લોકો પશુપણાને વશ થયા છે તે બુદ્ધિથી કાર્ય નહિ લેવાના કારણેજ અને માત્ર આસ્થા કે કેવળ રૂઢીઓને વશ થવાથીજ થવા પામેલ છે. આવા કારણને લઇ ઇસલામે ખુદાની હસ્તી, તેની વેહદાનિયત, તેનું ન્યાયી હોવું, નબુવ્વત, ઇમામત તથા કીયામત જેવા બુદ્ધિથી સિદ્ધ થનારા વિષયોને તેજ ધોરણે બુદ્ધિથી સિધ્ધ કર્યા પછી માનવાને ફરમાવ્યું છે તેમાં તે છુપા ભેદો છે તેથી કેવળ આસ્થાજ રાખવી તેમ કહ્યું નથી, બલ્કે તેમાં વગર સમજે કેવળ આસ્થા રાખવાને ના પાડી છે અને જે માણસ તેવી બાબતમાં વગર સમજે કેવળ આસ્થાજ રાખે છે તેને ઇસલામ ઇમાન પૂર્વકનો પ્રાપ્ત થયો નથી તેમ તે મનાવે છે. યાને કે ઇસલામ ઓસુલેદીન યાને દીનના મુલતત્વમાં તકલીદ યાને અનુકરણની ના પાડે છે; પણ અહીં તો પેહલી પાયરીમાંજ શિષ્યને ચારે બાજુથી મજબુત દોરડાંથી એવો તો સીકરી લેવામાં આવે છે કે, તેને દમ મારવાની જગો રહેતી

નથી. આ બાબતની કાંઇક વધુ સ્પષ્ટતા વાંચક વર્ગે કરવી હોય તો અમારા તરફથી "ફીરદોસે બરીં" નામનું પુસ્તક છપાઇ બહાર પડયું છે તે વાંચવું જોઇએ. તે વાંચવાથી આ પેહલી પાયરીમાં શિષ્યને કેવી રીતે બુધ્ધિ તથા સ્થાપિત ધર્મની દલીલોથીજ બુધ્ધિ તથા સ્થાપિત ધર્મથી કામ નહિ લેવાને તથા તેનાથી ખસેડવાને કેવી રીતે કામ લેવામાં આવે છે તેનું શિક્ષણ જે આ પાયરીમાં આપવામાં આવતું તેની સફાઇ થઇ જશે.

એ જાણવું જરૂરનું થઇ પડશે કે, આ પહેલીજ પાયરીમાં દાઇ મુરીદના મનમાં કુરાનના મસલાઓમાં શંકાઓ તથા વહેમો ઉત્પન્ન કરે છે. જુદી જુદી જાતની શંકાઓ રજુ કરી શિષ્યને તેના ભેદ જાણવા તથા શંકાઓના નિવારણનો શોખ ઉત્પન્ન કરાવવામાં આવે છે એવી રીતે સઘળા કુરાન, હદીસ સંગ્રહ અને ફીલસુફોના ફકરાઓ ઉપર આક્ષેપો તથા શંકાઓથી શિષ્યનું અંતઃકરણ ભરપુર ભરી આપવામાં આવે છે; પરિણામ એમ આવે છે કે શિષ્ય સ્થાપિત યાને ઇસલામ ધર્મ માટે શંકાશીળ થઇ જાય છે, અને તેની ઇસલામ પ્રત્યેની આસ્થાનો સ્તંભ ખોખરો બની જાય છે. વળી ખુબી તો એ છે કે તે માટે આંટી ઘુંટી વાળી બુદ્ધિપૂર્વકની દલીલો રજુ કરીનેજ શિષ્યને તેવી સ્થિતિમાં મુકવામાં આવે છે. આથી શિષ્ય બુધ્ધિપૂર્વક જાણેકે સ્થાપિત ઇસલામ માટે નબળા વિચારો વાળો થઇ જાય છે અને જયારે તે તેવા થઇ જાય છે ત્યારે તે ખરી હકીકત શું છે તે જાણવાને અતિ ઉત્સુક તથા બહાવરો બની જાય છે. આવી રીતે જયારે શિષ્ય અધીરો બની જાય છે ત્યારે દાઇ જુએ છે કે, પક્ષી બરાબર પાંજરામાં સપડાયું છે ત્યારે તે સોગંદ તથા કરારનામાથી તેને બાંધી લે છે કે, તેણે ગુરૂના બોલ ઉપર તથા ધર્મ

ઉપર કેવળ વિશ્વાસજ રાખવો અને તે ભેદને લઇ દઇને છુપાવવો પરિણામ શું આવવું જોઇએ અને શું આવવા પામ્યું તે સમજી લેવું તદ્દન સ્પષ્ટ છે કે, શિષ્ય જે ઇસલ્લામ પ્રત્યે પૂર્ણ ઇમાની હતો તે હવે તેવો ઇમાની રહ્યો નથી જો કે હજુ સુધી તે ઇસલામનાં દાયરાથી પોતાને ખસી ગએલો જો તો નથી બલ્કે તેતો પોતાની સમજ તથા મળેલા ઉપદેશનેજ ઇસિલામ સમજે છે અને સ્થાપિત ધર્મ પ્રમાણે જે લોકો પોતાના આચાર વિચાર રાખે છે તેને તે ભુલ ભરેલા માર્ગપર જુએ છે.

હસન સબ્બાહના ધાર્મિક આચાર વિચાર આ પાયરી પ્રમાણેના હોતાં; બલકે તે પાયરી પ્રમાણેના લોજનો તે અલમોતમાં સ્થાપક હતો તેથી કેવા માનવા જોઇએ તે સમજી લેવું કાંઇપણ મુશ્કેલ નથી મતલબકે હસન બિન સબ્બાહ કુરાનને નહિ માનનાર તથા નહિ મનાવનાર હતો અને કુરાનને નહિ માનવાના ઉપદેશ માટે તેણે પોતાના લોજમાં પ્રથમ પાયરીમાંજ ઉપર પ્રમાણેના ઉપદેશની સંકલ્પના સ્થાપિત કીધી હતી અને તે સંકલ્પના છેક છેલ્લી પાયરી સુધીમાં પૂર્ણપણે પહોંચાડી હતી અને તે પૂર્ણ પણે પહોંચેલી પાયરીના શિક્ષણનું શું પરિણામ આવ્યું તે આપણે બધી પાયરીઓ ઉપર ઉડતી નજર નાંખ્યા પછીજ જોવાનું છે.

જ્યારે શિષ્ય બીજી પાયરીમાં દાખલ થતો ત્યારે તેને પહેલી પાયરીમાં જકડી લીધા પ્રમાણેના અમલમાં મુકાવેલા કરાર સાથે દાખલ કરતાં " અહીં તેને ખુદાએ નિર્માણ કરેલા ઇમામો, જેઓ સઘળી વિદ્યાઓનું મુળ હતા તેમની ઓલખાણ પડતી " " આ પાયરીમાં શિષ્યને સમજાવવામાં આવતું હતું કે, મઝહબને ટકાવી રાખવાનું તથા તેના રક્ષણનું કામ ખુદાએ માત્ર ઇમામોનેજ સુપ્રીત કરી આપ્યું છે "

આ બીજી પાયરીમાં પણ પહેલી પાયરીને પુષ્ટિ આપનારી તથા પાયરીમાં એક ડગલું આગળ વધનારી તાલીમ જોવામાં આવે છે. અહીં તેને પ્રથમ લઇ લીધેલી કબુલાત પ્રમાણે ઇમામના દરજ્જા વિષે અતિશયોક્તિ ભરી તારીફ જણાવવામાં આવતી એટલે કે ખુદાએ મઝહબને ટકાવી રાખવાનું તથા તેના રક્ષણનું કામ સર્વસ્વ ઇમામનેજ સુપ્રત કરી દીધું છે. આ તાલીમથી શિષ્યને એવું શિક્ષણ મળે કે, ખુદાએ ધર્મને લગતો ચુકતે અધિકાર તથા ચુકતે જ્ઞાન ઇમામને આપી દીધું છે. હવે તે વિષે કાંઇપણ તેણે આપવાનું બાકી રાખ્યું નથી અને જે આપવાનું છેવટ સુધીનું તેની પાસે હતું તે ઇમામ પાસે આવી ગયું છે. હવે ધર્મ સંપાદન માટે જે જોઇએ તે ઇમામ પાસે છે અને તેને લગતા ચુકતે અધિકારોના તેજ અધિકારી તથા માલેક છે. આવા શિક્ષણનું પરિણામ એ આવે કે, શિષ્યનો ખુદાતાલા પ્રત્યેનો પુજ્યભાવ તથા તેના પ્રત્યેની ધાસ્તી તેના દીલમાંથી ધીમે ધીમે કમી થવા માંડે અને આમ થવાનું ગાડું તદરીજી રીતે ચાલુ થઇ જાય.

શિષ્ય ઇમામ પ્રત્યેના પુજ્યભાવ, આસ્થા તથા તેની સત્તામાં એટલો લિન થઇ જાય કે, તેને ખુદા વિષેની કશી ચીન્તા રહેજ નહિ. વળી ઇમામનેજ તે સર્વસ્વ સમજે. તે જે કરે તેને ખુદાઇ અમલ સમજે, તે જે બોલે તેને ખુદાના કલામ સમજે અને બસ એમજ સમજે કે, જે છે તે ઇમામજ છે અને તેની આજ્ઞા માનવાથી સત્ય ધર્મ તથા મોક્ષ પ્રાપ્ત થાય. ઇમામ પ્રત્યેની કેવળ આંધળી આસ્થા શિષ્યને કેવા પરિણામ પર લઇ જાય, તે ઇમામતના સંખ્યા બંધ દાવેદારો ઉપર તેમના શિષ્યો જે કેવળ આંધળી આસ્થા લઇ ગયા હતા તેમના વૃતાન્તોથી પુરવાર થાય છે. તેવા દાવેદારોના

શિષ્યો ઇમામત પ્રત્યેની તેવી કેવળ આંધળી આસ્થાને લઇ અથવા તો જેઓ દાવેદાર નહિ હતા છતાં, પણ તેમને તે દાવેદારજ હતા એમ જણાવી ઇમામ ગણાવી આપ્યા. તેઓ ઇમામનેજ સર્વસ્વ સમજવાપર પરિણામે આવી ગયા. ખુદાને તથા સ્થાપિત ધર્મની આજ્ઞાઓને તેઓએ તજી આપી અથવા તો તેમનાથી તજાઇ. અત્રે તેવા દાવેદારોના નામો તથા તેમના તેવા શિષ્યોના નામો આપવાની કશીપણ જરૂર નથી. જેઓ શીઆપંથના ઇમામતના ઉભા થવા પામેલા દાવેદારો, તેમના આચારવિચાર તથા તેમના શિષ્યોના વૃતાન્તથી જાણીતા છે તેમની દ્રષ્ટિ સમીપ તે સઘળું ખુલ્લું છે જો અમારા તરફથી બહાર પાડવામાં આવેલા "શીઆ વૃતાન્ત" ને એકવાર વાંચી જવામાં આવે તો આ બાબતની પુરતી ખાત્રી થઇ જાય.

અહીં તો મામલો બહુજ સ્પષ્ટજ છે. હસન સબ્બાહે નિઝારની ઇમામતની દાવત કરી, જે નિઝારી ટોળાંને ઉભું કર્યું, તે ટોળાંના અકાયદો એવાજ પ્રકારના થયા કે, જેવી તેની તાલીમ આ બીજી પાયરીમાં આપવામાં આવી હતી. વહેલ પહેલાં આવા દાવાને સરે જાહેર રીતે હસન સબ્બાહની ત્રીજી પેહડીએ થએલા હસન બિન મહંમદ કે, જે અલી જીક્રતસસલામના નામથી મશહુર છે તેણે અલમોતમાં કીધો. પ્રથમ તો તેણે લોકોને હસવું આવી જાય તેવી રીતે, પોતાને હસન સબ્બાહની ઓલાદથી નહિ પણ ઇમામ નિઝારની ઓલાદમાંથી હોવાનું જણાવ્યું. ત્યાર પછી "પ્રસિદ્ધ કર્યું કે ઇમામ પાસેથી કેટલાંક ખુબી ભરેલાં ફરમાનો આવ્યાં છે અને તે ફરમાનો હિમ્મત ઉપર જાહેર કરવાની ઘણીજ જરૂર છે. આ હુકમ પહોંચતાંજ દુરદુરથી ટોળેટોળાં લોકોના આવી અલમૌતમાં એકઠાં થવા લાગ્યાં. આ વખતે અલમોતમાં એટલાં માણસો એકઠાં થયાં કે, તેટલાં પ્રથમ

કોઇ વખત થવા પામ્યાં નહોતાં. જ્યારે સઘળા દાઇ, નકીબ અને આસપાસના મુરીદો એકઠા થઇ ગયા ત્યારે રમઝાન માસની તા૦ ૨૭ ના રોજ પોતે મસ્જીદના મીમ્બર પર ચડયો અને એક છટાદાર અને અસરકારક ખુતબો ભણી ઇમામનો આવેલો પત્ર રજુ કર્યો. આ પત્રમાં લખ્યું હતું કે, હસન અમારો નાયબ, દાઇ, અને નકીબ છે. જે સઘળા લોકો અમારી તાબેદારી કરે છે તેઓએ દરેક જાહેર તથા ગુપ્ત વાતોમાં તેની તાબેદારી કરવી જોઇએ. તેના હુકમોને ખુદાના હુકમો અને તેના શબ્દોને ખુદાના શબ્દો સમજવા. એ કામ કોઇ કદી પણ ન કરે. કે જેની તે મનાઇ કરે તેના હુકમને એવી રીતે અમલમાં લાવે કે જેવી રીતે અમારા હુકમને લાવે છે; આ પત્રનો મઝમુન વાંચી હસન બોલ્યો કે, સ્વર્ગના દ્વારો એ લોકોપર ખુલ્લાં થયાં છે કે, જેઓ મારી તાબેદારી કરે. તમો ખુદાના ખાસ માનવંતા બંદાઓ છે. એટલા માટે તમામ શરીયતની તસ્દીથી તમોને મુક્ત કરવામાં આવે છે ! આ ખુતબો પઢાયા પછી તેણે ધામધુમથી લોકોને જમણ આપ્યું. આ જમણમાં સામેલ થઇ લોકોએ પોતાના રોજાઓ તોડી નાંખ્યાં અને આખો દીવસ ભિન્ન ભિન્ન પ્રકારના આનંદો અને વિષય ભોગમાં પુરો કર્યો. રોઝા છોડી નાખવાનો હુકમ કરી તે બોલ્યો કે, આજનો દીવસ ઇદ કીયામતનો છે. તે દહાડેથી તે મતના લોકો ૨૭ મી રમઝાનને કીયામતની ઇદ કહે છે તથા તે દહાડો ખુશીમાં ગાળે છે. શરીઅતપર અમલ કરવાનું બંધ થવાથી દારૂ પીવો હલાલ થયો તથા શરીઅતના તમામ હુકમોપર પાણી ફેરવવામાં આવ્યું અને મોટે સાદે પોકાર પાડીને કહી દેવામાં આવ્યું કે આ જબરદસ્તીના હુકમો પાળવા નહિ. ' આ સમયથી બાતીન્યા લોકોને સઘળા મુસલમાનો મલાહેદા એટલે બેદીન ' અધર્મી ' ના નામથી પોકારવા લાગ્યા.

જોકે તેવા સંખ્યાબંધ બનાવો છે તથાપિ અત્રે માત્ર ઉપરના એકજ બનાવથી વાંચક વર્ગને ખાત્રી થઇ ગઈ હશે કે, ઇમામ પ્રત્યેની એવી આસ્થા કે, જેમાં તેમના દરજ્જાથી અસાધારણ વધારે માન આપવામાં આવ્યું હોય તેનું પરીણામ ઉપર પ્રમાણેનું આવે. માત્ર ઇમામ માટેની માન્યતા સબંધેજ એમ થાય છે એમ નથી; પરંતુ કોઇ પણ વસ્તુ પ્રત્યેની આંધળી શ્રદ્ધા એવાજ પરીણામો લાવે છે. ખરૂં તો એમજ જોઇએ કે, કોઇ પણ વાતને માનવી તો તે બુધ્ધિ પૂર્વકની તપાસ કરીનેજ માનવી. એક વાત તદ્દન સત્ય ભલે રહી, પણ જ્યાં સુધી શિષ્યને સત્ય ભાસી નથી ત્યાં સુધી તેના ગુણદોષ શિષ્યે તપાસેજ જવા. આથી એક વસ્તુ જે સત્ય છે તે તપાસમાં છેવટે સત્યજ સાબીત થશે. આ ધોરણની ખાસ જરૂર તો એટલા માટે પણ છે કે, એમ કેવળ આસ્થા રાખવામાં આવે તો, બનવાજોગ છે કે જુઠા દાવેદારને સાચો ગણી તેને માન્ય કરી લેવામાં આવે. અને જો ધોરણ કેવળ આસ્થાનુંજ રાખવામાં આવે તો, તેમ થાય તેમાં સંદેહ પણ શો, વળી ઇતિહાસો તેવા પરિણામો આવ્યાની ગવાહીઓ આપે છે. માટે હસન સબ્બાહની આ પાયરીની તાલીમમાં ઇમામ પ્રત્યે તદ્દન આંધળીજ આસ્થા રાખવાનું ધોરણ તદ્દન અન્યાયી તથા મનુષ્યજાતને અજ્ઞાનતા અઘોર ખાડામાં હોમનારૂં હતું.

ઇમામત એ પણ ઇસલામમાં ઓસુલેદીનનો ભાગ છે. અને તેથી તેમાં તકલીદની મનાઇ છે. જેમ ખુદાની હસ્તી તથા તોહીદને બુધ્ધિ પૂર્વકની તપાસ કરી માન્ય કરવાનું ફરમાન છે તેજ પ્રમાણે ઇમામતનું પણ છે; કે તેની આવશ્યકતા, યોગ્યતા તથા ખરા હકદાર વિષે જેટલી થઇ શકે તેટલી તપાસ થવી જોઇએ અને તે તપાસમાં

સંતોષ માન્યા પછીજ તેનો સ્વીકાર કરવો જોઇએ. ઇસલામના ઇમામતના મસલામાં એ બાબતની બહુજ ચોખવટ થઇ ચુકી છે કે, જે ઇમામ હોય તેની કોઇ પણ માન્યતા કે આજ્ઞા કુરાન વિરૂધ્ધની ન હોય. જો કોઇ પણ ઇમામતનો દાવેદાર કુરાન વિરૂધ્ધ માન્યતા ધરાવે અથવા તો તેપર અમલ કરે તો, તુરતજ ખાત્રી થઇ જાય છે કે તે દાવેદાર ખોટો છે. વળી તેવીજ રીતે કુરાન તથા તેની આજ્ઞાઓના સમુહને સરખાવતાં સરખાવતાં જ્યારે દરેક બાબતમાં એક સહા મળતા પણું આવે ત્યારે પણ તે દલીલ સંગીન થવા પામે છે. હજારો બલ્કે લાખો માન્યતાઓ સંબંધે તપાસ કરવાનો, તેથી જો બનાવટ હશે તો કોઇને કોઇ બાબતમાં જરૂર પકડાઇજ જશે. માટે મોટામાં મોટી દલીલ જે સૌને ગળે ઉતરે તેવી એ છે કે ઇમામતના દાવેદારના આચરણ તથા વચનોને કુરાને મજીદ સાથે મેળવી જોવાં, એટલે તુરતજ ફડચો થઇ જશે. સત્ય તરી નીકળશે અને જુઠ ડુબી જશે.

લોકો આ સંબંધે પૂર્ણ તપાસ કરતા નથી, તેથી પોતાને જુઠા દાવેદારોથી છોડાવી શકતા નથી. ગાડરીયા પ્રવાહનું ધોરણ એટલું તો પુરવેગમાં ચાલુ થઇ ગયું છે કે, મનુષ્યને મનુષ્ય કહેતાં પણ આંચકો ખાવો પડે છે. પોતાના વડીલો જે કહેતા હતા તથા કરતા હતા તે પ્રમાણે કહેવું. તથા કરવુ તેમાં લોકો ડહાપણુ માને છે. મોટાઓ તથા શ્રીમંતો કરે તેવું આપણે પણ કરવું તેમાં પણ લોકો ડહાપણ માને છે. કામના સારા નરસાહોવાનો કોઇ વિચાર કે બોધ કરતા નથી. જે કામ કરે છે તે રૂઢી સમજીને, નહિ કે ઉપયોગી. હવે અમો મુળ વિષયપર આવીએ છીએ.

જ્યારે બીજી પાયરીમાં શિષ્ય એમ માની લે કે. ખુદાએ નિર્માણ કરેલા ઇમામો સઘળી વિદ્યાનું મુળ હતા અને તે વાતને કેવળ

આસ્થા વડેજ અથવા તો આંટીઘુટી વાળી બુધ્ધિ પૂર્વકની દલીલોથી માની લેવામાં આવ્યું કે, તુરતજ તેને ત્રીજી પાયરીમાં દાખલ કરવામાં આવે છે અહીં શિષ્યને ઇમામોની સંખ્યા વિષે કહેવામાં આવતું કે તે કુલ સાત છે. પહેલા હઝરત અલી, બીજા હસન, ત્રીજા હુસેન, ચોથા ઝએનુલ આબેદીન, પાંચમાં મોહંમદ બાકર, છઠા જાફર સાદક તથા સાતમાં તેમના પુત્ર હઝરત ઇસમાઇલ. એવી રીતે નિમાણુ થયેલા માત્ર સાતજ ઇમામો છે આઠમો કોઇ ઇમામ નથી. ઇસમાલીઓમાં પહેલો વહેલો જે સમુહ મળ્યો તે આવી માન્યતાનો હતો કે, કુલ ઇમામો ઉપર જણાવ્યા પ્રમાણેના સાત છે.

"ચોથી પાયરીમાં આવવાનું તેઓએ બહુ સહેલું રાખ્યું હતું. આમાં એમ કહ્યું છે કે, દુનિયાની શરૂઆત થઇ તે પછી સાત ખુદાઇ કાયદા કરનાર અથવા ખુદા તરફથી મુકેલા બોલતા પેગંબરો થયા છે. જેમાંના દરેકે ખુદાની આજ્ઞાથી પોતાનાથી આગળના મતો ફેરવેલ છે."

આ સાત પ્રસિધ્ધ (બોલતા) પેગંબરોમાં પેહલા હજરત આદમ, બીજા હજરત નુહ, ત્રીજા હજરત હજરત ઇબ્રાહીમ, ચોથા હજરત મુસા, પાંચમાં હજરત ઇસા, છઠા હજરત મોહંમદ તથા સાતમાં હઝરત ઇમામ જાફર સાદકના દીકરા હજરત ઇસમાઇલ, જે છેલ્લા હોવાથી સાહેબુઝ ઝમાન કહેવાતા. આ સાત બોલતા પેગંબરોના સીલસીલામાં હઝરત ઇમામ જાફર સાદકના પુત્ર હઝરત ઇસમાઇલનું નામ પેગંબર અને તે પણ એવા કે સાહેબે શરીઅત યાને કે નવી શરીઅત લાવનાર અને પ્રથમની શરીઅતને મનસુખ કરનાર તરીકે આપવામાં આવ્યું છે.

અત્રે આ ફીરકાની તાલીમ બહુજ સ્પસ્ટ થઇ જાય છે કે, તેઓ શરીઅત ઇસલામને જબરદસ્તીનો ધર્મ તથા તેની આજ્ઞાઓને જબરદસ્તીની આજ્ઞાઓ સમજી તેના તોકને પોતાની ગરદનોમાંથી કાઢવાને પ્રયત્ન કરતા હતા. આ પાયરીઓની એકંદર તાલીમ તથા તે ફીરકાએ ગ્રાહ્ય કરેલા મઝહબી આચાર વિચાર તેને ઘણીજ સરસ રીતે પુષ્ટી આપે છે. મઝહબે ઇસલામની તદ્દન કાંઇ પણ અપવાદ વિના નિર્ણય થઇ ચુકેલી બાબત છે કે, તેના પૈગંબર હઝરત મહંમદ છે અને તે પૈગંબરોમાં છેવટના પૈગંબર છે તેમની પછી કોઇ પણ પેગંબર રોઝે હશર સુધી થશે નહિ અને તેમની શરીઅત રોઝે હશર સુધીને માટે ચાલુ રહેશે; પણ અહીંતો તે પેગંબરની શરીયતને ઇમામ જાફર સાદક સુધીની ગણી, તેને મનસુખ કરનાર તથા નવી શરીઅત લાવનાર ઇમામ જાફર સાદકના પુત્ર હજરત ઇસમાઇલને જણાવે છે એટલુંજ નહિ પણ આ બાતીન્યા બધા ફીરકાઓ, કે, જેમાં સ્હેજ-સાજ તફાવત સિવાય બધી બીજી બાબતોમાં મળતા છે. તેમણે દીને ઇસલામને જબરદસ્તીનો ગણી તેનો તોક પોતાની ગરદનોમાંથી કાઢી નાંખ્યો. કુરાન, નમાઝ, રોઝા, હજ, ઝકાત આદિ શરીયતે ઇસલામની આજ્ઞાઓનો તેઓએ ખુલ્લી રીતે અનાદર કર્યો અને તે અનાદર કરવા પ્રમાણે વર્તન ચલાવવા માંડયું. હજુ આજે પણ તે પંથોનો જે ભાગ બાકી સાકી રહી ગયો છે ત્યાં વત્તા ઓછા પ્રમાણમાં એવીજ પરનાલિકા ચાલે છે. તે બાકી સાકી ક્યા ફીરકા આજે હસ્તીમાં છે તેની માહિતી આપવાનો આ પ્રસંગ નહિ હોવાથી, અમો તે આપવા માગતા નથી; પણ જે જાણનારા છે તે તો જાણે છે કે તે ફીરકા ક્યા ક્યા અને કેવા કેવા ધર્મના આચાર વિચાર ધરાવનારા છે.

કહેવાનો મતલબકે હઝરત ઇસમાઇલ બિન ઇમામ જાફર સાદક પછી શરીઅત અને ઇસલામને નષ્ટ કરવાને તથા તેને બદલે હજરત ઇસમાઇલને નવી શરીયતના સ્થાપક ગણી, તે નવી શરીયતને પ્રચલિત કરવાને ગુપ્ત રીતે ઘણીજ દીદાદીલેરીથી પગલાં ભરવાં શરૂ કરવામાં આવ્યાં કે જે વિષેની કાંઇક વધુ સ્પષ્ટતા અમો આગળ બતાવી શું.

શું ઇસલામના પ્રમાણયુક્ત શાસ્ત્ર તથા પ્રમાણ યુક્ત ઓલમાએ દીન, એક પલવારને માટે પણ એ વાતનો સ્વીકાર કરી શકે તેમ છે કે, હજરત મોહમ્મદ સ૦ ની શરીઅત એ છેવટની શરીઅત નથી ? અને તેમનો દીન માત્ર દોઢેડસો વર્ષની અંદરજ મનસુખ થઇ ગયો ? બસ આ લોકોની નેમ બહુજ આંટી ઘુંટીવાળી બુદ્ધિપૂર્વકની દલીલો તથા સ્થાપિત ધર્મની બાબતોને આંટીઘુંટીવાળી તાલીમોથી ઇસ્લામની શરીઅતને યુક્તિ પ્રયુક્તિથી ધીરે ધીરે એવી રીતે નાબુદ કરવાની હતી કે, શિષ્યને તેનું તેમ કરવાનું એ વખતે માલુમ પડતું કે, જયારે તે છેવટની પાયરીએ જઇ પહોંચ્યો હોય અને પછી તો તેને ઇસલામ મઝહબજ જબરદસ્તીનો તથા તેનો તોક ગરદનથી કાઢી નાખવામાં આવ્યો છે એ વ્યાજબી છે એમ પાકે પાયે ગળે ઉતરી ગએલું હોય છે.

આ પાયરીમાં સાત સાહેબે શરીયત પૈગંબરોની સંખ્યા તથા નામની સમજ આપ્યા પછી તે સાતે સાહેબે શરીઅત પૈગંબરના એક એક મદદગાર મુંગા પૈગંબરની સંખ્યા તથા નામવારી વિષે સમજ આપવામાં આવતી હતી. આ સાત ખુલ્લી રીતે પ્રસિદ્ધ ન થયા તેથી તેઓ મુંગા કહેવાતા.

આ સાત મદદગાર પૈગંબરો આ પ્રમાણે હતા " હઝરત શીશ, હઝરત સામ, હઝરત ઇબ્રાહિમના ફરજંદ હઝરત ઇસમાઇલ, હઝરત

હારૂન, હઝરત શમઉન, હઝરત અલી બિન અબીતાલેબ અને હઝરત ઇમામ જાફર સાદકના ફરજંદ ઇસમાઇલના દીકરા મહંમદ ”

પ્રથમના બોલતા પૈગંબરોની સંકલના સમાપ્ત થઇ હતી. અને મુંગા પૈગંબરો પૈકી છેલ્લા હઝરત ઇસમાઇલના પુત્ર મહંમદ એ છેલ્લા મુંગા પૈગંબર તથા સાહેબુઝ ઝમાન ગણાતા, પણ તેમને ગુજરી ગએ સો ઉપરાંત વર્ષ થઇ ગએલા હતા “ તેથી તેઓનો અભ્યાસ આ પાયરીએ અટકયો હતો તેઓના માટે ચાલતા જમાનાના મુંગા પેગંબર તરીકે તેઓની મરજીમાં આવે તેને નીમવાની શિક્ષકને છૂટ હતી. ”

જોકે મુંગા પૈગંબરોની સંખ્યા સાતની હતી, કે જે સાતમાંના છેલ્લાને ગુજરી ગએલ તે સમયે સો ઉપરાંત વર્ષ થઇ ગયાં હતાં તેથી તેઓને સાહેબુઝ ઝમાન તરીકે ચાલુ મુંગા ઇમામની જરૂર જણાઇ હતી. આ ગોઠવણી માટે તેઓએ હઝરત ઇસમાઇલના પુત્ર હજરત મહંમદની ઓલાદને એક પછી એક એમ પેશ કરી, તેનો સીલસીલો ચાલુ રાખ્યો હતો, જોકે તે સીલસીલાને પ્રથમના સીલસીલા સાથે મેળવવાને જરા એવો ખાંચરો નાખવામાં આવતો હતો કે, છેવટના મુંગા પૈગંબર ઉપર પ્રથમથી તે છેવટ સુધીના ઇલ્મો ખતમ થઇ ગયા છે તેટલા માટે તેમને કોઇ પણ મુંગા પૈગંબરની જરૂર રહી નથી પણ દરપર્દા હઝરત ઇસમાઇલના પુત્ર હઝરત મહંમદની ઓલાદને માટે તે સીલસીલો ચાલુ રાખવામાં આવ્યો, કે જે પાછળથી બહુજ સજ્જડ રીતે પ્રથમના સીલસીલા સાથે જોડી આપ્યો યાને કે જેવા હઝરત ઇસમાઇલના પુત્ર હઝરત મહંમદ હતા તેવાજ તેમની ઓલાદો તેમની ગાદીએ આવનાર હતા.

બધી પાયરીઓના શિક્ષણથી એ વાત બહુજ સ્પષ્ટ જણાઇ આવે છે કે, સ્થાપિત ઇસલામ ધર્મને તદ્દન નિર્માલ્ય ગણી કાઢવાની લઇ દઇને કોશીશ કરવામાં આવી છે. હઝરતઅલીને તથા હઝરત ઇસમાઇલના પુત્ર મહંમદને પેગંબર ઠરાવી આપ્યા છે, કે જેમ ઠરાવવું એ સ્થાપિત ઇસલામથી વિરૂદ્ધ વર્તન છે. હઝરત અલી તો ઇમામ હતા પેગંબરી સીલસીલો તો હઝરત મોહંમદ સ. થી ખત્મ થયો હતો અને તેઓ પૈગંબરે આખેરૂઝ ઝમાન થયા હતા. હઝરત ઇસમાઇલ કે જેને ઇસમાઇલીઓએ ઇમામ જાફર સાદક પછીના ઇમામ ગણ્યા હતા, પણ આ પાંચમી પાયરીમાં તેમને હજરત મહંમદ જેવા બોલતા પેગંબર ગણી, તેમના પુત્ર મહંમદને મુંગા પૈગંબર ઠરાવ્યા. આ સઘળી ગોઠવણી સ્થાપિત વંશાવળીમાં ફેરફાર કરનારી તથા મનસ્વી રીતે ઉપજાવી કાઢવામાં આવી છે. આ પાયરીમાં જે પેગમ્બર નથી તેને પેગમ્બર અને જે ઇમામ છે તેને પેગમ્બર અને જે ઇમામકે પેગમ્બર નથી તેને ઇમામ તથા પેગમ્બર ઠરાવવામાં આવ્યા છે મતલબકે જેમ ફાવે તેમ વેતરવા તથા ભરડવામાં આવ્યું છે. સ્થાપિત ધર્મ તથા તેના આચાર વિચારને ટકાવી રાખવાને કશી પણ દરકાર કરવામાં આવી નથી બલ્કે ઇરાદાપૂર્વક તે આચાર વિચારને છીન્ન ભિન્ન કરવામાં આવ્યા છે.

હવે પાંચમી પાયરી ઉપર આવીએ. અંહી શિષ્યને એમ કહેવામાં આવતું કે સાત મુંગા પેગમ્બરોમાંના દરેકને બાર મદદગાર હતા આવા બારના આંકડા વિષેના આધારો રાશીઓ, મહિના તથા બની ઇસરાઇલની જાતો બાર હોવાના તથા હાથની આંગળીના હાડકાં અંગુઠાના બાદ કરતાં બારના સમજાવવામાં આવતા હતા. અત્રે જોવાનું છે કે રાશીઓ, મહિના, બની ઇસરાઇલની જાતો તથા હાથના હાડકાં બાર

હોય તેની સાથે મુંગા પેગમ્બરોના મદદગારો તેટલાજ હોય તેનો શો સંબંધ હતો ? પણ આવી બાબતને ફીલસુફીના બારીક નુકતાઓ ગણી કાઢવામાં આવ્યા હતા અને તેમાં ઉંડા ભેદો માનવામાં આવ્યા હતા.

આ બારના આંકડાએ ઇમામોની સંખ્યા વિષે માર્ગ ખુલ્લો કરી આપ્યો હતો. પહેલાના સાત ઇમામ પછી હઝરત ઇસમાઇલના પુત્ર મહમદને મુંગા પેગંબર ઠરાવ્યા અને હવે તે મુંગા પેગંબરને માટે બાર મદદગારો હોવાનું જણાવ્યું. સાથેજ એમ પણ થઇ જતું કે, ઇમામતનો સીલસીલો જે હઝરત ઇસમાઇલના પુત્ર હજરત મહમદથી અટકયો હતો, તે આ બાર મદદગારની યોજનાથી ચાલુ થઇ ગયો અને તે સઘળા મદદગાર પણ ઇમામ ગણાયા અને રફતે રફતે તે પ્રથમના પેગમ્બરો તથા ઇમામો જેવા મોટા દરજ્જાવાળા બની બેઠા એટલે કે જેઓ આ સંપ્રદાયની મુળ ઇમામોની ગણત્રી પ્રમાણે ઇમામ નહિ હતા, તે આ મદદગારોની યોજનાથી ઇમામ બની ગયા અને તેનો સીલસીલો બાર સુધી ચાલતો થયો. બારનો સીલસીલો પુરો થાય ત્યાં સુધીમાં રાજ્ય તથા સૈકાઓ પલટાઇ જાય અને પછી તો જે એક યોજનાને ખાતર ઉપજાવી કાઢયું હતું તે; હવે તદ્દન સ્થાપિત જેવું થઇ ગયું અને પછી તો રૂઢી પ્રમાણે એકનો પુત્ર બીજો ઇમામ તેમ ઇમામોનો સીલસીલો શરૂ થઇ ગયો.

છઠ્ઠી પાયરીમાં તો ઇસલામના સ્થાપિત પણાનો પુરેપુરો કચ્ચડ ઘાણ કાઢવામાં આવ્યો હતો. લખ્યું છે કે “ છઠ્ઠી પાયરીમાં એવું દેખાડવામાં આવ્યું હતું કે સ્થાપિત ધર્મના કાયદા સાધારણ અને તત્વજ્ઞાનના કાયદા કરતાં હલકે દરજ્જે હોવા જોઇએ ” આ શબ્દો એટલા ચોખ્ખા છે કે તેના માટે વધુ સ્પષ્ટતા કરવાની જરૂર રહેતી નથી. સ્થાપિત ધર્મ યાને શરીયતે ઇસલામ યાને ઇસલામ ધર્મ તથા

તેના કાયદાઓને તદ્દન ઉતારી પાડી એમ કહેવામાં આવતું કે, તે કોઇ બહુ વજનદાર કે મહત્વતાવાળા નથી; પણ માત્ર સાધારણ પંક્તિમાં મુકવા લાયકના છે. આ શિક્ષણથી શિષ્ય બરાબર સમજતો કે કુરાનના કાયદા તદ્દન સાધારણ દરજ્જાના છે. જ્યારે તેના કાયદા સાધારણ છે ત્યારે તે યાને કુરાન પણ સાધારણ કીતાબ હોવી જોઇએ, મતલબકે શિષ્યના મનમાંથી કુરાન તથા ઇસલામ તદ્દન ઉતરી જતો હતો. કુરાન તથા તેના કાયદાને નિર્માલ્ય તથા નિસ્તેજ જણાવવા સાથે તત્વજ્ઞાનને અગ્રપદ આપવામાં આવતું હતું અને તે જ્ઞાન કુરાન તથા તેના કાયદા કરતાં ઘણું શ્રેષ્ટ છે એમ ગળે ઉતારવામાં આવતું હતું. વાંચક વર્ગ બહુજ સ્હેલાઇથી જોઇ શકશે કે, ઇસલામને આંટી ઘુંટીવાળી દલીલોથી તદ્દન ઝબેહ કરવામાં આવ્યો હતો. પહેલી પાયરીથી ધીમે ધીમે ફૂંકી ફૂંકી કરડીને આ છઠ્ઠી પાયરીએ તો પુરૂં બચકું ભરવામાં આવ્યું હતું. જરા પ્રથમ પોંચો ઘાલી છેવટે હાથ ઘુસેડી દેવામાં આવ્યો.

કુરાન તથા તેના કાયદાને નિર્માલ્ય તથા નિસ્તેજ સાબીત કરવાને માટે તેના મુકાબલામાં " પ્લેટો, એરિસ્ટોટલ તથા પાઇથોગ્રાસના કાયદા પ્રમાણ તરીકે લેવામાં આવ્યા. આ ત્રણે ગ્રીકના પ્રખ્યાત થએલા પ્રાચિન વિદ્વાનો છે કે જેમના કાયદાના પ્રમાણોને આજે નવી શોધખોળે છીન્ન ભિન્ન તથા તરણાને તોલ કરી નાંખ્યા છે તેવાના કાયદાને કુરાન તથા ઇસલામના કાયદા કરતાં વધુ શ્રેષ્ટતા આપવામાં આવી હતી અને કુરાનના કાયદાને તદ્દન હલકા જણાવી આપ્યા હતા. બન્યું એમ કે શિષ્ય હવે ખુલ્લી રીતે પોતાને ઇસલામથી વિરકત કરી શકયો અને ધીમે ધીમે તેને એવી આંટી ઘુંટીથી ઇસલામમાંથી સરકાવી લેવામાં આવ્યો કે, હવે તેને તેની જડ પકડી ગએલી સમજની રૂએ

એમ ભાસવા લાગ્યું કે, કુરાનના કાયદા તદ્દન નિર્માલ્ય તથા નિસ્તેજ છે અને ખરા કાયદા તે ગ્રીક વિદ્વાનોના છે.

હવે આઠમી પાયરી તરફ આવીએ " આ આઠમીમાં ધર્મના વાસ્તવિક ફરમાનો બતાવવામાં આવ્યાં હતાં, પણ તે આગલા ફરમાનોને નાબુદ થવાને અને પેગંબરો તથા તેના મદદગારોના નિર્માલ્યપણા માટે તે વાત હવે બરાબર અજવાળામાં આવતી. જન્નત, દોઝખના હોવા વિષે, કૃત્યોના વિરક્તપણા વિષે તથા તેઓને માટે આ તથા આવતી દુનિયામાં ઇનામ તેમ શિક્ષા નથી, એ વિષે તેની આંખો ઉઘડતી " આ શિક્ષણ તથા પરિણામની સમજના શબ્દો બહુજ સ્પષ્ટ છે. આ પાયરીમાં ઇસલામના કાયદાનો તદ્દન અનાદાર કરવામાં આવતો હતો. અને તેને તદ્દન નકામા તથા નિરર્થક ગણી હડસેલી દેવામાં આવ્યા હતા. ગોયા કે આ પાયરીનું શિક્ષણ સ્થાપિત ઇસલામ તથા કાયદાને નાબુદ કરવાને માટેજ પુરતું ગણવામાં આવ્યું હતું. પેગંબરો તથા તેના મદદગારો યાને ઇમામોને માટે કહેવામાં આવ્યું કે, તે તદન નિર્માલ્ય હતા. હવે જ્યારે પેગંબરો તથા ઇમામોને નિર્માલ્ય કહેવામાં આવ્યા ત્યારે તે કેવી રીતે નિર્માલ્ય હતા તે સાબીત કરવાને પેગમ્બરો તથા ઇમામોની કેવી કમકમાટ ઉતપન્ન કરાવનારી રીતે મીટી બરબાદ કરવામાં આવી હશે તેનો કાંઇ અંદાજ ખેંચી શકાતો નથી. તેમને નિર્માલ્ય બતાવવાને કયા કયા હલકા શબ્દોને નહિ વાપરવામાં આવ્યા હોય, તેનું વર્ણન એક ઇસલામીની શક્તિ બહારનું છે. તેનામાં એટલી શક્તિ કયાંથી હોય કે પોતાના પેગમ્બર તથા ઇમામો માટેની કપોળ કલ્પિત નિર્માલ્યતાની વાત તે લખી કે બયાન કરી શકે. આ પાયરીમાં જેમ પેગમ્બરો તથા ઇમામોની તુક્કા બુટી કરવામાં આવી હતી તેમ જન્નત તથા દોઝખના હોવાપણાને

પણ હંબક જણાવી દેવામાં આવ્યું હતું. એમ કહી દેવામાં આવ્યું કે જન્નત તથા દોઝખ એ કોઇ વસ્તુ છેજ નહિ ખાલી લાલચ તથા ધાસ્તી ખવડાવવાને તે નામો તથા તેના દેખાવો કલ્પી તથા ઉપજાવી કાઢવામાં આવ્યા છે.

જ્યારે જન્નત તથા દોઝખની હસ્તીને ચુટકીમાં સમુળગી ઉડાવી દેવામાં આવી હશે ત્યારે ફરીસ્તા, કબરનો સવાલ જવાબ વીગેરે તો રહેજ શાના? અને જ્યારે જન્નત તથા દોઝખ જેવું કંઇ માનવાનું રહેુંજ નહિ ત્યારે લોકો નેકી કરેજ શા માટે? અને ગુનાહથી અટકેજ શા માટે? શિષ્યતો ખુલ્લી રીતે એમજ સમજી જાય કે, સારા કામ કરવા માટે શા માટે તકલીફો ઉઠાવવી જોઇએ અને બુરા કામની કોઇ સજાજ નથી, માટે તે કરવાથી શા માટે બીહવું જોઇએ? અને મોજશોખ ઉડાવવામાં શા માટે ઉણપ રાખવી જોઇએ? મતલબકે " સત્તાની હદમાં ન રહે એવી તૃષ્ણાનું હથીયાર થવાને માટે તે નવમી અને છેલ્લી પાયરીમાં તૈયાર થાય છે. "

હીસ્ટ્રી ઓફ ધિ એસેસિન્સનો કર્તા આ નવ પાયરીના શિક્ષણનું પરિણામ રજુ કરતાં તદ્દન સત્ય અભિપ્રાય આપે છે કેઃ—

" માનવું કંઇ નહિ અને હિમ્મત સઘળી વાતની કરવી હોવાથી, ધર્મ અને જાતિના દરેક તત્વ માર્ગનો નાશ થયો. ધર્માચાર્યોની મદદથી લોભી યોજનાઓ પાર પાડવા સિવાય તેનો બીજો કોઇ ઉપયોગ થતો નથી. દરેક વાત ઠગાઇ ભરેલી તથા કોઇ પણ વાતની મનાઇ નથી એમ સમજી કોઇને પણ માન આપે નહિ અને કુલ કામ કરવાની બાથ ભીડે તેવા ધર્મગુરૂઓને ધાતકી કામો કરવાના તેજી હથીઆર સિવાય બીજું શું નામ આપી શકાય. "

"મનષ્ય દેહધરી જે ઉમદા મતલબો સાધવાની છે, તે સાધવાને બદલે માત્ર વિશય ભોગનીજ તૃપ્તી મેળવવી એજ આ ફીરકાની મતલબ હતી અને તેનું પરિણામ એ આવે છે કે, આ સંપ્રદાય અજ્ઞાન રૂપી અઘોર ખાડામાં પડે છે અને તે મોટાં રાજ્યો અને ધર્મ સ્થાનોને ખંડેરો કરી જુલમ ભરેલા રાજ્યના કમકમાટો બતાવી, પ્રજા સુખનો નાશ કરી, મનુષ્ય જાતીની સામાજીક પડતી લાવી અંતે નાબુદ થાય છે."

છેલ્લી યાને નવમી પાયરીમાં શિષ્મ કેવું કમકમાટ ઉપજાનાર સ્વરૂપ અખ્તેયાર કરે છે કે, તે સત્તાની હદમાં ન રહે, તેવું હથીઆર બની જાય છે. એટલે કે ખુદાતાલાની હસ્તીનો ઇનકાર કરે છે. ઇસ્લામ કે કોઇપણ ધર્મની આવશ્યકતા તેને બિન જરૂરની લાગે છે, બલ્કે તેને તે જુલમી કાયદો માની તેને નાબુદ કરવાને વ્યાજબી વિચારે છે. નીતિ રીતિના કાયદાને પણ તેવાજ માની તેને ખુલ્લો અનાદર કરે છે અને જે રીતે પોતાના વિષય ભોગને તૃપ્તી મળે, તે ધોરણે નીતિને બાજુપર મુકી ભોગ ભોગવે છે. મતલબકે તે નાસ્તિક અને તે પણ એવો, કે, સત્તાની હદમાં ન રહે તેવો, જગત માટે એક શેતાનના પુતલા સમાન; બલ્કે મુજસ્સીમ શેતાન બની જાય છે અને જગત તથા ધર્મ બંધારણનો તે પાકો વેરી થાય છે.

કોઇપણ વાતને માનવી તો નહિજ અને કોઇપણ કામ કરવાની મનાઇ છેજ નહિ તેમ માની, કોઇપણ કાર્ય કરતાં તે અચકાય નહિ ધર્મની દ્રષ્ટિએ થતા ગુનાહને તથા સરકારની સજાને તે અન્યાયી તથા જુલ્મી માની, તેની પરવા કરે નહિ અને તેવા ગુનાહમાં તે જ્યારે સપડાય ત્યારે તે પોતાપર જુલમ કરવામાં આવે છે તેમ ધર્મ તથા સરકારને જુલ્મી જણાવે અને પોતાને તદ્દન નિર્દોષ ગણે.

પરિણામ એ આવ્યું કે ધર્મ અને નીતિના દરેક તત્વ માર્ગનો નાશ થયો અને તેનું પરિણામ ઇસ્લામી દેશોને જે કમકમાટ ભર્યું સહન કરવું પડયું તેનું હૃદયભેદક ચિત્ર આળેખવું એ કોઇપણ લેખકની શક્તિ બહારનું કામ છે, ધર્માચાર્યોની લોભી યોજનાઓ પાર પાડવા સિવાય, તેનો બીજો કોઇ ઉપયોગ થયો નહિ. દરેક વાત દગાઇ ભરેલી અને છેતર પંડીની થતાં, તેમના કોઇપણ બોલ ઉપર વિશ્વાસ નહિ લઇ જઇ શકાય તેવા તે ઘાતકી કામો કરવાના હથીઆર બન્યા.

ખુદાતાલાએ મનુષ્યને ઉતપન્ન કરવાથી તથા મનુષ્યે ઉતપન્ન થઇ જે ઉમદી મતલબો સાધવાની છે તે મતલબોનો નાશ થયો અને ખુદા તથા મનુષ્યના સઘળા અધિકારોનો નાશ થયો. હીસ્ટ્રી ઓફ ધી એસેસીન્સના કર્તાએ જે અભિપ્રાય આપ્યો છે કે " આ સંપ્રદાય અજ્ઞાન રૂપી અઘોર ખાડામાં પડે છે અને તે મોટાં રાજ્યો અને ધર્મ સ્થાનોને ખંડેરો કરી જુલમ ભરેલા રાજ્યના કમકમાટો બતાવી પ્રજાના સુખનો નાશ કરી મનુષ્ય જાતિની સામાજીક પડતી લાવી અંતે નાબુદ થાય છે " તે સાથે સર્વ કોઇ એકમતે સંમત્ત થયા વિના રહેશે નહિ અને જ્યારે આ ફીરકાની ઉતપત્તીથી લઇ તેના લય સુધીની તેની તવારીખપર દ્રષ્ટિ દોડાવીએ છીએ, ત્યારે તો તે અભિપ્રાય વધુ વજનદાર હોવાનું જણાઇ આવે છે.

હસનના નવા ધર્મ વિષે માત્ર ઉપરનો હેવાલ આપવાપર અત્રે સંતોષ પકડીએ છીએ; કારણ કે અમોએ માત્ર ઉડતી નજર કરવા પ્રત્યેજ દ્રષ્ટિ મર્યાદા રાખી છે. હસનના ધર્મ વિષેની કેટલીક બાબતો તેના વંશજોના હેવાલમાં આવવાની છે તેથી અત્રે વિશેષની હાજત પણ રહેતી નથી. માત્ર અત્રે એટલોજ વિચાર કરવાનો છે કે હસને જે પંથ સ્વીકાર્યો હતો તેની રૂપરેખા કેવા પ્રકારની હતી.

# મુલહીદોનું ટુંક વર્ણન.

હસન બિન સબ્બાહ તથા તેના મુરીદોના અકાયદો મુલહીદપણાના હતા, તે આગળ આપણે જાણી ચુકયા છીએ અને તેથી મુલહીદપણું તથા તેના અકાયદો વિશે વિશેષ સ્પષ્ટતાની જરૂર રહે છે. મુલહીદનો અર્થ નાસ્તિક દેહરીયા વીગેરે થાય છે. આ મુલહીદ માન્યનાની ઉતપત્તી ઇ૦ સ૦ પૂર્વે ત્રીજી અથવા ચોથી સદીમા યુનાનમાં થવા પામી હતી. આ પંથને નેચરી પંથ પણ કહેવામાં આવે છે, આ પંથનો મુળ હેતુ ધર્મોનો નાશ કરવો, હરામ હલાલને એક કરી દેવું અને મનુષ્ય માત્રમાં સરખી ભાગીદારીના ધોરણને સ્થાપન કરવો તે છે. આ હેતુને પૂર્ણ કરવાને તેઓએ ઘણા ઘણા જીવતોડ પ્રયાસો કીધા છે અને જુદા જુદા લેબાસમાં પોતાને જગતના રેકર્ડપર જાહેર કરેલ છે અને જે ઉમ્મતમાં આ મુલહીદ પાર્ટી ઉભી થવા પામી, તે ઉમ્મતની નીતિરીતિનો નાશ કરી તેને સામાન્ય પડતીમાં લાવી મુકી. જો કોઇ આ ટોળાંના અસલ હેતુ પ્રત્યે વિચાર કરી જુએ તો, તેને સ્પષ્ટ જણાઇ આવશે કે, તે પારટીના પ્રયાસનું પરિણામ જગતના વ્યવહારિક તથા નૈતિક બંધારણનો નાશ થવા સિવાય બીજું કશું પણ આવશે નહિ. એમાં તો કશી પણ શંકા નથી કે, ધર્મ એ મનુષ્યના વ્યહારિક બંધારણની સાંકળ છે તેની હાજરી વિના વ્યવહારિક બંધારણનો પાયો મજબુત થઇ શકતો નથી.

આ ટોળાંનું પહેલવહેલું શિક્ષણ ધર્મોનો નાશ કરવો તે છે. જો કે આ પાર્ટી ઘણા લાંબા કાળથી ઉતપન્ન થઇ છે પરંતુ તેનો પ્રચાર નહિ થવાનું કારણ એ છે કે, મનુષ્ય વ્યવહારનું બંધારણ કે જે ખુદાઇ તાલીમનું પરિણામ છે તે હમેશાંથી મનુષ્યના અંતઃકરણોને

એવા માર્ગ તરફ રજુ રાખે છે કે, તેઓ તે પારટીના અકાયદાને દુર કરવાને પ્રયત્ન કરે. આવા કારણુને લઇ મુલહીદોની માન્યતા ટકી તથા જડ પકડી શકી નહિ.

નાસ્તિક, નેચરી, મુલહીદ, દેહરીયા વીગેરે આ પારટીના નામો સબંધે કોઇ કોઇ ઠેકાણે ચર્ચા થતી સંભળાય છે. અને તેતે શબ્દો વિષે લોકો પોતપોતાની સમજ પ્રમાણે વર્ણન કરે છે. પણ તેની ખરેખરી હકીકતથી સામાન્ય વર્ગ અજ્ઞાત છે, અને તેટલા માટે તેનું સ્પષ્ટિ કરણ તથા તેનો ઇતિહાસ આપવાની ખાસ જરૂર જણાય છે. અને તે સાથે તે પારટીના કારણે જગતના મનુષ્ય બંધારણની કેટલી પાયમાલી થવા પામી તથા હવે થઇ શકશે તે પણ રજુ કરી આપવું મુનાસબ જાણીએ છીએ.

આ મુલહીદ પારટી ઇ૦ સ૦ પૂર્વે ત્રીજી અથવા ચોથી સદીમાં ઉતપન્ન થવા પામી. યુનાનના વિદ્વાનોમાં તે સમયમાં જુદા જુદા બે મતો ઉભા થયા એક મતના વિદ્વાનો એવા નિર્ણયપર આવ્યા કે આ પ્રકૃતિ ઉપરાંત બીજી પણ કોઇ ઉતપતી છે કે જે, પ્રકૃતિથી વિરક્ત છે તેઓ કહે છે કે, તેનો ઉતપંન કરનાર ખુદા અને તેથી આ વર્ગ ધાર્મિક નામથી જાણીતો થયો.

બીજા વર્ગે એમ જણાવ્યું કે, પ્રકૃતિ કે જે ઇંદ્રીઓથી ગતીમાન થાય છે તે સિવાય બીજી કોઇ જણસ છેજ નહિ. આ વર્ગનું નામ મટીરીયાલીસ્ટ, નેચરી, મુલહીદ, દેહરીયા, નાસ્તિક વીગેરે પડયું. જ્યારે તેમને એમ પુછવામાં આવ્યું કે, પ્રકૃતિના ગુણો વિષે કેમ ? તો જવાબ આપવામાં, આવ્યો કે, સઘળા ગુણો પ્રકૃતિમાંથી ઉતપંન થાય છે. અને તે તેમાં ગૌણ રૂપ રહેલા છે. આ પારટીએ ગૃહ, તારા, પશુ, વનસ્પતિના ઉતપંન થવા વીશે પણ વિરૂદ્ધ મત ઉચાર્યો

છે. તેઓમાંના કેટલાકોએ એમ પણ જણાવ્યું કે, ગ્રહો, તારા, પૃથ્વી, પશુ, વનસ્પતિ, ખનીજ વીગેરે અનાયાસિક સંજોગોને લઇ ઉતપંન થઇ ગયા છે. એટલે કે તેઓ પોતાની બુદ્ધિને વશ થઇ એવા નિર્ણયપર આવ્યા કે, આ જગતનો ઉતપંન કર્તા કોઇ છેજ નહિ તે અનાદિથી છે અને અનાદિ રહેશે.

તેઓમાંના એક જથાએ એમ જણાવ્યું કે, લાંબા લાંબા સમયોના વિતાવાથી ઝાડ તથા પશુઓના શરીરો બદલાતાં બદલાતાં, હમણાના આકારમાં આવી ગયાં છે તે એમ કહે છે કે, મનુષ્ય પ્રથમ ડુક્કરની જેમ પગથી માંથાં સુધી વાળોથી ભરેલો હતો પણ ધીમે ધીમે હાલના આકારમાં આવી ગયો છે કેટલાકોએ એમ પણ કહ્યું કે, જયારે આ પૃથ્વી સૂર્યથી વિખુટી પડી ત્યારે દરેક પ્રકારના બીયાં તેની સાથે હતા કેટલાકોએ કહ્યુ કે, દરેક ઉતપત્તીનાં બીઆં છે જે પોતાની પ્રકુતિને લઇ ગતીમાન થઇ, નિર્જીવ રજકણોને ખોરાક પહોંચાડી, અવયવો ઉતપંન કરાવી. આપે છે.

એક ટોળાંએ એમ જણાવ્યું કે, સઘળી ઉતપત્તી જેવી કે પશુઓના બીઆં જેવીજ છે. અને તે બીઆંમાં કોઇ તફાવત નથી, અને ઉતપત્તીઓમાં જે તફાવત જોવામાં આવે છે તે તફાવત ખરેખરો તફાવત નથી અને તેથી જુદા જુદા અવયવોમાં બદલાઇ જાય છે આ ટોળાંનો સરદાર ડારવીન છે તેણે એક પુસ્તક લખી જણાવ્યું છે કે મનુષ્યો પ્રથમ વાંદરાઓ હતા અને રફતે રફતે જેમ જેમ જમાનો વિતાતો ગયો તેમ તેમ કેટલાક પ્રત્યક્ષ સંજોગોથી વાંદરાનો આકાર બદલતો બદલતો મનુષ્યના આકારમાં આવી ગયો. આ માણસનું એમ પણ કહેવું છે કે ઘણો સમય વિતતાં મચ્છર હાથી થઇ જાય અને હાથી મચ્છર થઇ જાય. જયારે ડારવીનને પુછવામાં આવ્યું

કે, વાંદરામાંથી ક્રમે ક્રમે મનુષ્ય ઉતપંન થઇ ગયા તેની દલીલ બતાવો તો તેણે જણાવ્યું કે, સાઇબીરીયા તથા રશીયાના ઘોડાના શરીરપર અરબસ્તાનના ઘોડાઓ કરતાં વધુ વાળ હોય છે સાઇબીરીયા તથા રશીયાના ઘોડાઓપર વધુ વાળોની જરૂર અને અને અર્બસ્તાનના ઘોડાઓપર ઓછાની જરૂર છે. બીજું એમ જણાવ્યું કે, એક ટોળું પોતાના કુતરાઓની પુછડીઓ કાપી નાંખતું હતું જ્યારે આ રીતે લાંબો સમય વિતાઇ ગયો ત્યારે તેઓના કુતરાઓ પુછડી વિનાના ઉતપંન થવા લાગ્યા.

ઉપરના નેચરીઓની ભુલોથી જ્યારે તેમના શિષ્યો કાંઇક જાણીતા થયા અને લોકોના ખંડનોથી જ્યારે તેમને પોતાના હેતુમાં જલદીથી ફળીભુત નહિ થવાનું જણાયું ત્યારે તેઓએ એક નવો બુટો ઉભો કીધો કે સઘળી વસ્તુઓની ઉતપત્તી આ ત્રણ વસ્તુને લઇ થવા પામી છે. મ્યાટર ( પ્રકૃતિ ) ફોર્સ ( શક્તિ ) તથા ઇન્ટેલીજન્સ ( જ્ઞાન ) અને તે ત્રણે અનાદિ છે તેનો કોઇ ઉત્પાદક નથી.

ઉપરની માન્યતાવાળાઓ મુલહીદો, જે ખુદાની હસ્તીનો ઇનકાર કરે છે અને જુદા જુદા અનેક નામથી ઓળખાય છે અને તે જુદા જુદા દેશોમાં, જુદા જુદા ધર્મોમાં દ્રષ્ટિગોચર થાય છે કોઇ પણ કોમ કે દેશ આજે પણ એવો નથી કે જેમાં આવા મુલહિદો હસ્તી ન ધરાવતા હોય. આ લેખથી અમારો હેતુ હસન બિન સબ્બાહના હાલના શિષ્યોની ભોળી માન્યતાનો હેવાલ આપવા તથા તેનો રદ કરવાનો નથી કેમકે તેઓમાં નતો વિદ્યા છે નતો બુદ્ધિ છે. તો સમજ કે ઇન્સાનિયત છે બેશક આ પ્રકારના લોકો પ્રશ્ન પુછવાને તથા તેના જવાબો મેળવવાને લાયકના નથી. ઠાકોર ગયાને ઠગ રહ્યા સાપ ગયાને લીસોટા રહ્યા જેવું છે. અલબત્તા તેઓમાંના ચાર પાંચ માણસો

જે ઉપર પ્રમાણેનીજ યોગ્યતાવાળા છે તે હસનબિન સબ્બાહના મુગ્ધ નાસ્તિક વિચારોને વખાણવા તથા તેનો પ્રચાર કરવા માગે છે પણ ખરી રીતે તેઓમાં તે વિચારોને સમજવા તથા તેનો પ્રચાર કરી શકવાની કાંઇ પણ શક્તિ કે યોગ્યતા નથી.

મુલહિદોની માન્યતા સબંધોનો કાંઇક ઇશારો રજુ કરવામાં આવ્યો, પણ તે સાથે તેમની ઉતપત્તીના સમયથી લઇ ચાલુ સમય સુધીમાં તેમના શિક્ષણથી જગતના વ્યવહારીક બંધારણ તથા સામાજીક સુલેહશાંન્તીમાં શું ખરાબી તથા પાયમાલી થઇ, તે જણાવી આપવાની ખાસ જરૂર જણાય છે.

જાણવું જોઇએ કે, આ મુલહીદ લોકો ઉમ્મતો, કોમો તથા દેશોમાં જુદા જુદા અનેક રૂપોમાં જાહેર થયા. કદી તો તેઓએ પોતાને વિદ્વાન, કદી જુલમને દુર કરનાર વીગેરે જણાવ્યા અને કદી ઇલ્મે બાતીનના મેદાનમાં જલવાગર થઈ બોલ્યા કે, અમો છુપા ભેદો અને ઇશ્વરી ગુપ્ત જ્ઞાનના જાણનારા છીએ. તેઓ બોલ્યા કે, અમારો હેતુ અનીતિને દુર કરવાનો અને લોકોની બુદ્ધિને ઝગમગીત કરવાનો છે. કદી તેઓ ધર્મના પેશવા તથા હાદીઓના લેબાસમા રજુ થયા અને તેઓએ પોતાનો મલીન હેતુ પાર પાડવાને ઇમામત તથા નબુવ્વતનો દાવો કીધો અને કોઇએ તો પોતાનેજ ઇશ્વરનો અવતાર જણાવ્યો; પણ જે કોમ તથા જે દેશમાં તેઓ પેદા થયા અને જે જે લીબાસમાં રજુ થયા તે તે કોમ તથા દેશની સામાન્ય પડતી તથા અધોગતિના કારણ થયા. તેઓએ તે કોમ તથા ધર્મના આશીર્વાદ રૂપ બંધારણને તથા સામાન્ય વ્યવહાર તથા શાન્તીને બરબાદ કરી નાંખી અને કોમ તથા ધર્મના મનુષ્યજાતને એકત્ર ગાંઠમાં જોડવાના પ્રયાસને છીન્ન ભિન્ન કરી નાંખ્યો.

મનુષ્ય માત્રમાં જુલમ, અજ્ઞાનતા, પ્રપંચ, લોભ તથા ખુંખારપણાના અંકુરો રહેલાં હોય છે. તેટલા માટે મનુષ્ય ઉતપત્તીના પ્રથમના સમયમાં કેટલાક ઉમદા અકાયદો તથા આશીર્વાદ રૂપ લક્ષણો તેને ધર્મના પ્રતાપે પ્રાપ્ત થયાં હતાં. જેને ઉમ્મતો તથા પ્રજાઓ પોતાના વડીલોના વારસામાં મેળવી તે દ્વારા પોતાની નીતિરીતિ દુરસ્ત કરતી હતી. અને પ્રપંચ તથા દુષ્ટતા કે જે મનુષ્યના સામાજીક બંધારણને છીન્ન ભિન્ન કરી નાખનાર છે તેનાથી પરહેઝ કરતા હતા અને તેના પ્રતાપે પોતાની બુદ્ધિ તથા વિદ્યાનો યોગ્ય ઉપયોગ કરી વ્યવહારની નીતિરીતિને પ્રકાશીત કરતા હતા તેનાજ પ્રતાપે તેને એક પ્રકારનો ટકાવ પ્રાપ્ત થતો હતો પરંતુ આ મુલહીદ ટોળું જે ઉમ્મતમાં ઉત્પન્ન થયું તે ઉમ્મતમાં તેમના દુષ્ટ અકાયદો તથા મલીન આચારથી તે ઉમ્મતની નીતિ રીતિ નષ્ટ થતી રહી અને તેથી તે ઉમ્મતની સામાજીક ઉન્નતિ પડતી તરફ ગબડતી ચાલી અને છેવટે તે કોમ તથા ઉમ્મત પાયમાલ તથા પરાગંદા થઇ ગઈ.

તે નાસ્તિક ટોળાના વિદ્વાનો તથા નેતાઓ બહુજ સફાઇથી જોઇ શકયા કે મનુષ્યોને શરૂઆતથી લઇ હમણા સુધીમાં ધર્મોના પ્રતાપે ત્રણ સર્વોત્તમ લક્ષણો પ્રાપ્ત થયાં છે અને ધર્મજ તે ત્રણે લક્ષણોને ઉત્પન્ન કરનાર છે અને તેજ ત્રણે લક્ષણો અમારા પ્રયાસમાં વિઘ્ન કર્તા છે અને તેથી તેઓએ તે ત્રણે લક્ષણોને પ્રથમ નાબુદ કરવાને મહાન પ્રયાસ શરૂ કીધો.

તે ત્રણે સર્વોત્તમ લક્ષણોમાનું પહેલું એ કે મનુષ્ય પૃથ્વીનો ફરીસ્તો તથા અસરફૂલ મખ્લુકાત ( શ્રેષ્ટ ઉતપત્તી ) છે. બીજું એ કે, તેની ઉમ્મત સઘળી ઉમ્મતોથી શ્રેષ્ટ છે અને તેની ઉમ્મત સિવાયની સઘળી ઉમ્મતો બાતીલ તથા ગુમરાહી ઉપર છે. ત્રીજું એ કે

મનુષ્ય આ ફાની જગતમાં તે ઉચ્ચ દરજ્જો પ્રાપ્ત કરવાને આવ્યો છે કે જે આ અંધકાર મય જગત, જે ખરેખર તેના માટે માતમનું ઘર છે તેનાથી ઉત્તમ તથા આલા દરજ્જો પ્રાપ્ત કરે.

આ ત્રણે સર્વોત્તમ લક્ષણો જગતમાનાં મનુષ્યોની સામાજીક તથા દરેક પ્રકારની ઉન્નતિ માટે બહુજ પાવર રાખે છે અત્રે જો તેના વિભાગો પાડી તે દરેક લાભો નું વર્ણન કરીએ તો અગણિત લાભોનો તે ભંડાર છે અને મનુષ્યની શારીરિક, માનાસિક, આર્થીક, તથા આત્મિક વીગેરેની ખીલવણી માટે તે પારસમણી સમાન છે અને ખુદાતાલાએ જે ઉત્તમ શક્તિઓ મનુષ્યના શરીરમાં બીજ રૂપે મુકી છે તે શક્તિની તે તેની પુરી હદ સુધી ખીલવણી કરનાર છે. એમ જણાઇ આવે.

પહેલા લક્ષણમાં એ ખુબી છે કે, મનુષ્ય પોતાને શ્રેષ્ટ ઉતપત્તી સમજતા દુષ્ટ આચરણોથી ફરજીઆત નાસતો રહેશે અને પોતાને વડો તથાશ્રેષ્ટ સમજશે અને હેવાની ખસલતોથી નફરત કરતો રહેશે અને તેની આવી માન્યતા જેટલા પ્રમાણમાં મજબુત થતી જશે તેટલા પ્રમાણમાં તે શ્રેષ્ટતાને પ્રાપ્ત કરવા તરફ અને દુષ્ટતાને તજવા તરફ પોતાના કદમો લંબાવતો રહેશે અને તેને પોતાને નીચો તથા હલકો કહેવડાવવા પ્રત્યે ઘણોજ તિરસ્કાર થશે. અને જેટલા પ્રમાણમાં તે તેવી બાબતો પ્રત્યે તિરસ્કાર કરતો જશે તેટલાજ પ્રમાણમાં તેની બુદ્ધિ વધતી જશે અને જેટલા પ્રમાણમાં તેની બુદ્ધિમાં વધારો થતો જશે તેટલાજ પ્રમાણમાં મનુષ્યત્વના શ્રેષ્ટ હકોનાં પગથીઆં તે ચડતો જશે; તે એટલે સુધી કે પોતાના ભાઇઓ કે જે વડાઇ તથા શ્રેષ્ટતામાં તેની બરાબર છે તેને પોતાની બરાબરના સમજી સ્નેહ, વિવેક તથા ન્યાયથી તેની સાથેનું વર્તન ચલાવશે.

વિદ્વાનોના હેતુ અને મનુષ્ય જીવનનું સાર્થક પણ એજ છે. આ લક્ષણ મનુષ્યને એ શિક્ષણ આપે છે કે, જગતમાં તે જંગલી ગધેડાઓ અને જંગલી બળદો જેવી જીંદગી ન ગુજારે અને આ સૃષ્ટિમાં પશુત્વ જીવન ન ગાળે અને પશુઓના જેવા પ્રત્યે ધિક્કાર બતાવે, કેમકે પશુઓ પોતાની વ્યાધિઓને દુર કરવા સમર્થ નથી અને જેવી રીતે જોઇએ તેવી રીતે પોતાનું રક્ષણ કરવાનું જાણતા નથી અને સઘળી જીંદગી ધાસ્તી તથા બીકણપણામાં પુરી કરી નાંખે છે; પણ પહેલું સર્વોતમ લક્ષણ મનુષ્યોને વાઘ વરૂ તથા હડકાયા કુતરાઓ જેવી જીંદગી ગુજારવાથી તથા એક બીજાને ફાડી ખાઇ પશુત્વ સાથે મળતાપણાના ઇરાદાથી અટકાવે છે.

જો તે સર્વોત્તમ લક્ષણ કોઇ પણ કોમ કે ઉમ્મતમાં ન હોય, અને તેથી વિરૂદ્ધની તેની માન્યતા હોય, એટલે કે મનુષ્યો પશુઓના જેવા પશુઓજ છે અથવા તો તેથી હલકા દરેજજાના છે તો તેવી સ્થિતિ વચ્ચે તેનાથી કેટલી દુષ્ટતા અથવા અધમતા જાહેર થશે અને તેનાથી કઇ અનીતિ નહિ થાય તે કહી શકાય નહિ અને તેના અંતઃકરણો કેટલાં નિર્બળ થઇ જઇ તે પોતાના સર્વોત્તમ દરજ્જાથી ગબડી પડશે.

આ સર્વોત્તમ લક્ષણમાં બીજું એ છે કે, તેની ઉમ્મત સઘળી ઉમ્મતોથી આલા છે અને તેના સિવાયની સઘળી જુઠા માર્ગ પર છે આવી માન્યતાથી તે મનુષ્ય ફરજીઆત એવી ચાહના કરશે કે, તે કોઇ પણ ઉમ્મતથી પાછળ ન રહી જાય અને ફઝીલતના મેદાનમાં બીજાથી આગળ વધી જાય અને જીવનના દરેક પ્રશ્નમાં તે બીજી પ્રજાઓથી આગળ વધેલોજ રહેવાને મચ્યો રહેવાનો અને તેથી સ્હેજ પણ ઉલટી બાબત થવાથી તે રાજી થશે નહિ અને જ્યારે તે કોઇ

પણ કોમને પોતા કરતાં કીર્તિ તથા ખુબીમાં આગળ વધેલી જોશે ત્યારે તે પોતાની કોમને તેની બરોબરીમાં; બલ્કે તેનાથી શ્રેષ્ટ બતાવવાને પ્રયાસ કરશે.

આ લક્ષણના કારણે પોતાને તથા પોતાની કોમને તે સઘળી ફઝીલતોનો કે જેનાપર મનુષ્ય ફઝીલત અવલંબી રહી છે તેનો હકદાર જાણે છે અને જો કોઈ પણ લાચારીને લઇ પોતાની કોમ બીજી કોમ કરતાં ઇંનસાની ફઝીલતમાં પચ્છાત રહી જાય તો, તેના દીલને જરા પણ ચેન પડશે નહિ, બલ્કે જ્યાં સુધી તે જીવતો રહેશે ત્યાં સુધી તેના ઉપાયોમાં પ્રયાસ કરશે. આ લક્ષણ દરેક હિમ્મતને બીજી હિમ્મત પર ફઝીલતમાં આગળ વધી જવાને ઉશકેરનારૂં અને દરેક પ્રકારની વિદ્યાકળામાં આગળ વધારનારૂં છે. આ લક્ષણથીજ તે બીજી કોમ કરતાં આગળ વધવાનો તથા તેની સામગ્રી એકઠી કરવાનો તથા તે માટે વિચારો કરવાનો અધિકારી બનશે. હવે જો કોઇ પણ પ્રજામાં આ લક્ષણ ન હોય તો તે પોતાના ઉચ્ચ સ્થાનથી કેટલી નીચે ગબડી પડશે અને તેની હીમ્મતમાં કેટલી નિર્બળતા આવી જશે અને તે કેટલી અધમતાને આધિન થશે અને તેની કોમ ઢેડ ભંગી જેવી સ્થિતિમાં આવી જશે.

ત્રીજું લક્ષણ એ છે કે મનુષ્ય જગતમાં ઉત્તમ જીવન પ્રાપ્ત કરવાને આવ્યો છે કે જેથી વિશાળ તથા ઉત્તમ જીવન તરફ ઝુકાયો જાય. જ્યારે કોઇને પણ આ લક્ષણ પ્રાપ્ત થશે ત્યારે તે પોતાની બુદ્ધિને મારફત તથા સત્ય જ્ઞાનથી પ્રકાશિત કરવાનો પ્રયાસ કરશે અને તે વસ્તુઓને નિરર્થક જવા દેશે નહિ અને કુદરતે તેનામા શ્રેષ્ટ પદ પામવાને લગતી જે જે ચીજો અમાનત રાખી છે તેને ખીલવવાં તથા કીર્તિના દરજ્જા પર બીરાજમાન થવાને મથશે અને

કોઇ પણ સ્થિતિ વચ્ચે ઉત્તમ આચરણોને તજશે નહિ અને પોતાના જીવનને પૉલીસ કરવામાં પાછો હઠશે નહિ અને તે હમેશાં પ્રયાસ કરતો રહેશે કે, વ્યાજબી તથા નીતીના માર્ગથી નાણું પેદા કરે અને જુઠ તથા પ્રપંચથી તેવી વસ્તુ પ્રાપ્ત કરવાને તિરસ્કાર તો રહેશે. તેવો મનુષ્ય પોતાના હકોને જાણશે અને બીજાના હકોનું સંરક્ષણ કરશે. હવે જો કોઇ પ્રજામાં આ લક્ષણ ન હોય તો તે પ્રજામાં વિરૂદ્ધતા કુસંપ, જુઠાણું, પ્રપંચ, રૂશવત, દારૂડીયાપણું વીગેરે કેટલી હદ સુધી ઘુસી જશે તેની કોઇ સીમા જણાશે નહિ તે વિદ્યા પ્રાપ્ત કરવામાં કેટલી સુસ્તી કરશે.

વળી આ ત્રણે સર્વોત્તમ લક્ષણો સાથે બીજી ત્રણ ઉત્તમ બાબતો પણ જોડાયલીજ રહેશે ૧ શરમ ૨ અમાનત ૩ સત્યતા. આ ત્રણે બાબતો દરેક વસ્તુના નિર્માણ થયેલા અધિકારોને તેની હદમાં રાખશે, કોઇ કોઇના વિઘ્ન કર્તા થશે નહિ અને હમણા તથા પ્રથમ જે જગતમાં વિરૂદ્ધતાના આન્દોલનો કમકમાટી ભર્યાં ચાલી ગયાં છે અને ચાલે છે તે ચાલવા દે નહિ.

આ નાસ્તિકોની એક માન્યતા એ છે કે, મનુષ્ય પણ બીજા પશુઓ જેવોજ છે અને પશુઓપર તેને કોઇ વડપણ નથી; બલ્કે ઉતપત્તી તથા કુદરતી બક્ષીસોમા તે ઘણા પશુઓ કરતાં નિચો દરજ્જો ભોગવે છે. આવી આવી બાબતોથી તેમણે મનુષ્યોપર પશુત્વના માર્ગો ખોલી આપ્યા. અને તેવા દુષ્ટ આચરણો આચરવાનું કાર્ય સરળ કરી આપ્યું અને અનીતિ તથા જંગલીપણાના એબને કશાપણ લેખામાં ગણ્યો નહિ પછી તેમણે એમ જણાવ્યું કે, મનુષ્ય ઘાસ ચારા સમાન છે અને જગતમાં તેજ મનુષ્ય ભાગ્યશાળી છે કે જેને પશુત્વની ઇચ્છા અને તેવી લીઝઝતો પ્રાપ્ત થઈ છે. આવા જુઠા

માર્ગથી તેઓએ વિશ્વાસઘાત, દગલબાજી વીગેરેનો પ્રચાર કીધો. અને મનુષ્યોને દુષ્ટ આચરણો તરફ ઉશકેરણી આપી અને બુદ્ધિને તેની કીર્તિ સંપાદન કરવાના માર્ગથી ખસેડી નાખી નકામી બનાવી દીધી.

આ મુલહીદો જે મનુષ્ય વર્ગ માટે પ્લેગ તથા કોલેરા છે તેમણે જોયું કે, હયા તથા શરમ એવી બાબત છે કે જે આપણા શિક્ષણના પ્રચારને અટકાવે છે અને મનુષ્યો જલદીથી તેને આધિન થઇ જાય છે અને ગમે તે ખાવા પીવામાં, સ્ત્રીઓ સાથેના સ્વતંત્રતાના પરિચયમાં આવતા અચકાયે છે ત્યારે તેઓએ શરમ તથા હયાને દુર કરવાને પ્રયાસ આદર્યો અને જણાવ્યું કે, હયા શરમ એ મનની નબળાઇ અને તેની ખામીનું પરિણામ છે. જો કોઇ દીલ મજબુત તથા પૂર્ણ બનેતો કોઇપણ કાર્ય કરવામાં હયા તથા શરમ તેને અટકાવી શકે નહિ. તેઓએ એમ પણ જણાવ્યું કે શરમને દુર કરવાને દરેક મનુષ્યે કોશીશ કરવી અને દીલને મજબુત તથા પૂર્ણ બનાવવું. આ માર્ગથી પશુત્વ પ્રત્યેની રોકટોક તજાવી દીધી અને અન્યો અન્ય પશુત્વ વર્તન રાખવાનું તથા સઘળું મુબાહ યાને વ્યાજબી હોવાનું સરળ કરી આપ્યું.

વળી આ મુલહીદ લોકોએ પોતાના પંથમાં મુખ્ય બાબત "સમાન સ્વતંત્ર હક" યાને "સઘળું મોસાવી" હોવાની રાખી છે. અને સઘળી બાબતમાં સઘળાને સરખા હકો પ્રાપ્ત છે. હાજતો તથા ઇચ્છાની સઘળી બાબતોમાં સઘળાનો સરખો હક ગણ્યો છે. અને તે હકમાં કોઇ અટકાવ કરે તો તેને જુલમ તથા જબર દસ્તી માની છે.

લંબાણ તરફ નહિ જતાં હવે આ મુલહીદ ટોળું મનુષ્ય જાતનું કેવું શત્રુપણું કરતું આવ્યું છે તે બતાવવું જોઇએ. આ ટોળાંના મગ-

જમાં દીવાના માણસની જેમ સુધારકપણાનો પવન ભરેલો હતો અને હજુ આજે પણ ભરેલો છે. તેઓ પોતાના આ દાવાને મેદાનમાં લાવી મનુષ્ય જીવનને બરબાદ કરવા તથા મનુષ્ય જીવનને નીસ્તો નાબુદ કરવા નીકળી પડયા હતા અને આજે પણ નીકળી પડયા છે. એ વાત સૌ કોઇ જાણે છે કે, ઉચ્ચ લક્ષણોની હસ્તી મનુષ્ય જીવનને તેના ઉચ્ચ શિખરે પહોંચાડે છે અને તેના ઉપરજ મનુષ્યો એક બીજાથી કીર્તિ તથા ઉન્નતિ મેળવવા પ્રયાસ કરે છે. તે લક્ષણો જ્યારે નાબુદ થાય ત્યારે મનુષ્ય પશુત્વપણામાં બદલાઇ જાય. આ ટોળાંની એક માન્યતા જે પ્રથમ જણાવી આપી છે તે એ છે કે સઘળા મનુષ્યો સઘળી લીઝ્ઝતો, ઇચ્છાઓ, અને મનની તૃપ્તિ મેળવવામાં એક બીજાના સરખા હક્દાર છે. અને મનુષ્યો વચ્ચેનો સઘળા પ્રકારનો તફાવત દુર કરી નાંખવામાં આવે, સઘળા લોકો બરાબરીથી જીંદગી ગુજારે.

આ મુલહીદોએ પોતાનું મલીન શિક્ષણ ફેલાવવા માટે અનેક પ્રકારના માર્ગો ગ્રહણ કીધા હતા. સુલેહ શાન્તીના સમયમાં પોતાના હેતુઓ તથા વિચારોને ઘણીજ છુટથી જગતમાં જાહેર કરતા અને ધાસ્તીના સમયમાં ક્રમે ક્રમે પોતાના વિચારો જાહેર કરવાનું ગ્રહણ કરી ઈશારા, તથા ભેદોમાં જણાવતા અને મકરબાજી તથા પ્રપંચમાં કદમ મુકતા અને કદી ઉપર જણાવેલા મનુષ્ય જીવનના છ સ્તંભોને એકી સાથે તોડી પાડવાને પ્રયાસ કરતા અને કરે છે. જ્યારે તેઓ કાંઇક બળ મેળવી લેતા ત્યારે જો લોકો તેમના શિક્ષણને તાબે ન થતા તો તેઓ પોતાની સલામતીની ધાસ્તીથી તેમને તાબે થતા અને છેવટે તેઓ પોતાના અકાયદોમાં ફાવી જતા અને અનીતિ તથા દુષ્ટતા ઠામ ઠામ ફેલાઇ જતી.

ગ્રીક યાને યુનાની લોકો એક કોમ હતી. સંખ્યા તેમની થોડી હતી, પણ ઉપર વર્ણન થયેલાં ત્રણ સર્વોત્તમ લક્ષણોને લઇ વિદ્યા-કળાની તેમનામાં ઘણી વૃદ્ધિ થઇ અને કેટલાક વરસો પછી ઇરાનના રાજ્ય સામે, કે જે રાજ્ય કાશગરથી લઇ ઇસ્તંબોલ સુધી ફેલાયલું હતું તેને જીતી હીંન્દુસ્તાનપર ચડાઇ લઇ આવ્યા. તેઓ અમાનત દારીમાં એટલે સુધી આગળ વધ્યા કે વિશ્વાસઘાત કરવા કરતાં મરવું પસંદ હતું જ્યારે ઝરકેસ તમસ્તોકલીસને ઇરાની ફોજ લઇ યુનાનપર ચડાઇ લવાને કહ્યું ત્યારે તેણે તેમ નહિ કરતાં ઝેર ખાઇ પોતાનો પ્રાણ તજ્યો અને પોતાની કોમ સાથે વિશ્વાસઘાત કરવાને રાજી થયો નહિ. જોકે ઇરાન જીત્યા પછી યુનાની લોકોએ તેને પોતાના દેશમાથી હાંકી કાઢયો હતો અને તેણે લાચારીથી ઇરાનીઓનો આશ્રય લીધો હતો. આવી રીતે યુનાન વિદ્યા-કળા તથા મનુષ્ય જીવનના ઉચ્ચશીખરે પહોંચી ગયો હતો જેની ઉન્નતિના વર્ણનો ઇતિહાસોમાં ભરપુર ભરેલાં છે.

આવી રીતે યુનાન ઉચ્ચ મનુષ્ય જીવનમાં મહાલતો હતો તેટલામાં તેના દુર્ભાગ્ય એપીકેુર તથા બેકાર વીગેરે ફીલસુફી નામ ધારણ કરી નાસ્તિક વિચારના ઉભા થયા તેમણે પ્રથમ ઇશ્વરની હસ્તીનો ઇન્કાર કીધો કે જેમ કરવું એજ સઘળી બરબાદીનું મુળ છે. તેઓએ જણાવ્યું કે, મનુષ્ય પોતાના હુંપદ તથા સંકુચિત જ્ઞાનને લઇ એવું ગુમાન કરે છે કે તે સઘળી ઉતપત્તીઓમાં શ્રેષ્ટ અને સઘળીનો મુકાદમ છે અને તેમ માત્ર સ્વાર્થ તથા લાલચને ખાતર તેમ કહે છે અને તેમ માનવું એ તેના ચક્રમપણાની નીશાની છે. મનુષ્ય આ જીંદગી તજી બીજી નુરાની જીંદગીમાં દાખલ થાય છે. અને જીંદગી સાથેની સઘળી વ્યાધિઓથી મુક્ત થાય છે; તે પણ ખાલી ઢકોસલો છે અને તે પોતાની ભુલને લઇ મનુષ્યોએ ઉભી કરેલી હાડમારીમાં

ફસાઇ ગયો છે. અને તેમ કરી તેણે પોતાની લીઝ્ઝતો, હાજતો, તથા હકોને તજી આપ્યા છે અને તે તજાવી આપવું એ સરાસર જુલમ છે માટે ધર્મ તથા વ્યવહારના બંધનો તજી આપી પોતાના અધિકારો તેણે ભોગવવા જોઇએ.

તેમણે એમ પણ જણાવ્યું કે, જે કારીગીરિ તેણે શીખી છે તે સઘળી પશુઓનું અનુકરણ છે. દાખલા તરીકે વણવાનું કરોળીઆથી, ઘર બાંધવાનું મધમાંખીથી, ઇમારતો બાંધવાનું ઉધાઇથી, અનાજના કોઠાર ભરી રાખવાનું કીડીઓથી અને સંગીત પક્ષીઓથી વીગેરે વીગેરે માટે ગર્વિષ્ટ મનુષ્યે જાણવું જોઇએ કે, તેની જીંદગી ઝાડપાલાની જીંદગી જેવી છે અને આ લોક સિવાય બીજો લોક તેના માટે નથી તેમ આ જીંદગી સિવાય બીજી કોઈ જીંદગી નથી તો હવે તેને ઘટારત નથી કે, ધર્મ તથા વ્યવહારના બંધનોની સાંકળ પોતાના પગોમાં નાંખે અને વ્યાધિઓનો બોજો પોતાના ખભાપર ઉચકે. અને નેચરથી વિરૂદ્ધ જઇ વિધ વિધ પ્રકારની લીજ્જતો અને મોજ મજાથી વિમુખ રહે; બલ્કે જે માર્ગે અને જેવી રીતે પ્રાપ્ત થઇ શકે તેને મેળવે, મોજમજાનો પોતાનો ભાગ હાસલ કરે અને હરામ હલાલ, લાયક નાલાયક વીગેરે બનાવટી વાતોને તજી આપે, તેઓના બંધનો સાંભળવા પ્રત્યે પોતાના કાનો બેહરા કરી નાંખે. તેમણે જણાવ્યું કે હયા તથા શરમ એ મનની નબળાઇનું પરિણામ છે અને પ્રત્યેક મનુષ્યને ઘટારત છે કે, તેવી નબળાઇ નષ્ટ કરવાને પ્રયાસ કરે અને અનુકરણની કેદને તોડી પાડે કે જેથી તેને તેના અધિકારો પ્રાપ્ત થાય અને તેવા કાર્યો કરવા જતાં તેનું મન શરમીંદા ન થાય. આ ટોળાંના શિક્ષણનો અસર સમાજમાં એટલે સુધી ફેલાયો કે, જ્યાં કઇ જમવાનું પીરસેલું જોતા ત્યાં જઇ પહોંચી જતા અને તેવા મુલહીદોને

કોઇ કોઇ કુતરા સમજી લાત મુક્કી મારીને હડશેલી મારતા. ખરેખર તેઓ મનુષ્ય આકારમાં કુતરાજ હતા. તેઓ માલ મીલકતમાં સઘળા નો સરખો હક છે એમ પોકાર પાડીને હુમલો કરતા હતા. આ મુલહીદ શિક્ષણથી યુનાની પ્રજાની વિદ્યા–કળા તથા મનુષ્ય જીવનની કીર્તિ નષ્ટ થઇ અને પરિણામે તેમનું રાજ્ય બરબાદ થઇ ગયું અને ઇટલીના હાથમાં તે પ્રજા કેદ થઇ અને ઘણો લાંબો વખત પોતાની હાલત અધોગતિમાં રાખી હતી. હજુ પણ તેને પ્રથમની સ્થિતિ પ્રાપ્ત થઇ નથી.

પારસી એક કોમ હતી જે ઉપર વર્ણવાયલા છ ઉત્તમ લક્ષણોના શિક્ષણના પ્રતાપે આલા દરજ્જે પહોંચી હતી અને તે પોતાને એવી માનવંત સમજતી હતી અને એવું ગુમાન કરતી હતી કે, પરાઇ કોમોમાં તેજ લાયક તથા સદભાગી છે કે જે અમારી હીમાયતમાં હોય અથવા તો અમારા દેશની નજીકમાં રહેતી હોય. આ કોમ ધાર્મિક કેળવણીના વિભાગ સત્યતા તથા અમાનતદારીમાં એટલે સુધી આગળ વધી ગઇ હતી કે જો તેના અંગભૂતો મોહતાજ થઇ જતા તો એવી બીકથી નાણા કરજે ન લેતા કે, રખેને અમો જુઠું બોલવા જેવી સ્થિતિમાં મુકાઇ જઇએ. આવા ઉત્તમ લક્ષણોના પ્રતાપે માન, કીર્તિ અને રાજકીય ઉન્નતિ તેમની એટલે સુધી વધી ગઇ કે, તેનું વર્ણન કરવાને એક મહાભારત જોઇએ.

પ્રખ્યાત ઇતિહાસવેત્તા ફ્રાન્સીસ લીઝન કહે છે કે મહાન દારાના સમયમાં ઇરાની રાજ્ય એકવીશ ઇલાકાઓમાં વહેંચાયલું હતું અને તે ઇલાકાઓમાંનો એક એક સુબો મીસર, બલુચીસ્તાન, સીંધ તથા લાલ સમુદ્રના કાંઠાનો પ્રદેશ હતો. જો કદી તેમના રાજ્યમાં કાંઇ ઝઘડો ઉતપંન થતો તો, તે ઉત્તમ લક્ષણોના શિક્ષણના અસરથી

થોડાજ સમયમાં સમાવી લેવાતો અને ફરીથી પ્રથમના જેવી શાન્તી તથા જાહોજલાલી ચાલુ થઇ જતી. આવી સ્થિતિ કબાદ મઝુક નામના મુલહીદના સમય સુધી ચાલુ રહી. જ્યારે તે ઉતપંન થયો ત્યારે તેણે પોતાને જુલમના વિનાશક તરીકે જાહેર કીધો અને પોતાના મલીન શિક્ષણથી પારસી કોમની સઘળી નેકનામીને જડમુળથી ઉખેડી નાખી નીસ્તો નાબુદ કરી નાંખી; કેમકે તે નાસ્તિકે એવા અકાયદાનો પ્રચાર કરાવ્યો કે, મનુષ્યોએ જે કાનુનો તથા સત્તાઓ બાંધી છે તે સઘળું જુલમ તથા જબરદસ્તી છે અને તેનો પાયો જુઠાણા ઉપર છે અને નેચરની શરીયતે પાક હજુ સુધી મનસુખ થઇ નથી. પશુઓ તથા હેવાનોમાં હજુ સુધી જળવાઇ રહી છે. નેચરના મરતબાને કોઇપણ બુદ્ધિ અને કોઇપણ સમજ પહોંચી શકતી નથી. નેચરે ખાવા પીવાની સઘળી જણસો અને સ્ત્રીઓ સઘળા ખાનારાઓ તથા નીકાહ કરનારાઓ ઉપર સમાન હકે આપેલી છે માટે મનુષ્યને ઘટારત નથી કે પોતાના વહેમ અને કપોળ કલ્પિત ખ્યાલોની બનાવત, જેને તે કાયદા કાનુન અને સમાજ બંધારણ કહે છે તેને લઇ પોતાની પુત્રી, બહેન તથા માતાથી વિમુખ રહે અને બીજાઓ તેણીઓ સાથે મોજમજા ઉડાવે. પોતાની ભાગીદારીવાળા માલને ઉપયોગમાં લઇ પોતાના હકનો દાવો તેણે સાબેત કરવો અથવાતો કોઇપણ સ્ત્રી સાથે નીકાહ કરી બીજાને તેણી પાસે જતાં અટકાવવો તેનો શું અર્થ ? ! અને તે કાયદામાં શું સત્યતા છે ? ! પોતાની મીલકતને પરાયાની ગણવી એ ન્યાયથી ઉલટું છે. અને જો તે પોતાની ભાગીદારીની જણસનો પોતે લાભ ઉઠાવે તો, તેને અનીતિવાન કે લૂટારો કહેવો એ મનુષ્યોનો સરાસર જુલમ છે. તેટલા માટે સઘળાઓ ઉપર લાઝીમ છે કે, મનુષ્યની નિર્બળ બુદ્ધિના જુલમ ભરેલા કાયદા કાનુનો અને સામાજીક

બંધારણોના તોકને પોતાની ગરદનમાંથી કાઢી ફેંકી દે, અને નેચરની પવિત્ર શરીયત પ્રમાણે નાણા તથા સ્ત્રીઓ; ભલે પછી તે ગમે તે પ્રકારની હોય તેનાથી પોતાના હકો હાસલ કરે અને તેવા હકો ઝુંટવી જનારાઓના જોર જુલમને જબરદસ્તીથી અટકાવે. જ્યારે આવું મલીન શિક્ષણ ઇરાની પ્રજામાં પ્રચલિત થઇ ગયું ત્યારે તેનાથી હયા ફીટી ગઇ અને દગલબાજી તથા વિશ્વાસઘાત જાહેર થવા લાગ્યો અને પડતીના દરેક તત્વો તેમાં ફેલાઇ ગયાં. જો કે નવશેરવાં બાદશાહે મઝ્‌દક તથા તેના કેટલાક શિષ્યોને મારી નાખ્યા પણ તે ફસાદ કરનારા શિક્ષણના મુળીઆ ઉખેડી નાંખવાને તે શક્તિવાન થઇ શક્યો નહિ. એજ કારણને લઇ આરબ કોમના એકજ હુમલાનો મુકાબલો કરી શકવાને સામર્થ્યવાન નીવડી નહિ. જો કે તે સમયની સરખી શક્તિ વાળી કોમો જેવી કે રૂમી પ્રજા ઘણા વરસો સુધી આરબો સાથે લડાઇ કરતી રહી.

મુસલમાનોને તેમના સાચા દીનના કારણે આસમાની ખરી શરીયતના સબબથી, એટલા બધા આલા દરજ્જાના પ્રકાશીત અકાયદો તથા સુંદર ખસલતો હાસલ થયા હતા અને તેના છ સ્તંભોનો પાયો તેમના અંતઃકરણોમાં એવો તો મજબુત પડ્યો હતો કે, એક સૈકાની મુદત્તમાં તે નેક અકાયદોના પ્રતાપે અલપ્સના પહાડોથી લઇ ચીનની દીવાલ સુધી પોતાના કબજામાં લાવી રૂમના કૈસર તથા ઇરાનના કસ-રાઓના મગજોને ઝીલ્લતની માટીમાં મેળવી આપ્યાં. એટલું છતાં કે તેઓ થોડાજ માણસો હતા. પરંતુ તેમની નીતિ તથા સદગુણો એટલે દરજ્જે સુધી જઇ પહોંચ્યા હતા કે, તે નીતિના આકર્ષણે થોડાજ સમયમાં કરોડો પરધર્મિઓને, જોકે તેમને જઝીયો આપવા અથવા તો ઇસ્લામનો સ્વીકાર કરવાને અખ્તેયાર અપાયો હતો, તેઓને તેણે

પોતાના મઝહબમાં ખેંચી લીધા. તેવીજ રીતે આ માનવંત ઉમ્મતને સરસાઇ તથા કીર્તિ સંપાદન થતી રહી, તે ત્યાં સુધી કે જ્યારે ચોથા સૈકામાં નાસ્તિક યાને નેચરીઓ ભેદ જાણનારા તથા એહલે બાતેન ( ગુપ્તીઓ ) ના નામથી મીસરમાં જાહેર થયા, જેમણે સઘળા ઇસલામી મુલકોમાં અને ખાસ કરીને ઇરાનમાં પોતાની અગ્નિના ભડકાઓ ફેલાવી આપ્યા અને જ્યારે આ બાતીન્યા નેચરીઓએ જોયું કે, હજરત રીસાલત પનાહ મોહંમદ મુસ્તફા સલ લલ્લા અલેહ વસ-લમની શરીયતના નુરે સઘળાં જગતને નુરાની કરી આપ્યું અને દીને મુસ્તફવીના ઉલ્માઓ ઇલમ તથા ફઝીલતમાં અને ઘણીજ બેદાર મગઝીથી આ સત્ય દીનની રખવાળી અને મુસલમાનોના અકાયદ તથા સદગુણોની હેફાઝતમાં કોશીશ કરે છે ત્યારે તેઓ પોતાના દુષ્ટ તરી-કાઓ તથા જુદા વિચારોને ફેલાવવા માટે મકર તથા ધોખાની સાથે ધીરે ધીરે ચાલવા માંડયા અને પોતાની તાલીમનો પાયો એ વાત ઉપર મુકરર કીધો કે, પ્રથમ મુસલમાનોના અકાયદમાં શંકાઓ ઉતપન્ન કરી આપવી. પછી તેમની પાસેથી સોગંદ પુર્વકની કબુલાતો લે અને તેમ કીધા પછી પોતાના કામેલ મુરશેદ પાસે લઇ જાય. અને એમ જણાવ્યું કે તાલીમના અધિકારીપર લાઝીમ છે કે દીન ઇસલામના સરદારો સાથે હમેશાં મકકર તથા દગલબાજીની વર્તન ચલાવે અને તેનાપર ફરજ છે કે, પોતાના હેતુઓની મજબુતી તથા ટકાઉ ઉપર શક્તિવાન હોય અને જ્યારે કોઇને કામેલ મુરશેદની જાળમાં ફસા-વતા ત્યારે પહેલ વહેલી વાત જે, શીખવાડતા તે એ હતી કે, જાહેરી અમલ એ શખ્સ માટે છે કે જે સત્યને ન મેળવવા પામ્યો હોય અને સત્યથી મુરાદ મુરશેદ કામેલ છે. અને જ્યારે સત્યને મેળવવા પામ્યો ત્યારે તને લાઝીમ છે કે જાહેરી આમાલોથી પોતાને ખાલી

કરી નાખે અને પછી થોડા દહાડા રહીને તેને કહેતા કે, જાહેરી તથા બાતેની સઘળી તકલીફો, સઘળા અકાયદો તથા બંધનો નાકસ લોકો માટે છે કે તેઓ બીમારો જેવા છે અને હવે જ્યારે તું કામેલ થઇ ગયો ત્યારે તને લાઝીમ છે કે, આ સઘળા જાહેર તથા છુપા બંધનોથી પોતાને નિરાળો કરી સ્વતંત્રતાના વિશાળ પ્રદેશમાં પગ રાખે હલાલ થયું તો શું! અને હરામ થયું તોએ શું! ઇમાનદારી થઇ તો એ શું! અને બે ઇમાની થઇ તો એ શું! સાચું થયું તો એ શું! અને જુઠું થયું તોએ શું! સારી રીતભાત થઇ તો એ શું! અને દુષ્ટ આચરણો થયાં તોએ શું! અને પોતાના મુરીદોના અંતઃકરણોમાં સ્વતંત્રતાનો મસલો સાબીત કીધા પછી, ખુદાઇનો ઇનકાર અને નેચરી મઝહબ સાબેત કરવા માટે બીજો મકર તથા ધોખો અમલમાં લાવી કહેતા કે, જો ખુદા પ્રત્યક્ષ હોય તો પ્રત્યક્ષ ચીજ જેવો હશે. જો ગુપ્ત હશે તો ગુપ્ત ચીજ જેવો હશે અને ખુદાતાલા દરેક પ્રકારના મળતાપણા તથા સાકારપણાથી પાક તથા નિરાળો છે. તેથી ખુદા ન તો મોજુદ છે તેમ ન તો ગુપ્ત છે એટલે માત્ર નામજ નામ છે. નામનો સ્વીકાર કર. અને નામવાળાને ઇનકાર કર. કેટલીક મુદત સુધી એહલે બાતેનનું આ ટોળું છુપી રીતે તેની તાલીમના વસીલાથી મુસલમાનોના સદ વર્તનને ખરાબ કરવાની કોશીશ કરતું કર્યું, ત્યારે દીનના ઉલમાઓ તથા મુસલમીન સરદારો, એ વાતથી જાણીતા થઇ તેમનો મુકાબલો કરવાને ખડા થઇ ગયા. તેઓએ જ્યારે પોતાની વિરૂદ્ધમાં ઘણા લોકોને જોયા ત્યારે પોતાના જુદા વિચારો તથા અકીદાઓને ફેલાવવા માટે ઉમ્મતે મોહમદીના હજારો આલીમો, સાલેહો તથા સરદારોના ખુન કરી નાંખ્યાં. તેમાંના એક ફુરસદ તથા મોકો જોઇ અને મીમ્બર પર ચડી **અલમોત—અલમોત** પુકારી પોતાના

તે દુ૦૭ અકાયદો જાહેર કરી કહ્યું કે, જ્યારે કીયામત થશે ત્યારે માણસોને કોઇ પણ પ્રકારની જાહેરી કે બાતેની તકલીફ હોવા પામશે નહિ અને કીયામત કાયમ થવાનો અર્થ એ છે કે સત્યનો કાયમ કરનાર ખડો થાય અને સત્યને કાયમ કરનાર હું છું. ત્યાર પછી હવે દરેક જેમ મરજીમાં આવે તેમ વર્તન ચલાવે, કેમકે તકલીફ ઉપાડી લેવામાં આવી છે યાને ઇન્સાનિયતના દરવાજા બંધ અને હેવાનીયતના ખુલી ગયા છે. મતલબ કે અગાઉના ફીરકાના મુસલમાનોને એહલે બાતેન ( બાતીન્યા ગુપ્તી ) અને તાવીલથી બની ગએલા નેચરી ખુદાઓએ મોટા પ્રપંચથી સઘળી નાકેસ તથા દુષ્ટ બાબતો તરફ, કે જે બાબતો કોમો તથા મઝહબોને બરબાદ કરવા વાળી છે તેની દાવત કીધી અને પોતાની દાંભીક પાકીજગીના ધોકા તથા મકરથી ખુદાઇ એતકાદોને કે જે આ જગતમાં મનુષ્યોની કીર્તિનો પાયો છે તેને બુદ્ધિની તખ્તીથી ભુસી નાખ્યા અને ધીમે ધીમે પુર્વથી પશ્ચિમ સુધી ઉમ્મતે મોહંમદીયાની નીતિ રીતિને ખરાબ કરી નાખી અને આ કીર્તિવંત ઉમ્મતના અરકાનો અને તેમની પસંદગી પામેલી સારી રીતભાતોમાં નબળાઇ નાંખી આપી. તે એટલે સુધી કે, તેમની બહાદુરી બીકણપણા તથા નામરદાઇથી, તેમની ઇમાનદારી તથા સચ્ચાઇ બેઇમાની તથા જુઠાણાથી અને તેમની મહોબતે ઇસ્લામ જાતી સ્વાર્થમાં બદલાઇ ગઇ. ત્યારે પાંચમા સૈકામાં ફીરંગીઓના દરવેશ લોકોના એક ટોળાંએ શામના મુલક પર હુમલો કરી સેંકડો શહેરો તથા ગામડાંઓને ખરાબ કરી નાંખ્યાં અને હજારો મનુષ્યોના નાહક ખુનો કીધાં તે તેનુંજ પરિણામ હતું અને લગભગ બસો વર્ષ સુધી મુસલમાન લોકો આ દરવેશ લોકોનો નાશ કરવાથી લાચાર રહ્યા. જો કે તે પહેલાં ફીરંગી કોમને તેમની નીતિ રીતિ

ખરાબ હોવાના તથા અકાયદ બરબાદ હોવાના કારણે પોતાના દેશમા મુસલમાનોના હાથે સુખ તથા ચેન નહિ હતું.

તેવીજ રીતે તાતર, તુર્ક તથા મુગલના એક જંગલી ટોળાંએ ચંગેઝખાનની સાથે આવી મુસલમાનોના ઘણા શહેરો ગારત કીધાં. અને લાખો ખુનો કરી નાંખ્યાં; પરંતુ મુસલમાનોમાં એટલી શક્તિ નહોતી રહેવા પામી કે આ આફતને પોતાથી દુર કરે. જો કે ઇસ્લામની શરૂઆતના સમયમાં થોડાજ મુસલમાનો હતા છતાં ચીનની દીવાર સુધી તેમના ઘોડાની ઘોડદોડ હતી અને એવી ઝીલ્લત, હકારત ખરાબી તથા વેરાની મુસલમાનોપર પ્રથમ કદીપણ આવવા પામી ન હતી પરંતુ બે ઇમાની દરોગગોઇ, બુઝદીલી, નામરદી, કમજોરી તથા સુસ્તીના કારણે જે તે દુષ્ટ તાલીમનો અસર હતો તે આવી ગઇ. ચુંકે દીન ઇસ્લામના આદાબો તથા નીતિ રીતિ ઘણા ખરા મુસલમાનોના અંતઃકરણોમાંથી બીલકુલ ભુસાઇ ગયા હતાં. તે કારણોને લઇ અનેક પ્રયાસોથી ઘણા વર્ષો પછી શામની સરજમીનને ફીરંગીઓના હાથથી છોડાવી ચંગીજીઓને ઇસ્લામથી મુશર્રફ કીધા તો પણ તે નબલાઇને બીલકુલ દુર ન કરી શકયા. અને પહેલું બળ તથા સત્તા બીજી વખત તેઓ મેળવી શકયા નહિ કેમકે તે સર્વોપરી પણું તે હક તથા ખરા અકાયદો અને પસંદીદા સદવર્તનનો પ્રતાપ હતો. ઇતિહાસ કારો મુસલમાનોની પડતી તથા સરસાઇના ઘટાડાને ક્રૂઝેડની લડાઇ પછી જણાવે છે પણ ખરી વાત એ છે કે મુસલમાનોની નબળાઇ તથા કમજોરીની શરૂઆત આ દુષ્ટ તથા બાતેલા તાલીમની શરૂઆતથીજ થવા પામી.

એ વાત મખ્ફી ન રહે કે, આ આખર જમાનામાં ઇરાનમાં બાબી લોકો જે પેદા થયા અને જેમણે હજારો ખુદાના બંદા-

ઓના ખુનો કીધાં, તે તે અલમોત અલમોત કહેવા વાળા નેચ-
રીઓના નાના બાળગોપાલ અને પહાડની આસપાસ રહેવાવાળા
નેચરીઓના ચેલા યાને મુજાવરોજ છે અને તેમની તાલીમ તેજ
તાલીમે બાતીન્યાનો નમુનો છે. હવે જોવું જોઇએ કે, ભવિષ્યમાં તેમની
તાલીમથી ઇરાની લોકોમાં બીજી કેવી કેવી તાસીરો ઉતપન્ન થયા
પામે છે.

ફ્રેન્ચ પ્રજા એક એવી સર્વોપરી પ્રજા હતી કે ગ્રીક પ્રજા પછી
તે જ ઉત્તમ લક્ષણોના શિક્ષણના પ્રતાપે તેણે વિધા–કળા, કાર્ય પદ્ધતિ
તથા વિષયના ઉંડાણની બુદ્ધિનો ઝુંડો યુરોપમાં ખડો કરી આપ્યો.
અને યુરોપની સઘળી પ્રજાના સુધારક થયા અને તે ઉત્તમ લક્ષણના
પ્રતાપથી પાશ્ચિમાત્ય દેશોમાં તેમનો બોલબાલા થયો. જ્યારે ઇ. સ.
ની અઢારમી સદીમાં બે માણસો વાલ્ટર તથા રૂસો અનિષ્ટતાના
વિનાશક તથા બુદ્ધિઓના પ્રકાશક નામો ધારણ કરી નીકળ્યા ત્યારે
તેમણે એબી કોરા કલબીનું અનુકરણ કરી નેચરીઓના સડેલા હાડ-
કાંઓને સજીવન કીધાં અને ક્રીયા કાંડને દુર કરી નાંખી અને
સ્વતંત્રતા અને સમાન હકના બીઆ રોપ્યાં અને રીતરીવાજોને નિર-
ર્થક, ઢકોસલો સમજ્યા અને દીન મઝહબને મનુષ્યની ખામી ભરેલી
બુદ્ધિની બનાવટ જણાવી અને બંનેએ પોકારીને ખુદાની હસ્તીનો
ઇનકાર કરી અંબીયાની બદગોઇ કરવા લાગ્યા તે એટલે સુધી કે
વાલ્ટરે પેગંબરોની બુરાઇ, મશકરી, ભુલ તથા તાણાં મેહણાંમાં કેટલાક
ગ્રંથો રચી કાઢયા. આવી મલીન માન્યતા ફ્રેન્ચ પ્રજામાં એટલીતો
પ્રસાર પામી ગઇ કે, તેમણે એક બારગી ખ્રીસ્તી ધર્મ તજી આપ્યો
અને નેચરી પાક શરીયત યાને સ્વતંત્રતાનો દરવાજો પોતાપર ખોલી
આપ્યો તે એટલે સુધી કે એ દીવસે એક છોકરીને એક દેવળની

મેહરાબમા ઉભી રાખી અને તે કોમના એક ગુરૂ ધંટાલે પોકારીને કહી આપ્યું કે, અય લોકો હવેથી વીજળી અને ગર્જનાથી બીહો નહિ અને એવો વહેમ ન લઇ જાઓ કે તે આકાશ તરફથી તમોને બીહત્રડાવવા માટે જાહેર થયા છે; બલ્કે એમ સમજો કે તે સઘળા કુદરતના ચીન્હો છે. એટલે કે નેચર સિવાય બીજું કશું પણ હસ્તી ધરાવતું નથી માટે વહેમ ભરેલી બનાવટોની પુજા ન કરો અને પોતાના વહેમ ભરેલા વિચારોથી કપોળ કલ્પિત ખુદા ન ઘડી કાઢો. જો તમારે કોઇની પણ પુજા કરવાંની ઇચ્છાજ હોય તો આ મેડમવોઝલ (કુંવારી કન્યા ) જે મેહરાબમાં હાથી દાંતની પૂતળી સમાન ઉભી છે તેને જુઓ. આ બંને ફીલસુફોના મલીન શિક્ષણે ફ્રેન્ચ પ્રજામાં પ્રથમ ઘણે જુસ્સો ઉતપંન કરી આપ્યો અને પાછળથી તેમની નીતિ રીતિ ભ્રષ્ટ કરવા માંડી અને તેમનો પ્રત્યેક મનુષ્ય પોતે મીયાં મીઠું બની ગયો અને પરિણામે અનેક ફાંટાઓ પડી ગયા. અને છેવટે એટલે સુધી વાત ગઇ કે, દરેક જુદી જુદી સંસ્થાઓ પોતપોતાના કામમાં લાગી જઇ પોતપોતાના હેતુઓ તથા સ્વાર્થો સાધવામાં ગુંથાઇ ગઇ અને સામાન્ય પ્રજાકીય લાભોથી મુખ ફેરવી લીધું. આ ઉપરથી પૂર્વ તથા પશ્ચિમમાં તેનો જે લાભ તથા લાગવગ હતો તે ઘટી ગયો. જોકે પહેલા નેપોલીયને ખ્રીસ્તી ધર્મને ફરીથી ચાલુ કરી આપ્યો હતો પણ પ્રથમના શિક્ષણનો અસર લોકોના દીલમાંથી ન ગયો છેવટે પરીણામ એ આવ્યું કે, જર્મનીના હાથે સખ્ત હાર ખાધી અને એટલી હાની મેળવી કે, વર્ષો સુધી તેનો બદલો ન મળી શકયો. જો કેટલાક છ ઉત્તમ લક્ષણોના લોકો તે પ્રજાને બચાવવા પ્રયત્ન ન કરતે તો તે પ્રજા આજે માટીમાં મળી ગઇ હતે. હજુ પણ મુલહીદ મતનો અસર તેમનામાંથી નાબુદ થયો નથી તેથી ભવિષ્યમાં તેની ખેર જણાતી નથી.

જાણવું જોઇએ કે ઉસ્માનીઆ કોમ નાસ્તિકપણાના અકીદાને લઇ જે તેના કેટલાક અમીરોમાં ઉતપંન થઇ ગયા હતા, તેથી ઘણીજ દયાજનક ખરાબીમાં આવી પડી. અને રૂસ સાથેની લડાઇમાં તેના લશકરી વડાઓમાંના કેટલાકોએ લાંચ ખાઇ પોતાના રાજ્યને ધકકો પહોંચાડયો આ એ અમીરો હતા કે, જે નાસ્તીકપણામાં ડુબકીઓ મારતા હતા અને પોતાને સુધરેલા તથા નવી રોશનીવાળા ગણતા હતા. તેઓ એવું ગુમાન કરતા હતા કે, મનુષ્ય બીજા હેવાનો જેવું પ્રાણી છે અને મનુષ્ય નીતીરીતિને પોતાની જે ફઝીલત ગણે છે, તે નીતિરીતિ નેચરથી ખિલાફ અને અક્કલથી વિરૂદ્ધ છે માટે દરેક માણસે પોતાથી બની શકે તેટલી હેવાની લીઝ્ઝતો ભોગવવી અને મુર્ખ લોકોએ જે નિરર્થક બંધનો નાખ્યાં છે તેથી પોતાને લીઝઝતોથી વિમુખ ન કરી દે. જ્યારે મનુષ્ય મરી જનાર છે તો પછી કિર્તિ અને વડાઇની શી કીમત છે! વિશ્વાસ તથા સત્યતા તે વળી કંઇ વસ્તુ છે? મતલબ કે આવા આવા નાસ્તિક વિચારોની ધુનમાં આવી જઇ સેંકડો વર્ષની ઉસમાનીઆ સલ્તનતને માટીમાં મેળવી નાંખી.

યુરોપમાં સોશ્યાલીસ્ટ નેહલીસ્ટ વીગેરે પારટીઓ પોતાના જુદા જુદા વેશમાં હસ્તી ધરાવે છે અને તે તેજ મુલહેદના માર્ગપર ચાલે છે. અને તેઓ ખુદ પોતાને, દેશ તથા મજુરોના હમદર્દ જણાવે છે. જો કે આ ટોળાંઓનો ઉપરનો દેખાવ ભુલ થાપ ખવાડનારો જોવામાં આવે છે, પરંતુ અંદરખાનેથી તેમની મતલબ મનુષ્ય જાતની પાયરીઓને દુર કરી મઝહબીયા સમાનતા મેળવવા તથા લોકોને અપાવવાની છે, તેઓ કહે છે કે સઘળાઓ સઘળી વસ્તુમાં સરખા ભાગીદારો છે. આ હેતુ પ્રાપ્ત પાડવાને યુરોપમાં લોહીની નદીઓ વહી ગઇ છે. મોટા મોટા બખેડાઓ તથા બળવાઓ થયા. હજારો ઇમારતોને આગ

લગાડવામાં આવી. તેઓએ કહ્યું કે જગત ઉપરની સર્વ જણસો મોજમજા માણવાને નેચર તરફની બક્ષીશ છે. આવા વિચારો ફેલાવવા માટે તેઓ સુધારક થઈ બહાર નીકળ્યા અને શાળાઓ ખોલી તેમાં નેચરી શિક્ષણ આપવા માંડયું અને હયા તથા શરમ તેમજ સત્યતા તથા વિશ્વાસ તે દેશમાંથી બહુજ કમી થઇ ગયા, અને અમારૂં તો એમજ માનવું છે કે હાલની ખુંખાર લડાઇ પણ મુલહીદપણાના શિક્ષણનોજ પ્રતાપ છે.

માહમુદ નામનો નેચરીઓનો છેલ્લો ઘણોજ માનીતો ગુરૂ થઇ ગયો છે. પ્રથમ તે ઇંગ્લાંડમાં હતો, ત્યાંથી તે અમેરિકાની સરઝમીન ઉપર હીજરત કરી ગયો અને નેચરી વિચારોના દસ્તરખાન ઉપર લોકોને બેસાડી તૃપ્ત કરવાને તેણે બે કુંપનીઓ સ્થાપી. (મંડળો) એક મોમેનિનની અને બીજી મોમેનાતની અને કુંપનીઓને શિક્ષણ આપ્યું કે પ્રત્યેક મોમીનને પ્રત્યેક મોમીના ઉપર નફસાની ખ્વાહીશ પુરી કરવાનો અધીકાર છે, જે મર્દ જે સ્ત્રી સાથે ચાહે તેની સાથે મોજ મજા માણી શકે છે. અને તેજ કારણને લઇ કોઇ માતા મોમિનાને પુછવામાં આવે છે કે તું કોની સ્ત્રી છો? તો તે જવાબ આપે છે કે કુંપનીની. અને તેવીજ રીતે તેના પુત્ર પુત્રીને પુછવામાં આવે કે, તમારો બાપ કોણ છે? તો જવાબ મળશે કે કુંપની. પરંતુ હજુ સુધી આ ફસાદી તણખો વેલ કુંપનીના કુવા બહાર નીકળવા પામ્યો નથી. ખુદા જાણે તે તણખો ક્યારે સમગ્ર જગતને બાળી ભષ્મ કરી નાખશે.

ઉપર આપણે જોઇ આવ્યા કે અલમોતના હાકેમોના પહેલાએ મુલહીદ માન્યતા ગ્રહણ કરી તેનો પ્રચાર પોતાના શિષ્યોમાં કીધો હતો. અને પરીણામે ઇસ્લામી રાજ્યો તુરકોના હાથમાં જતાં રહ્યાં હતાં અને જે જાહોજલાલી તથા ઇસલામી તાકત તેનામાં હતી તે નષ્ટ થઇ ગઇ છે.

જાણવું જોઇએ કે, હાલમાં જે બોલશેવિક ફીરકો રૂશીઆમાં ઉમટી નીકળ્યો છે અને જેણે દુનિયાના મોટા મોટા રાજ્યોને ધાસ્તીમાં નાંખી આપ્યા છે અને તેની જાળમાં જગતના કરોડો માણસો જુદા જુદા દેશમાં સપડાયા છે અને સપડાવાની હજુ વકી રખાય છે. તે પણ એક ઉપરના મુલહીદ ફીરકાનોજ વિભાગ છે તે એક નવો વેશ ધારણ કરી સ્ટેજપર આવ્યો છે. આ ફીરકા માટે મુસલમાનોને ચેતવણી આપનારો જે ફતવો મીસરના મુફતીઓએ આપેલો છે તે આ નીચે આપી આ પ્રકરણને સમાપ્ત કરીએ છીએ.

થોડા દીવસ ઉપર રૂટર એજન્સિએ કેરોથી આ મતલબનો એક ટુંક તાર સમાચાર પ્રસિદ્ધ કીધો હતો, કે મીસરના વડા મુફતીએ બોલ્શેવીક હીલચાલની વીરૂદ્ધમાં પોતાનો ફતવો જાહેરમાં મુકયો છે. હવે પાયોનીયરના ખબરપત્રી એ ફતવાનો તરજુમો મીસરથી હીંદુસ્તાન મોકલાવ્યો છે જે સામાન્ય માહીતી માટે નીચે પ્રમાણે આપવામાં આવે છે.

ઓનરેબલ સૈયદ હસન મહેમદે પુછયું કે બોલશેવીકો જે આજ કાલ આગળ વધી રહ્યા છે અને પ્રત્યેક સ્થળે હાની પહોંચાડી રહ્યા છે તેમના સંબંધમાં આપનો શું ફેસલો છે? બોલ્શેવીક સિદ્ધાંતની જાણવા જોગ માહીતી આ પ્રમાણે છે. અફરાતફરી કરવી. ખરાબ કામ કરવાં ધર્મથી ઇનકાર કરવો, હરામને હલાલ સમજવું, મીલકતપર બધા મનુષ્યનો સરખો હક ગણી તેની વહેંચણી કરવી, કોઇ માણસ પાસેથી કોઇ ચીજ છીનવી લે તો તે કામ વ્યાજબી ગણવું, લોકોની ખુના મરકીને જાયજ ગણવી, ધણીધણીઆણી વચ્ચેના હકનો ઇનકાર કરવો, હલાલ માર્ગથી બાળકો ઉત્પન્ન ન થવા દેવાં, જેને તેઓ સરકારી મીલકત

તરીકે માને છે અને એ રીતે વ્યવહારીક જીંદગીના બંધારણને તોડી નાંખવું, કોઇ પણ પ્રકાર લગ્ન વિગેરે સીવાય પ્રત્યેક સ્ત્રીમાં બીજાનો હક્ક સમજવો અને જે સ્ત્રી પોતાના શીયળને બચાવવાની કોશીશ કરે તેને કતલ કરી નાંખવી. ટુંકમાં બોલ્શેવીકો આવા દરેક પ્રકારના કામની પરવાનગી આપે છે જેને ખુદા મના ફરમાવે છે.

**જવાબ** તેના જવાબમાં વડા મુફતીઓ કહ્યું કે આ એક પ્રાચીન ઢીલચાલ ખાસ કરીને ઇરાની મજુસી જોરાસ્તરનો મઝ્હબ છે પણ જે માણસે આ મતલબને પબલિકમાં ફેલાવી તે મજદકયાનો રહેવાવાળો મઝુર નામનો માણસ હતો. તેણે દોલત અને માણસોને સરખા પ્રમાણમાં વહેંચણી કરી લેવાનો ઉપદેશ કીધો અને લોકોના મનમાં એમ ઠસાવી આપ્યું કે આ પાક કામથી ખુદા ખુશ થાય છે અને જો કે તે વાત ધર્મમાં જોવાગાં આવી નથી તો પણ તે એક માનવંત ને મહાન કામ છે. આવી રીતની સમજનવટથી તેણે દુરગુણીઓ અને બદમાસ લોકોને ખાનદાન માણસોની વિરૂદ્ધમાં ઉશ્કેરી મુક્યા અને ધાર્મિક બંધારણ તોડનારાઓ માટે હરેક પ્રકારની સરળતા કરી આપી. જુલમ કરનારાંઓ માટે જુલમી અને અય્યાશી માટે નીચ કામ કરવાના માર્ગો સરળ કરી આપ્યા; તેમ થતાં કોઇ પણ માણસ કોઇ પણ ખાનદાન સ્ત્રીને પકડી શકે અને તેનાથી વ્યભિચાર કરી શકે. જેનું પરીણામ એ આવ્યું કે સઘળા દેશોમાં અશાંતિએ દેખાવ દીધો. જે સમયે ઇરાનના બાદશાહ યઝદજર્દનો પુત્ર કબાદ બીન ફીરોઝ ગાદીપર હતો અને વીસ વરસ રાજ્ય ભોગવ્યા પછી તેના અમીર ઉમરાવોએ એક મત થઇ તેને ગાદી ઉપરથી ઉઠાડી મુકવાનો ઇરાદો કીધો હતો. તેમ કરવાનું કારણ એ હતું કે તે મઝુક તથા તેના શિષ્યોનો હામી હતો, જેનો એ દાવો હતો કે ખુદાએ જીંદગી ભોગવવાનાં સાધનો

એટલા માટે બનાવ્યાં છે કે તેને અન્યો અન્ય વહેંચી લઈ ભોગવવાં જોઇએ; પરંતુ લોકો એક બીજાથી વિશ્વાસઘાત કરવા લાગી ગયા છે. એક મોટો અમીર છે તો બીજો કંગાલ રોટલીના ટુકડાનો મોહતાજ બની ભટકી રહ્યો છે. તેઓનો એવો નિર્ણય હતો કે તવંગરો પાસેથી નાણું છીનવી લઇ ગરીબોમાં વહેંચી આપવું અને દોલત તથા સ્ત્રી માં પ્રત્યેક મનુષ્યને સરખા ભાગ હોવાનો પ્રસંગ આપવો. આ રૂપ- રથી ગરીબો આ પ્રસંગને પોતાના હકમાં લાભદાયક સમજી તે ટોળામાં શામીલ થઇ ગયા. આ મત એટલો બધો જોર પકડી ગયો કે, લોકો કોઇ પણ માણસના ઘરમાં પેસી જઇ હાનિ પમાડવાથી ડરતા નહિં અને તેની સ્ત્રી અને મીલકતને લઇ જતા. તેઓએ કુબા- દને આ દુષ્ટતામાં શામીલ કરવાને ઉશ્કેર્યો અને ધમકી પણ આપી અને કહ્યું કેઃ—જો તું તેમાં શામેલ નહિં થશે તો તને ગાદી ઉપરથી ઉઠાડી મુકવામાં આવશે. એવી રીતે ટુંક સમયમાં લોકો હેવાનો કરતાં પણ બદતર થઇ ગયા અને પુત્ર પિતાથી, પિતા પુત્રથી, સ્ત્રી ધણીથી અને ધણી સ્ત્રીથી બેપરવા થઇ ગયા. અને કોઇ પણ માણસ કોઇ પણ જણસ પોતાની પાસે રાખી શકતો ન હતો. તેઓએ કુબાદને પોતાની પાસે એવી જગ્યાએ રાખ્યો કે જ્યાં સામાન્ય વરગ પહોંચી શકતો ન હતો અને તેને કહ્યું કે તમો ઘણોજ અન્યાય કરો છો અને જ્યાં સુધી તમો પોતાની સ્ત્રીઓને પબ્લીકની મીલકત નહીં બનાવી શકો ત્યાં સુધી તમો બચી શકતા નથી તેમ ત્યાં સુધી તમારા દામનથી ગુન્હાનો દાગ છુટી શકતો નથી. ઉપરાંત તેઓએ તેને અગ્નિની પુજા કરવાને પણ તત્પર કીધો————

કુબાદના એક સહાયક રજમેરે જોયું કેઃ—આ લોકો શું કરી રહ્યા છે અને તેમનાપર કેટલાક અમીરોએ સાથે જોડાઇ હુમલો કીધો

અને મરજ્જુકના કેટલાક શિષ્યોને માટીમાં મેળવી આપ્યા અને કબાદને બીજી વાર ગાદી ઉપર બેસાડી આપ્યો——————

ત્યાર બાદ મરજ્જુકના શિષ્યો કબાદને જરમહેરની વિરૂદ્ધ ઉશ્કેરતા રહ્યા અને છેવટે તેને કતલ કરાવી આપ્યો. કબાદની પ્રકૃતિ જલદીથી વાતને અસર કરી લેનારી હતી તેથી મરજ્જુકને ઘણીજ ફતેહ મળી હતી અને સ્થિતિ ઘણીજ ધાસ્તીભરી થઇ જવા પામી હતી, તે એટલે સુધી કે કબાદનો પુત્ર કસરા (નૌશેરવાન) તખ્તપર બીરાજમાન થયો અને તેણે લોકોને હુકમ આપ્યો કે તેઓ પોતાના વિચારોથી અળગા થઇ જાય અને કેટલાક તેવા લોકોને તેણે કતલ કરી નાંખ્યા અને છેવટે આ ફીરકાને તેણે નીસ્તો નાબુદ કરી દીધો.

ત્યાર બાદ ઇસ્લામ નાઝીલ થયો અને તેણે આવી બીદઅતનો ખુલ્લી રીતે ઇનકાર કીધો. અલ્લાતાઆલાએ પોતાની ઇલહામી કીતાબ (કલામે મજીદ) પોતાના રસુલપર નાઝીલ કરી અને લોકોને નેકીનાં કામ કરવાનો હુકમ આપ્યો અને અનીતિનું કામ કરવાની મનાઇ ફરમાવી. ઉપરાંત પોતાની વેહદાનીયતની તાઅલીમ પણ આપી અને રસુલોના સંબંધમાં તેણે અમોને તેમને માસુમ માનવાનો હુકમ આપ્યો. પોતાની કીતાબમાં મીલકતની લેવડદેવડની બાબતમાં તેણે અમારા માટે કાયદાઓ નક્કી કરી આપ્યા અને એજ ધોરણ બીજી બાબતમાં પણ ચોખવટ કરી આપી કુરાને મજીદમાં તેણે ફરમાવી આપ્યું છે કે તેજ સઘળાને રોજી આપે છે અને જેટલું ચાહે છે તેટલું આપે છે. ત્યાર બાદ ફતવો આવી રીતે શરૂ થાય છે.——————

——આ સઘળી વાતોથી જણાઇ આવ્યું કે બોલ્શેવીક ધર્મ અને ફીરકો તે છે કે જેનાથી સઘળા પવિત્ર કાયદાઓ નષ્ટ થઇ જાય છે.

ખાસ કરીને ઇસલામના કાનુનપર તેમની હીલચાલનો ઘણોજ ખરાબ અસર પડે છે કે તેનાથી હરામ ચીજો હલાલ થઇ જાય છે. ખુનામરકી, મીલકતને જબરદસ્તીથી છીનવી લેવી, પ્રપંચ, જુઠાણું, દગલબાજી, તથા લોકોને તેમની મીલકત, સ્ત્રીઓ, બાળકો, અને વારસાના સંબંધમાં એટલી બધી અંધાધુંધી ઉત્પન્ન કરી આપે છે કે તેઓ પશુઓના દરજ્જા સુધી પહોંચી જાય છે. અને ખુદાએ તો આવાં કર્તવ્યો કરવાની મના ફરમાવી છે. તેટલા માટે પ્રત્યેક ખરા મુસલમાનને ઘટારત છે કે તે આવા લોકોથી પરહેજ કરે અને તેમના ભટકી ગએલા વિચારોથી બચવા પામે. તેમની હીલચાલોને સારી ન સમજે. કેમકે તેઓ ખાત્રી પૂર્વક રીતે ગુમરાહ થઇ ગયા છે અને તેઓ કોઇ પણ ઇલહામી કીતાબના અનુયાયી નથી.

ટુંકમાં કહેવાનું એ છે કે જ્યારે નવશેરવાં બાદશાહ કે જે અગ્નિ પુજક તથા મજુસી હતો તેણે પણ આ ફીરકાને પસંદ નથી કર્યો. તો શું એ બાબત અતી અગત્યની નથી કે મુસલમાનો પણ તેને પસંદ ન કરે ખુદાતાઅલાએ પોતાની કીતાબમાં ફરમાવ્યું છે કે ખરેખર ખુદા નેકી અને ન્યાયની આજ્ઞા કરે છે અને અનીતિ અને અન્યાયથી અલગા રહેવાની તાકીદ કરે છે. અને તેનો ઉપદેશ એ છે કે તમો તેની આજ્ઞાઓપર અમલ કરો.

## બાતીન્યા અકાયદો.

આ ફીરકામાં સ્થાપિત ધર્મને તોડી તથા છીન્ન ભિન્ન કરી નાંખનારી; બલ્કે તેને સદંતર ઉડાવી દેનારી બાબત, તે તેના બાતીન્યા અકાયદોની છે. આ ફીરકાએ એમ માની લીધું કે "દરેક જાહેરનું એક બાતિન છે." યાને સ્થાપિત ધર્મની દરેક આજ્ઞા જાહેર

તથા બાતીન એમ બે બાજુએ ધરાવે છે. જાહેર છે તે નિરર્થક તથા નિર્માલ્ય છે જ્યારે બાતીન તેજ સત્ય તથા વ્યવહારૂ છે; એટલે કે જે જાહેર છે તે છીલટાં બરાબર છે અને બાતીન તે મગજ છે. આ મસલાએ સઘળા કુરાન તથા સઘળા દીની સંગ્રહને છીન્ન ભિન્ન કરી નાંખ્યો અને તેજ મસલાના કારણે આ ફીરકાનું નામ "બાતીન્યા" પડી ગયું. શરીયતે ઇસ્લામની પ્રત્યેક આજ્ઞાઓની તાવીલ કરી, તેનું જે બાતીન શોધી કાઢવામાં આવ્યું તેની પુરી બીગત અમોને હજુ મલી શકી નથી તેથી જેટલી હકીકત મલી શકી છે, તેનાપર સંતોષ પકડવામાં આવ્યો છે અને તેટલા ઉપરજ બાતીન્યા અકાયદોપર અત્રે વિવેચન કરવાનું રાખ્યું છે.

હસન સબ્બાહના નવા ધર્મમાં બાતીન્યા અકાયદો વિષે કાંઇક વિવેચન આપણે કરી ચુકયા છીએ. તેમાં ખુદાની હસ્તીનો ઇનકાર સ્વીકારના રૂપમાં જેવી આંટી ઘુંટીવાળી દલીલોથી કરવામાં આવ્યો હતો; તેજ ધોરણ દરેક બાબતમાં ગ્રાહ્ય રાખવામાં આવ્યું હતું. ખુબી તો એ છે કે સ્પષ્ટ ઇન્કાર કોઇ પણ વાતનો કરવામાં આવતો નથી પણ સ્વીકાર કરી તેને એવું તો ઉલટું રૂપ આપે છે કે જે ઇન્કારના રૂપમાં બદલાઇ જાય છે.

ખુદાની હસ્તીનો સ્વીકાર તો કીધો પણ તે સાથે તેને એવો તો નકામો તથા નિર્માલ્ય બનાવી દીધો છે, જાણે તેનામાં કોઇ ખુદાઇ સીફતજ રહી નહિં. ખુદાને શકિતવાન તો જણાવ્યો પણ કહ્યું કે તેનામાં શક્તિ તો બીલકુલ છેજ નહિ; પણ તે બીજાને શક્તિ આપે છે માટે તે શક્તિવાન કહેવાય છે. તેઓએ ખુદામાં અનેક સીફતો હોવાનું તો કબુલ રાખ્યું; પણ તે સીફતો તે માત્ર બીજાને

આપે છે તેથી તે સીફતો તેનામાં છે: એમ કહી શકાય છે. વસ્તુતઃ તે હસ્તી તેની જાતમાં નથીજ. સાથેજ જણાવવામાં આવ્યું કે, જો ખુદામાં સીફત છે એમ માનવામાં આવે તો ઉતપન્ન થએલી વસ્તુઓ જેવો થઇ ગયો કહેવાય. તેવી સ્થિતિમાં તો સમાનતા લાગુ પડે છે. આ એવો સિદ્ધાન્ત હતો કે જેણે ખુદાની ઝાતમાં પણ શંકા નાખી આપી કે, ખરેખર તે છે કે નહિ ! કેમકે જ્યારે લોકો એમ માને કે તેનામાં કોઇપણ કુદરત નથી ત્યારે તેને નકામો માની લેવામાં શી વાર લાગે તેમ હતી !

નબુવ્વત, ઇમામત, કીયામત, જન્નત, દોઝખ વિગેરે સંબંધમાં આ ફીરકાના કેવા અકાયદો છે તેનું કાંઇક ચિત્ર પ્રથમ દોરી બતાવવામાં આવ્યું છે. હવે કેરૂએ દીન યાને દીનની શાખામાં પણ અજીબો ગરીબ પ્રપંચી ફીલસુફી હાથ ધરી, સ્થાપિત ઇસ્લામના કૂચ્ચે કૂચ્ચા કરી નાંખવામાં આવ્યા હતા. નમાઝ કે જે ઇસ્લામ મઝહબમાં દરરોજ પાંચ વખતની વાજીબ છે તેના શબ્દનો સ્વીકાર કરવામાં આવ્યો, પણ તેની કીયાનો ઇનકાર કરવામાં આવ્યો. કહેવામાં આવ્યું કે, મુસલમાનો જે પ્રમાણે નમાઝ પડે છે તેનું નામ નમાઝ કહી શકાય નહી; માત્ર ઇમામને યાદ કરવો તેનુંજ નામ નમાઝ ગણાય. આવી માન્યતાએ નમાઝને તો તદ્દન કડેમ કરાવી નાખી. નમાઝમાં કુરાનના સુરા, તશહુદ, દરૂદ, સલામ, કેયામ, રૂકુ, સીજદા તથા તકબીર વીગેરે કશાની હાજત માનવામાં આવી નહિ, માત્ર ઇમામને યાદ કરે તો તેણે નમાઝ અદા કીધી ગણાય. જ્યારે નમાઝ, કે જે દીને ઇસલામનો સ્તંભ કહેવાય છે અને ખુદાના દરબારમાં જેની પુછ પહેલ વહેલી થવાની છે અને ઇસલામની જે મહાન ખુબીવંત નિશાની છે, તેને આવા નિર્દય ધોરણે

ઝમેહ કરવામાં આવી હશે ત્યારે તેને કેવા અપમાન ભર્યાં શબ્દોમાં યાદ કરવામાં આવી હશે ! તેનું કમકમાટ ભર્યું ચિત્ર દોરી શકવું દુર્લભ છે એમજ કહેવામાં આવ્યું હશે કે આ લોકો ખાલી કાગડાઓની જેમ કરાંકરાં કરે છે.

નમાઝે જમાઅતનો, નમાઝની જેમ એક શબ્દ તરીકે તો સ્વીકાર કરવામાં આવ્યો, પણ તેનું બાતીન એમ જણાવવામાં આવ્યું કે લોકો મસજીદમાં કે એક સ્થળે એકઠા થઇ, એક પેશનમાઝ બીજાઓને નમાઝ પડાવે, તેને નમાઝે જમાઅત ગણાય નહિ, પણ ઇમામે માસુમની તાબેદારી કરવામાં આવે એટલે તેજ નમાઝે જમાઅત ગણાય. મતલબકે નમાઝની સાથે નમાઝે જમાઅતને પણ હાંકી કાઢવામાં આવી. જ્યારે નમાઝ તથા નમાઝે જમાઅતની આવી દુર્દશા કરવામાં આવી ત્યારે બાપડી મસજીદની દયાજનક સ્થિતિનું તો પુછવુંજ શું રહ્યું ?

રોઝા યાને હીજરી વર્ષનો નવમો માહિનો રમઝાન તેના ત્રીસે દહાડા અપવાસ કરવો. નમાઝ તથા નમાઝે જમાઅતની જેમ રોઝાને આજ્ઞા તરીકે કબુલ તો રાખવામાં આવ્યું, પણ તેનો અર્થ કે ક્રીયા અપવાસની કબુલ રાખી નહી, પણ જણાવ્યું કે ઇમામના ભેદોને છુપાવવા તેનુંજ નામ રોઝા છે. પરિણામ એ આવ્યું કે, રોઝા એવી કોઇ ક્રીયા રહી કે સ્વીકારાઇ નહિ વર્ષમાં એક પણ રોઝાની હાજત રાખીજ નહિ. રોઝાની તાવીલમાં એક બાતીન્યા ફકીહે એમ જણાવ્યું કે, રોઝાનો મતલબ એ છે કે પોતાના ઇમામના કાર્યોને ચુપચુપ જોતો રહે અને જો તે દુર્ગુણોમાં સપડાયો હોય તો તેને સદગુણ સમજે !

અજબ પ્રકારની ઉંધી ખોપરીની સમજ અખતેયાર કરવામાં આવી છે કે, ઇમામના ભેદોને છુપાવવા. તેને કોઇ પાસે જાહેર કરવાજ નહિ. જો ઇમામના ભેદોને કોઇની પાસે જાહેર ન કરવામાં આવ્યા તો

તેણે રોજું રાખ્યું ગણાય, પણ જો તેણે ઇમામના ભેદોને લોકો આગળ જાહેર કરી આપ્યા તો, તેણે રોઝુ તોડી નાંખ્યું ગણાય અને તે તોડી નાંખવા બદલનો ગુનાહ તેની ગરદનપર આવી પડયો. મનાય ઇમામ જે કાંઇ બોલ બોલે કે કાર્ય કરે, તે માત્ર તે ( મુરીદ ) જોયાજ કરે. તેના બોલ કે કાર્ય પ્રત્યે કશો પણ અભીપ્રાય બાંધે નહિ કે શંકા લાવે નહિ. જો તે સારાં કામો કરે, તો પણ ગુપચુપ જોયા કરે અને જો તે અનીતિનાં કાર્યો કરે તો પણ ગુપચુપ જોયા કરે: કાંઇ પણ ચુંકે ચાં કરે નહિ.

જો ઇમામ ગુનાહનું કામ કરે તો, મુરીદ તેને ગુનાહનું કામ ગણે નહિ; બલ્કે સવાબનું કામ ગણે. ઇમામ જુઠું બોલે તો મુરીદ તેને જુઠું બોલે છે તેમ ન ગણે, પણ તે સાચુંજ બોલે છે એમ સમજે. કોઇ પણ ગુનાહમાં ઇમામને સપડાયલો જુએ તો, તે તેને ગુનાહમાં સપડાયલો સમજેજ નહિ; બલ્કે તે નેકીનાજ કામ કરે છે એમ સમજે ઝીના કરે તો તે તેને ઝીના કરે છે એમ ગણે નહિ. મતલબકે દરેક રીતે ઇમામના એબો છુપાવે અને તેનામાં કોઇ એબ છેજ નહિ તેમ માને. પોતે સરે જાહેર ઇમામ ગુનાહનું કામ કરે છે એમ જુએ, તો પણ તે વાતને કબુલ રાખે નહિ, બલ્કે તે કામને તે નેકીનુંજ કામ કરે છે તેમ સમજે. મતલબકે ઇમામ પ્રત્યે તે એટલું તો આંધળું યકીન રાખે કે જેના કરતાં વિશેષ:આંધળા યકીનનું માપ બાંધી શકાય નહિ.

પોતાની સમજ બુદ્ધિનો પોતાના કાર્યમાં તો વિચાર કરે. જો પોતે ગુનાહનું કામ કરે તો તેને ગુનોહ સમજે, તેને સવાબ સમજે નહિ પણ ઇમામનું નામ પડયું એટલે દરેક પ્રકારની સમજ બુદ્ધિને

ત્રણ તલાક અપાઇ જાય છે. હવે જ્યારે ઇમામ પ્રત્યે આવું આંધળું યકીન હોય અને ઇમામ અનીતિમાં સપડાયલો રહે, તો પણ તેને તે તેજ કે તજવાનો વિચાર વટીક લાવે નહિ, તો તેવા મુરીદ વિષે શું અભિપ્રાય બાંધવો એ વાંચક વર્ગની મુનસફી ઉપર છોડવા જેવું છે.

સ્થાપીત ધર્મ યાને ઇસલામે ઇમામતની માન્યતાને ઓસુલેદીનમાં ગણી, તેને બુદ્ધિપૂર્વકની દલીલોથીજ સ્વીકાર કરવાનું રાખ્યું છે. ઇમામ પેગંબરની જેમ માસુમ તથા સ્થાપિત હોઇ શકે, પણ જ્યારે અહીંતો તેના ગુનાહોને પણ છુપાવવા, તે ગુનાહો કરે તેને પણ ચુપચુપ જોયાજ કરવા અને જો તે દુર્ગુણમાં સપડાયો હોય તો તે દુર્ગુણોને દુર્ગુણ નહિ સમજવા, પણ સદગુણોજ સમજવા ત્યારે તો ઇમામનું માસુમ તથા સ્થાપિતપણું ક્યાં બાકી રહ્યું ? સાધારણ માણસ કરતાં પણ ઇમામનો દરજ્જો તો ઉતારી પાડયો ગણાય, કેમકે કોઇ પણ માણસમાં જ્યારે એબ તથા દુર્ગુણ જોવામાંહેવાદો આવે છે ત્યારે તે માણસ માટે તદ્દન હલકો અભિપ્રાય બંધાય છે તેને સારા માર્ગથી ભટકી ગએલો માની લેવામાં આવે છે. તેને આપવામા આવેલા અધિકારો છીનવી લેવામાં આવે છે; પણ અહીં તો ઇમામ ગમે તેવા કુકર્મો કરે, તો પણ આંખનું મટકું પણ મારવામાં આવતું નથી. ઇમામોએ આપેલા આ શિક્ષણમાં શિષ્યને સદાનો મુરીદ ચાલુ રાખવાની અને તેને કદી પણ નહિ છટકે તેવો બનાવવાની બહુજ ખુબી વપરાઇ છે.

ઝકાત સબંધે પણ બાતીન્યા તાવીલ તથા ફીલસુફીએ અજીબો ગરીબ ગુલ ખીલાવ્યા છે. સ્થાપિત ધર્મ યાને ઇસલામની આજ્ઞા છે કે, હકદારે પોતાની પુંજીના અઢી ટકા ઝકાત મુસ્તહકોને આપવી, એટ·

લે કે નિરાધારો તેની સહાયતાથી પોતાનું ગુજરાન ચલાવી શકે. ઝકાત માટે બાતીન્યા ફકીહોએ એમ તાવીલ કરી કે, મુડીનો કોઇ પણ ભાગ આપી દેવો તેનું નામ ઝકાત નથી; પણ ઝકાતની આજ્ઞાનો ભાવાર્થજ જુદો છે; એટલે કે જો મનની શુદ્ધતા રાખવામાં આવે તો તેનું નામજ ઝકાત છે. બીજા ફકીહે કહ્યું કે ઇમામે માસુમને નાણાંનો પાંચમો ભાગ ભેટ આપવો, તેનુંજ નામ ઝકાત છે. ઇમામે માસુમ સિવાય કોઇપણ લોકોને ઝકાત આપી શકાય નહિ.

મનની શુદ્ધતાને ઝકાત કહી દેવું એ, અતિ પ્રપંચી ફીલસુફી છે; કેમકે મનની શુદ્ધતા તથા ઝકાત એ બંને જુદી જુદી વસ્તુઓ છે. એક માણસ જે મનની શુદ્ધતા રાખે તેણે ઝકાત પણ આપવી જોઇએ અને જે ઝકાત આપે તેણે મનની શુધ્ધતા પણ રાખવી જોઇએ. એ પૈકી એકપર અમલ કરવામાં આવે અને એકને તજી દેવામાં આવે તો, તેમ કરવું એ પબ્લીકને ભુલથાપમાં નાંખવા જેવું છે; પરંતુ આ ફીરકાના ફકીહો આવીજ પ્રપંચ ભરેલી જંગલી નેકીઓ કરી સ્થાપિત ઇસ્લામની જડ ઉખેડતા ફરે છે.

કુરાન પડતા મુસલમાનભાઇઓને કહે છેકે, પોતે કાંઇપણ સમજતા નથી અને ખાલી બબડે જાય છે તેમાં શું ? આવો આક્ષેપ કરવાથી તેમની ધારણા લોકો અર્થ સાથે સમજીને પડે તેમ કહેવાની હોતી નથી; પણ દરપર્દા કુરાનના પડવાને નિર્માલ્ય બતાવવાનું છે. એકદમ કહી દેવામાં આવે તો ફાવી શકાય નહિ, તેથી આમ હલવામાં સંખીયો મીલાવવામાં આવે છે. નીમાઝ પડતા મુસલમાન માટે કહે છે કે, ઉપરનું શરીર તથા કપડાં સાફ રાખવાથી શો લાભ ? ખરો લાભ તો દીલને સાફ રાખવાથી થાય છે, પબ્લીક એવી તો

મુર્ખ હોય છે કે, તેનાપર આવા મક્કરબાજ મંત્રનો અસર થઇ જાય છે. તેઓ એટલું વિચારતા નથી કે, ઉપરની શુધ્ધતા પણ બહુજ જરૂરની છે. અને અંદરની શુધ્ધતા નમાઝ પડનારા માટે નહિ રાખવી તેવું કાંઇ નથી. મતલબકે બાતીન્યા જાળમાં લોકોને સપડાવવામાં આવે છે.

કોઇ એવા નમાઝ પડનારાને પેશ કરે છે કે, જે નમાઝ પડે છે, પણ તેની વર્તણુંક સારી નથી. તેને આંગલી બતાવી કહે છે કે, જુઓ આ નમાઝ પડનારો ! તેનાથી તો બેહતર એજ છે કે નમાઝ પડવી નહિ આવી બાબતથી નમાઝની સાથે સારી વર્તન હોવાનું જણાવવામાં આવતું નથી પણ નમાઝને નિર્માલ્ય વસ્તુ જણાવી આપવાનુ હોય છે; કારણ કે નમાઝીપર જે આક્ષેપ કરવામાં આવે છે તે આક્ષેપ એજ માણસ ખરી રીતે કરી શકે કે, જે નમાઝ પડવા સાથે સારી વર્તણુંક પણ રાખતો હોય; પરંતુ પોતે ખુદ બેનમાઝી બનીને આક્ષેપ મુકે છે; પરંતુ અહીં ખરો આક્ષેપ કરવાથી નમાઝને હલકી ગણવાનું દ્રષ્ટિમાં હોય છે. આવી રીતે દરેક ઇસ્લામની આજ્ઞાપર તેના અમલ કરનારાઓ, જે તે અદા કરવામાં ભુલો કરે છે તે તે પેશ કરી કરી મુળ આજ્ઞાની કીમતને ઉતારી પાડે છે. પબ્લીકને તેના દુર્ભાગ્યે અસર જરૂર થઇ જાય છે. તે જંગલી નેકીને વશ થઇ ઉપર ઉપરના શબ્દો પર અંજાઇ જાય છે. અને અંદરખાનેથી તેનું દીલ ઇસ્લામની આજ્ઞા પ્રત્યે નિષ્કાળજી બતાવતું થઇ જાય છે.

હજ કે જે શક્તિ ધરાવતા પ્રત્યેક ઇસ્લામીપર વાજીબ છે અને જેની સ્પષ્ટ આજ્ઞા ઇસ્લામે આપી છે અને જે આજ્ઞાપર પૈગંબરો, ઇમામો તથા વિદ્વાન અને જાહીલ સઘળા મુસલમાનો અમલ કરતા આવ્યા છે, કે જેના લાભો સર્વમાન્ય છે. પણ અહીં બાતીન્યા

ફકીહોએ તો ખુદા, નમાઝ, રોઝા વીગેરેની જેમ મુળ આજ્ઞાઓનો સ્વીકાર કરી, તેનો બાતીન અર્થ એમ ઘડી કાઢી સમ જાવ્યો કે, મક્કા હજ પડવાની કાંઇ જરૂર નથી. માત્ર ઇમામના દર્શન કરવા તેથી હજની આજ્ઞાપર અમલ થઇ ગયો ગણાય. બીજા એક બાતીન્યા ફકીહે એમ તાવીલ કરી બતાવ્યું કે, નવરોજ તથા મહેરજાનના દીવસે ખુદાની ભક્તિ કરવી તેનુંજ નામ હજ અદા કરવામાં આવી છે તે છે. મતલબકે હજનો ઇનકાર કરવામાં આવ્યો અને ઇમામના દર્શન કરવા તેનુંજ નામ હજ સમજાવી આપ્યું.

તવ્વાફ ખાનએ કાબાની તાવીલ એમ કીધી કે, ઇમામના ઘરની પ્રદિક્ષણા કરવી. ઇમામના ઘરની આસપાસ પ્રદિક્ષણા કીધી એટલે તે માણસે તવ્વાફે ખાનેકાબા કર્યો ગણાઇ ગયો. હવે જ્યારે તવ્વાફ એટલે ઇમામના ઘરની પ્રદિક્ષણા કરી ત્યારે ખાને કાબા તેજ ઇમામ ઠરી ગયો. ખાનએ કાબા કે જે ઇસલામની પવિત્ર યાત્રાનું સ્થળ તથા બંદગીનું સ્થળ છે તેની કશી આવશ્યકતાજ રહેવા દીધી નહિ જે છે તે બધુ ઇમામજ છે એમ સમજાવવાને લઇ દઇને પ્રયાસ કરવામાં આવ્યો છે. ખુદા, રસુલ, નમાઝ, કુરાન, રોઝા, હજ, ઝકાત વીગેરે સઘળું ઇમામ ઇમામ ને ઇમામજ છે. એક જગોએ ખાનએ કાબાને તાવીલ કરી તે પેગંબર છે એમ સમજાવ્યું. હવે જ્યારે તેનો તવ્વાફ તથા તેની ક્રીયા હજજ તે માત્ર ઇમામના દર્શન તથા ઇમામના ઘરની પ્રદિક્ષણા કરી તો અત્રે પેગંબર તરીકે કાબાને જે નામ આપવામાં આવ્યું છે તે પેગંબર પણ ઇમામજ ગણાય અને તેથી આમ તેમ ઘુમીને મુળ ખીલે વાત બાંધવામાં આવી કે, જે છે તે ઇમામજ છે અને ઇમામની તાબેદારી અને તે પણ આ બાતીન્યા ફકીહોએ બતાવી તેવી, તે કરવાનું નામ ધર્મ તથા મોક્ષ છે.

ઇસલામની એક મશહુર આજ્ઞા ગુસલ મારેની છે. જનાબત તથા ખાસ સ્ત્રીઓ માટે હેઝ તથા નીફાસના ગુસલો વાજીબ યાને ફરજીઆત છે. આ ગુસલો કર્યા વિના કોઇપણ ઇબાદત કરી શકાતી નથી. ગુસલની હાલતમાં મસજીદમાં પગ મુકવાનો કે કુરાને શરીફને અડકવાનો હુકમ નથી. વાજીબ સિવાય જુમ્માને દહાડે સુન્નત ગુસલ કરવાની આજ્ઞા છે; પણ બાતીન્યા તાવીલનો તો બાવા આદમજ નિરાળો છે. જેમ ઇસલામની બીજી આજ્ઞાઓને ઉપર જણાવ્યા પ્રમાણે તુચ્છકારી કાઢવામાં આવી છે તેમ ગુસલને તો સદંતર ઉડાવીજ દેવામાં આવ્યું છે. ગુસલની તાવીલ યાને ગુઢાર્થ એમ બતાવ્યો કે, ઇમામની બેઅતને તાજી કરવી તેનું નામ ગુસલ છે ! બસ થઇ ચુકયું ! જનાબત કે હેઝ નિફાસના ગુસલની જરૂર માનવામાં આવી નહિ. યાને કોઇ પણ સ્ત્રી કે પુરૂષપર જનાબત કે હેઝ નિફાસનું ગુસલ કરવું જરૂરતું રાખ્યું નહિ. ગુસલની હાલતમાંજ રહેવાનું ચાલુ રહ્યુ. આવી સ્થિતિ વાચક વર્ગને કેવા અભિપ્રાય ઉપર લઇ જાય, તે મારેની ચોખવટની કાંઇપણ આવસ્યકતા રહેતીજ નથી.

નમાઝ પડવા પહેલાં વઝુ કરવાની ઇસલામની આજ્ઞા છે યાને હાથ મોં ધોવું તથા માથા તથા પગેનો મસાહ કરવો. વઝુ કર્યા સિવાય નમાઝ પડી શકાય નહિ. બાતીન્યા ફીલસુફીમાં વુઝુ શબ્દ તો કાયમ રાખવામાં આવ્યો; પણ તેનો અર્થ :એમ સમજાવ્યો કે ઇમામ પાસેથી મઝહબી તાલીમ હાંસીલ કરવી અને તેના મિત્ર બની જવું, તેનુંજ નામ વઝુ કહેવાય. મતલબકે બંદગી માટે હાથ મોં ધોવાની સ્પષ્ટ ના પાડવામાં આવી. વગર વઝુએ ધર્મની જે કાંઇ ક્રીયા કરવી હોય તે કરવી જાયઝ માની લીધી.

ઇસલામની એક આજ્ઞા તયમ્મુમ નામની છે તેનો અર્થ એ છે કે ગુસલ તથા વઝુ માટે જ્યારે પાણી ન મળી શકે અથવા તો પાણીથી ગુસલ તથા વઝુ કરવામાં આવે તો બીમાર થઇ જવાનું હોય અથવા તો બીમાર માણુસ પાણીથી ગુસલ કે વઝુ કરી શકે તેમ ન હોય ત્યારે ગુસલ તથા વઝુને બદલે તયમ્મમ કરવું એટલે કે પાક માટોડી ઉપર બંને હાથ ધરિથી પછાડી તે ચેહરા તથા હાથ ઉપર ફેરવવા. આવી રીતે તયમ્મુમ કરી લીધાથી ગુસલ તથા વઝુ કરેલું ગણાય અને તયમ્મુમ કર્યા પછી નમાઝ તથા તેવી બીજી બંદગી કરી શકાય. અત્રે બાતીન્યા પંથે તયમ્મુમનો અર્થ એમ ઘડી કાઢયો કે, ઇમામના ગેબ હોવાના સમયમાં તેના નકીબ ( નાયબ ) પાસેથી તાલીમ હાસલ કરવી તેનુંજ નામ તયમ્મુમ ગણાય. માટોડીપર હાથ પછાડી ગુસલ તથા વઝુના હુકમને સદંતર ઉડાવી દીધો.

ઇસલામની આજ્ઞા દરેક નમાઝ પડતા પૂર્વે અઝાન પોકારવાની છે. દરરોજ મસજીદમાં પાંચ વખત નમાઝનો ટાઇમ થાય ત્યારે મોઅઝન યાને બાંગ પોકારનાર મોટેથી અઝાન પોકારે છે. આ આજ્ઞાની તાવીલ એવી ઉપજાવી કાઢી કે, ઇમામની તાબેદારી કરવા માટે લોકોને તત્પર કરવા. અઝાન ભણવાની કે તકબીર કહેવાની જરૂર નથી; પણ ઇમાંમની તાબેદારી માટે લોકોને તત્પર કરવા તેનુંજ નામ અઝાન તથા તકબીર ભણવી ગણાય.

જન્નતની તાવીલ એમ બતાવી કે, મુસલમાનો જેમ માને છે તેમ જન્નત કોઇ આનંદ વૈભવનું સ્થળ છેજ નહિ તેમની સમજ ભુલ ભરેલી છે; પણ જન્નતનો ભાવાર્થ એ છે કે મોજ મજા માણવી અને શારીરિક કષ્ટોથી મુક્ત થઇ જવું. મતલબ કે, મેહનત કરવી તથા શારીરિક કષ્ટોમાં ફસાયા તેનુંજ નામ દોઝખ, જન્નત તથા

દોઝખને આમ ચુટકીમાં ઉડાવી દેવામાં આવી. જ્યારે જન્નત દોઝખને ઉડાવી દેવામાં આવી ત્યારે તેની પ્રાપ્તી તથા બચાવ માટે નેકીના કામો કરવાનું તથા બદીથી બચવાનું રહ્યુંજ નહિ. મલાહેદાના ટુંક વર્ણનમાં બતાવ્યું છે તેમ, ફાવે તેમ આનંદ મોજ ભોગવવો અને નેકી બદીને કોઇ જરૂરની વસ્તુ ગણવી નહિ; બલ્કે નેકી તથા બદી માટેની આજ્ઞાઓને જબરદસ્તીની આજ્ઞાઓ જણાવી આપી. અને તેને શરીયતનો તોક એવું નામ આપી, તે તોકને પોતાનાં ગરદનમાંથી કાઢીને ફેંકી આપ્યો.

ઝીના યાને વ્યભિચાર નહિ કરવાની આજ્ઞાનો અર્થ એમ ઘડી કાઢયો કે, દીનના ભેદોને ખુલ્લા કરવા તેનું નામ ઝીના યાને વ્યભિચાર છે. પારકી સ્ત્રી સાથે પ્યારમાં પડવું તેનું નામ ઝીના ગણાય નહિ. તેનું નામ જે મુસલમાનો ઝીના ગણે છે તે, તેઓ ઝીના શબ્દના અર્થ ને સમજયા નથી તેથી તેમ ગણે છે. દીનના ભેદ જાહેર કરી આપવા તેજ ઝીના કર્યો કહેવાય. મતલબ કે ઝીના કરવા માટેની જે મનાઇ કરવામાં આવી છે તથા તે કરનાર માટે જે શિક્ષા આ લોક તથા પરલોકમાં ઠરાવી છે તેને જબરદસ્તીની તથા જુઠી જણાવી હસીમાં ઉડાવી દીધી. એહતેલામનો અર્થ પણ દીનના ભેદો ખુલ્લા કરવા એવો જણાવ્યો.

ખાનએ કાબાની મસજીદથી પેગંબર, સફાથી નબી, મરવા નામના સ્થળથી વસી અને બાબથીઅલી એમ મુરાદ લેવામાં આવી આ ઉપરની બાબતો ઉપર જણાવી ગયા તેમ, માત્ર બહુજ થોડી આપવામાં આવી છે, પણ લખવામાં આવ્યું છે કે શરીયતના બધા હુકમોની તેજ ધોરણે તાવીલો કરવામાં આવી છે એટલુંજ નહિ; પણ

તેનો વ્યવહારૂ અમલ પણ કરવામાં આવ્યો છે; તેનો એક સરસ દાખલો પ્રથમના પ્રકરણમાં હસન સબ્બાહની ચોથી પહેડીએ આવનાર અલી ઝીક્રતસ્સલામના અપાઇ ગયો છે.

બરદાસ્ત ગીલ શરા બલાઇદે ઐઝદી,
મખદુમ રોઝગાર અલી ઝીક્રતસ સલામ

યાને ઇસમાઇલીઓના ઇમામ અલી ઝીક્રતસસલામે ખુદાની કૃપાથી શરીયતના તોકને કાઢીને ફેંકી દીધો. આ શેઅર બાતીન્યા મતના એક પ્રખ્યાત શાએરનો તે પ્રસંગ ઉપર કહેવામાં આવેલો, તે પૈકીનો છે. જેની વીગત આગળ અલી ઝીક્રતસ સલામના હેવાલમાં પણ આપવામાં આવશે.

ઉપર પ્રમાણેની શરીઅતે ઇસ્લામની આજ્ઞાઓની તાવીલો કરવામાં આવી તેથી સાબીત થયું કે, આ ટોળાંના આચાર્યોએ દીને ઇસ્લામને તદ્દન તોડી પાડવાને લઇ દઇને, લઇ શકાય તેટલા પ્રયાસો કીધા. ઇસલામ સિવાયના અન્ય પંથોએ તો ઇસલામનો માત્ર સ્વીકાર નહિ કર્યો; પણ તેની આજ્ઞાઓ વિષે ચુનોચરા કરી નહિ; પણ આ બાતીન્યા પંથના આચાર્યોએ તો આટીઘુંટીવાળી બુદ્ધિની દલીલોથી તેની આજ્ઞાઓને જુઠી જણાવવાને અસાધારણ પ્રયાસ કીધો અને તે માટે એટલી બધી મેહનત તથા ઝેહમત ઉઠાવી કે, જે તેમની શક્તિ બહારની ગણી શકાય.

ઇસલામમાં પાછળથી જો કે અનેક પેટા સંપ્રદાયો ઉભા થયા; પરંતુ આ બાતીન્યા ફીરકા સિવાય બીજા કોઇએ પણ ઇસલામની આજ્ઞાઓનો અસ્વીકાર કીધો નહિ. મુળ આજ્ઞાઓમાં સરખા એક સાથે રહ્યા, પણ ગૌણમાં મતભેદ પડયો. દાખલા તરીકે નમાઝ પડવાનું

સૌએ પાંચ વખત માટેનું કબુલ રાખ્યું; પણ તેના વખતમાં કોઇ કોઇ વચ્ચે રહેજ મતભેદ થયો. નમાઝ પડવાનું બધાએ સ્વીકાર્યું; પણ કોઇએ નમાઝ ખુલ્લા હાથે, કોઇએ છાતીપર હાથ રાખીને, તો કોઇએ ડુંટીપર હાથ રાખીને. પણ આ મલાહેદા બાતીન્યાની જેમ સુણ્ણંમ નાસ્તિકંમ તેને જડથી ઉખેડી નાંખી નહિ.

જ્યારે ઉપર પ્રમાણેની ઇસલામની આજ્ઞાઓનો અસ્વીકાર કરવામાં આવ્યો ત્યારે વ્યવહારૂ અમલ પણ થયો અને તેથી આ ફીરકામાંથી ઇસલામની આજ્ઞાઓના અમલની વાતો નીકળી ગઇ. બાતીન્યા જેટજેટલા ફીરકા થયા, તે સઘળામાં વત્તા ઓછા પ્રમાણમાં શરીઅતે ઇસલામની આજ્ઞાઓનો અસ્વીકાર કરવામાં આવ્યો અને તેનાપર વ્યવહારૂ અમલ પણ કરવામાં આવ્યો. આવા બાતીન્યા ફીરકાઓનું ટુંક વર્ણન અમારા તરફથી બહાર પડેલા " શીઆ વૃતાન્ત " નામક પુસ્તકમાં આપવામાં આવ્યું છે, તેના વાચનારને આ બાબતની પુરે પુરી ખાત્રી થશે કે, આ ફીરકાએ તેની ઉતપત્તીથી લઇ છેવટ સુધી તેજ ધોરણ ચાલુ રાખ્યું છે.

આવા લોકોએ સઘળી માન્યતા ઇમામ માટે ખતમ તથા છેવટની માની લીધી. ઇમામને ખુદા તથા ખુદાનો અવતાર ઠરાવી દીધો. પેગંબર પણ ઇમામજ અને વળી જે પેગંબરો મોકલવામાં આવ્યા ને ઇમામેજ મોકલ્યા હતા તેમ જણાવ્યું. ઇમામને માટે એટલી બધી અંધશ્રદ્ધા રાખી કે, જેનું કાંઇક વર્ણન ઉપર આપવામાં આવ્યું છે. જ્યારે તેઓને તેમના ઇમામના ગુનાહ કરવા વિષે સવાલ કરવામાં આવે છે ત્યારે કહે છે કે તેઓને ગુનાહ કરવાનું હોય નહિ, પણ તેઓ માત્ર ઇશ્વરી લીલા દેખાડે છે. તે ગુનાહ કરે તેનું નામ ગુનાહ

ગણાય નહિ. વળી તેઓ જુદી જુદી લીલાઓ કરી લોકોના ઇમાનની પરીક્ષા કરવા માગે છે કે, આવી સ્થિતિ જોઇ તેમનાં ઇમાનો ડગી જાય છે કે નહિ ! મતલબકે ઇમામને ગમે તેવા દુર્ગુણમાં જોવા છતાં પણ, આ લોકોનાં ઇમાન ડગતાં નથી અને ડગવાં દેવાં નહિ તેવું શિક્ષણ આપવામાં આવે છે.

મઆદ યાને કીયામતને જાહેરમાં માનવાનો ડોળ ઘાલી પૂનર્જન્મને માને છે અને તે ધોરણે ઇશ્વર, પેગંબર, ઇમામ તથા સામાન્ય વર્ગને પ્રથમના અવતારો ગણે છે, જન્નત દોઝખનો જાહેરમાં સ્વીકાર કરવાનો ડોળ ઘાલે છે, પણ તેને શાસ્ત્રમાં અસ્વીકાર કરી કરણીના ફળ અવતાર રૂપે યાને લક્ષ ચોર્યાસી ફેરાને માને છે. જ્યાં જેવો મોકો જુએ ત્યાં તેવી વાત કરે છે. જ્યાં જન્નત દોજખના સ્વીકારથી ચલાવી લેવાય ત્યાં તેમ અને જ્યાં તેમ ન ચાલે ત્યાં પૂનર્જન્મ ઉપર આવે છે.

તકૈયાના રૂપને એટલું તો અધમ બતાવી દીધું છે કે, જુઠું બોલવું ગોયા કે ધર્મમાં ગણી લેવામાં આવ્યું છે. પરધર્મવાળાઓને કહેવામાં આવે છે કે અમો તો તમારી સાથેજ નહિ. હિન્દુઓને કહે છે કે અમો તો હીન્દુ છીએ. તમારા દેવતાઓને અમો માનીએ છીએ. મુસલમાનોને કહે છે કે અમો મુસલમાન છીએ અને પેગંબર તથા અલી તથા ઇમામોને માનીએ છીએ. ખ્રીસ્તીઓને કહે છે કે તમારો અને અમારો ધર્મ એકજ છે. તમારા બધા પેગંબરોને અમો સાચા માનીએ છીએ. કોઇપણ ધર્મના પ્રથમના પુજ્ય લોકોને અમારાજ ધર્મના હતા એમ કહી કહી પબ્લીકને એવો તો ઠગે છે કે જે જોઇ ગુસ્સો આવી જાય છે.

નમાઝને રદ કરી, આંટી ઘુંટી વાળી–ભોળા લોકોને અજ્ઞાનતાના કાદવમાં લતપત કરી નાંખનારી નવી બંદગી બનાવી કાઢી છે. રોજાં માટે કહે છે કે ત્રીશ રોજાં રાખવાની જરૂર નથી માત્ર એક રોજું રાખવામાં આવે તો બસ છે. રોજું રાખનારાને ખાલી લાંઘણ કરનારા જણાવે છે. હજ માટે તો કોઇ જતા નથી. કોઇ જાય છે તો તેને માટે કહે છે કે તે ધર્મની આજ્ઞા સમજીને ગયો નથી; પણ લોકોમાં આબરૂ વધારવાને માટે ગયો છે. તેને મુસલમાનો સાથે ધાડો સંબંધ છે તેથી તેમની પ્રીતિ સંપાદન કરવાને માટે હજ પડી આવી હાજી થયો છે. હજ માટે કોઇ જતા નથી. પ્રથમના ઇમામોની યાત્રા માટે પણ જતા નથી; પણ પોતાના ઇમામના દર્શન કરવાને હજારોની સંખ્યામાં એકઠા થઇ જાય છે અને ઇમામના દર્શન કરવાથી તથા તેમની રૂબરૂમાં નાણાંનો થાળ ધરવાથી પેલે પાર ઉતરી ગયાનું માને છે.

## ધર્મના ભેદ છુપાવવાની કબુલાત.

આ પંથમાં એક બહુજ ધ્યાન ખેંચનારી બાબત એ છે કે પોતાના ધર્મના ભેદો છુપાવવા માટે લઇ શકાય તેટલા ઉપાયો લેવામાં આવે છે. રોજા યાને અપવાસને કાઢી નાંખી તેને બદલે ઇમામના ભેદો છુપાવવા તેનું નામ રોજા રાખવામાં આવ્યું. ઝીના કરવાનો અર્થ એમ સમજાવ્યો કે દીનના ભેદો જાહેર કરવા તેનુંજ નામ ઝીના યાને વ્યભિચાર છે. ઇમામ તથા તથા દીનના ભેદો છુપાવવાની શિષ્યને અસાધારણ તાકીદ આપવામાં આવે છે. અને ભેદ ખુલ્લો નહિ કરવાને શિષ્યને આકરા સોગંદથી બાંધી લેવામાં આવે છે.

કોઇપણ નવા શિષ્યને જ્યારે આ પંથમાં દાખલ કરવામાં આવે છે ત્યારે પ્રથમ જે તાલીમ આપવામાં આવે છે તે દીનના ભેદો છુપાવવા માટેની હોય છે. જેમ જેમ શિષ્ય આ ધર્મની તાલીમમાં આગળ વધતો જાય તેમ તેમ તેને ધર્મના ભેદો છુપાવવાને માટે વધુને વધુ તાકીદ કરવામાં આવે છે. બાપ આ ભેદને એટલી હદ સુધી છુપાવે છે કે, તે પોતાના પુત્ર કે સ્ત્રીને વટીક કહેતો નથી. ગમે તેવો એતકલ્લુફ મિત્ર હોય, તેને પણ આ દીનની વાત તે કહેતો નથી. જેમ ફ્રીમેશન લોજના મેમ્બરો પોતાના લોજની હકીકત તથા તાલીમ કોઇને કહેતા નથી તેમ આ પંથના લોકો પણ પોતાના પંથની હકીકત કોઇને જણાવતા નથી. ભેદ છુપાવવાની તાકીદ સાથે ભેદ ખુલ્લો કરી આપવામાં તેની અસાધારણ ખરાબ તથા બરબાદી થવાની છે તેની સજ્જડ છાપ તેનાપર પાડવામાં આવે છે, તેનો તેનાપર એટલો તો સચોટ અસર થાય છે કે, તે જો આ પંથમાંથી નીકળી પણ જાય, તોએ તે ભેદની વાત કોઇને કહેતો નથી. તેને ધાસ્તી રહે છે કે રખેને જે ધાસ્તી બતાવવામાં આવી છે તેનો તે ભોગ થઇ પડે.

દરેક ભેદને આટલી હદ સુધી છુપાવવાની શી જરૂર છે તેવો જ્યારે તેમને પ્રશ્ન કરવામાં આવતો, ત્યારે તેનું રહસ્ય એમ સમજાવતા કે તત્વજ્ઞાન જે અધિકારી હોય તેનેજ આપવું, એ દરેક શાસ્ત્રમાં કહેલું છે અને તે વાસ્તવિક છે. ધર્મ ઉપર જેની દ્રઢ શ્રદ્ધા હોય અને જેની બુદ્ધિ સુક્ષ્મ હોય તેને આ જ્ઞાન મોક્ષ દાયક થાય, પણ અશ્રદ્ધાવાન અને સ્થુળ બુદ્ધિ આ સુક્ષ્મ માર્ગમાં પ્રવેશ ન થઇ શકવાથી વિપરિત માર્ગ પકડે તેમાં કાંઇ આશ્ચર્ય નહિ. એમાં જ્ઞાન માર્ગનો દોષ ન ગણાય પણ બુદ્ધિનો દોષ ગણાય.

દરેક નવા શિષ્ય આગળ ભેદ ખોલવાની તથા ભેદને છુપાવવા બદલની લેખી કબુલાત લેવામાં આવતી હતી, તે કબુલાત અમારા "અલમોતના ઇતિહાસ" માં પુરેપુરી આપી છે. તેનો ટુંક સાર એ કે, અય શખ્શ ! અમો તને ખુદા, તેના સઘળા રસુલો, નબીયો, ફીરસ્તાઓ તથા આસમાની કીતાબોના સોગંદ આપીને આ કોલકરાર લખાવી લઇએ છીએ અને આ કોલકરાર એવા પ્રકારનો સજ્જડ તથા પવિત્ર છે કે, જે ખુદાએ તેના નબીઓ પાસેથી લીધો હતો. એટલે કે તારે આ ધર્મની સઘળી બાબત ગુપ્ત રાખવી. આ પંથમાં આવતાં તેની જે વાત સાંભળે, જે વાત જાણે, જે તું બીજાઓને જઇ પહોંચાડે અથવા બીજાઓ, જે તને આવીને પહોંચાડે, તે તારે કોઇને પણ કહેવી નહિ. આ કોલકરાર તને એકલાનેજ બંધન કર્તા નથી. પણ તારા સઘળા ભાઇઓ, તારી સઘળી ઓલાદ, તારા સઘળા સબંધીઓને પણ બંધન કર્તા છે. તારે આ પંથની કોઇપણ બાબતને જાહેર કરવી નહિ; તે એટલે સુધી કે તેને લગતો કોઇપણ ઇશારો કે ચિન્હ એવું નહિ બતાવવું કે કહેવું, કે જેથી તેનો ભેદ ખુલી જવાનો સંભવ હોય. માત્ર તને એટલીજ વાત જાહેર કરવાનો હક છે કે જે જાહેર કરવાની તને પરવાનગી આપવામાં આવી હોય. આ કોલકરારની બાબતને તારે વગર વાંધે કે વગર શંકાએ આધિન થવું અને તેમાં તારે કાંઇપણ વધારો ઘટાડો કરવાનો નથી.

જો તું આ કોલકરારથી વિરૂદ્ધ વર્તન કરશે તો, ખુદા તેના રસુલો, સઘળા પેગંબરો, ફરીશતાઓ, પાક અરવાહો, આયાતે કામેલા, સુરે ફાતેહા, અને કુરાને મજીદથી તું બેઝાર થયો એવું પાપ તારી ગરદનપર આવશે અને તેવીજ રીતે તૌરેત, અંજીલ, ઝોબુર વીગેરે કીતાબોથી, દીને ઇસલામથી, તેના દરેક પાક બંદાથી, મહાન ઓલી-

આના ટોળાંથી, બેઝાર થયો. અને જો તું આ કોલકરારથી વિરૂદ્ધ વર્તન કરશે તો, ખુદા તને જાહેર અપમાન આપે, જગતનાં સઘળાં સંકટો તથા સઘળી આફતો તારાપર આવી પડે, અને તું જહન્નમની આગમાં જઇ પડે કે, જયાં ખુદાની મેહરબાની હોતી નથી. વળી તારાપર ખુદાની એ લાઅનત હોય કે જે ઇબ્લીસને આપવામાં આવી અને તેના પ્રતાપે તે સ્વર્ગથી બેનસીબ થયો અને સદાને માટે જહન્નમની સજા ભોગવવી પડી.

જો તું આ કોલકરાર પૈકી કોઇ પણ બાબતની વિરૂદ્ધતા કરશે તો, કીયામતને દહાડે ખુદા તને એવી હાલતમાં મળશે કે, તે તારા પર ગઝબનાક થઇ બેઠો હશે. વળી તું ચોકસ યાદ રાખજે કે, જો તું ખાનએ કાબાના ત્રીશ હજ પ્યાદા પા તથા ઉઘાડે પગે કરે તો પણ ખુદા તારા હજ્જોને કબુલ કરશે નહી. જો તું આ કોલકરારની જરાપણ વિરૂદ્ધતા કરશે તો, તારી જેટલી મીલકત હશે તે સઘળી ફકીરો તથા મીસકીનો માટે ખેરાત થઇ જશે, એટલે તેનાપર તારો હક રહેશે નહિ, પણ ફકીરો તથા મીસકીનોનો હક થઇ જશે તેમ તેવી ખેરાતનો ખુદા તરફથી કશો પણ તને બદલો મળશે નહિ. જો તું આ કોલકરારની વિરૂદ્ધતા કરશે તો તારી માલકીમાં જેટલા લોંડી ગુલામો હશે અથવા તું તારી જીંદગી સુધીમાં મેળવશે તેનાપર તારો હક રહેશે નહિ અને તે સઘળા આઝાદ ગણાઇ જશે અને તારી જેટલી સ્ત્રીઓ હશે અને તારી જીંદગી સુધીમાં તારી સ્ત્રીઓ થશે, તે સઘળી ત્રણ તલાક અપાયલી થઇ જશે તેમની સાથે તને કશા પણ કામનો વહેવાર કરવાનો હક રહેશે નહિ. વળી જો તું આ કોલકરારની વિરૂદ્ધતા કરશે તો તારી સઘળી સ્થાવર તથા જંગમ મીલકત તારાપર હરામ થઇ જશે વીગેરે વીગેરે.

બાતીન્યા પંથો પૈકીના એકના એવા અનુયાયી, કે જેણે તુરતમાંજ તે પંથ તજી દીધો હતો અને તે જ્યારે બાતીન્યા પંથમાં હતો ત્યારે પોતાના પંથનો ભેદ ખુલ્લો નહિ કરવાને માટે સખ્ત બંધાયો હતો તેને અમોએ તેના તજી દીધેલા બાતીન્યા પંથની હકીકત વિષે પુછ્યું, તો તેણે જવાબ આપ્યો કે તે હું કહી શકતો નથી. અમોએ તેને કહ્યું કે જે પંથને તમો જુઠો સમજી તજી ગયા છો તો હવે તેની હકીકત બયાન કરવામાં શી અડચણ છે? તેણે જવાબ આપ્યો કે એ વાત ખરી છે કે મેં તે પંથને જુઠો સમજી તજી આપ્યો છે પણ જ્યારે હું તે પંથમાં હતો અને તે પંથને ખરો માનતો હતો ત્યારે તે પંથના ભેદને નહિ ખુલ્લો કરવાની કબુલાત પ્રસંગે જો હું ભેદ ખુલ્લો કરી આપું તો મારી કેવી પાયમાલી તથા હલાકી થશે તેની જે ધાસ્તી અપાવવામાં આવી છે, તેનો હજુ એટલો કમકમાટી ભર્યો મારી તબીયતપર અસર છે કે હજુ પણ મારી તે કહેવાની હીમ્મત ચાલતી નથી.

અમોએ કહ્યું કે જો કદાચ તમો મને હકીકત કહી આપો તો, તેમ કરતાં તમોને કેવી ધાસ્તી રહે છે? તેણે કહ્યું કે જ્યારે આ બાતીન્યા પંથની તત્વજ્ઞાનની પાયરીમાં હું દાખલ થયો ત્યારે આ પંથની હકીકત કોઇને પણ નહિ કહેવા માટે મને આકરા સોગંદથી બાંધી લેવામાં આવ્યો હતો. તેના વડા ધર્મગુરૂએ મને એક જુદાજ ઓરડામાં બેસાડી કહ્યું હતું કે, જો તું આ ભેદની વાત કોઇને પણ કહીશ તો જગતની ઉતપત્તીથી તે જગતના અંત સુધીમાં જગતમાં મનુષ્યોએ જેટલાં જેટલાં પાપો કર્યા હશે તે સઘળાં તેં એકલાએ કર્યા એટલો ગુનાહનો બોજ તારી ગરદનપર આવી પડશે. દુનિયામાં જેટલી જાતની બલાઓ તથા આફતો છે તે તારા તથા તારી ઓલા-

લાદપર નાઝીલ થશે અને કીયામત સુધી તારી જે ઓલાદ થશે તે સઘળી ભયંકર આફતો તથા દુઃખમાં રીબાતી રહેશે. જગત ઉપર જેટલી ભયંકરમાં ભયંકર બીમારીઓ જેવી કે રકતપીત કોઢ વીગેરે તેમાં તું તથા તારી ઓલાદ દર ઓલાદ સપડાયા કરશે અને કદાચ તું આ પંથ છોડી પણ દઇશ, તો પણ આ આફતોનાં વાદળો તારા પર સદાને માટે ઘેરાએલાં રહેશે.

હવે જોકે મેં આ પંથ છોડી દીધો છે અને મને જે ધાસ્તીઓ બતાવવામાં આવી છે તે તદ્દન જુઠી છે, તો પણ જાણે કે જ્યારે તે હકીકત હું કહેવાને કોઇ પ્રસંગે મિત્રોના બહુજ આગ્રહથી લલ ચાઇ જાઉં છું ત્યારે જાણે મારી સામે તે ધર્મગુરૂ તરફના ફીરસ્તાઓ મારી દ્રષ્ટી સામે આવી મને બીહવડાવતા હોય તેવું લાગે છે. કદાચ એમ થઇ આવે છે કે, રખેને તે ધર્મ સાચો હોય અને જો હું તેનો ભેદ ખુલ્લો કરી આપું તો, કદાચ તે આફતોમાં હું સપડાઇ પણ જાઉં ! મારી માન્યતા છે કે તે પંથ જુઠો છે; પણ મારૂં દીલ ધાસ્તીથી અલગું થઇ શકતું નથી. કદાચ જો હું તેના ભેદની વાત કહી દઉં અને તે અરસા કે તે પછીના અરસામાં હું યા મારાં બાલબચ્ચાં પૈકી કોઇ બીમાર થાય અને બીમારી થવી એ જોકે ઇનસાનો માટે સ્વભાવિક છે; પણ મને એવો વહેમ થઇ આવે કે તે ભેદ નહિ ખોલવાનો કરાર તોડયો તેને લઇ હું આ બીમારીમાં સપડાયો છું. મારૂં મન એવું નબળું થઇ જાય કે, જેથી કાંઇ આફત નહિ આવતી હોય તો પણ તે જરૂર મારા નબળા દીલપર ગલબો કરી જાય માટે હું તે ભેદની વાત કોઇને કહી શકતો નથી.

અમોએ તેને ગુંચવાડામાં નાખી ભુલ ભુલમાં તેની વાત કઢાવવા ઘણોએ પ્રયત્ન કર્યો, પણ તે બીલકુલ ડગ્યો નહિ; પણ તેણે

એટલું જણાવ્યું કે જેને ભેદ કહેવામાં આવે છે અને જેને નહિ ખુલ્લો કરવાની આટલી તાકીદ કરવામાં આવી છે, તેમાં કાંઇ માલ નથી. ભેદની વાત બુદ્ધિશાળી વર્ગને તો એવી તો મુર્ખાઇ ભરેલી લાગે કે તે તેની અજ્ઞાનતા ઉપર અફસોસ કરવા લાગી જાય અને હમણાં તમોએ જે વાતચિત કરી તેમાં તે ભેદની વાત આવી પણ જતી હતી: પણ તે કઇ વાત તેજ તમો જાણતા નથી અને જેને હું તે અમુક વાતજ હતી એમ બતાવતો નથી. —

આ પંથના લોકો પોતાના ધર્મની સઘળી ક્રીયાઓ બહુજ ગુપ્ત રીતે કરે છે. પરધર્મના કોઇ પણ માણસને તે ક્રીયા પ્રસંગે હાજર રેહવા દેતા નથી. પોતાના ઇબાદતખાનાઓમાં કોઇ પરાયાને ઘુસવા દેતા નથી. પોતાના પંથના લોકોમાં પણ ચડ ઉતર દરજ્જાની પાયરીઓ હોય છે, તેમાં ઉપરની પાયરીવાળા નીચેની પાયરીવાળાને ભેદની વાત કરતા નથી કે, ખાસ ક્રીયામાં શામેલ કરતા નથી. પોતાના ગુરૂ કે જેને ખુદા, પેગંબર, ઇમામ, પીર વીગેરે કહે છે તેનેજ માત્ર દાન આપવામાં સવાબ સમજે છે. તે સિવાય કોઇને પણ માનવા કે દાન આપવાની સાફ ના પાડે છે અને કહે છે કે જે છે તે એજ છે; પણ લોકો બુદ્ધિની દલીલો કરી શંકાશીલ બની જઇ ખરા માર્ગથી ભ્રમિત થઇ જાય છે.

ઉપર પ્રમાણેની ધર્મના ભેદ છુપાવવાની વાત એટલી તો બીકામણી છે કે શિષ્ય પોતાના શિક્ષક આગળ શંકાનો ખુલાસો પણ માગવાની હિમ્મત ન કરી શકે, કેમકે જો તે તેમ કરવાની હિમ્મત કરે, તેને એ ધાસ્તી ઉતપંન થઇ જાય કે મારા ઇમાન વિષે શિક્ષકના દીલમાં દગદગો ઉત્પંન થઇ જશે અથવા તો બીજા ગોઠીયાઓ

મારા માટે હલકો વિચાર ઉતપંન કરી લેશે, તેને લઇ મારી આબ-રૂને તથા માલને હાની પહોંચશે. આવી ધારર્તાને લઇ તેઓ જે વાતને બરાબર સમજી શકયા નથી તેને પણ બરાબર સમજી ગયા છે એમ દબાઇને હા પાડી દે છે અને જે બાબત પોતે જાણવાનો જાહેરમાં દાવો કરે છે, તે વાતને પણ કાંઇ જાણતા નથી. અમોએ ઉપર પ્રમાણેના કેટલાક બાતીન્યાઓને જોયા છે કે, જેઓ એટલા તો અભણ તથા અજ્ઞાન છે કે જેની કોઇ સિમાજ નથી હોતી. અક્ષર સુન્ય હોવા ઉપરાંત કોઇ પણ ધર્મ સબંધે કશુ પણ જ્ઞાન ધરાવતા નથી. માત્ર પોતાના મનમાં મસ્ત રહે છે કે આખું જગત ગુમરાહ થઇ ગયું છે અને હું જ્ઞાની તથા ઇમાની થઇ ગયો છું. આ જ્ઞાની તથા ઇમાનીને અંધશ્રદ્ધાના પરદામાં એવોતો સંતાડી રાખ્યો હોય છે કે તે પોતાના પંથની હકીકત બુદ્ધિ પૂર્વકની જાણવાનો તેને વહેમ વટીકે થઇ આવતો નથી. તેમ તે કોઇની શંકા કે વાત પણ સાંભળતો નથી.

તેના પંથ વિશે જ્યાં કોઇ આક્ષેપની વાત કરવા હોય ત્યાં તે ઉભો પણ રહેતો નથી. કોઇ પણ પરધર્મના માણસ સાથે તેને વેપાર કે અન્ય સબંધે કામ પ્રસંગને લઇ વધુ પરિચયમાં આવવું પડતું હોય અને તે જો કોઇ તેના ધર્મ સબંધે વાત કરવા માંડે તો તે તેની વાત નહિ કરવા સબંધે માગી લે છે કાંઇ પણ પુસ્તક, માસિક કે વર્તમાનપત્રમાં તેના પંથ વિશે કાંઇ ટીકા કે વિરૂદ્ધતાવાળું લખાણ જુએ તો તે મોંહ બગાડી તેને ફેંકી દે છે. તેવા પુસ્તક, માસિક કે પેપરને તે મંગાવતો નથી.

પોતાના ધર્મને છુપો રાખવાની એક યોજના એ પણ એ સંપ્રદાયમાં જોવામાં આવે છે કે પોતાના પુસ્તકોને કાંઇક અપ્રચલિત ભાષામાં લખે તથા છપાવે છે, કે જેથી પરધર્મના લોકો તે વાંચી કે

સમજી શકે નહિ તે પુસ્તકોની ભાષા પણ એવી તો અપ્રચલિત જેવી બનાવી આપે છે કે, કોઇ પરધર્મનો માણસ કદાચ તેની લીપિ જાણી લે; તો પણ મુળ વિષયમાં સમજે નહિ. ભાષામાં એવો તો જુદી જુદી ભાષાના શબ્દોનો ખીચડો કરે છે કે, કોઇ સમજી શકતું નથી, વિચારોમાં તો એવો ગુંચવાડો કરવામાં આવ્યો હોય છે કે, અજ્ઞાન કે વિદ્વાન કોઇને તેમાં સળ સુઝતી નથી.

પુસ્તકો લખાયાના સમય માટે અસાધારણ ગુંચવાડો કરી નાંખે છે. પુસ્તક સો વર્ષ પહેલાં લખાયું હોય, તેનો કર્તા આઠસો વર્ષ પહેલાં તો કોઇ પોતાના ધર્મનો મીશનરી થઇ ગયો હોય તેનું નામ તેમાં ગોઠવી આપે છે. વિચારોમાં એટલો તો ઉલટો સુલટો મજમુન લખે છે કે તેમાં તવારીખનો મેળ હોતોજ નથી. શાસ્ત્રના પાત્રેનાં નામો પણ ઉલટા સુલટાં આપે છે. કોઇ નામ હજાર વર્ષે પહેલાંનું હોય તે સાતસો વર્ષે પહેલાંનું લખી નાંખે છે. પાંચસો વર્ષ પહેલાંના આચાર્યનું નામ એવું આપે છે કે જે હજાર વર્ષ પહેલાં થઇ ગયો હોય છે.

વિચારોને તો એવો ચવચવનો મુરબ્બો બનાવે છે કે, જુદા જુદા પંથના મિશ્ર અકાયદો તથા વિચારો ઉલટા સુલટા ભરી આપે છે. દાખલા તરીકે કીયામત પણ ખરી અને પુનઃજન્મ પણ ખરો. જન્નત દોઝખ પણ ખરાં અને ઇશ્વરની જાતમાં લક્ષ ચોર્યાશી ફરી ફરીને મિશ્ર થઇ જવું તે પણ ખરૂં. મતલબકે કોઇ પણ રીતે પોતાના ધર્મ વિષે પરાયાઓ અજ્ઞાન રહે તે માટે લઇ શકાય તેટલા ઉપાયો લે છે અને તેથી મુળ વાત સમજવાનું એટલું તો અઘરૂં થઇ પડે છે કે, તે ધર્મના સમાન્ય લોકો કાંઇ પણ સમજતા નથી; પણ મનમાં મગ્ન રહે છે કે અમોજ સમજવા પામ્યા છીએ અને આખું જગત ખરી વાત સમજવામાં ગોથું ખાઇ ગયું છે.

ઉપર પ્રમાણે ગુપ્ત રાખવાની જે વિગત આપી છે, તે માત્ર પાશેરામાં પહેલી પુણી સમાન છે. તે વિગત એવી તો ગુંચવાડા ભરેલી છે કે, તેને પુરી પાધરી સમજવી મુશ્કેલ છે અને જો સમજાય હોય તો તેની સમજ બીજાને આપી શકવી મુશ્કેલ છે. આવા એકંદર વિચારથી એ વાત બહુજ સરલથી જાણી શકાય તેમ છે કે, આ વર્ગના લોકો કાંઇપણ જાણવા પામતા નથી, જાણવાની કોશીશ કરતા નથી. જાણવાને લગતા સાધનોથી સો ગાઉ દુર નાસતા કરે છે અને પરિણામે એવા તો અજ્ઞાત રહે છે કે જેની દયાજનક સ્થિતિનું વર્ણન કરી શકવાને લેખકને ઇબારત ગોઠવવાનું આવડી શકતું નથી.

આવી રીતે શિષ્યો અસાધારણ અજ્ઞાન રહી જાય છે અને મુળ તેનાં આચાર્યોનો હેતુ શિષ્યોને પોતાના વિષય ભોગની તૃપ્તિ કરાવનારાં સાધનો બનાવી રાખવાનો પાર પડે છે. શિષ્યો પોતાની સઘળી તન મન ધનની મીલકત ગુરૂને અર્પણ કરે છે અને શિક્ષક તેના ઉપર મોજમજા માણવામાં કાંઇ ખામી રાખતા નથી. આવા ગુરૂઓના મહેલમાં જે વિષય ભોગની તૃપ્તિની સામગ્રીઓ તથા ધમાલો હોય છે તે અવર્ણનિય હોય છે. ટુંકમાં એ કે હીસ્ટ્રી ઓફ ધી એસેસીન્સના કર્તાના અભિપ્રાય પ્રમાણેઃ—

"મનુષ્ય દેહ ધરી જે ઉમદી મતલબો સાધવાની છે તે સાધવાને બદલે માત્ર વિષય ભોગનીજ તૃપ્તી મેળવવી એજ આ ફીરકાની મતલબ હતી. અને તેનું પરિણામ એ આવે છે કે, આ સંપ્રદાય અજ્ઞાન રૂપી અઘોર ખાડામાં પડે છે અને તે મોટા રાજ્યો અને ધર્મ સ્થાનોને ખંડેરો કરી, જુલમ ભરેલા રાજ્યના કમકમાટો બતાવી, પ્રજાના સુખનો નાશ કરી મનુષ્ય જાતિની સામાજીક પડતી લાવી અંતે નાબુદ થાય છે."

હવે આવા પ્રકારનું શિક્ષણ પ્રાપ્ત કરી પોતાના સંપ્રદાયમાં તેને દાખલ કરવા તથા તેને વ્યવહાર કરવા બદલ હસન સબ્બાહ માટે કેવો અભિપ્રાય બાંધવો તે બહુજ સહેલ કામ છે. તેના કારણે મનુષ્ય જાત તથા નીતિ રીતિ, ધર્મ તથા વ્યવહારને કેટલો તથા કેવો અસર પહોંચ્યો તથા કેવા પ્રકારની હાની પહોંચી રહી છે તેનો કાંઇક ખ્યાલ મલાહેદાનું ટુંક વર્ણનવાળા પ્રકરણથી વાચક વર્ગ જાણી ચુકયો હશે. તેથી અત્રે તેનું વિશેષ વર્ણન કરવું જરૂરનું ધારતા નથી.

## ફીદાઇઓ તથા તેમનો ત્રાસ.

હસન બિન સબ્બાહે પોતાના પંથના કાર્યવાહકો માટે જુદા જુદા જે અધિકારીઓ નીમ્યા હતા, તેનું વર્ણન અતિ રસીક, ભયંકર તથા ધ્યાન ખેંચનારૂં છે. આ વર્ગો વિષે અમો વિસ્તારથી અત્રે વર્ણન કરવા માગતા નથી, પણ એક વર્ગ વિષે વિસ્તારથી અને બાકીના વિષે ટુંકમાં લખવા માગીએ છીએ અને તે પણ એવા હેતુથી કે જેથી હસન સબ્બાહના કાર્ય પ્રત્યે ઉડતી નજર નાંખી શકાય.

૧ **દાઇ–ઉદ–દાવાત**—આ અધિકારી માટે સઘળા મઝહબી ઇલ્મો જાણવા લાઝીમ હતા. તેના હાથ તળે બાર નકીબો હોતા હતા અને પ્રત્યેક નકીબના હાથ તળે જુદા જુદા બાર દાઇઓ હોતા હતા.

૨ **દાઇ–ઉલ–કબીર**—દાઇ-ઉદ-દાવાત તરફથી જે ઇલાકાવાર સુબા નીમાતા હતા તે દાઇ–ઉલ–કબીર કહેવાતા હતા.

૩ **દાઇ**—આ એ લોકો હતા કે જે ઉપદેશકોની પેઠે સઘળા ઇસલામી પ્રદેશોમાં પ્રસરી ગયા હતા અને ગુપ્તપણે પોતાના ધર્મનો પ્રચાર કરતા હતા. ધર્મની તરક્કીનો બધો દારોમદાર તેમના પ્રયાસો પર અવલંબેલો હતો.

૪ રફીક—આ એ લોકો હતા, કે જે ફઝલો કમાલમાં આ પંથના મુજતેહદો ગણાતા હતા અને તે અલમોત કીલ્લામાં હસન સબ્બાહ પાસે મુસાહિબ તરીકે રહેતા હતા. આ લોકો અતિ વિશ્વાસુ ગણાતા હતા.

૫ ફીદાઈ—આ એ વર્ગ છે કે જેનું કાંઇક વિસ્તારથી અમો વર્ણન કરવા માગીએ છીએ. આ એ લોકો હતા કે જે આંખો મીચીને કાંઇ પણ આનાકાની કે, વાંધા વિના, પ્રત્યેક આજ્ઞા અમલમાં લાવતા હતા. આ ફીદાઇઓજ દાઇ-ઉદ-દાવાતના અસલ મુરીદો અને ફોજના જીવ સટોસટ લડનારા હતા. તે દેશો જીતવાનું કારણ થયા. તેમનીજ છરીઓથી મેહેલોની અંદર અને શાહ માર્ગ ઉપર મોટી જાહોજલાલી ધરાવનારા મોટા કીર્તિવંત સુલતાનો, ઇમામો, ઓલમાઓ, ફીલસુફો અને મશાયખો વિગેરે કતલ થતા હતા. કતલ કરવાનું કારણ ઘણે ભાગે તે અટકાયત હતી કે જે રાજ્ય તથા મઝહબી ઉલ્માઓ તરફથી નાંખવામાં આવતી હતી. કદી નાણું એકઠાં કરવાને માટે પણ મોટા મોટા અમીરોને કતલ કરવામાં આવ્યા હતા અને તે સિવાય બીજાં કારણો પણ અનેક હતાં. આ ફીદાઇઓના હાથથી જુમ્માને દહાડે જેવી રીતે મુસલમાન ઉલ્માઓ શહીદ થતા હતા એવાજ રવીવારને દહાડે ખ્રીસ્તી દેવળોમાં ખ્રીસ્તી રાહેબો, સુલતાનો તથા અમીરો પણ કતલ થતા હતા.

મઝહબી તાલીમ આપતાં પૂર્વે ફીદાઇઓને સીપાહગીરિની તાલીમ આપવામાં આવતી હતી. હથીઆરોને કેમ વાપરવાં તે તેમને શીખવવામાં આવતું હતું. સંકટો સહન કરવાને ટેવાએલા બનાવવામાં આવતા હતા. વેશ બદલી નાંખવાની કળા ઘણીજ સારી રીતે તેઓ જાણતા હતા, કેમકે દરેક સંજોગને લગતા ખાસ વેશો તેને બદલવા

પડતા હતા. આ ફીદાઈઓની: તાલીમ માટે ખાસ લક્ષ આપવામાં આવતું હતું અને તેમના દીલમાં એવી વાત ઠસાવી દેવામાં આવતી કે, દાઇ-ઉદ-દાવાત સમગ્ર જગતનો ધણી છે અને આ સૃષ્ટિમાં તે ઘણોજ સત્તાધાર તથા, પ્રસરેલો છે. જ્યાં જેમ કરવા માગે તેમ કરી શકે છે. તેની આજ્ઞાનો અમલ ગોયા કે, ખુદાની આજ્ઞાનો અમલ છે. અને જે કોઇ ફીદાઇ સુપ્રત થએલી ફરજ બજાવવામાં માર્યો જશે, તે શહાદતનો દરજ્જો પામી જન્નતમાં દાખલ થશે.

નઝહત-ઉલ-કોલુબના કર્તાએ ફીદાઇઓના અંતિમ ઘાતકી તથા ખુંખાર પણા વિષે લખ્યું છે કે, તેમને બીલાડીનું માંસ ખવડાવવામાં આવતું હતું. બીલાડી ગુસ્સાને વખતે પોતાના દીલને કાબુમાં રાખી શકતી નથી ચુનાંચે તેવા માંસના ખોરાકની તાસીરથી તેવીજ તાસીર ફીદાઇઓની થઇ હતી કે આજ્ઞા મળતાંજ જેને કતલ કરવાનો હુકમ આપવામાં આવ્યો છે તેને હરગીઝ જીવતો રહેવા દેતા ન હતા.

હસનની અગાઢ તર્ક શક્તિ માટે બે મત હોઇ શકે નહિ તેમ તેની સમાજનું રૂખ પારખવાની શક્તિ વિષે પણ બે મત હોઇ શકે નહિ. હસને પોતાની તર્ક શકિત તથા સમાજના રૂખ પારખવાની કળાથી જે હેરત ભર્યા કાર્યો કરી બતાવ્યાં, તે આ સર્વમાન્ય અભિપ્રાયને ટેકો આપવાને પુરતા છે. હસન એ વાતને બરાબર સમજી ગયો હતો કે, કોઈ એકાદ માણસને તૈયાર કરવાથી અથવા તો બીજી રીતે તે અસાધારણ કાર્ય કરી શકનારો બની જાય છે ત્યારે તે અપવાદરૂપ હોઇ શકે નહિ. તે પ્રમાણેના વધુ લોકોને તૈયાર કરવામાં આવે તો તે થઇ શકે છે. વળી જ્યારે ઓછા પ્રયાસથી પણ અપવાદ રૂપે તેવા પ્રકારના માણસો થઇ જાય છે ત્યારે પ્રયાસથી તે કેમ ન

બની શકે ? માત્ર જેને તૈયાર કરવાના છે તે માણસો તૈયાર થઇ શકે તેવા શોધી કાઢવાં જોઇએ અને તેનામાં તે પ્રકારની યોગ્યતા દાખલ થઇ શકે તેની પુરી તપાસ કરી લેવી જોઇએ. જો તેવા માણસો નો કલાસ તૈયાર કરવામાં આવે તો, અમુક માણસો સિવાય બાકીના તો જરૂર લાયક થઇ શકે અને તેમાં જે પૂર્ણતા ન મેળવી શકે, તે પણ એવા તો જરૂર થઇ જાય કે, જે ઉપયોગમાં લેવાના વધુ જોખમ ભર્યાં નહિ, તેવા કામમાં તો તે ફતેહમંદ નીવડે. કામ કરાવવાનો એક પ્રકાર હોતો નથી; જુદા જુદા માણસોની યોગ્યતા તથા સંજોગ પ્રમાણે અનેક પ્રકારોથી કામ લેવાનું હોય છે તો તેવા સંજોગો વચ્ચે દરેક વિદ્યાર્થી એક નહિ તો બીજી જગોએ જરૂર ઉપયોગી થઇ શકે.

મનુષ્યની ચાલુ સ્થિતિ વિષે બારીકી તથા શાન્તીથી વલણ બારખાવાનું કાર્ય ઘણુંજ આશ્ચર્યકારક છે. ડીટેક્ટીવપણું એ એવું કાર્ય છે કે જેનાથી તેવાં આશ્ચર્યકારક કામ કરી શકાય છે. માણસ જે વસ્તુ જુએ તેની નિયમસર અને ચોકસ તપાસ કરે તો ઘણું શીખી શકે છે. ચેહરાના ક્ષણિક દેખાવથી અને આંખના સ્હેજ હલાવવાથી માણસના અંદરના બધા વિચારો જાણી શકાય છે; અવલોકન અને તર્ક શક્તિવાળા માણસથી દગો કોઇ વખતે છુપો રહી શકે નહી. તેની રીત યુકલીડના જેવીજ ચોકસ છે. જે માણસને તેની ખબર ન હોય, તેને તો આ પરિણામ કોઇ જાદુથીજ થાય છે તેરોજ વિચાર આવે.

પાણીના ટીપાંપરથી તર્ક કરનારો માણસ એટલાન્ટીક અને નાયગરાનું હોવાનું અનુમાન કરી શકે છે, જો કે તેમાંના એકે દેખાણું તેણે જોયાં હોતાં નથી. એક માણસના હાથનાં આંગળાંનાં

નખથી, તેના કોટથી, બાંયથી, બુટથી, તેના પાટલુનથી, તેની આંગળીના ટેરવાંથી અને તેના ચેહરાથી તરત તે માણસનો ધંધો જણાઇ આવે. આ બધી વસ્તુઓ ઉપર જો એકદમ વિચાર કરીને અનુમાન બાંધવામાં આવે તો તે અનુમાન કોઇ દીવસ જુઠું પડેજ નહિ.

એક માણસ ડાકટરના જેવો જણાય છે, પણ તેની છપ લશ્કરી જેવી જણાય છે, પરિણામ એ કે તે જરૂર લશ્કરી ડાકટર હોવો જોઇએ. તેનો ચહેરો કાળો છે, પરંતુ તે કુદરતી નથી; કારણકે તેના હાથનાં કાંડાં ધોળાં છે તેથી તે જરૂર ગરમીવાળા પ્રદેશમાંથી આવેલો હોવો જોઇએ. તેનો ચહેરો ઘણો ફીકો છે તેથી તેણે ઘણી માંદગી અને દુખ સહન કરેલાં હોવાં જોઇએ. તેના ડાબા હાથને ઇજા થએલી છે; કારણકે તે તેના હાથને ઘણી કલીમ રીતે અને અક્કડ રાખે છે. એવો કયો ગરમ પ્રદેશ છે કે, જયાં એક અંગ્રેજ ડાકટર આટલું દુખ સહન કરે અને પોતાના હાથને ઇજા પહોંચાડે ? અલબત તે અફગાનીસ્તાનમાંજ હોવો જોઇએ. ખરી રીતે અવલોકન કરનારને આવા વિચારો કરતાં તથા પારખી કાઢતાં એક મીનિટ પણ લાગે નહિ.

સારી રીતે અવલોકન કરનાર પોલીસ ડીટેકટીવ એક ખુન કરવામાં આવેલી લાશ જોઇને તુરતજ નિર્ણયપર આવી જાય છે. અહીં જે ખુન થયું છે તે પુરૂષનુંજ થયું છે. ખુની છ ફુટથી ઉંચો છે. પૂર યુવાવસ્થામાં છે. તેની ઉંચાઇના પ્રમાણમાં તેના પગ બહુજ ટુંકા છે. જાડા અને પહોળા આકારના બુટ પહેરે છે અને ત્રીચિનાપોલી સીગારેટ પીએ છે. તે મૃત્યુ પામેલા માણસ પાસે એક ઘોડાની ચાર પૈડાવાળી ગાડીમાં તે આવ્યો હતો. ઘોડાને ત્રણ જુની નાલ હતી. ઘણું કરીને તો તેના જમણા હાથનાં આંગળાંના નખ ઘણાજ લાંબા છે.

પગલાં ભરવાની લંબાઇથી મનુષ્યની ઉંચાઇ જણાઇ આવે છે. મનુષ્ય ભીંતપર લખે છે તે આંખની સામેજ લખે છે. બીડીની રાખ ઉપરથી તે કયા કારખાનાની તથા કઇ જાતની છે તે જણાઇ આવે છે. આવી રીતે દરેકે દરેક પ્રસંગ માટે અવલોકન કરનારને એવા એવા છુપા ભેદ જણાઇ આવે છે કે બીજાઓને જાદુ લાગે છે. હસન સબ્બાહે ઉપર જણાવ્યા પ્રમાણેના ફીદાઇઓ તૈયારના કામે, લોકોના વલણ પીછાણવાને, અવલોકન શક્તિનો ઉપયોગ કરી તેના પરિણામે ફીદાઇઓ બનાવવાને યોજના ઘડી કાઢી તે ઉપર વ્યવહારૂ અમલ કીધો હતો.

હસનનો દરેક પ્રોગ્રામ ધાર્મિક બાબતની આડમાં હતો. તેણે જોયું કે મુસલમાનો પોતાના ધર્મની હિમાયતમાં પોતાનો જાનમાલ અર્પણ કરવાને ઘણી ખુશી સાથે તૈયાર થઇ જાય છે. સ્વર્ગના આનંદોની લાલચ તેમને તે માટે તદન ઉશ્કેરી મુકે છે અને તેવી રીતે પ્રાણ આપવાથી કાયમને માટે સ્વર્ગ પ્રાપ્ત થાય છે. ધર્મ માટે મરવા જવામાં તે અતિ આનંદ માને છે. મરી જતાંજ તે સ્વર્ગમાં જઇ બીરાજે છે; મતલબકે સ્વર્ગની લાલચ જાનમાલ કુરબાન કરાવે છે. તેથી હસને પણ પોતાના મુરીદોમાં એવો બળવાન અસર ઉત્પન્ન કીધો કે, આપણા ધર્મની હિમાયતમાં પ્રાણ આપવો તેનો બદલો જન્નતના કાયમ દાયમનાં સુખો મેળવવાં છે.

હસન સબ્બાહે સઘળા ઇલાકાઓમાંથી યુવાન, કદાવર, ધર્મ પ્રત્યેની આસ્થામાં જલદી આવી જનાર તથા ખુંખાર પ્રકૃતિના માણસોને બોલાવી તેનાપર પોતાનો ધાર્મિક અસર જમાવવા માંડયો. આ વિદ્યાર્થીઓના દીલમાં જમાવી આપવામાં આવ્યું કે, આપણો ધર્મ

સર્વ કરતાં શ્રેષ્ટ છે અને વિરોધીઓજ આપણા ધર્મની આડે આવે છે અને જગતને ગુમરાહ રાખવામાં મદદ કરે છે; માટે જેમ બને તેમ જગતના કલ્યાણ માટે તેવા આડે આવતા શત્રુઓને ઠાર કરવા જોઇએ.

આવી રીતની તાલીમનું પરિણામ સમજવા માટે એનાર્કીસ્ટોનો ખ્યાલ કરવો જોઇએ. યુરોપ, અમેરિકા આદિ દેશોમાંના નેહલીસ્ટો તથા એનારકીસ્ટોના હેવાલોથી જે વાકેફ છે તે સમજી શકે છે કે લોકોનાં ખુનો કરવા માટે કેવા પ્રકારનું શિક્ષણ આપવામાં આવે છે તથા તે માટે કેવાં કેવાં ગુપ્ત કાવત્રાંઓ રચે છે; મતલબ કે હસને દરેક રીતે ફીદાઇઓ તૈયાર કરવામાં પોતાની શક્તિ, બુદ્ધિ, તથા ચતુરાઇનો ઉપયોગ કર્યો અને લાખો લોકોના મુકાબલામાં ગણત્રીના માણસોનું લશ્કર એવું તો ઉભું કીધું કે, જે લાખોને પણ પાણી ભરાવે.

આ ફીદાઇઓનો પેહલ વહેલો હુમલો નિઝામ-ઉલ-મુલ્ક ઉપર થવા પામ્યો. સુલતાન મલકશાહ તથા નીઝામ-ઉલ-મુલ્કે જ્યારે સાંભળ્યું કે હસન સબ્બાહ કીલ્લાઓ તથા રાજદ્વારી બળ વધારતો જાય છે અને તે એટલી હદ સુધી કે, રખેને આખો ઇરાન દેશ તેના કબજામાં આવી જાય! ત્યારે તેણે લશ્કર મોકલી કીલ્લાને ઘેરી લીધો. કીલ્લામાં અનાજ ખુટી ગયું અને હસન તથા તેના મુરીદો મુશ્કેલીમાં આવી પડયા ત્યારે તેણે ફીદાઇયોથી કામ લીધું. આ વખતે રમજાન માસ હતો. હસને એક ફીદાઇને ગુપ્ત રીતે નિઝામ-ઉલ-મુલ્કને ઠાર કરવા માટે રવાના કર્યો. નિઝામ-ઉલ-મુલ્ક ઝંદ શહેરમાં મલકશાહ સાથે હતો. અને ત્યાંથી બગદાદ જવાની તૈયારીઓ કરી રહ્યો હતો. તે રોજું ઇફતાર કરી પોતાના જનાનખાનાના તંબુમાં

જતો હતો, તેવામાં એક જુવાન વયનો કદાવર છોકરો ( ફીદાઇ ) તેની સાથે કાંઇ વાતો કરવા લાગ્યો. આ જુવાન છોકરે વાતો કરતાં યુક્તિથી છુપાવી રાખેલી છરી કાઢી વજીરના શરીરમાં ભોંકી આપી. વજીર ભોંયપર પડયો અને તેનો આત્મા આ ફાની દુનિયા તજી ગયો. આ ફીદાઇ દેલમ દેશનો રહેવાશી તથા તેનું નામ અબુ તાહેર હારસ હતું.

ખ્વાજાએ અલમોત ઉપર ચડાઇ લઇ જવા પૂર્વે હસન સબ્બાહને સુલતાનના રોઆબ દાબથી હદમાં રાખવાને એક યુકિતથી કામ લીધું. સુલતાન તરફથી એક એલચી ખાતું મોકલવામાં આવ્યું અને હસન સબ્બાહને બાદશાહી જાહોજલાલીથી બીહવડાવી તાબેદારીમાં લેવા પ્રયાસ કર્યો. હસન સબ્બાહે બાદશાહી એલંચીખાતાની કાંઇપણ પરવા કીધી નહિ. જેમ ઘોડો મસાલાને જોરે કુદે છે, જેમ મગરૂર પૈસાદાર પૈસાના જોરે ભોંયપર પગ મુકતો નથી, જેમ મસ્ત હાથી પોતાની મસ્તીના આવેશમાં કોઇને ગણકારતો નથી; તેમ હસન સબ્બાહ પોતાના ફીદાઇઓના બળપર મસ્ત બેફામ હતો. ભલા તે એલચીખાતાને શું ધ્યાનમાં લાવતો હતો ! તેવા એલચીતાના તથા સુલતાનો તો તેના બેચાર ફીદાઇઓના હાથે નીસ્તો નાબુદ થવાને બસ હતા. મતલબકે હસન સબ્બાહે એલચીઓને રજા આપતી વખતે થરથરાવી નાખનારી ધમકી આપતાં કહ્યું કે “ મારા તરફથી સુલતાન મલકશાહને કહી દેજો કે, તે અમોને સતાવે નહિ; નહિતર લાચારીથી મુકાબલો કરવો પડશે.” આવો હાંજા ગગડાવી નાંખનારો જવાબ સાંભળી સુલતાને બે વર્ષ માટે ચડાઇ મોકુફ રાખી. આ બાબત ઉપરથી હસન પ્રત્યેની કેટલી બધી ધાસ્તી સુલતાનના મનમાં પેશી ગઇ હતી તથા તે તેને કેવો ભયંકર માણસ સમજતો હતો તે સહેલાઇથી સમજી શકાય છે.

હસન સબ્બાહે એલચીખાતાને રજા આપતી વખતે ઉપરની ધમકી સાથે એમ પણ જણાવ્યું કે “ એટલું જરૂર યાદ રાખજો કે મલકશાહની ફોજ અમારી ફોજના મુકાબલા માટે લાયકની નથી, કેમકે અમારા લશ્કરનો દરેક સિપાઇ ( ફીદાઇ ) જીવ સટોસટની બાબતમાં બે મીસાલ છે. તેમની નજરમાં પોતાનો પ્રાણ આપવો અને બીજાનો પ્રાણ લેવો એકજ અર્થ ધરાવે છે.”

હસન સબ્બાહ પોતાના ફીદાઇઓના બળ વિષે પૂરતા પ્રમાણમાં જાણીતો હતો; પણ તેના વિરોધીઓ તેને માન્ય રાખી શકતા નહિ તેઓ આવી વાતને જલદીથી નહિ સમજી શકે; કેમકે શત્રુઓને ઠાર કરવાની એનાર્કીસ્ટ પદ્ધતિ હસને ઉભી કીધી હશે અને તેમાં પોતાની અગાઢ બુદ્ધિ તથા હીમ્મતનો તેણે ઉપયોગ કર્યો હશે અને તેનું તેવુંજ પરિણામ આવ્યું હશે; તે જલદીથી નહિ ગળે ઉતરે તેવી બાબત હતી. હસન સબ્બાહ પણ સમજતો હતો કે મારા ફીદાઇઓના બળ વિષે વિરોધીઓ પુરા જાણીતા નથી. જો જાણીતા થઇ જાય તો કદી મારાપર હુમલો લઇ આવે નહિ માટે તેણે ઇચ્છયું કે શત્રુને તેથી જાણીતા કરી આપવા જોઇએ. હસને આ બાબતની વ્યવહારૂ સાબીતિ આપવા માટે તે એલચી ખાતાની રૂબરૂમાં પોતાના એક ફીદાઇને હુકમ કીધો કે, “ ખંજર મારીને મરી જાઓ ” બીજાને કહ્યું “ અલમોતના શીખરપરથી પોતાને પટકી નાંખો. ” ત્રીજાને કહ્યું “ પાણીમાં પડી ડુબી મરો. ” ચુનાચે એકજ વખતમાં આજ્ઞાનુસાર ત્રણે ફીદાઇઓ હસન બિન સબ્બાહપર કુરબાન થઇ ગયા.

આવી બે મીસાલ ફીદાઇઓની સત્તા વિષે સાબીતિ આપવા છતાં પણ, હસનને સંતોષ થયો નહિ કે, તેથી એલચીખાતું ધાસ્તી ખાઇ જશે માટે તેણે તુરતજ તે એલચીખાતાને કહ્યું કે “ મલક

શાહના સઘળા લશ્કરમાં એક પણ સીપાઇ એવો છે કે જે મારા ફીદાઇની પેઠે જીવ સટોસટ માટે તૈયાર હોય! " આ અરસામાંજ કોઇ શરઇ વાંક માટે ખુદ હસન સબ્બાહના પુત્રો ન્યાય માટે રજુ થયા. હસને તે બંનેને દુર્રાઓ મારવાને હુકમ કીધો અને તે બંને તેની પીડાથી એલચીખાતાના મેમ્બરોની રૂબરૂમાંજ તરફડી તરફડીને મરણ પામ્યા.

જ્યારે એલચીખાતાએ પરત આવી, નજરે નજર જોએલી હકીકત સુલતાન તથા ખ્વાજા આગળ બયાન કીધી, ત્યારે બે વરસને માટે ચડાઇ કરવાનું મુલતવી કરી આપ્યું; પણ મુદત્ત પુરી થયા પછી જ્યારે બાદશાહી ફોજમાં હીલચાલ થતી હસનના જાણવામાં આવી, ત્યારે લડાઇ ફડચો કરે તે પુર્વે તેણે ખ્વાજાની જીંદગીનો ઉપર જણાવ્યા પ્રમાણે ફેંસલો કરી નાંખ્યો.

સઘળા ઇતિહાસકારોએ માન્ય રાખ્યું છે કે, ખ્વાજાનો ખુની એક ફીદાઇ હતો અને તેણે હસન બિન સબ્બાહની આજ્ઞાથી ખ્વાજાને શહીદ કર્યો હતો તેટલા માટે મુળ ખુની હસન બિન સબ્બાહ છે.

દેલમના જે ફીદાઇએ ખ્વાજાને શહીદ કર્યો, તેણે પ્રથમ અરજદારના ધોરણે પોતાની અરજી ફેંકી. જ્યારે ખ્વાજા અરજી જોવા લાગ્યો ત્યારે લાગ જોઇ તે દેલમી ફીદાઇએ ખ્વાજાની છાતીમાં છરી ભોંકી આપી. ઘા ઘણોંજ ઉંડો લાગ્યો હતો તેથી થોડી વારમાંજ ખ્વાજાનું કામ ઉકલી ગયું. ફીદાઇએ હુમલો કરતાંજ સઘળા લશ્કરમાં કોલાહલ મચી ગયો અને જ્યારે તેનો ગણુગણાટ ખુદ બાદશાહને કાને સંભળાયો ત્યારે તે પણ રડતો તથા ગમગીન થતો આવ્યો અને ખ્વાજાના માથા પાસે આવી બેશી ગયો, ત્યારે હજુ ખ્વાજાના હોશ હવાસ દુરસ્ત હતા.

ફીદાઇ અબુ તાહેર હારસ ખ્વાજાપર હુમલો કરી તંબુઓની આડમાં છુપાઇ ગયો જેને ખ્વાજાના ગુલામોએ પકડી ( ખ્વાજાની સખ્ત મનાઇ છતાં ) કતલ કરી નાંખ્યો. નિઝામ–ઉલ–મુલ્કના કતલમાં હસનને અસાધારણ ફતેહ મળી હતી; તેટલા માટે પોતાના દુશમન સામે જીત મેળવવાને તેણે એજ ધોરણ ગૃહણ કીધું. જે કોઇ તેના કાર્યમાં વિઘ્ન નાખે તેને આમ ચુપકીદી સાથે મારી નાંખવામાં આવતો. ચુનાચે હસન તથા તેના વારસોએ પોતાના રાજ્ય હકુમતના સમયમાં ઘણા મોટા મોટા બાદશાહો, વજીરો, અમીરો તથા પ્રખ્યાત ઓલેમાઓ તથા ફકીહો કતલ કર્યા. ચુનાચે ઇતિહાસિક ઉલ્માઓનો ફતવો એ છે કે, બાતીન્યાનો સોથી પહેલ વહેલો ભોગ નિઝામ–ઉલ–મુલ્ક થયો અને ખ્વાજાના કતલ પછી આ છરીબંધ ફીદાઇઓમાં તેમ કરવું સુન્નત થઇ પડયું, કે એજ હથીઆર વતી નિરપરાધી મુસલમાનોને શહીદ કરવા.

ખ્વાજાના કતલ થયા બાદ પાંત્રીસ દીવસે બગદાદમાં સુલતાન મલકશાહ પણ મરણ પામ્યો. એક રીવાયત એ છે કે, હસન સબ્બાહે ઝેર ખવડાવીને તેને મારી નાખ્યો. મલકશાહને ઝેર ખવડાવી મરાવી નાંખ્યો પણ તે કામ કયા ફીદાઇએ કઇ કુનેહથી બજાવ્યું તે વિગત જાહેરમાં આવી નથી. જયારે સુલતાન બરકયારૂકને કુટુંબી બખેડાઓથી ફુરસદ મળી ત્યારે તેઓ સઘળી પ્રજા તથા ઉલ્માઓની હસન સબ્બાહ વિષે શીકાયત જોઇ, બાતીન્યાઓને કતલ કરવાનો હુકમ આપ્યો. ચુનાંચે જેનાપર બાતીન્યા હોવાનો વહેમ ગયો, તેવાઓને કતલ કરવામાં આવ્યા. સુલતાનના આવા હુકમથી હસન સબ્બાનો ગુસ્સો ઘણો વધી ગયો અને તેણે એક એક બાતનીને બદલે દસ દસ મુસલમાનોને કતલ

કરાવ્યા. તારીખે કામીલઅસીરમાં લખ્યું છે કે, તે સમય ઘણોજ ભયંકર અને ધાસ્તી ભર્યો હતો. જો ઠરાવેલા વખતે કોઇમાણસ પોતાને ઘેર ન આવ્યો તો સમજી લેવામાં આવતું હતું કે તે કોઇ બાતીન્યાનો ભોગ થઇ ગયો. અને ધાસ્તીની સામાન્ય હાલત એ હતી કે, અમીર ઉમરાવો ઝભાઓ નીચે બખતર પહેરતા હતા અને ખુદ સુલતાને પોતાના દરબારીઓને બખતર પહેરવાની પરવાનગી આપી હતી કે "તેઓ દરબારમાં હથીયાર બાંધીને આવ્યા કરે"

સુલતાન બરક્યારૂકની છેડછાડથી ઇસ્ફહાન, ખુરાસાન વીગેરેમાં ઘણા છરીબંધ ફીદાઇઓ ફેલાઇ ગયા અને મુસલમાનો કતલ થવા માંડયા. હી. સ. ૪૯૮ માં બાતીન્યાઓએ બહીકના ઇલાકાઓમાંથી નીકળી ખુરાસાન, માવરા-ઉન-નહર અને હીંદુસ્તાનના હાજીઓના કાફલાઓ રેય શહેરની નજીકમાં લુટયા અને પછી રેયની આસપાસ પણ લૂટ મચાવી દીધી. આ લૂટફાટ દરમિયાન બગદાદના પુષ્કળ મુસલમાનો માર્યા ગયા અને તેમની માલ મીલકત તથા ઢોરો પણ લુટાઇ ગયાં.

શાહદઝ કીલ્લાનો હાકીમ હસન બિન સબ્બાહના ઉસ્તાદ અબદુલ મલકનો પુત્ર હતો. આ કીલ્લાને સુલતાન મહંમદે ઘેરી લઇ તુરત તેને ફતેહ કરી લીધો. જ્યારે હાકેમ કે જેનું નામ એહમદ હતું તે પકડાઇને સુલતાનની સામે લાવવામાં આવ્યો ત્યારે સુલતાને કહ્યું કે "તમોએ તો પેશીનગોઇ (ભવિષ્યવાણી) કીધી હતી કે ઇસ્ફહાનમાં મારી વડાઇ તથા જાહોજલાલી ઘણે ઉંચે દરજ્જે પહોંચશે અને સામાન્ય લોકો મારી પાસે આવી મળશે; પણ તે પેશીનગોઇ જુઠી ઠરી." એહમદે જવાબ આપ્યો કે "નહિ, તેમ નથી, તે પેશીનગોઇ ખરી ઠરી છે.

રાજકીય સત્તા પ્રમાણેની નહિ પણ તે ધાર્મિક ધોરણે " સુલતાન આવો જવાબ સાંભળી ચુપ થઇ રહ્યો અને પછી તેને બળદ ઉપર સવાર કરી ઇસ્ફહાનના મોહલ્લાઓમાં ફેરવ્યો. પછી તેની જીવતાં ચામડી ઉતરડાવી નાખી.

સુલતાનનો વજીર સાદ-ઉલ-મુલ્ક પણ એહમદ (બાતીન્યા કીલ્લે શાહદઝનો હાકેમ) નો સહાયક તથા મદદગાર હતો અને તે સુલતાનને અંદરખાનેથી કતલ કરવા માગતો હતો તેટલામાટે તે કસુર બદલ તેને ફાંસીએ દેવામાં આવ્યો. મતલબકે હસન બિન સબ્બાહ તથા તેના સહાયકોએ શત્રુઓને ઠાર કરવાને શત્રુઓના ખાસ વિશ્વાસુ માણસોને પણ ફોડી નાખ્યા હતા અને જયારે વજીર જેવો માણસ પોતાના સુલતાનનું કાટલું કઢાવી નાંખવાને કાવત્રાં રચતો હશે અથવા તો તેમાં શામેલ હશે ત્યારે તેને અંગે છુપીરીતે કેવી ધડાબંધીઓ થઇ રહી હશે તેનો અંદાજ જરૂર ખેંચી શકાય છે. છુપા પત્ર પવહેવારો, લાંચ રૂશવતો, વિશ્વાસુ માણસો તેવા કે મેહલમા ચાલુ કામ કરનારાઓ, રસોયા વીગેરે વીગેરેને ખુટવવા વીગેરેમાં અનેક ગોલમાલ ચાલી હશે અને આવી ગોલ એટલા વિશેષ પ્રમાણમાં ચાલતી હશે કે તેથી તેની બાતમીઓ સુલતાન સુધી જઇ પહોંચતી હશે.

વજીર સાદુલ-મુલ્કને ફાંસીએ ચડાવી સુલતાને અબુનસર એહમદ બિન ખ્વાજા નિઝામ-ઉલ મુલ્કના હાથમાં વજીરાતનું કલમદાન સુપ્રત કર્યું. આ વજીરે એકવાર અલમોત ઉપર લશ્કર મોકલ્યું, જે ઠંડીના કારણે પરત આવ્યું. બીજી વખતે વજીર ખુદ પોતે લશ્કર લઇને ચડયો. તેના લશ્કરનું સૈનાધિપતિપણું અમીર નવીસ્તગીન શેરગીરને અપાયું. એક વર્ષ સુધી કીલ્લાપર ઘેરો રહ્યો. કીલ્લામાં

ખાધ ખોરાકી ઘટી પડતાં, હસન સબ્બાહે બાળકો તથા સ્ત્રીઓને સુલતાન પાસે મોકલ્યાં અને અમાનની માગણી કીધી; પણ તે માગણી નામંજુર થઇ, પણ કજાકાર હારજીત થતાં પૂર્વે સુલતાન મહંમદનું ડુંકું પતી ગયું. આ વખતની હાર થવામાં હસન સબ્બાહનો એ કાવત્રાંની અંદર હાથ હતો. સલજુકી વંશના ઇતિહાસમાં લખ્યું છે કે અમીર દરકઝીની, જે હસન સબ્બાહથી મળેલો હતો, તેણે છુપી રીતે અમીર શેરગીરના લશ્કરને ગભરાવી નાંખ્યું અને ફોજ અમીરને એકલો મુકી ચાલી આવી. જો સીપાઇઓ દગો ન કરતે તો, અલમોતનો કીલ્લો ત્રણ દહાડામાં ફતેહ થઇ જતે. ફોજ ચાલી ગયાથી કીલ્લાવાળાઓએ અમીરપર હુમલો કીધો અને વધુમાં વધુ બે લાખ દીનારનો માલ મેળવી કીલ્લામાં ફરી ગયા.

સુલ્તાન મહંમદના મરણથી સુલતાન સંજર ખરો સુલતાન થયો અને સુલતાન મલકશાહ પછી તે સુલતાન પોતાના સઘળા ભાઇઓ કરતાં ઘણોજ બળવાન તથા પરાક્રમી હતો. રાજ્ય વધારવા તથા લડાયક બળમાં પણ તે સઘળાથી આગળ વધેલો હતો. મતલબ કે સુલ્તાન સંજર એક લડાયક લશકર લઇ અલમોત ઉપર ચડી ગયો. હસન સબ્બાહ શાહી લશકર સામે તો શું મુકાબલો કરી શકે તેમ હતો ! તેના સીપાઇઓ તો ચોર અને લૂટારાની જેમ છરીઓ મારવાનું જાણુતા હતા. તેટલા માટે હસને એ ચાલાકી વાપરી કે, સુલ્તાનના કોઇ ખાસ ગુલામ કે લોંડીને મેળવી લઇ, સુલતાનના પલંગના ઓશીકા નીચે ખંજર ભોંકાવી રાખ્યું. સુલતાને જ્યારે સવારમાં ખંજર ભોંયમાં ભોંકાયેલું જોયું ત્યારે તે ડરી ગયો. ખંજરના હાથાપર હસન સબ્બાહનો એક પત્ર બાંધેલો હતો, જેમાં લખ્યું હતું કે " હા ! અય સુલતાન ! જો તારા પ્રત્યે અમો ભલી

લાગણી ન ધરાવતા હતે તો, સખ્ત જમીનમાં ખંજર ભોંકાવાને બદલે, તે તારી નરમ છાતીમાં ભોંકાવું રહેલ હતું." એમાં તો શક નથી કે, હસન સબ્બાહે સંજરશાહના ઉપર મોટી મેહરબાની કીધી અને તેને માત્ર ધમકાવીને છોડી દીધો. નહિતર હસન સબ્બાહના કહેવા પ્રમાણે સખ્ત જમીનમાં ખંજર ભોંકાવા કરતાં બાદશાહના નરમ સીનામાં ભોંકાવું બહુજ આસાન હતું.

આ બનાવને વળતેજ દહાડે હસનનો કાસદ પત્ર લઇ સુલતાન પાસે પહોંચ્યો અને સુલેહની માગણી કીધી. સુલતાન સંજર તો પ્રથમથીજ ધાસ્તી ખાઇ ગયો હતો, તેથી પ્રાંણ બચાવવા માટે જંગ કરતાં સુલેહ કરવી વધુ મુનાસબ જોઇ અને સુલેહ કરી લીધી. આ સુલેહની સરતોમાંની બીજી સરત એ હતી કે નવાં હથીઆરો અને લડાયક મશીનો હસન સબ્બાહ ન ખરીદે. આ સરત હસન માટે તદ્દન નકામીજ હતી; કેમકે અહીં કમરમાં તલ્વાર તથા સંગીનને બદલે માત્ર એક છરી બસ હતી.

હસન સબ્બાહના ફીદાઇઓનું બળ શામના મુલકમાં વધી જવા પામ્યું હતું, પરંતુ તે સાથે ખ્રીસ્તી લડવૈયા પણ મુસલમાનો સાથે ધાડી દુશમની રાખતા હતા. ધોળે દહાડે જેરૂસલમમાં મુસલમાનોને કતલ કરવામાં આવતા હતા. હલબના રાજા રઝવાને એક તરફથી ઇસમાઇલી ધર્મ સ્વીકાર્યો અને બીજી તરફ ખ્રીસ્તીઓ સાથે પ્રીતિ વધારી મુસલમાનોને કતલ કરવા માંડયા. પરંતુ રઝવાનના મૃત્યુ પછી તેમ થતું અટક્યું. મુસલમાનો બળવો કરી ઉભા થયા અને તેમને જેટલા ઇસમાઇલી મળ્યા તેટલાને તિક્ષણ તરવારથી ઠાર કર્યા. કહેવામાં આવે છે કે તેમને ઘણીજ ક્રુરતાથી કતલ કર્યા, પરંતુ ફીદા-

ઇઓ પણ પોતાની ફરજથી અળગા નહિ હતા. તેમના ત્રણ બહાદુર શીદાઇઓએ બગદાદના ખલીફના ભરેલા દરબારમાં સર્વ લોકોની નજર સામે ખુરાસાનના રાજાપર તેને દુમાસકસનો રાજા સમજી હુમલો કર્યો. એવી રીતે ઘણા ગવરનરો ઘાતકી ફીદાઇઓની છરીથી માર્યા ગયા. તેમનો રોઆબ ગવરનરો અને સુલતાનોપર એટલો બધો પડયો કે, તેઓએ પોતાના પહાડી મજબુત કીલ્લાઓ પોતાની મેળે તોડી પાડયા અને તે એટલા માટે કે, જો હસન આ કીલ્લાઓ માગશે તો આપ્યા વિના ચાલશે નહિ.

હસન સબ્બાહના ગુજરી જવા પછી તેના જે વારસો અલમોતના હાકેમો થયા, તેમના સમયમાં પણ છરીબંધ ફીદાઇઓનાં ખુની કારસ્તાનો જોશભેર ચાલુ રહ્યાં. શરર લખે છે કે હસન સબ્બાહ પછી તેના પુત્ર કીયાબુઝુર્ગે પણ પોતાના પીતાની પેઠે ફીદાઇઓના બળથી રાજ્ય ચલાવ્યું. તે પોતાની બહાદુર ફોજને વધુને વધુ સતેજ કરવા પ્રયત્નો કરવા લાગ્યો. તેના તથા સુલતાન માહમુદ સલજુકી વચ્ચે ફિસાદ ઉઠયો. સુલેહ થાય તે માટે બંને તરફના એલચીઓ ઇસફહાનમાં એકઠા થયા. કીયાબુઝર્ગ ઉમીદ તરફનો એલચી નાસર શીરસ્તાની હતો. જ્યારે તે સુલેહની વાટાઘાટ કરી દરબારમાંથી બહાર આવ્યો, એટલે બજારમાં તેને સામાન્ય લોકોએ મારી નાંખ્યો. કીયાબુઝર્ગ તરફથી સુલતાન પાસેથી તેનો જવાબ માગવામાં આવ્યો. સુલતાને જવાબ આપ્યો કે, ફલાણાનું મરણ મારી મરજી વિરૂદ્ધ થયું છે. તેના જવાબમાં કીયાબુઝુર્ગે સુલતાનને જણાવ્યું કે, એમજ હોય તો તેના મારનારાઓને સજા કર અને જો તેમ નહિ કરે તો તું સજાની ઉમેદ રાખ. સુલતાને એ વાતપર કાંઇ ધ્યાન આપ્યું

નહિ. આ ઉપરથી ઇસમાઇલીઓએ કઝવીન શહેરપર ચડાઇ કરી અને ચારસો માણસોને કતલ કર્યા; તેમાં ત્યાંનો એક અમીર પણ માર્યો ગયો. આ લડાઇમાં ઇસમાઇલીઓ ત્રણ હજાર બકરાં, બસો ઘોડા તથા ખચ્ચર, બસો બળદ અને ઉંટ લઇ આવ્યા.

તેના સમયમાં અબુ હાશમ નામના એક ફાતમાઇટ પુરૂષે ગીલાન શહેરમાં ઇમામતનો દાવો કર્યો હતો. તેને કીયાબુઝર્ગ ઉમેદે પ્રથમ પત્ર લખ્યો કે, " ઇમામતના દાવાને તજી આપો. " તેના જવાબમાં અબુ હાશમે ગાળો લખી મોકલી, જેને વાંચતાંજ કીયાબુઝર્ગ ગઝબનાક થયો અને અબુ હાશમને પકડાવી મંગાવી જીવતો અગ્નિમાં બાળી મુક્યો.

શામમાં આ સમયમાં ઇસ્માઇલી બાતીન્યા લોકોનું બળ નબળું પડી ગયું હતું. મુસલમાન અમીરો તેનો નાશ કરતા હતા. ખ્રીસ્તી લોકો સાથે પણ બહુજ નાજુક મામલો બની ગયો હતો, પરંતુ ફીદાઇઓના જુસ્સામાં જરા પણ કમી થવા પામી ન હતી. આઠ ફીદાઇઓએ મુસલના ગવરનરપર એકી વખતે સામટો હુમલો કર્યો અને તેનો પ્રાણ લીધા વિના રહ્યા નહિ. આ આઠ ફીદાઇઓ પૈકી સાત પકડાઇ માર્યા ગયા; પરંતુ એક નાસી છટકી જવા પામ્યો. છટકી જનારની માને પ્રથમ ખબર મળ્યા હતા કે મારો પુત્ર પણ માર્યો ગયો છે તેથી ઘણીજ ખુશી થઇ, નવાં કપડાં પહેર્યાં. તેલ ફુલેલ લગાડયું અને ઇદના જેવો મહોત્સવ પાળ્યો; પરંતુ થોડા કલાકમાં તેણીને માલુમ પડયું કે, તે તો જીવતો છે તેથી તે ઘણી દીલગીર થઇ, પોતાના હોળેલા વાળો પીખી નાંખ્યાં, કપડાં ફાડી નાંખ્યાં અને રડીને કહેવા લાગી કે, મારો પુત્ર શહાદતના ઉત્તમ ધાર્મિક માનથી દુર રહેવા પામ્યો. હસનની કોશીશોનો આ અસર હતો કે પુરૂષ તો પુરૂષ, પણ સ્ત્રીઓ સુદ્ધાંતમાં તેના વચનો અસર કરી ગયાં હતાં.

મીસરનો આઠમો ફાતમી ખલીફ મુસ્તેઅલી સાત વર્ષે હકુમત ભોગવી એક નીઝારી ફીદાઇની છરીના જખમથી માર્યો ગયો. મુસ્તેઅલી પછી તેનો પુત્ર આમ્મર મીસરની ગાદીએ આવ્યો. આ વખતમાં નિઝારી મતનું ટોળું લસ્કરના અમીરોના જીવ લેવાને ચંપી રહ્યું હતું. ખુદ આમ્મરને એક ગુપ્ત નિઝારી ફીદાઇએ નિઝારના વેરમાં કતલ કરી નાંખ્યો. આ મુસ્તેઅલવીયા ઇમામોને મારી નાંખવાનું એજ કારણ હતું કે, હસન સબ્બાહ તેને ઇમામ નહિ માનતો હતો. થોડાજ વર્ષ પછી અબ્બાસી ખલીફ મુશતરશુદ બીલ્લા ફીદાઇઓના હાથે બજાર વચ્ચે માર્યો. ગયો તેને કતલ કરવામાં ઘણીજ બેરહેમીથી કામ લેવામાં આવ્યું હતું પ્રથમ તેનું નાક કાપી લેવામાં આવ્યું, તેની લાશ સડકપર ઉઘાડે શરીરે રાખી દેવામાં આવી. આ ખલીફ ઉપરાંત કીયા બુઝર્ગના સમયમાં તેના ફીદાઇઓના હાથથી કાઝી મશરેક મગરેબ, સૈયદ હરબી, ઇસ્રહાનનો અમીર સૈયદ દોલતશાહ, મોરાગાનો ગવરનર મુસ્તનસર, કઝવીનનો ગવરનર અબુલ કાસમ, હસન મુફતી ઇત્યાદિ ઇત્યાદિ પ્રખ્યાત પુરૂષો માર્યા ગયા હતા.

કીયાબુઝર્ગ ઉમેદના મરણ પછી તેનો પુત્ર મહંમદ ગાદીએ બેઠો. તેના રાજ્ય કારભારની શરૂઆતમાં બગદાદનો ખલીફ "રાશીદ બીલ્લા" ફીદાઇઓના હાથે માર્યો ગયો. તેણે પોતાના પીતાના ખુનનો બદલો લેવાને સામગ્રીઓ કરી હતી તે ફોજ લઈ પોતાનો હેતુ પાર પાડવાને માટે રવાના થઇ ચુકયો હતો. રસ્તામાંજ ચાર ફીદાઇઓએ તેને પોતાના બાદશાહી તંબુમાં ઉંઘેલો મારી નાંખ્યો. રાશીદ બીલ્લાના માર્યા ગયાની ખબર જયારે અલમોતમાં પહોંચી ત્યારે ત્યાં ઘણોજ આનંદ પ્રગટ કરવામાં આવ્યો. અલમોતના કીલ્લાની આસપાસના સઘળા પહાડોપર સાત દીવસ સુધી રાત્રીને દીવસ નોબતો વગાડવામાં આવી અને આનંદને અનહદ ઉજવવામાં આવ્યો.

આ સંગદીલ ફીદાઇઓના હાથથી કેટલાક લોકો માર્યાં ગયા તેની ગણત્રી કરવી એ મુશ્કેલ કામ છે. પરંતુ એટલુંતો કહી શકાય છે કે મનુષ્યના દરેક તબકામાં અને ધર્મમાં કોઇ એવું ન હતુ કે જે આ ઘાતકી ફીદાઇઓની છરીથી બચી જવા પામ્યું હોય! ફીદાઇઓએ પોતાના ખંજરો વાપરવામાં જરા પણ કંજુસાઇ વાપરી ન હતી. અલમોતનો બાદશાહ "શેખુલ જેબાલ" ના નામથી પ્રખ્યાત હતો. તેના ડીટેક્ટીવો અને ફીદાઇઓ દરેક શહેર, દરેક કસ્બા અને દરેક કુટુંબમાં મોજુદ હતા. જે માણસનું નામ આ ભયંકર શેખની ખુની ડાયરીમાં લખાઇ ગયું તેને પોતાના પ્રાણનો બચાવ કરવો એ ગુંબજપર અખરોટ નાંખ્યા બરાબર હતો. તેનો કોઇપણ ઠેકાણે બચાવ થઇ શકતો ન હતો. પવિત્ર મસજીદો, કીલ્લાના મજબુત ગઢો, ઘરના તાળાં વાસેલા દરવાજાઓ વીગેરે તેના માટે નકામાં હતા. કોઇ માણસ, જેવી રીતે જંગલમાં એકલો હોવાને લીધે ડરતો હતો, તેવીજ રીતે મોટા મોટા લશ્કરોના પહેરામાં પણ આ ફીદાઇઓથી ડરતો હતો. આ ફીદાઇઓ માત્ર એટલુંજ ઇચ્છતા કે મરીએ કે મારીએ! પરંતુ જેને કતલ કરવાનો હુકમ થયો છે તેને ઠાર કર્યા વિના છોડીએ નહી.

દુશ્મનોથી બદલો લેવાને માટેજ આવાં ખુનો કરવામાં આવતાં નહી હતાં; બલ્કે ઘણી વખતે દોલત મેળવવા માટે કે મિત્રોને રાજી કરવાને માટે પણ કરવામાં આવતાં હતાં. જે ફીદાઇ પોતાને સુપ્રત થયેલા કાર્ય કરવાના અંગે માર્યો જતો તેને શહીદ માનવામાં આવતો હતો. તેમના બાલ બચ્ચાંઓને પુષ્કળ બેટો આપવામાં આવતી હતી. તેઓ એટલે ફીદાઇઓ મુક્તિની, પોતાના મિત્રોને દુનીયવી લાભો અપાવવાની તથા પોતાને સ્વર્ગનાં હુરો ગીલ્માન મળવાની લાલચ માટે ઘેરથી સોગંદ ખાઇને નીકળતા અને જેનો પ્રાણ લેવાનો છે તે જ્યાં

હોય ત્યાં જઇ પહોંચતા હતા. આ કામમાં તેઓ મોતની જરા પણ પરવા કરતા નહિ; બલ્કે તેઓ મોતનેજ સત્ય હેતુ સમજતા હતા. વેશ બદલી બદલીને તેઓએ એશીઆના ઘણા દેશોની મુસાફરી કીધી. કેટલીક વખતે યુરોપમાં પણ જઇ પહોંચ્યા. આ ભયંકર ઘાતકી ફીદાઇઓએ લોકોનાં અંતઃકરણો ઉપર એટલી તો છાપ પાડી આપી હતી કે, તેનું વર્ણન લખવું એ મનુષ્યની શક્તિ બહાર છે. જે આબીદ ( ભક્ત ) મસજીદમાં ઘુંટણ પડી બંદગી કરતો હોય અને જે મહેમાન સાથે બેસી જમતો હોય તેને માટે પણ શંકાઓ થતી કે રખેને આ શેખુલ જેબાલનો ફીદાઇ હોય.

મહંમદ બિન હસનના સમયમાં ઇમામ ફખરૂદીન રાઝી ઉપર ફીદાઇઓએ જે હુમલો કર્યો, તે ફીદાઇઓના ઇતિહાસમાં ખાસ નોંધી રાખવા યોગ્ય છે. તેના સમયમાં તે ( ઇમામ ફખરૂદીન રાઝી ) રે શહેરમાં વાએઝ કરતો હતો. તેના વિષે લોકોમાં એવી અફવા ઉડી કે, તે ઇસમાઇલી લોકોના મતનો અને તેનો તરફદાર છે. આ અચાનક આવી પડેલું તોહમત દુર કરવા એક દીવસ ફખરૂદીન મસજીદના મીમ્બરપર ચડયો અને ખુત્બો ભણી જણાવ્યું કે " આ સેવક ઇસમાઇલીઆ મતનો, તેમ તેનો તરફદાર નથી." સાથેજ તેણે આનંદના આવેશમાં આવી જઇ ઇસમાઇલીઓ વિષે કેટલાંક માઠાં વચનો કહી નાંખ્યાં. આ વાતની ખબર જ્યારે અલમૌતના બાદશાહ મહમદને પહોંચી, ત્યારે તેણે એક ફીદાઇને શીખવીને રવાના કર્યો. આ ફીદાઇ ફખરૂદીનના મદ્રેસામાં વિદ્યા સંપાદન કરતો રહ્યો. સાત માસ પછી એક દીવસ ફખરૂદીન પોતાના ઓરડામાં એકલો હતો, ચાકરો બહાર જતા રહ્યા હતા, શાગીર્દોમાંથી પણ કોઇ હાજર નહિ હતું.

આવો પ્રસંગ જોઇ તે ફીદાઇએ ફખરૂદ્દીનને જમીનપર પટકી દીધો અને છાતીપર ચડી બેસી, ખંજર તેના ગળાની ચામડીપર રાખી દીધું. ફખરૂદ્દીન ઘણા કાલાવાલા કરી બોલ્યો " મને મારી નાંખવાથી તમારો હેતુ શું છે ? " ફીદાઇએ જવાબ આપ્યો કે " હેતુ એ કે તમારી છાતી ફાડી નાંખી ઠાર કરૂં. " ફખરૂદ્દીને કહ્યુ " પણ તે શા માટે ? " ફીદાઇ બોલ્યો " એટલા માટે કે તેમ કર્યા સિવાય તમો ઇસમાઇલીઓ વિરૂદ્ધ બોલતા અટકશો નહિ. " ફખરૂદ્દીને ઘણાજ કાલાવાલા તથા દયાની માગણી કરતાં કહ્યું " હવે પછી તમારા વિરૂદ્ધ એક શબ્દ પણ નહિ બોલું. " ફીદાઇએ બીજી વખત કબુલાત લીધી અને છાતીપરથી નીચે ઉતરી બોલ્યો " તમો એમ ન જાણશો કે, મેં દયા લાવી તમોને છોડી દીધા છે ! મને હુકમજ તેટલું કરવાનો હતો, જો મને કતલ કરવાનો હુકમ મળ્યો હતે તો તમોને વગર પુછે કતલ કરી નાંખતે " એટલું કહી ફરી બોલ્યો "અમારા બાદશાહ મહંમદ બિન હસને આપને સલામ કહ્યા છે અને તેમની ઇચ્છા છે કે, તમો કીલ્લામાં આવી મુલાકાત લો. ત્યાં ઘણું બળ આપના હાથમાં આવશે; અમો ઘણીજ વફાદારીથી આપની તાબેદારી કરીશું" એટલું કહી ફરી બોલ્યો. " અમારો બાદશાહ કહે છે કે " સામાન્ય વર્ગના કહેવાની અમોને બીલકુલ પરવા નથી, એટલા માટે કે તેમના બોલો થોડા દીવસમાં નાબુદ થાય છે; પરંતુ આપના જેવા પ્રખ્યાત આલીમ અને ફાઝીલના બોલો બેશક બીહવડાવનાર છે, તે એટલા માટે કે તે પથ્થરપર કોતર્યા જેવા થઇ જાય છે અને નાબુદ કરવાની કોશીશ કરતાં પણ નાબુદ થતા નથી. " ફખરૂદ્દીને કહ્યું " હું અલમોતમાં આવવાની હીમ્મત કરી શકીશ નહિ; પરંતુ તમારા બાદશાહનો હમેશાં એહસાનમંદ રહીશ અને કદીપણ તેમની વિરૂદ્ધમાં એક શબ્દ પણ બોલીશ નહિ. "

ત્યાર બાદ ફીદાઇએ બે કપડાંનાં થાનો અને અશરફીઓ ફખરૂદ્દીન આગળ ભેટ ધરી કહ્યું " આ પગાર આપને દર વર્ષે બરાબર મળતો રહેશે " એટલું કહી ફીદાઇ ઓરડા બહાર જતો રહ્યો. ફખરૂદ્દીને પોતાના મૃત્યુ સુધી આ વચનોને નિભાવ્યાં. ઇસમાઇલી લોકોના સબંધમાં ઉપલા બનાવથી તેમની પ્રકૃતિમાં જે ફેરફાર થયો હતો તેને લીધે લોકોમાં તેઓ ઇસમાઇલીઓના તરફદાર છે એવો વહેમ થવા લાગ્યો. એક દીવસે એક શાગીર્દે (શિષ્યે) તેનું કારણ પુછતાં જવાબ આપ્યો કે, " હું એ લોકોને ખરાબ કહેવાને પસંદ કરતો નથી કે, જેની પાસે તિક્ષણ ખંજરો પુરાવા તરીકે છે અને તેમના ઇરાદાઓ ઘણા મજબુત છે. "

આ સમયમાં બાતીન્યા લોકોનું બળ ઇરાનમાં વધી ગયું હતું; પરંતુ શામમાં સુલતાન સલાહુદ્દીનની ફતેહે તેમના બળને ઘણુંજ નુકસાન પહોંચાડયું હતું. સલાહુદ્દીન એજ માણસ છે કે જેણે ઇસમાઇલીઓના મથક અને બની ફાતમાની મીસરની ખીલાફતનો નાશ કર્યો. તેણે પોતાની જીંદગીનો લગભગ સઘળો વખત યુરોપિયન લોકો સાથે લડવામાં ગાળ્યો હતો પરંતુ તેને ઇસમાઇલીઓ પોતાનો કટ્ટા શત્રુ સમજતા હતા. પરિણામ એ આવ્યું કે જુદા જુદા ફીદાઇઓ ખંજર લઇને તેનો પ્રાણ લેવા રવાના થઇ ગયા. હલબ શહેરની બહાર કે જ્યાં તે પોતાના કેમ્પમાં ઉતર્યો હતો, ત્યાં ચાર ફીદાઇઓ એક પછી એક હુમલો કરી દોડયા; પરંતુ ફતેહમંદ થયા નહિ. કેટલાક તો તેની બીલકુલ પાસેજ પહોંચી ગયા હતા; ખુદ સલાહુદ્દીન આવી રીતે ફીદાઇઓથી બચી જવા પામ્યો; પરંતુ તેઓના અવાર નવાર હુમલાઓથી તે ડરી જઇ તેમની સરહદ છોડી જતો રહ્યો અને ઇસમા-

ઇલી લોકોના શામના મસીયાત કીલ્લાનો ઘેરો છોડી દીધો. ઇસમાઇલીઓ આથી ઘણા ખુશી થયા અને ત્યારબાદ તેઓએ સલાહુદ્દીન તરફ કદી પણ હુમલો કર્યો નહિ.

સુલતાન સલાહુદ્દીનના ગયા પછી રશીદુદ્દીન અબલ હસન શામના ઇસમાઇલીઓનો બાદશાહ થયો સીનાને પોતાનો એક એલચી જેરૂસલમના યુરોપિયન બાદશાહ એમોરી પાસે મોકલ્યો. ત્યાં ઘણીજ વિચિત્ર રાજદ્વારી ખટપટો ચાલતી હતી તેથી ધર્માન્ધ યુરોપિયનોના હાથથી તે એલચી માર્યો ગયો. સીનાને પોતાના એલચીનો ખુની માગ્યો; પરંતુ યુરોપિયનોએ તે આપવા ના કહી. પરિણામ એ આવ્યું કે યુરોપિયનો અને ઇસમાઇલીઓ વચ્ચે વિરૂદ્ધતા ચાલવા લાગી. પ્રથમ ઇસમાઇલીઓ મુસલમાન લોકોને કતલ કરવા સારૂ ખ્રીસ્તીઓને મદદ આપતા હતા; પરંતુ હવે તો ખ્રીસ્તીઓના તેઓ શત્રુ બની ગયા. ફીદાઇઓનાં ખંજરો યુરોપિયન સરદારોપર તેજ થવા લાગ્યાં. જેવી રીતે પ્રથમ મુસલમાન સરદારો ફીદાઇઓના ખંજરથી કતલ થતા હતા તેવીજ રીતે હવે ખ્રીસ્તી સરદારો કતલ થવા લાગ્યા.

જે લોકોએ ક્રુઝેડની લડાઇનું વર્ણન વાંચ્યું છે તેમની જાણમાં હશે કે, આ લડાઇઓમાંની ત્રીજી લડાઇમાં ઇંગ્લાંડનો શુરવીર રાજા રીચર્ડ અને ફ્રાન્સનો રાજા ફીલીપ જેરૂસલમમાં આવ્યા હતા ત્યારે સ્ત્રીઓના સમાગમ, વ્યભિચારી વૃત્તીઓ અને અદેખાઇએ એક બીજાને અન્યો અન્ય દુશમન બનાવી દીધા હતા. ફીલીપ થોડા દીવસ રોકાઇ ફ્રાન્સ જતો રહ્યો અને પોતાની જગોએ તાએરના મારક્વીસ સરદાર કનરાડને રાખી ગયો હતો. કનરાડ દરેક કામમાં રીચર્ડની નુકતેચીની કરતો હતો તથા ફીલીપ બાદશાહની ઇચ્છા મુજબ રીચર્ડને ગુનેહગાર

ઠરાવનો હતો. તેની આવી વર્તણુકને હજુ થોડા દીવસ થવા પામ્યા હતા કે, એક દીવસ તાએરના બજારમાં એક ફીદાઇએ તેને ખંજર ભોંકી ઠાર કર્યો. સઘળા પ્રખ્યાત ઇતિહાસકારોનું કહેવું છે કે, આ ખુન ઇંગ્લાંડના રાજા રીચર્ડે ખાનગી ખટપટ કરી કરાવ્યું હતું; જો કે અંગ્રેજી તવારીખ નવીશો પોતાના રાજાનું કલંક દુર કરવા ઘણી કોશીશ કરે છે; પરંતુ આ બાબતની શામના મુસલમાનો અને આરબ ઇતિહાસકારોને બરાબર ખબર હતી. તેઓએ લખ્યું છે કે ઇસમાઇલીઓના સરદાર સીનાન સાથે સંબંધ જોડી રીચર્ડે કનરાડને કતલ કરાવ્યો છે. આ કાવત્રાંનો એ કરતાં વધુ પુરાવો શો જોઇએ કે, ઇસમાઇલીઓ પોતે પણ આ વાતને માન્ય રાખી કહેતા હતા કે, રીચર્ડે પોતે અમોને આ કામ માટે નીમ્યા હતા. ત્યારબાદ થોડી મુદતમાં ખ્રીસ્તીઓ અને ફીદાઇઓ વચ્ચે ઘણીજ શત્રુતાનો જુસ્સો ઉતપંન થઇ જવા પામ્યો. યુરોપનો એક પ્રખ્યાત રાજકર્તા ફ્રેડરીક બારબરૂસા જ્યારે ગીલાન શેહરનો ઘેરો ઘાલી બેઠો હતો, તે યુરોપના મધ્ય ભાગમાં એક ફીદાઇથી માર્યો ગયો અને છેવટ સુધી પત્તો ન લાગ્યો કે, આ ફીદાઇ શામથી આવ્યો હતો કે સ્પેનથી, અથવા તો શામવાળાની લાંચ લઇ તેણે તે કામ કર્યું હતું કે બગદાદવાળાની ?

કનરાડના માર્યા ગયા બાદ, બે વરસે કાઉન્ટ શામ્પેન જેરૂસલમની મુસાફરીએ ગયો ત્યારે તે મસીયાત કીલ્લામાં પહોંચી સીનાનનો મેહમાન થયો. અહીં તેને કીલ્લાના બુરજો દેખાડવામાં આવ્યા. એક સૌથી મોટા બુરજના દરેક પગથીઆંપર બબે ફીદાઇઓ ઉભા હતા તેમને દેખાડી સીનાને કહ્યું કે " એમાં તો શક નથી કે અમારા જેવા વફાદાર સીપાઇઓ તમોને મળ્યા હશે નહિ " એટલું કહી એક પગથીઆં તરફ ઇશારો કર્યો. ઇશારો થતાંજ બે ફીદાઇઓ જે ત્યાં

ઉભા હતા, જમીનપર પડી ગયા અને તેમનાં શરીરો ચુરેચુરા થઇ ગયાં. આ તમાશો દેખાડી સીનાન બોલ્યો કે, " આ બે સિપાઇઓજ કાંઈ એવા નથી, સઘળાઓ કે જેઓ ઉજળાં કપડાં પહેરી ઉભા છે તેને જો ઇશારો કરૂં તો તેઓ પણ પડી જઇ મરણ પામે." ખ્રીસ્તી બાદશાહે કહ્યું કે " મને તો શું પણ કોઇપણ બાદશાહને આવી રઇયત મળી હશે નહિ." કાઉન્ટ શામ્પેન જ્યારે ત્યાંથી રવાના થતી વખતે સીનાનની રજા લેવાને ગયો, ત્યારે સીનાને પોતાના મહેમાનને કહ્યું કે " જો આપનો કોઇ દુશમન હોયતો બતાવો કે જેને મારા ફીદાઇઓ ઘણીજ ઉતાવળથી કતલ કરી નાંખશે."

મહંમદના વખતમાં નીઝારીઓએ ઘણાં ખુન કર્યાં, રસ્તા લુટયા અને લોકો ઉપર ભારે વિપત્તી ગુજારી હતી. અલાઉદ્દીનના સમયમાં ફીદાઇઓનો જુસ્સો પ્રથમ જેવોજ સતેજ હતો. તેના સમયમાં સુલતાન ખારઝમે કોઈ વાતથી ખુશી થઇ જઇ નેશાપુર તથા તેની આસપાસનો દેશ અમીર આરખાનને આપી દીધો હતો. આરખાન કોઇ જરૂરના કામને લઇ મુસાફરીએ ગયો હતો. તેની ગેરહાજરીમાં કામ કરનારે બાતીન્યા લોકોપર હુમલો કરી, તેમના કેટલાક કિલ્લાઓ લુંટી લીધા. આ ખબર અલમોતમાં પહોંચતાંજ તે બાબતનો જવાબ માગવામાં આવ્યો. એલચીઓને ઘટતો જવાબ આપવાને બદલે તેમની આગળ ગુસ્સાથી કેટલાંક ખંજરોનો ઢગલો કરી દેવામાં આવ્યો. આ બનાવથી અલમોતનો દરબાર ગુસ્સે થયો અને કેટલાક ફીદાઇઓને રવાના કર્યા. આ સાહસીક ફીદાઇઓએ પહેલાજ હુમલામાં આરખાનને ઠાર કર્યો. ફીદાઇઓ આરખાનને મારી નાશી જવાને બદલે લોહી લોહાણ ખંજરો હાથમાં લઇ શહેરના બજારમાં ઘુસ્યા. તેઓ પોતાના બાદશાહ અલાઉદ્દીનની અઝમત અને સત્તાને પોકારી પોકારીને કહેવા

લાગ્યા. ઉપરાંત તેઓએ જણાવ્યું કે, હજુ તો અમારે સુલતાન ખારઝમના વજીરથી બદલો લેવાનો છે, એટલું કહેતાંજ તેઓ વજીરના મહેલમાં ઘુસી ગયા અને તેને શોધવા લાગ્યા; પરંતુ તેટલી વારમાં તો શહેરના લોકોએ હલ્લો કરી, તેમને પથ્થરોથી મારી નાંખ્યા. આ સમયમાં અલમોતથી બદરૂદ્દીન એહમદ નામનો એક એલચી વજીરને મળવા આવતો હતો, રસ્તામાંજ તેને ફીદાઇઓના માર્યા ગયાના સમાચાર મળ્યા; તેથી તે ત્યાંજ રોકાઇ ગયો અને એક પત્ર લખી વજીરને પુછ્યું કે "હવે તમારી શી મરજી છે ! હું રૂબરૂ આવું કે પરત જતો રહું ?" વજીર આરખાનના માર્યા ગયાની અને પોતાની ફીકરમાં ફીદાઇઓને ઘુમતા જોઇ તેનાપર રોઆબ ગાલેબ થઇ ગયો. તુરતજ તે એલચીને તેના રક્ષણ સાથે બોલાવ્યો. એલચીનો બહુજ સત્કાર કર્યો અને જે જે સરતો રજુ કરે તેપર સુલેહ કરવા ઇચ્છા જણાવી. છેવટે એ સરતોપર સુલેહ થઇ કે "લડાઇ બંધ કરવી અને દામગાનનો કીલ્લો ઇસમાઇલી લોકોને વેચાતો આપી દેવો."

આ સુલેહનામાપર સહીઓ થઈ ગયા બાદ પણ એલચી થોડા દિવસ વજીરનો મહેમાન રહ્યો. એક દિવસ વજીર સાથે બેશી જમતો હતો. વાત વાતમાં એલચી બોલી ઉઠ્યો કે "અમારા ચાકરો અને મિત્રોથી ભાગ્યેજ કોઇ જગો ખાલી હશે. આપના ખુદ દરબારીઓ અને બોડીગાર્ડોમાં અમારા કેટલાક ફીદાઇઓ મોજુદ છે." વજીરે આ સાંભળી ગભરાઇને પુછ્યું "તે ક્યા ક્યા લોકો છે ?" એટલું કહેવા સાથેજ તેણે પોતાનો રૂમાલ એલચી તરફ ફેંક્યો, જેનો હેતુ એ હતો કે હું તેના બચાવનો વાયદો કરૂં છું. વજીરનું રૂમાલ ફેંકવું હતું કે, તેના નોકરોમાંથી પાંચ માણસો સામે આવી ઉભા રહ્યા અને

બોલ્યા "અમો ગુપ્ત ફીદાઇ છીએ." એ પાંચ પૈકી એક હિંદુસ્તાની હતો, તેણે હિંમ્મતથી આગળ વધી જણાવ્યું કે "આજરોજ અને અત્યારેજ હું તમોને કતલ કરી નાંખતે; પરંતુ તેમ નહિં કરવાનું કારણ એટલુંજ કે, મને હજુ સુધી તમોને કતલ કરવાનો હુકમ મળ્યો નથી. આ વાત સાંભળતાંજ વજીર નેતરની સોટીની પેઠે થર-થરવા લાગ્યો અને ગભરાઇ તે નોકરોના પગોપર પડયો અને કહેવા લાગ્યો કે "મને મારી નાંખશો નહિં. હું સોગંદ ખાઇને કહું છું કે હું હંમેશાં તમારા બાદશાહનો એક અદના દાસ હોવાનું સમ-જીશ." બદરૂદીને તેને દીલાસો આપ્યો અને અલમોતમાં જતો રહ્યો.

આ બનાવની ખબર સુલતાનને પડતાં તે વજીરના બાયલાપ-ણાને લીધે બહુજ નારાજ થયો, અને પત્રથી તેને ઘણોજ ઠપકો આપ્યો અને હુકમ આપ્યો કે "આ પત્ર પહોંચતાંજ તે પાંચે ફીદા-ઇઓને જીવતા બાળી દેવા. બાદશાહના હુકમની અમાન્યતા થઇ શક્તી નહોતી; પરંતુ તેની સ્થિતિ આ વખતે ઘણીજ દયાજનક હતી પોતે ફીદાઇઓથી ડરતો હતો અને પોતે આપેલો વાયદો તોડવો પડે છે, તેને માટે રોતો હતો; પરંતુ જે ઇસ્માઇલીઓ અગ્નિમાં બળી રહ્યા હતા; તેઓ મોટે અવાજે આનંદના પોકારો કરતા અને કહેતા હતા, કે અમોને શહાદત મળે છે અને તેમ કહેવા સાથે તેમના બાદશાહ અલાઉદ્દીન મહંમદના વખાણ કરતા હતા. જ્યારે આ વાતની ખબર અલમોતમાં પહોંચી ત્યારે તેઓ સમજ્યા કે આ કામ વજીરની ઇચ્છાથી થયું નથી; પરંતુ ખાનગી રીતે લખી જણાવ્યું કે "તમોએ અમારા પાંચ વફાદાર ફીદાઇઓને અગ્નિમાં બાળી નાંખ્યા છે. જો તમો પોતાનો પ્રાણ બચાવવા ચાહતાઃહો તો દરેકના પ્રાણના બદલામાં દસ દસ હજાર અશરફીઓ રવાના કરો." વજીર

આટલો દંડ આપવાથી નીકાલ થાય છે. એમ સમજી ઘણોજ ખુશી થયો. પત્ર લાવનાર એલચીનો ઘણોજ સત્કાર કર્યો અને તે દંડની રકમ રવાના કરવા ઉપરાંત દામગાનનો કીલ્લો અલમોતના બાદશાહને વેચાતો આપવાથી, જે રકમ વસુલ થઇ હતી તે પણ આપી દીધી.

ફીદાઇઓએ મોટા સુલતાનો. વજીરો, ગવરનરો, ઉલ્માઓ વીગેરે વીગેરેના જે પ્રખ્યાત ખુનો કીધાં, તેનું લીષ્ટ " અલમોતના ઇતિહાસ " ના પૃષ્ટ ૮૧-૮૬ માં આપેલું અત્રે લંબાણ થઇ જવાને લઈ દાખલ કરી શકતા નથી. ઉપરના જે બનાવો કાંઇક વિસ્તારથી એક જથે આપવામાં આવ્યા છે, તેટલા ઉપરથી ફીદાઇઓના ઘાતકીપણા ઉપર ઉડતી નજર સંતોષકારક રીતે નાંખી શકાશે. સાથેજ એ પણ જાણી શકાશે કે આ ઘાતકી ફીદાઇઓએ લાખો લોકોનાં ખુનો કરેલાં અને તે ખુનો કરવામાં કેવા કેવા કમકમાટ ઉપજાવે તેવા બનાવો બન્યા હશે. પ્રજા તથા સરકારને તેથી કેટલી બધી મુસીબતોમાં મુકાવું પડયું હશે. રોજીંદા કારોબાર ઉપર તેનો કેવો ધાસ્તી ભર્યો અસર થયો હશે. વેપાર રોજગાર, ધર્મ પ્રચાર તથા સામાન્ય કારોબારમાં તેથી કેટલું કમીપણું થવા પામ્યું હશે. પોતાના કારોબાર કરવામાં બચાવનાં લોકોને કેટલાં અને કેવા પ્રકારનાં સાધનો હાથ ધરવા પડયાં હશે અને સઘળાં કામો કેવી ધાસ્તી વચ્ચે થયાં હશે તેનો અંદાજ ખેંચવો મુશ્કેલ નથી.

અત્રેનીજ વાત લઇએ કે જ્યારે સરકાર સામે કોઇ બારવટીઓ ઉભો થાય છે ત્યારે તે એક બારવટીઆને પકડવા કે ઠાર કરવાને સરકારને પુષ્કળ પોલીસ રોકવી પડે છે. ગામેગામ થાણામાં નવા સીપાઇઓ તથા હથીઆરોની ભરતી કરવી પડે છે. લોકો કાંઇ પણ

જોખમ લઇ બહાર નીકળીતા નથી. રસ્તાઓ તદ્દન ઉજડ થઇ જાય છે. ગામના ઝાંપાઓ, કસ્બા તથા શહેરના દરવાજાઓ સમીસાંજ થતાંજ વાસી દેવામાં આવે છે. ગામડાના શ્રીમંતો પોતાની રોકડ મીલકતો તથા દરદાગીના લઇ શહેરમાં ચાલ્યા આવે છે અથવા તો આરબ કે મકરાણી જેવા માણસોને રક્ષણ માટે નોકર રાખે છે. હવે જ્યારે એકાદ બારવટીઆ માટે કે જેને ઠાર કરવા માટે પુરતી સામગ્રી હોય છે કેટલી બધી ઉહાપોહમા ગવર્નમેન્ટ તથા પ્રજાને ઉતરવું પડે છે ત્યારે જ્યાં ઉપર જણાવેલા છરીબંધ ફીદાઇઓએ દેશના સઘળા ભાગોમાં પોતાના ઘાતકી ખંજરોથી થલ્કો નાંખી આપ્યો હશે, થલ્કો નાંખી આપ્યો હશે એટલુંજ નહિ પણ લાખોનાં ખુનો કરી પોતાના ખુની ખંજરોના જીવતા જાગતા પુરાવા આપી દીધા હશે ત્યારે સરકાર તથા પ્રજાની જે દયાજનક સ્થિતી થવા પામી હશે, તેનું ચિત્ર દોરી કાઢવું અતિ કઠીણ બલ્કે ગેરમુમકીન છે. આવા પ્રકારનાં ખુનો કરાવવાનું તદ્દન નવીન કારખાનું હસન બિન સબ્બાહે પોતાના ઘાતકી તથા વિલક્ષણ મગજમાંથી યોજી કાઢયું અને તેના પરિણામે ઉપર જણાવ્યા પ્રમાણેની સમાજની સ્થિતી થઇ, તે માટે એવો કયો માણસ હશે કે જે હસનને દોષિત ન ઠરાવે અને તેના ઘાતકી તથા ખુની હોવા વિષે અભિપ્રાય ન આપે ?

હસન સબ્બાહે ફીદાઇઓ ઉભા કરી, આડે આવતા શત્રુઓને તેમની છરીથી લાખોની સંખ્યામાં ઠાર કરાવ્યા, તેના વિષે હસન સબ્બાહના મુરીદોનો લેશ માત્ર પણ ઇનકાર નથી. તેઓએ પોતાના ઇતહાસીક પુસ્તકોમાં તેનો પૂર્ણપણે સ્વીકાર કરેલો છે. જ્યારે તેમના સિવાયના ઇતિહાસિક પુસ્તકોમા તો તે કમકમાટીભર્યા બનાવો ઉપર

ટાંકી બતાવ્યા પ્રમાણેના થોકેથોક ભરેલા છે. એટલે કે આવી રીતે હસન સબ્બાહ તથા તેના વંશજોએ ખુનો નથી કરાવ્યાં એવો દાવો તો ખુદ ખુન કરાવનારાઓનો પણ નથી; પણ તેમના કોઈ કોઇ ચેલાઓ તે વિષે એવો બચાવ કરે છે કે, સામસામેની હથીઆરોના લડાઇમાં હજારો લાખ્ખો માણસોની ખુહારી થાય છે જ્યારે હસન સબ્બાહે તેવી લાખ્ખોની ખુહારી થાય તેવી પ્રચલિત રૂઢી પોતા માટે બંધ કરી, ફીદાઇઓ મારફતે માત્ર શત્રુંના થોડાક આગેવાનોને ઠાર કરાવવા માંડયા, કે જેથી આગેવાન શત્રું ઠાર થતાં લડાઇ બંધ થાય અને લાખ્ખોના પ્રાણો જે જવાના હતા તે બચી જાય. વળી તેઓ કહે છે કે લડાઇ પ્રસંગે જ્યાં બળથી કામ નહિ ચાલી શકે ત્યાં કળથી કામ લેવાતું આવ્યું છે તે ધોરણે આ કામ કળથી લેવાયલું ગણાય અને તેથી હસન સબ્બાહની આ ફીદાઇઓ મારફતે શત્રુઓને ઠાર કરવાની યોજના અન્યાયી ગણી શકાય નહિ.

ઉપરનો જવાબ એવો તો લુલો તથા હસી કાઢવા લાયકનો છે કે જેના વિષે બે મત હોયજ નહિ. જો તેમના જવાબને વ્યાજબી ગણીએ તો જગતમાં ન્યાય કોઇ વસ્તુ છેજ નહિ તેમ માનવું પડે, કેમકે મનુષ્ય જાતને જગતમાં ન્યાયપૂર્વક વર્તવાનું છે. ન્યાય પૂર્વક વર્તવામાંજ તેમની આબાદી તથા ઉન્નતિ છે. તેથી જરાપણ તે આડે માર્ગે ચાલે તો, તેમની પાયમાલી તથા પડતી છે. જગતના કોઇ પણ કાર્ય વહેવારમાં જાહેર ન્યાય દ્રષ્ટિમર્યાદામાં રખાય છે અને તેજ સર્વથા પ્રચલિત તથા સર્વથા માન્ય રખાયેલ છે. પ્રજા તથા સરકારના દરેક કાય તેને અનુસરીને ચલાવવામાં આવે છે અને તે ચલાવવામાં આવતા કાર્યમાં જેટલા પ્રમાણમાં તે નિયમાનુસાર કામ

કરવામાં આવે છે તેટલા પ્રમાણમાંજ ન્યાય સચવાય છે અને જેટલા પ્રમાણમાં અન્યાય થાય છે તે એ બાબતની દલીલ છે કે તે ન્યાયના ધોરણપર અમલ કરવામાં આવ્યો નથી.

લડાઇ થવી એ પણ મનુષ્યો માટેની અણગમતી ફરજ છે. જગતની ઉત્પત્તીથી લઇ આજદીન સુધીમાં, તે દરેક દેશ તથા કોમમાં થતી આવી છે અને થતીજ રહેશે, તો આવી મનુષ્યના સાથે ફરજીઆત લાગુ પડી ગએલી વસ્તુ, કે જેમાં લાખો કરોડોનાં ખુનો થઇ જવાનાં છે અને જગતના વ્હેવારમાં અસાધારણ અગવડો ઉભી થવાની છે તેમાં ન્યાયનું ધોરણ ન સાંચવવું એ કોઇ પણ રીતે વ્યાજબી ગણાયું નથી. દરેક દેશમાં લડાઇને લગતા પણ નિયમો હોય છે જે બંને પક્ષોએ કબુલ રાખવાના હોય છે. જે પક્ષ તે નિયમો વિરૂદ્ધ અમલ કરે તે અન્યાયી તથા દોષિત ગણાય છે. જેઓ લડાઇને લગતા નિયમોથી કાંઇ પણ જાણીતા છે તે આ બાબત સારી પેઠે જાણે છે કે જગતના બીજા કાર્ય વ્હેવારમાં જેમ ધોરણસર કામ પક્ષકારોએ કરવાના છે તેમ આ બાબતમાં પણ કરવાના છે.

લડાઇને લગતા અનેક નિયમો છે તેમાંનો એક એ છે કે લડાઇ લઇ આવવા જેવી સામો પક્ષ જ્યારે વર્તન ચલાવે ત્યારે તેને તે વિષે પ્રથમ ખબર આપવી અને જો તે પોતાની રીતભાત ન સુધારે તો તેને અમુક દીવસ કે કલાકોની એલ્ટીમેટમ આપવી. આવી રીતે વર્તન નહિ કરતાં એકદમ સામા પક્ષની અજાણતામાં હુમલો લઇ જવો એ અન્યાય તથા મહા પાપનું કામ ગણાય. અમો અમુક વખતે લડાઇ લઇ આવવાના છીએ એવી નોટીસ સામા પક્ષને પ્રથમ આપવી જોઇએ; કે જેથી જેમ સામો પક્ષ લડવાને તૈયાર છે તેમ

પોતે પણ તૈયાર થઇ જાય. હવે જો સામા પક્ષને ખબર આપ્યા સિવાય લડાઇ લઇ જવામાં આવે તો તે કાંઇપણ તૈયાર ન હોતાં, પોતાની શક્તિ છતાં હારી જાય. જે પક્ષ આવી રીતે સામા પક્ષને એલ્ટીમેટમ આપ્યા વિના ફાવી જાય જેની સામે પણ જો તેનો કોઇ વિરોધી એલ્ટીમેટમ આપ્યા સિવાય ચડી આવે તો, તેની પણ એજ વલે થાય. આજે તથા પ્રથમ લડાઇ પ્રસંગે અગાઉથી એલ્ટીમેટમ આપ્યાનું ધોરણ ન્યાય પૂર્વકનું ગણાઇ અમલમાં મુકાતું આવ્યું છે. જેમણે તે ન્યાયસરના ધોરણને અમલમાં નહિ મુકતાં વિરૂદ્ધ અમલ કર્યો તેને અન્યાયી હુમલો ગણવામાં આવ્યો છે અને તે અન્યાયી હુમલાથી સામા પક્ષને જે હાની પહોંચી છે તે સુલેહની કોન્ફરન્સ આરોપી તરફથી મઝલુમને અપાવે છે; પણ આપણે ફીદાઇઓની પદ્ધતિમાં તો જોયું કે, વિરોધીને લેશ માત્ર પણ તે બાબતના ખબર આપવામા આવતા નથી અને છુપી રીતે માત્ર એકાદ ફીદાઇને રવાના કરી આપવામાં આવે છે કે, જે શત્રુને કાંઈપણ વહેમ નહિ પડે તેવી રીતે અચાનક કાંઇપણ બચાવનો ટાઇમ આપ્યા વિના ઠાર કરી નાંખે છે. અને તેથી આ ધોરણ તદ્દન અન્યાયી તથા ફીદાઇઓએ કરેલાં ખુનો ગુનાહમાં ગણાનારા ખુનો ગણાય.

આવી રીતે કાંઇ પણ ચેતવણી આપ્યા વિના લડાઇ લઇ જવી એ ગુનોહ છે જ્યારે ફીદાઇ દ્વારાગુપ્ત રીતે શત્રુનું કાસલ કઢાવી નાંખવું તેતો મહાન ગુનાહ છે. આવા ગુનાહો બદલની સજાઓ સુલેહની સંખ્યાબંધ કોન્ફરન્સોએ આપી છે; તેના વર્ણનોથી ઇતિહાસો ભરપુર ભર્યા છે. ફીદાઈ મોકલીને શત્રુને ઠાર કરાવવો એ ધોરણ તો જગત માટે ગ્રાહ્ય થઇ શકે નહિ, કેમકે જો તે ગ્રાહ્ય રાખવામાં આવે તો આ જગતનો કારોબાર ઉથલ પાથલ થઇ જાય.

માણસો જીવી કે આબાદ રહી શકે નહિ. ખુદાતાલાની કોઇ પણ બક્ષીસનો તે લાભ લઇ શકે નહિ. અરસ પરસ એક બીજાને કાપી નાખી પોતાનો તથા સઘળાનો અંત આણે.

જે પક્ષ ફીદાઇઓની સહાયતાથી શત્રુને ઠાર કરવાનું ધોરણ કરે તે, પ્રથમ દ્રષ્ટીએ ફાવી જાય, તેનું કારણ તેણે અન્યાયથી કામ લીધું તે છે. અન્યાયથી કામ લેવાથી પહેલી તકે અન્યાય કરનારને લાભ થાય છે; પણ જો તેજ ધોરણ તેના વિરોધીએ લીધું હતે તો, તે વિરોધીને લાભ અને પોતાને હાની થઇ હતે. જે ધોરણે હસન સબ્બાહે ફીદાઇઓ મોકલી શત્રુઓના ઘાણ કઢાવ્યા, તેજ ધોરણ જો હસન સબ્બાહના વિરોધીઓ અખ્તેયાર કરતે તો હસન સબ્બાહ તથા તેના સાથીઓની પણ એજ વલે થતે કે, જે તેના વિરોધીઓની હસન સબ્બાહે કરી હતી. હસન સબ્બાહના વિરોધીઓ પોતાના મારાઓ ફીદાઇઓની જેમ તૈયાર કરી, હસન સબ્બાહ તથા તેવાજ પોતાના વિરોધીઓને ઠાર કરતે અને તે વખતે હસન સબ્બાહના હીમાયતીઓ હસન સબ્બાહના જે ધોરણને બ્યાજબી ગણે છે તે જરૂર ગેરવાજબી ગણતે.

જે નિઝામ-ઉલ-મુલ્ક હસન સબ્બાના ફીદાઇની છરીથી માર્યો ગયો, તેજ નિઝામ-ઉલ-મુલ્ક, જો પોતે એક ફીદાઇને મોકલી હસન બિન સબ્બાહનું ગુપ્તપણે કાસળ કઢાવી નાખતે તો તે વખતે હસનની તરફેણમાં ન્યાય હોવાનું જણાવનારા શું ફેંસલો આપતે? અથવા તો જેટલાં ખુનો હસન સબ્બાહે ફીદાઇઓ મારફતે કરાવ્યાં, તેટલાજ ખુનો જો નિઝામ-ઉલ-મુલ્ક હસન સબ્બાહની રીતિ પ્રમાણે કરાવતે તો, હસનના હીમાયતીઓ કેવો ફેંસલો આપતે? હસનના વિરોધીઓની સંખ્યા તો કરોડોની હતી તેથી તેમાંથી અમુક લાખોના

ખુનો થતાં તેમની સંખ્યામાં જાણુવા લાયકનો ઘટાડો થતે નહિ, પણ જો હસનના વિરોધીઓ તેટલાંજ ખુનો હસનના પક્ષકારોનાં કરતે તો હસન તથા તેના યજમાનોનું નામો નિશાન જગતમાં રહેવા પામતે નહિ. હસન તથા તેના પક્ષકારોનું તે સમયમાં જીવતા રહી જવું, એ હસનના વિરોધીઓના સ્થાપિત ન્યાયના ધોરણુને આભારી છે એટલે કે તેઓ સ્થાપીત લડાઇના ધોરણુને વળગી રહી ફીદાઇઓ જેવા માર્ગે નહિ ચાલ્યા તેને આભારી છે. આ ઉપરથી વાંચક વર્ગ જોઇ શકશે કે, હસનને તેના અન્યાયની સજા પણુ મળવા પામી નથી જ્યારે તેના વીરોધીઓ હસનના અન્યાયી પગલાંના ભોગ થઇ પડયા છે.

આજે જગતમાં સેંકડો મોટાં રાજ્યો અને હજારો લાખો નાનાં રાજ્યો છે. દરેકને નાના મોટા શત્રુઓ જરૂર છે. જો તેઓ શત્રુઓને હસન બિન સબ્બાહ જેવો ફીદાઇઓ મોકલી ઠાર કરવાનો માર્ગ ગ્રહણુ કરે તો, સઘળાઓ અન્યો અન્ય કપાઇ મરે. વળી જે કામ અન્યાયથી તથા છુપી રીતે કરવાનું હોય છે તે ઘણુંજ સહેલાઇથી થઇ શકે છે. છુપી રીતે ખુન કરવા માગનાર લાખો માણુસોના પહેરા વચ્ચે પણુ અંદર ઘુસી જાય અને પોતાનું કામ પાર પાડી આવે; કેમકે તેને કોઇ ઠેકાણે પોતાનો હેતુ જણાવવાનો હોતો નથી; બલ્કે તેણે તો પોતાના હેતુની વિરૂદ્ધનો બધો દેખાવ કરવાનો હોય છે. તેને કોઇ રોકટોક કરનાર હોતું નથી; કેમકે તેને તો તે પોતાનો સહાયક હોવાનું માની બેઠો હોય છે. આવું ધોરણુ આજે અખ્તેયાર કરવામાં આવે તો જગતનો કોઇ મોટામાં મોટો બળવાન શહેનશાહ પણુ પોતાના પ્રાણુને બચાવી શકે નહિં અને અદનામાં અદના માણુસ પણુ મોટા મોટા બળવાન રાજાને ઠાર કરવામાં નિષ્ફળ

જાય નહિ; તેથી સમાજે સ્વીકારેલો લડાઇનો નિયમ સર્વથા ન્યાયી તથા ફીદાઇઓ દ્વારા શત્રુને હાર કરાવવાનો માર્ગ તદ્દન અન્યાયી, જુલ્મી તથા જગતના બંધારણ તથા વ્યવહારને તોડી પાડનારો છે અને તેની અધમતા કલ્પી ન શકાય તેટલી વિશેષ છે.

આ અધમપણાનો એ લોકોને સંપૂર્ણ ભાસ થશે કે, જેઓ નેહલીસ્ટો તથા એનારકીસ્ટોના ઇતિહાસોથી જાણીતા છે. નેહલીસ્ટો તથા એનારકીસ્ટો એ પણ ફીદાઇઓજ છે, તેમણે જગતમાં હસન સબ્બાહના ફીદાઇઓની જેમ ઘણા મહાન પુરૂષોનાં ખુનો કરેલાં અને દરેક કાળમાં તેઓ અશાન્તી ફેલાવનારા નીવડયા છે. તેમના ખુની કારસ્તાનોથી પ્રજા તથા સરકારોને ભારે હાની પહોંચી છે. સરકાર સામે જે નેહલીસ્ટો તથા એનારકીસ્ટો ઉભા થયા હતા, તે માટે સરકારને ભારે જાપતો રાખવો પડયો હતો અને દર વર્ષે કરોડો રૂપીઆનો ખર્ચ કરવો પડયો હતો. આજે પણ તેવાજ નેહલીસ્ટો તથા એનારકીસ્ટોની તપાસ રાખવા તથા તેમને પકડી ઠેકાણે પાડવાને દરેક મોટી સરકારોને દર વર્ષે કરોડો રૂપીઆનાં બજેટો કરવાં પડે છે. અમો ઇચ્છતા હતા કે, તેવા નેહલીસ્ટો તથા એનારકીસ્ટનો કાંઇક હેવાલ અમો આપી ફીદાઇ મત સાથે તેની સરખામણી કરી બતાવતે; પરંતુ ઉડતી નજર પુરતો અવકાશ રાખેલો તેથી તેમ કરી શકવાને અમો લાચાર છીએ.

મતલબકે હસન સબ્બાહ એક એવા અન્યાયી માર્ગપર ચાલ્યો કે, જેથી જગતમાં સંખ્યાબંધ મહાન પુરૂષોનાં તથા લાખોનાં ખુનો થયાં. આ ફીદાઇઓદ્વારા શત્રુનું કાસળ કાઢવાની અન્યાયી પદ્ધતિથી તેણે ઉન્નતિ મેળવી, તેને ખરેખર ઉન્નતિ મેળવી કહી શકાય નહિં. તે એક હીચકારો માર્ગ હતો કે જે ગ્રહણ કરવામાં આવ્યો અને

તેમ કરી જીત મેળવી એમ માનવામાં આવે તો, ન્યાયને તદ્દન ઉતારી પાડયો કહેવાય. જર્મન કૈઝરે જ્યારે ઝેરી ગેસ છોડી તે દ્વારા મિત્ર રાજ્યના લશ્કરને ગુંગળાવી મારવાનું અખ્તેયાર કર્યું ત્યારે તે કાર્યને સઘળાઓએ ગેર કાયદે અને અન્યાયસરનું જણાવ્યું. આવી રીતના ઘણા કાર્યો છે કે, જે દ્વારા શત્રુને જલદીથી માત કરી શકાય છે; પણ તે અન્યાયી હોતાં તેનો ન્યાયી કોન્ફરન્સે સ્વીકાર કરેલો નથી. અને ખરી જીત તેનુંજ નામ ગણાય છે કે, જે ધોરણસર સ્વીકારાએલી પદ્ધતિએ મેળવવામાં આવે. શત્રુને જો તે અન્યાય કરતો જણાય તો, તેને પ્રથમથી ચેતવણી આપી અન્યાય કરતા અટકવાનું જણાવવામાં આવે અને તેમ કરતાં જો તે અન્યાય ન તજે તો તેને લડવાનું પ્રથમ એલ્ટીમેટ્રમ આપવામાં આવે અને એલ્ટીમેટ્રમમાં જણાવેલી મુદત પુરી થએજ લડાઇ જાહેર કરવામાં આવે. લડાઇ જાહેર થયા પછી પણ એક બીજાના એલચીઓ તથા એક બીજાની પ્રજાને પકડવા કે રંજાડવામાં ન આવે. એક બીજા સામે લશકરો તથા સ્વીકારાએલાં હથીઆરોથીજ લડાઇ કરવામાં આવે અને દગા ફટકાથી તદ્દન નિરાળું રહેવાનું અખ્તેયાર કરે; વીગેરે વીગેરે રીતે લડાઇ લડી વિજય મેળવે તેનું નામ વિજય ગણાય; પણ શત્રુને ઠાર કરવાને એકાદ ફીદાઇ મોકલી તેનું કાસળ કઢાવી નાખે અને તેમ કરી તેની તાકતને તોડી નાંખી પોતે જીત મેળવે તેનું નામ જીત ગણાય નહિં. જો હસન સબ્બા તેવા પ્રકારની ન્યાય રીતિથી લડાઇ લડતે અને તેમાં જીત મેળવતે તો, અમો તેના વિજય તથા અજીતપણામાં જરાપણ શંકા દેખાડતે નહિ; પરંતુ અહીં તો તેનો બાવા આદમજ નિરાળો છે, તેવી સ્થિતિ વચ્ચે તેને વિજયી તથા અજીત તથા ન્યાયી કહેવામાં આવે તો તેને કોઇપણ રીતે સ્વીકાર થઇ શકે તેમ નથી. તેમ આવી બાબતનો સ્વીકાર કોઇપણ ઇતિહાસકારે કરેલો પણ નથી.

હસન સબ્બાહે ફીદાઇઓ દ્વારા જે ખુનો કરાવ્યાં, તેના જેટલા જેટલા દાખલા ઉપર ટાંકી બતાવ્યા છે તે જરૂર કરતાં પણ પુરતા છે; કે જેનો કોઇ અસ્વીકાર કરી શકે તેમ નથી. ખુદ હસનના ચુસ્ત મુરીદો તથા હીમાયતીઓ પણ તેનો અસ્વીકાર કરતા નથી, પણ હસન તેમ કરવામાં વ્યાજબી હતો તેમ જણાવી તે, તેણે કરેલા છે એમ કબુલ રાખે છે. એક માણસ જુલમ કરી જીત મેળવી, તે માટે મલકાય, એક માણસ પોતાના વિરોધીને કાપી નાંખી કુલ્યો ન સમાય, એક માણસ ચોરી કરી નાણાવટી બની જઇ મગરૂરીમાં મહાલે, એક માણસ લૂટ કરી તેનાપર તાગડધીન્ના કરે અથવાતો કોઇ પોતાની લુચ્ચાઇ તથા કૌશલ્યતાથી હુંપદમાં આવી પોતાને વિજયી કહેવડાવે અને લોકો તેને ભલે વિજયી માની પણ લે; પરંતુ તે કાંઇ વિજયી ગણાય નહિ, તે તો અઘોર પાપનું કાર્ય ગણાય. નીચ કામ કરી મલકાવાને બદલે તેણે તે માટે શરમાવું તથા પસ્તાવું જોઇએ. અમો હસન બિન સબ્બાહના અજીત તથા વિજયી પણાને કોઇ પણ પ્રકારે ખરેખરૂં અજીત તથા વિજયીપણું કહી શકીએ નહિ; કેમકે એનાર્કીસ્ટ ધોરણે મેળવેલી જીત કોઇ જીત ગણાય નહિ; પણ તે તો જુલમ તથા અનીતિજ ગણાય. હા, હસનના જો વખાણ થઇ શકતાં હોય તો તેણે એનાર્કીસ્ટપણું કરવામાં પોતાની બુદ્ધિ, ચતુરાઇ, હીમ્મત, દ્રઢતા વીગેરેનો જે ઉપ્યોગ કર્યો તેના થઇ શકે છે.

જે પ્રખ્યાત ઉલ્માઓનાં ઘાતકી ફીદાઇઓના હાથે ખુનો થયાં તે ઉલ્માઓ એવા તો ઉચ્ચ કોટિના હતા કે, જેનાથી પ્રજાને ઘણો લાભ પહોંચતો હતો; પણ ફીદાઇઓની એક છરીએ તેવા હીદાયતના બળતા ચેરાગને હોલવી નાંખી, અંધકાર પથરાવાને કારણ આપ્યું છે.

જો તેવા ઉલ્માએ દીન હયાત રહ્યા હતે તો તેઓ પોતાની જીંદગી તુલીક હીદાયતનાં કાર્યો કરતે અને હજારો લાખો પ્રકારના પુસ્તકોથી જગતને ભવિષ્યમાં લાભ આપી જતે; પરંતુ તેવા લાભો ઝુટવી લેવા બદલનો બધો આરોપ હસન સબ્બાહ ઉપર આવે છે. જયારે તેવા ઉલ્માઓની હસ્તીના આશીર્વાદરૂપ છાંયડાનો નાશ થયાનો ચિતાર દ્રષ્ટિ સામે ખડો કરવામાં આવે:છે ત્યારે દસ્તે અફસોસ મસળવામાં કાંઇપણ પાછું હઠી શકાતું નથી.

ફીદાઇઓનો અંતિમ ઘાતકી બનાવવાને કોઇપણ જાતની કસર રાખવામાં આવી નહિ હતી. આ અંતિમપણાને એટલી હદ સુધી મજબુત બનાવવામાં આવ્યું હતું કે જેનું ચિત્ર દોરી બતાવવું અમોને તો અમારી શક્તિ બહારનું કામ લાગે છે અને અમો એવું અનુમાન કરતાં પાછા હઠી શકતા નથી કે, બીજો કોઇ પણ લેખક તેમ કરવામાં પૂર્ણતા ભાગ્યેજ મેળવી જાય. જુવાન, કદાવર, ધર્મનું નામ પડતાં મરી મટનાર, ભોળા, ભાવિક અને નિર્દય વિદ્યાર્થીઓને સઘળા ઇલાકાઓમાંથી પસંદ કરી કરીને એકઠા કરવામાં આવ્યા હતા. તેમને આવા પ્રકારની બાજીમાં ફતેહમંદ બનાવવા માટેનાં બોરડીંગ હાઉસમાં શું શું પ્રકારની વ્યવસ્થાઓ તથા યોજનાઓ નહિ રાખી હોય, તેનો અંદાજ ખેંચી કાઢવો મનુષ્ય શક્તિની બહારની વાત છે. સાધારણ રીતે જયારે આજ કાલના કોઇ એનાર્કીસ્ટને તૈયાર કરવામાં જે પ્રકારે કામ લેવામાં આવતું, કોઇ છાપામાં વાંચવામાં આવે છે ત્યારે પણ જ્યારે શરીરના રૂવાટાં ઉભાં થઇ જાય છે. ત્યારે તો આ ફીદાઇઓની કોલેજના કમકમાટી ભર્યા હેવાલો જો તવારીખ નવીશોએ પુરા પાડ્યા હતે તો તેને કેવો અસર થતે તેનું ચિત્ર દોરી બતાવવું દુર્લભ છે.

ફીદાઇઓને કેવી સાવચેતીથી કોઇના પણ સમાગમમાં ન આવે તેવી રીતે રાખવામાં આવશે. ઇમામની આજ્ઞા એજ તેમની જીંદગીની મુખ્ય નેમ સમજાવવાને કેવી કેવી દલીલોથી તેમને સમજાવવામાં આવતું હશે. ઇમામની આજ્ઞા પાળવામાં પોતાના જાન માલ તથા પોતાના સર્વસ્વની લેશ માત્ર પરવા નહિ કરવી તેના કેવા કેવા ઉદાહરણો તથા દ્રષ્ટાંતો સમજાવવામાં આવ્યાં હશે, તેમનાપર કેવા પ્રકારની અંતિમ તકેદારી રાખવામાં આવી હશે તેમની હેવાની શક્તિઓ ખીલવવા માટે લઇ શકાય તેટલા માર્ગો લેવામાં આવ્યા હશે અને તેવાજ પ્રકારના ખોરાકોથી તેને વકરવાને ઘટતું કરવામાં આવ્યું હશે. નઝહત-ઉલ-કોલુબના કર્તાએ ફીદાઇઓના અંતિમ ઘાતકી તથા ખુંખારપણા વિષે લખ્યું છે કે " તેમને બીલાડીનું માંસ ખવડાવવામાં આવતું હતું. બીલાડી ગુસ્સાને વખતે પોતાના દીલને કાબુમાં રાખી શકતી નથી. ચુનાંચે તેવા માંસના ખોરાકની તાસીરથી તેવીજ તાસીર ફીદાઇઓની થઇ હતી કે, આજ્ઞા મળતાંજ જેને કતલ કરવાનો હુકમ આપવામાં આવ્યો છે તેને હરગીઝ જીવતો રહેવા દેતા ન હતા. "

ફીદાઇઓને બીલાડીનું માંસ ખવડાવવામાં આવતું હતું તેટલા ઉપરથી એ બાબતનો અંદાજ બહુજ સ્હેલાઇથી ખેંચી શકાય છે કે, બીજા ખોરાકો પણ તેવાજ પ્રકારના તામસીપણાને ઉશકેરનારા આપ-વામાં અવતા હશે અને પરિણામે તેઓ તૃષ્ણાનું ઘાતકી હથીયાર બનવામાં જરાપણ પાછા નહિ હઠે તેવી દરેક પ્રકારની તેમને કેળવણી આપવામાં આવતી હશે બીલાડીના ગુસ્સા વિષે ભાગ્યેજ કોઇ અજાણ્યું હશે. તે જો કે માણસોથી ડરીને નાસી જાય છે; પણ

જ્યારે કોઇ માણુસ તેને એવી રીતે ઘેરે છે કે જ્યાંથી તે છટકી જવાનો માર્ગ જોતી નથી ત્યારે તે ફોરન તે માણુસ ઉપર હુમલો કરી ઘેરનારને જખમી કરી છટકી જાય છે. તે ગુસ્સામાં એટલી તો છલકી જાય છે કે તે જેનાથી પ્રથમ બીહતી હતી તેની બીકનો કાંઇ ખ્યાલ કરતી નથી. ખ્યાલ કરતી નથી એટલુંજ નહિ; પણ તેને જાનથી પણ મારી નાંખવામાં પાછી હઠતી નથી. ઘણી વખતે જોવામાં આવ્યું છે કે બીલાડી કુતરાથી ડરીને નાશી જાય છે, પણ જ્યારે કુતરો બીલાડીને એવી જગોએ જઇ ઘેરે છે કે, જ્યાંથી છટકવાનો બીલાડીને માર્ગ મળતો નથી ત્યારે તે કુતરાપર ઘણાજ વિક્રાળ ધોરણે હુમલો કરે છે કે જે હુમલો જોઇ કુતરો નાશી જાય છે.

આવા વિદ્યાર્થીઓને તૈયાર કરવામાં જે જે પ્રકારનું કાળજી ભર્યું લક્ષ આપવામાં આવ્યું હશે તેનો કાંઇક ભાસ ફીદાઇઓએ કરી દેખાડેલા કારનામાઓથી થઇ શકે છે. જે માણસનું ખુન કરવાનું હોય છે તે માણસ કાંઇ સાધારણ માણસ તો હોતો નથી કે, કામ જતાને વાર વગર ખાંચરે થઇ જાય! વજીર, સુલતાન તથા ગવરનર વીગેરે દરજ્જાના લોકો આવા ફીદાઇઓથી બચવાને માટે બચાવનાં ઘણા સાધનો રાખતા હશે. આવા બચાવનાં સાધનો છતાં પણ ફીદાઇ એ પોતાનું કામ કાઢી લેવાનું હતું; તેથી તે ફીદાઇમાં પોતાનું કામ કરી લેવાની કેવી યોગ્યતા ઉભી કરી આપવામાં આવી હશે તે સ્હેજે સમજાઇ તેવી છે. જેને ઠાર કરવાનો છે તેની પાસે પોતાને નોકર રહેવાને બરનો પોતાને તેણે અંતિમ વેશ ભજવવો પડયો હશે. નોકરીમાં જોડાઇ પોતાની નોકરીથી તે એટલો બધો સંતોષ આપતો હશે કે, તેનાપર માલેકને પૂર્ણ વિશ્વાસ આવી જતો હશે અને

આવા કારણુથી તે માલેકના મહેલ કે: ઘરમાં એક પુર્ણ વિશ્વાસુ તરીકે આવજાવ કરતો હશે. કોઇ પણ નોકર ચાકર હાજર ન હોય તેવા પ્રસંગે પણ પોતાની હાજરી તે રાખી શકતો હશે. અને તેના વિશ્વાસુ હોવામાં લગાર પણ શંકાને સ્થાન રહેવા પામ્યું નહિ હશે. છેવટે તે લાગ જોઇ ઝેર ખવડાવી કે છરી વડે પોતાને શીકાર કરી લેતો હશે.

લખ્યું છે કે મઝહબી તાલીમ આપવા પૂર્વે ફીદાઇઓને સીપાહગીરિની તાલીમ પણ આપવામાં આવતી હતી. હથીઆરોને કેમ વાપરવાં તે તેમને શીખવાડવામાં આવતું હતું. સંકટો સહન કરવાને ટેવાએલા બનાવવામાં આવતા હતા. વેશ બદલી નાંખવાની કળા ઘણી સારી રીતે તેઓ જાણતા હતા; કેમકે દરેક સંજોગને લગતા ખાસ વેશો તેને બદલવા પડતા હતા. જો શત્રુ સુન્ની મતનો હોયતો તે ફીદાઇઓને તેની નોકરીમાં રહી સુન્ની આચાર વિચાર પ્રમાણે પોતાના ભાવિકપણાથી, પોતાના કામમાં સરળતા મેળવવાની હતી. તેવીજ રીતે શત્રુ જે સંપ્રદાયના હોય તે સંપ્રદાયના આચાર વિચાર પ્રમાણે તે ચાલી અનુકુળતા મેળવતો હશે. માલેકને માટે જીવ સટોસટનું કામ કરી દેખાડી તે પોતાની નીમકહલાલીની માલેકના દીલમાં છાપ બેસાડતો હશે. માલેકને લેશમાત્રપણ તેના વિષે શંકા ન જાય તે માટે તે પોતાનું વર્તન કેવી રીતે રાખતો હશે તેનો ખ્યાલ સ્હેજે આવી શકે છે. શક પડતાં પકડાઇ જાય તો પણ જાન જતાં સુધીમાં તે ફૂટવા પામતો નહિજ હોય; કેમકે જો ફૂટે તો પોતાના હેતુની સઘળી ઇમારત જમીનદોસ્ત થઇ જાય તેમ હતી.

ખ્વાજા નિઝામ-ઉલ-મુલ્કે જ્યારે સુલતાનનો રોઆબ દેખાડી હસનને વશ કરવાને એલચીઓને અલમોતના કીલ્લામાં મોકલ્યા ત્યારે હસને પોતાના ફીદાઇઓ માટે રૂસ્તમ તથા અસ્ફંદયાર જેવા પહેલવાનોના પિત્તાને પાણી કરી નાંખનારો હેબત ભર્યો દેખાવ દેખાડ્યો. ખ્વાજા નિઝામ-ઉલ-મુલ્કનું ખુન કરવામાં હારસ નામના ફીદાઇએ જે પ્રકારની રીતભાતથી કામ લીધું, સુલતાન સંજરના વિશ્વાસુ નોકરને ફુટવીને તેના ઉશીકા નીચે પોતાના કોતરેલા નામવાળું ખંજર રખાવી સુલતાનને બીહવડાવવો અને બીજેજ દીવસે સુલેહ માટે કાસદ મોકલવો, ઇમામ ફખરૂદ્દીન રાઝીના મકતબમાં ફીદાઇએ દાખલ થઇ તેણે ઇમામ સાથે જે પ્રકારે દીલને થરથરાવી નાંખનારી વર્તન ચલાવી તેમજ જુદા જુદા મોટા માણસોને ફીદાઇઓએ છુપી તથા જાહેર રીતે કતલ કરવામાં જે હીમ્મત, દ્રઢતા તથા કૌશલ્યતા દેખાડી તે સઘળા બનાવો ફીદાઇઓને તૈયાર કરવામાં કેવા પ્રકારે કામ લેવામાં આવ્યું હશે તેનો કાંઇક ઝંખો ખ્યાલ આપી શકે છે. ફીદાઇઓ પોતાના કાર્યમાં કેવા અંતિમ ઘાતકી બન્યા હતા તેના હેવાલો એ બાબત પુરવાર કરવાને પુરતા છે કે, ફીદાઇઓ તૈયાર કરવાની કોલેજ તથા બોરડીંગમાં કેવા પ્રકારે કામ લેવામાં આવ્યું હતું.

ફીદાઇઓના કમકમાટી ભર્યાં કાર્યો એટલાં તો ધાસ્તી ઉત્પન્ન કરનારાં થઇ પડયાં હતાં કે, ધાસ્તીની સામાન્ય હાલત એ હતી કે, અમીર ઉમરાવો ઝભાઓ નીચે બખતર પહેરતા હતા અને ખુદ સુલતાને પોતાના દરબારીઓને બખતર પહેરવાની પરવાનગી આપી હતી કે તેઓ દરબારમાં હથીઆર બાંધીને આવ્યા કરે. મોટા મોટા સુલતાનોએ પોતાના કીલ્લાઓ એટલા માટે પોતે જાતે તોડી નાંખ્યા હતા

કે, જો હસન તેની માગણી કરશે તો તે આપ્યા વિના ચાલશે નહિ. મોટા મોટા રાજાઓ તથા ગવરનરોના મહેલો, પવિત્ર મસજીદો, કીલ્લાના મજબુત ગઢો, ઘરના તાળાં વાસેલા દરવાજાઓ તદ્દન નકામા હતા. તે વસ્તુ તેમનો બચાવ કરી શકવાને અસમર્થ હતી. કોઇ માણસ જેવી રીતે જંગલમાં એકલો હોવાને લીધે જંગલમાં ડરતો હતો તેવીજ રીતે મોટા મોટા લશ્કરોના પહેરામાં પણ તે ફીદાઇઓથી ડરતો હતો. રાજા મહારાજાઓના વજીરો તથા ગવરનરોમાં પણ ફીદાઇપણું દાખલ કરી આપવામાં આવ્યું હતું. લખ્યું છે કે આ ભયંકર ઘાતકી ફીદાઇઓએ લોકોના અંતઃકરણ ઉપર એટલી તો છાપ બેસાડી હતી કે તેનું વર્ણન લખવું એ મનુષ્યની શક્તિ બહાર છે જે આબીદ મસજીદમાં ઘુંટણ મરડી બંદગી કરતો હોય અને જે મેહમાન સાથે બેસી જમતો હોય, તેને માટે પણ શંકાઓ થતી કે, રખેને તે શેખુલ જેબાલનો ફીદાઇ હોય.

કાઉન્ટ શામ્પેન જ્યારે મસીયતના કીલ્લામાં સીનાનનો મેહમાન હતો ત્યારે જે પ્રકારનો સીન તેને દેખાડવામાં આવ્યો, તેને બેવડાવવાની અગત્ય નથી. તેના વિશ્વાસુ નોકરમાંજ એક ફીદાઇ હોવાનું સીનાને તેને જણાવી તે ફીદાઇને જાહેર કરાવ્યો હતો. આ બનાવથી શામ્પેનની કેવી દયાજનક સ્થિતિ થવા પામી હતી તેનું વર્ણન સાંભળવાને કોઇ મજબુત હૈયું ધરાવી શકે એમ અમો માનતા નથી.

મોટા સુલતાનો તથા વજીરો, કે જેઓ પોતાના બચાવનાં બળસાધનો રાખી શકવાને સમર્થ હતા, તેઓ પણ જ્યારે આ ઘાતકી ફીદાઇઓની છુપાવી રાખેલી છરીથી પોતાનો બચાવ નહિ કરી શકાય ત્યારે બાપડા ઉલ્માઓની હાલત તો અસાધારણ જોખમ ભરી થઇ

પડી હશે. ઇમામ ફખરૂદીન રાઝી જેવો મહાન આલીમ જ્યારે એક ફીદાઇના સાધારણ પ્રયાસથી વશ થઇ ગયો ત્યારે બીજાઓ તો બહુજ સ્હેલાઇથી વશ થયા તથા કતલ થયા હશે. હજારો ઉલ્માઓની કતલ થવા પામી છે કે જેને કતલ કરવામાં ફીદાઇઓએ જે પ્રકારનાં પરાક્રમો કરી બતાવ્યાં તેનો પરદો ઇતિહાસકારોએ ઉચકી બતાવ્યો નથી. ઘણાઓ પોતાના વિદ્યાર્થીના હાથે, ઘણાઓ મુરીદોના હાથે, ખંજર કે ઝેરથી શહાદતનો જામ પીવા પામ્યા હશે.

સુલતાનો, વઝીરો તથા લશ્કરી વડાઓની મુળ સંખ્યાજ માત્ર ગણત્રીનીજ હોય છે. તેથી ઉલટી રીતે ઉલ્માઓની સંખ્યા વિશેષ હોય છે. વળી તે સમયમાં ઇસલામીઓ ઇલ્મી મેદાનમાં ઘણા આગળ વધ્યા હતા અને ઉલ્માઓના અખાડામાં ઇલ્મી ઝવેરાતો ઠામ ઠામ પોલીશ થતા હતા. વળી હસન સબ્બાના ખરા વિરોધીઓજ આ ઉલ્માઓ હતા, કે જેઓ હસન સબ્બાહના મુલહેદ તથા કુફરના વિચારોને નષ્ટ કરવાને ઉપદેશ કરતા અને ફતવાઓ આપતા હતા. તેથી આવા ડગલે ને પગલે નડનારા શત્રુઓને દુર કરવામાં અસાધારણ પ્રયાસ કરવો પડયો હતો અને તે પ્રયાસમાં સુલતાનો તથા વઝીરો માટેના પ્રયાસ કરતાં બહુજ સ્હેલાઇથી ફાવી જવાયું હશે. કેમકે બાપડા ઉલ્માઓ પાસે મેહલો, હથીઆરો તથા ચોકી પેહરા તો હોતાજ નથી. તેઓ પાસે તો સાધારણ ઝુંપડું, કે જેમાં તેઓ ચટાઇ ઉપર બેઠા બેઠા કીતાબો પડતા હોય છે અથવા મસજીદો કે તકીયાઓમાં બેશી વિદ્યાર્થીઓને ઇલ્મ શીખવાડતા હોય છે અથવા તો મસજીદોના મીમ્બરોપર બેસી હીદાયતની વાએઝમાં મસ્ત બનેલા હોય છે. તેવાઓને તો બહુજ ઝડપથી ફીદાઇઓ જન્નતમાં પહોંચાડી દેતા હશે

અને જ્યારે બાપડા ઉલમાઓ કતલ થઇ જતા હશે ત્યારે તેમના મદ્રેસાઓ તથા મુરીદોની જે વલે થતી હશે તેનું ચિત્ર દોરી બતાવવું એ મનુષ્ય શક્તિ બહારનું કાર્ય છે.

ઘણાઓને ઝેર ખવડાવવામાં આવ્યાં હશે. રસોઇ કરનારી દાસીઓને ફુટવવામાં આવી હશે અને તેમ કરી ખાણામાં ઝેર નાંખવામાં આવ્યું હશે. હળાહળ ઝેર મેળવવા તથા બનાવવા માટે ઘણા ઘણા પ્રયાસો કરવામાં આવ્યા હશે અને લાંચ રૂશવત માટેના એવા એવા કેસો ઉભા થયા હશે કે, જેને પકડી પાડવાને આજની વીસમી સદીના ડીટેકટીવો પણ ભાગ્યેજ ફળીભૂત નીવડે.

સાધારણ ઉલ્મા કરતાં માતબર ઉલ્મા વધારે જોખમકારક ગણવામાં આવ્યા હતા; કેમકે સાધારણ ઉલ્માના કલામને પાણી ઉપર કોતરકામ કર્યા જેવાં અને માતબર ઉલ્માના કલામને પથ્થર ઉપર કોતરકામ કર્યા જેવાં માનવામાં આવ્યાં હતાં. આ માટેનો એકજ દાખલો ઇમામ ફખરૂદ્દીન રાઝીનો પુરતો થઇ પડે તેવો છે કે જે પ્રથમ અપાઇ ગયો છે. જેમ ઇમામ ફખરૂદ્દીન રાઝીને પુષ્કળ નાણા તથા સત્તાની લાલચ આપવાનું જણાવી અલમોતમાં લઇ જવાની વેતરણ કરવામાં આવી હતી, તેમ બીજાઓ માટે પણ થયું હશે અને તેવી લાલચને વશ થઇ, કોઇ કોઇ ઉલ્માઓ જરૂર બાતીન્યા કીલ્લામાં ગયા હશે અને લાલચમાં લપટાઇ પોતાના દીનો ઇમાન વેચનારા બન્યા હશે.

આ ઘાતકી ફીદાઇઓના હાથે માત્ર ઇસલામી સુલતાનો, વઝીરો તથા ઉલ્માઓજ કતલ થવા પામ્યા નથી, પણ પરધર્મના તેવાજ લોકો પણ છરીની ઘાટે ઉતરવા પામ્યા હતા. રાજદ્વારી કારણે ખ્રીસ્તીઓના ઉમરાવો ફીદાઇઓના ખંજરો ભોંકાયા હતાં. આ ઉપરાંત

બીજા ધર્મવાળાઓ સાથે પણ ખુંખાર ફીદાઇ ખંજરોએ પોતાનાં પાણી જરૂર દેખાડયાં હશે. વળી આવી રીતે ફીદાઇઓ માત્ર રાજદ્વારી શત્રુઓનેજ ઠાર કરતા હતા એટલુંજ નહિ પણમોટા મોટા અમીર ઉમરાવોની મોટી મોટી લાંચ રૂશવતો લઇ, તેઓ ભાડુતી ખુનો પણ કરી આપતા હતા અને તેના બદલામાં લાખો કરોડો રૂપીઆ તેઓ મેળવતા હતા. ખ્રીસ્તી બાદશાહ કાઉન્ટ શામ્પેન જ્યારે વિદાય થવાની રજા લેવા માટે સીનાન પાસે ગયો ત્યારે સીનાને પોતાના મેહમાનને કહ્યું કે "જો આપનો કોઇ દુશમન હોય તો બતાવો, કે જેને મારા ફીદાઇઓ ઘણીજ ઉતાવળથી કતલ કરી નાંખશે" આવી રીતે કરોડોની લાંચ રૂશવતો લઇ ફીદાઇઓદ્વારા સરદારો ભાડુતી ખુનો કરાવી આપતા હતા. ફ્રાન્સનો રાજા ફીલીપ જે ઇંગ્લાંડના રાજા શુરવીર રીચર્ડનો શત્રુ હતો તે જ્યારે કનરાડને પોતાની જગોએ રાખી ફ્રાન્સ ગયો ત્યારે થોડા દીવસમાંજ એક દીવસે તાએરના બજારમાં એક ફીદાઇએ તેને ખંજર ભોંકી ઠાર કર્યો. સઘળા પ્રખ્યાત ઇતિહાસ કારોનું કહેવું છે કે આ ખુન ઇંગ્લાંડના રાજા રીચર્ડે ખાનગી ખટપટ કરી કરાવ્યું હતું; જો કે અંગ્રેજી તવારીખનવીશો પોતાના રાજાનું કલંક દુર કરવા ઘણી કોશીશ કરે છે; પરંતુ આ બાબતની શામના મુસલમાનો અને અરબી ઇતિહાસકારોને બરોબર ખબર હતી. તેઓએ લખ્યું છે કે ઇસમાઇલીઓના સરદાર સીનાન સાથે સંબંધ જોડી રીચર્ડે કનરાડને કતલ કરાવ્યો છે. આ કાવત્રાંનો એ કરતાં વધુ પુરાવા શો જોઇએ કે, ઇસમાઇલીઓ પોતે પણ આ વાતને માન્ય રાખી કહેતા હતા કે, રીચર્ડે પોતે અમોને આ કામ માટે નીમ્યા હતા. યુરોપનો એક પ્રખ્યાત રાજકર્તા ફ્રેડરીક બારબરૂસા જ્યારે ગીલાન શહેરનો ઘેરો ઘાલી બેઠો હતો, તે યુરોપના મધ્ય

ભાગમાં એક ફીદાઇથી માર્યો ગયો અને છેવટ સુધી પત્તો ન લાગ્યો કે, આ ફીદાઇ શામથી આવ્યો હતો કે સ્પેનથી અથવા શામવાળાની લાંચ ખાઇ તેમણે તે કામ કર્યું હતું કે બગદાદવાળાની.

જ્યારે ભાડુતી ખુનો કરાવી આપવાની કુંપની આવા જોર શોર હથીઆરો લઇ ઓફીસ જમાવી બેઠી હશે ત્યારે તેની પાસે કેવા કેવા ગબ્બર ગ્રાહકો આવતાં હશે તેનું અનુમાન રીચર્ડ-ના બનાવથી બરાબર થઇ શકે છે. રાજા મહારાજાનું ખુન કરાવી નાંખવાથી અબજો તથા શંકુ રૂપીઆના લાભો થતા હશે. આવા બનાવો કાંઈક વધુ તો જરૂર બનતા હશે. શત્રુને કોઇ પણ જોખમે ઠાર કરવો એ એવી બાબત છે કે જેને આધિન ભાગ્યેજ કોઇ ન થવા પામે. ઘણી ઘણી મોટી મોટી રકમના ઓરડરો મળ્યા હશે અને તે સપલાઇ કરવામાં આવ્યા હશે અને હેરત પમાડનારો કારૂ-નનો ખજાનો કે કુબેરનો ભંડાર એકઠો કરવામાં આવ્યો હશે.

કૃત્રીમ સ્વર્ગનું જે કંઈ વર્ણન આપવામાં આવ્યું છે તેને કાંઇક ચીતાર શરરે "ફીરદોસે બરી" નામક ગ્રંથમાં ચીત્રી બતાવ્યો છે તેના ઉપર પણ જો સંતોષ પામવામાં આવે તો, તે કૃત્રીમ સ્વર્ગ તેના સઘળા સરંજામ સાથે કેટલા અબજ રૂપીઆના ખર્ચથી તૈયાર થયો હશે, તેનું અનુમાન ખેંચી શકાય છે. હવે તે તૈયાર કરવામાં તેને આબાદ સ્થિતિમાં ટકાવી રાખવામાં, તે હુરો ગીલમાન તથા કાર્યવાહકોને કાર્ય કરતા રાખવામાં, તેમજ કૃત્રીમ સ્વર્ગની બહાર જે હજારો લાખો પ્રકારના જોખમ ભર્યાં કાર્યો થતાં હશે તેમાં જે લખલુટ ખર્ચ થતું હશે, તે ક્યાંથી લાવવામાં આવ્યું હશે તે ઉપર પ્રમાણેની ભાડુતી કુંપનીના નફામાંથી, લુટફાટો કરાવી તથા તે મેળ-

વવાને માટે લઇ શકાય તેવા માર્ગો લેવાને કાંઇ પણ કચાશ નહિ રાખી હશે. આ બાબતના અનુમાનો ખેંચવા બેસીએ તો અમોને ધાસ્તી છે કે કોઇ અનુમાનોને નહિ પરખનાર અમારૂં ભેજું ખસી ગયાનું અનુમાન કરે.

એટલી વાત તો ઇતિહાસ પુરી પાડે છે કે બાકુતી ખુનોના બદલામાં રૂશવતો લેવામાં આવી. હાજીઓ તથા બીજા કાફલાઓ લૂટવામાં આવ્યા. રસ્તાઓ લુટયા અને લોકો ઉપર ભારે વિપતી ગુજારી હતી. લખ્યું છે કે મનુષ્યના દરેક તબકામાં અને ધર્મમાં કોઇ એવું ન હતું કે તે આ ધાતકી ફીદાઇઓની છરીથી બચી જવા પામ્યું હોય. છેક હીંદુસ્તાન સુધીનો કોઇ કોઇ ફીદાઇ હોવાનું જાણવામાં આવ્યું છે, કે જેણે બીજા ફીદાઇઓ કરતાં પોતાનું પાણી વધુ પ્રમાણમાં દેખાડી આપ્યું છે. ફીદાઇઓ માણસ મારીને ખાઇ જાય છે એવી બાબતને જે ગપવા તરીકે ગણવામાં આવે છે તે ખરેખર અફવા નહિ હોય, પણ ફીદાઇઓના કારસ્તાનોનું પરિણામજ હોય તો નવાઇ જેવું નથી.

ફીદાઇઓને લગતા વર્ણનો તથા તે ઉપરથી ઉપજતા વિચારો આપતાં હવે અમારે અટકવું જોઇએ, કેમકે તે એટલા તો વિશેષ પ્રમાણમાં છે, કે તેના ઉપરના અભિપ્રાયો આપવા માટે પુસ્તકોનાં પુસ્તકો ભરાઇ જાય, તેથી જે કાંઇ તે સંબંધે લખવામાં આવ્યું છે તે પર સંતોષ માનવો જોઇએ. જે કાંઇ હેવાલ તે સબંધે આપવામાં આવ્યો છે તેને અભ્યાસમાં લેનાર માટે નિર્ણાયક મત ઉપર આવવું તદ્દન સ્હેલ છે કે હસન સબ્બાહના ફીદાઇઓ ઉતપન્ન કરવાના તથા તે દ્વારા લેવાયલા કામ માટે કેવો અભિપ્રાય બાંધવો. અમો નથી

ધારી શકતા કે કોઇ પણ અમારા મતથી ઇલાહેદો મત જાહેર કરે મતલબકે હસન સબ્બાહ માટે, તે એક ખુંખાર એનારકીસ્ટ હતો તેમાં લેશમાત્ર શંકા રહેવા પામતી નથી.

જ્યારે હસન સબ્બાહ પરધર્મીઓ સાથે ઉપર જણાવ્યા પ્રકારનો હતો ત્યારે તેણે પોતાના હેતુને સાધવા માટે જે પ્રકારના ધર્મ મતો અખ્તેયાર કીધા હતા અને ગૃહણ કરાવ્યા હતા અને તેના જે વ્યવહારૂ પરિણામો આવ્યાં હતાં તે સમજી લેવાં કાંઇ મુશકેલ નથી. પ્રખ્યાત ઇતિહાસકારોની માન્યતા થઇ છે કે મુસલમાનો પોતાના સાચા મઝહબના શિક્ષણના પ્રતાપે જે દીની તથા દુનિયવી બાબતમાં ઉન્નતિએ પહોંચ્યા હતા, તે ઉન્નતિને હસન સબ્બાહના નાસ્તિક શિક્ષણે ઘણીજ ગબડાવી નાંખી અને મુસલમાનો જે પ્રકારની બળવાન સત્તા ધરાવતા હતા તે સત્તા તેવા શિક્ષણના કારણેજ નાશ થઇ. આ બાબત માટેનું કાંઇક વિસ્તારથી વર્ણન અમો આગળ આપી ગયા છીએ.

## કૃત્રીમ સ્વર્ગ.

જગતની ઉતપત્તીથી લઇ આજદીન સુધીમાં હજારો બલ્કે લાખો વિષય ભોગની તૃપ્તી મેળવવા માટે બનાવટી ધર્મ સ્થાપકો તથા તેના કાર્યવાહકો તરીકે રજુ થયા. ભોળા લોકોને ઉંધે માર્ગે ચડાવી દઇ તેમના તન મન ધનથી પોતાના વિષય ભોગની તૃપ્તીનો હેતુ પાર પાડનારા ઘણાઓ થવા પામ્યા. હજારો લોકો એનારકીસ્ટ કાર્યમાં નવા નવા ગુલ ખીલવનારા ઉભા થયા, પરંતુ તે સઘળામાં હસન બિન સબ્બાહે જે પ્રકારની કાર્યદક્ષતા દેખાડી, તેની હરીફાઇ કોઇ કરી શકે તેમ નથી. મતલબકે તેવા સઘળાઓમાં હસનનો નંબર પહેલા વહેલો છે. તેના આવા ચમત્કારિક ભેજાંની એક કરામત તેનું કૃત્રીમ સ્વર્ગ છે.

સર માર્કોપોલોના સફરનામાનો તરજુમો પંજાબની રીલીજીયસ બુક સોસાયટીએ છપાવેલો છે. સર માર્કોપોલો લખે છે કે ( હી. સ. ૬૪૮ મુતાબક ઇ. સ. ૧૨૫૦ ) "જ્યારે હું આર્મીનીયા તથા એરાક અરબની મુસાફરી કરતો આ શહેરમાં પહોંચ્યો કે, જ્યાં પ્રાચિન સમયનો એક મુલહેદ ત્યાં રહેતો હતો તેટલા ઉપરથી આ જગોનું નામ "મુલાહેદા" પડી ગયું હતું ( કીલ્લે અલમોતથી મુરાદ છે. ) આ પ્રદેશ બે પહાડોની વચ્ચોવચ્ચ આવેલો છે. તેટલા માટે તે જગોને બલદ–ઉલ–જબલ ( પહાડી દેશ ) અને ત્યાંના હાકીમને શેખ–ઉલ જબલ ( પહાડી ઘરડો પુરૂષ ) કહેતા હતા. તેનું નામ અલાઉદ્દીન હતું અને તે મુસલમાન ધર્મનો અનુયાયી હતો. તે એમ કહેતો હતો કે, મોહંમદે ( હજરત મોહંમદ સ૦ ) મને એક સ્વર્ગ આપવાનો વાયદો કર્યો હતો. ચુનાંચે તે પ્રમાણે મને સ્વર્ગ મળી ગયું છે અને આ પ્રદેશના મુસલમાનો તે મકાનને સ્વર્ગજ સમજતા હતા. તેણે બે પહાડોના ઉંચા ટેકરાઓની વચ્ચેની જમીનમાં એક ઘણોજ ખુબસુરત બાગ બનાવ્યો હતો. જેમાં ભિન્ન ભિન્ન પ્રકારનાં મેવાવાળાં વૃક્ષો તથા ફૂલો પ્રત્યેક સમયે મોજુદ રહેતા હતાં અને નળો મારફતે ઘરોમાં પાણી, દુધ, શરાબ તથા મધ પહોંચતું કરવામાં આવતું હતું. આ બાગમાં પ્રત્યેક સમયે ખુબસુરત, યુવાન, નાઝનીન સ્ત્રીઓ મોજુદ રહેતી હતી, કે જેણીઓ વિવિધ પ્રકારનાં વાજીંત્રો વગાડતી તથા નાચરંગ કરતી હતી અને પારકાને વશ કરી લેવામાં પોતાનો કોઇ હરીફ નહિ ધરાવતી હતી. આ બાગમાં માત્ર એજ લોકો આવતા હતા કે જેઓ હશીશ (ભાંગ) પીવાને વાંધો લેતા નહિ. આ બનાવટી બહીસ્તમાં જવાનો માત્ર એકજ રસ્તો હતો અને કીલ્લો તો એવો બળવાન હતો કે, સમગ્ર જગત પણ તેને જીતી શકે નહિ. અલાઉદ્દીનના દરબારમાં ૧૨ થી

૨૦ વર્ષ સુધીની વયના યુવાન તથા કદાવર છોકરાઓ દરેક સમયે મોજુદ રહેતા હતા. તે મુલહેદ તેમને સ્વર્ગનું વર્ણન સંભળાવતો કે જેનો તેમનાથી વાયદો કરવામાં આવ્યો હતો અને તે શીદાઈઓ તેનો સ્વીકાર કરી લેતા હતા. પછી તે બે ચાર યુવાનોને ભાંગ પીવડાવી સુવડાવી દેતો હતો અને ત્યાંથી ઉપાડી બનાવટી સ્વર્ગમાં લાવી મુકવામાં આવતા અને તેઓ જાગતા ત્યારે તેઓ પોતાને એક એવા આલીશાન મહેલમાં જોતા, કે જે અલાઉદીનની બેહસ્તની સમાન છે. પરી સમાન નાઝનીન અપશરાઓ તેની સાથે ખાનગી ભેદની વાતો કરતી, અને તેમને ખાત્રી થઇ જતી હતી કે, ખરેખર તેઓ સ્વર્ગમાંજ દાખલ છે. આ પદ્ધતિથી તેણે ભોળા પહાડી લોકોના દીલમાં ઠસાવી આપ્યું હતું કે તે પોતેજ નબી છે અને જ્યારે પણ તે પોતાના કોઇપણ માણસને કોઈપણ કામ માટે મોકલતો ત્યારે તે માણસ કીલ્લામાં અલાઉદ્દીનની રૂબરૂમાં રજુ થતો હતો. અલાઉદ્દીન તેને પુછતો કે કયાંથી આવ્યો ? તે જવાબ આપતો કે સ્વર્ગમાંથી અને તે સ્વર્ગ એવું છે કે જેવું હોવાનું હજરત મોહંમદે ( સ. ) જણાવ્યું છે. આ સાંભળી બીજા અનેક યુવાનોને સ્વર્ગમાં દાખલ થવાનો શોખ થઇ આવતો હતો. જ્યારે અલાઉદ્દીનને કોઇ મહાન હાકેમને કતલ કરાવવાની જરૂર પડતી ત્યારે તે, તે જવાનો પૈકી એકને હુકમ કરતો કે "તું જા ! અને ફલાણાને કતલ કર. કતલ કરીને આવતાં તને સ્વર્ગમાં પહોંચાડી આપવામાં આવશે." આવી આશા અને ઉમેદમાં તે સઘળી ધાસ્તીઓ સામે મુકાબલો કરતો હતો. તેના બીજા બે મુરીદો પણ હતા, જે ઇંદ્રજાળનો તમાશો દેખાડતા રહેતા હતા. એક દમીશ્કમાં અને બીજો કુર્દીસ્તાનમાં રહેતો હતો. હલાકુખાને ચડાઇ કરી અલાઉદ્દીનને કતલ કીધો અને કીલ્લા તથા બાગનો નાશ કીધો."

દાયરેતુલ મઆરેફનો કર્તા લખે છે કે "આ સ્વર્ગમાં તે સઘળી સામગ્રીઓ મોજુદ હતી કે, જે બુદ્ધિથી હોવાનું માની શકાય છે." શરર લખે છે કે "પોતાનું વચન સત્ય છે એવી ખાત્રી જનમાનોમાં ધર્મની સહાયતાથી ઉતપંન કરવામાં આવી હતી. મુરીદોને જે વાત કહેવામાં આવે તે વાતમાં લેશ માત્ર જુઠાણું નથી એમ તેઓને મનાવવાની જરૂર હતી. હસને આ કામમાં સાફલ્યતા મેળવવા માટે એક નવી અને વિચિત્ર યુક્તિ યોજી કાઢી હતી. આ યુક્તિ એવી તો વિચિત્ર હતી કે તેનો કોઇને આજ સુધી સ્વપ્ને પણ ખ્યાલ નહિ થયો હોય, તેમ તેની વિચિત્રતા માટે આજે પણ વાંચનારને આશ્ચર્ય ઉત્પંન થયા વિના રહે તેમ નથી. કીલ્લાની બાજુમાં :રમણીય અને સપાટ મેદાનમાં એક સ્વર્ગ બનાવવામાં આવ્યું હતું. આ સ્વર્ગમાં મનહર બાગો, રમણીય ફૂંઆરાઓ, સુંદર મેહલો, ઉંચા મીનારાઓ, ખુશનુમા દીવાનખાનાઓ અને વિચિત્ર ઝરૂખાઓ, લાખો કરોડો રૂપીઆ ખરચી બનાવવામાં આવ્યા હતા. મેહલોની ભવ્યતા, વેલોના માંડવાઓની મધુરતા, ખુશબો અને ભિન્ન ભિન્ન પ્રકારનાં ભોજનો તથા વસ્રો, મનુષ્યનાં અંતઃકરણને જાદુની પેઠે હરી લે તેવાં હતાં. ખુબસુરતમાં ખુબસુરત અને નાજુકમાં નાજુક યુવાન છોડીઓ જન્નતની હુરો જાહેર કરવાને મોટી સંખ્યામાં રાખવામાં આવી હતી. આ અપશરાઓની લાવણ્યતા, કોમળતા અને તેમના ખેંચાણ કારક અવયવો જોનારને ખાત્રી અપાવી શકતા હતાં કે, આ દુનિયા સિવાય બીજી દુનિઆ છે તથા આ પરીઓ જન્નતની હુરાંઓ છે. મુસલમાનોમાં જન્નતનું જે વર્ણન અને તેમાં જે જે આનંદમય વસ્તુઓની વાતો છે તેનું ભાન કરાવવા માટે તેની આબેહુબ નકલ કરવા કોશીશ કરવામાં આવી હતી, તથા જોનારને સેજ ખુદાઇ સ્વર્ગ હોવાનું ભાન

કરાવવા હસને પોતાની બુદ્ધિ વાપરી હતી. આ જન્નત પહાડોમાં ઘણે દુર સુધી ચાલી ગઇ હતી. તેમાં ઠેકઠેકાણેથી નદીઓ કાપી નહેરો લાવવામાં આવી હતી અને કોશીશ કરવામાં આવી હતી કે, જે માણસ તેની અંદર જાય તેને અનુક્રમે વધુને વધુ આનંદ ઉતપંન થતો જાય. જેવી રીતે કહેવામાં આવે છે કે, ફ્રીમેશન બનાવતી વખતે ભેદ ભરેલી યુક્તિથી મનુષ્યના અંતઃકરણ ઉપર બીક અને રોઆબનો મોટો અસર નાંખવામાં આવે છે અને દરેક રીતે તેને રોઆબમાં દાબી દેવામાં આવે છે તેવીજ રીતે અહીં પણ કોશીશ કરવામાં આવી હતી કે, દરેક આવનાર મુરીદના અંતઃકરણ ઉપર આનંદનો જેટલો નાંખી શકાય તેટલો અસર નાંખવામાં આવે અને તે આનંદને દુન્યવી આનંદ નહિ; પણ સ્વર્ગીય આનંદ સમજે. અહીંની હુરો અને ગીલમાનો તમામ કારકીર્દિને ગુપ્ત અને ભેદ ભરેલી રીતે કરતા હતા. આ સ્વર્ગમાં બહારથી જે વસ્તુઓ લાવવામાં આવતી હતી, તેને એવી યુક્તિ અને ગુપ્ત રીતે એકઠી કરવામાં આવતી હતી કે તેનો કોઇને વહેમ પણ ન આવવા પામે. આ સ્વર્ગ ખાસ ઇમાન લાવનારા લોકો માટે બનાવવામાં આવ્યું હતું અને તે ખાસ મુરીદોની શ્રદ્ધા પૂર્વક આસ્થાનું સ્થાન હતું."

ભાંગ કે જેને અરબીમાં "હશશ" કહે છે તે વસ્તુ તે સમયમાં પ્રસિદ્ધમાં નહિ આવેલી હતી. હસન પહેલોજ માણસ છે કે જેણે ઇરાનમાં આ બેહોશ કરી નાંખનારી વનસ્પતિની શોધ કીધી. આ ભાંગથી તેણે એક એવું વિચિત્ર કામ લીધું કે, તેવું કામ કોઇએ આજ સુધીમાં નહિ લીધું હોય. તેમ લેશે પણ નહિ. રૂપાળા, તંદુરસ્ત, અને કદાવર પુરૂષો, કે જેઓ ભોળા અને જલદીથી ઇમાન

લાવી શકે તેવા હોય, તેવાઓને રૂદબાર અને તાલકાનમાંથી ચુંટી પસંદ કરવામાં આવતા હતા. આ ઉમેદવારો થોડી મુદત્ત ઉમેદવારી કરતા અને જ્યારે તેમના વિષે ખાત્રી થઇ જાય ત્યારે તેમને હસનના દરબારમાં પ્રવેશ થવાનું માન મળતું. હસન તેને ભાંગનો એક પ્યાલો પીવડાવી બેહોશ કરી નાંખતો. ભાંગ પીનાર પોતે ભાંગ તથા :તેની વાસથી બીલકુલ અજાણ હોવાથી તેને આ કેફી વસતુ છે એમ જણાતું નહિ. બેશુદ્ધ થયા બાદ તેને તૈયાર રાખેલા ઉંટના વાહનો માર્ગે સ્વર્ગમાં પહોંચાડી દેવામાં આવતા. સ્વર્ગમાં તેઓ અપશરાઓના ખોળામાં પોતાની આંખો ઉઘાડતા અને પોતાની અજાયબી વચ્ચે પોતાને એક એવી મનોહર જગોપર જોતા કે જેની મનહરતા તેમના વહેમ કે ખ્યાલમાં પણ કદી સમાઇ શકે નહિ. બાગોની ઠંડી અને સુવાસિત લેહરો, સુંદર કદી પણ નહિ જોએલા મેહલો, ખળખળતા પોકારો મારતી વહેતી પાણીની નેહરો, રત્ન જડીત પોશાકો, અને સ્વાદિષ્ટ વાનીઓની તેઓ મજા લૂટતા. હુરાંઓ નાજુક નખરા અને ઇશારાઓથી તેમનાં અંતઃકરણ હરી લેતી. નારંગી રંગનાં શરાબો, શરાબે તોહુરના નામથી તેમના હાથમાં આપવામાં આવતા. આ સઘળા વૈભવો તેમની દુન્યવી યાદ ભુલાવી દેતા. તેમને હજુ દુન્યામાં જવાનું છે તેમ સમજી હુરાંઓ તેમનાં અંતઃકરણો જીતી લેવા અનેક યુક્તિઓ કરતી હતી. ૭ સાત કે તેથી વત્તા ઓછા દીવસોમાં જ્યારે તેઓ પોતાના દુન્યવી દુઃખોને બીલકુલ વીસરી જવા પામતા અને તે સ્વર્ગની આકર્ષક અને વફાદાર હુરાઓનો પ્રેમ તેમના અંતઃકરણમાં સંપૂર્ણ રીતે પેશી જવા પામતો અને તે હુરાંઓ તેમની સાથે અવિચળ રહેવાનાં વચનો આપી ફીદા બનાવી દેતી અને જ્યારે તે હુરાને માટે પોતાનો પ્રાણ અર્પણ કરવાને જરાપણ આંચકી ખાય નહિ તેવો

વિલાસી થઇ જતો ત્યારે તેજ હુરો તેને ભાંગનો એક પ્યાલો પીવડાવી બેશુદ્ધ કરી નાંખતી અને તેની બેશુદ્ધ સ્થિતિમાં મુકરર કરેલા વાહનો અને માર્ગો વાટે તેને હૈસનના દરબારમાં લાવી મુકતા. અહીં તેની આંખો ઉઘડતી અને તેઓ જોતા કે, અમો શેખના ચર્ણ પાસે છીએ. આ વખતે તેમનું મન પોતાના ગએલા આનંદ તથા હુરોના મીલાપ માટે કેવું આકુળ વ્યાકુળ થતું હશે તેનું ખરૂં ચિત્ર તેવાજ પુરૂષના અંતઃકરણમાં કોતરાઇ શકે છે ( આ બાબતનું આબેહુબ લખાણ "ફીરદોસે બરીં" નામક ગ્રંથમાં ઘણાજ રસીક ધોરણે આપવામાં આવ્યું છે. ) શેખ પાસે તેઓ સ્વર્ગમાં જવાની માગણીઓ કરતા હતા. આવા ફીદાઇ પાસેથી ઘાતકી કામો લેવામાં આવતાં હતાં."

"દરેક માણસે કબુલ કરવું પડશે કે, આવી રીતે સ્વર્ગમાંથી આવનારના દીલપર જન્નતનો સંપૂર્ણ અસર થઇ જતો હોવો જોઇએ. હુરો સાથેનો સમાગમ અને પ્રીતિનો ચીતાર તેમની આંખો સામે ખડો થતો હોવો જોઇએ. સ્વર્ગની હુરાંઓએ તેમનાં અંતઃકરણો જીતી લેવા માટે તથા તેમને ફરીથી દુન્યામાં જવાનું છે અને ત્યાં ઘાતકી કામો કરવાનાં છે તેથી તેમને મજબુત બનાવવામાં જરા પણ ખામી રાખી હશે નહિ. તે સ્વર્ગમાં ગયો હશે ત્યારે તેની રાહ જોવાને એવો તો અસરકારક સીન દેખાડયો હશે કે, જે તેમને દુન્યામાં હમેશાં વિલાપ કરાવતો હશે. જે માણસ આવો પ્રેમ અને આવો વૈભવ જોઇ આવતો હશે તેને ત્યાં ફરી જવાની કેટલી ઇચ્છાઓ બેચેન કરી નાંચતી હશે ! તે સમજતો હશે કે યાતો શેખની સહાયતાથી ત્યાં પહોચી શકીશ અથવાતો મૃત્યુ પછી ત્યાં જઈ મળીશ. આવો માણસ દુન્યામાં જે ન કરે તે થોડુંજ ગણી શકાય. પરિણામ એ

આવતું કે, દરેક વખતે પોતાનો પ્રાણ અર્પણ કરવાને તે તૈયાર રહેતો હતો. તેને બીજા કોઇનો પ્રાણ લેવાનો ઓરડર થતાં તે પોતાના પ્રાણની પણ દરકાર કરતો નહિ; કેમકે પ્રાણ જવાથી સ્વર્ગની હુરો મળવાની તેને પાકી ખાત્રી હોય છે."

વેનીસ શહેરના રહેવાશી સર માર્કોપોલોએ રચેલા "પૂર્વ તરફના દેશો અને ચમત્કારો" નામના ગ્રંથનું ફ્રાન્સીસ કર્નલ સર હેનરી યુલ આર. ઇ. સી. બી. કે. સી. એસ. આઇ. એ કરેલું અંગ્રેજી ભાષાન્તર, કે જેમાં હેનરી કોર્ડારે પારીસમાં થોડા વખત અગાઉ કરેલી શોધને અનુસરી કરેલા ફેરફારવાળા પુસ્તકને લંડનવાસી જોહન મુરે ઇ. સ. ૧૯૦૩ માં બે ભાગમાં છપાવ્યું છે તેમાં સર માર્કોપોલોએ ઉપરના સ્વર્ગનું જે વર્ણન આપ્યુ છે તે ઉપરાંત તેમાં લખ્યું છે કે:—

"ડી. સાસીએ એ પ્રમાણે સાબીત કીધું હોય એમ દેખાય છે કે એક જાતનો રોપો જેને "હશીશ" કહે છે તે તેઓ વાપરતા હતા. તે ઉપરથી તેઓ "હશીશીન" કહેવાય છે. તેઓની મારી નાંખવાની અને જુલમ કરવાની રીત ઉપરથી "એસેસીન" એટલે ખુન કરનાર એ નામ હાલના વખતમાં વપરાય છે."

તેજ પુસ્તકના પ્રકરણ ૨૪ મા લખ્યું છે કે "આ ઘરડો પુરૂષ પોતાના ચેલાઓને એમ કેળવતો કે જ્યારે તેઓ જાગતા ત્યારે તેઓ પોતાને એવી ખુસનુમા જગ્યામાં જોતા કે, તેઓ ધારતા કે, ખરેખર તેઓ જન્નતમાં છે અને પછી તે હુરો તથા અપશરાઓ તેઓનો જીવ ભરાય એવી રીતનો તેઓ સાથે પ્યાર કરતી. જુવાન

પુરૂષ જે કાંઇ માગે તે તેઓના માટે ત્યાં હતું. તેઓ પોતાની મરજીથી તે જગ્યા કદી પણ છોડતે નહિ એવી હતી. હવે આ શાહજાદો જેને આપણે ઘરડો પુરૂષ કહીએ છીએ તે પોતાનો દરબાર દબદબા ભરેલી અને ઉંચી રીતે રાખતો હતો અને ભોળા લોકો જેઓ તેની આસપાસ રહેતા તેઓને એમ મનાવતો કે હું મોટો નબી છું. જ્યારે પોતાના એસેસીનમાંથી કોઇને કાંઇ કામે મોકલવા ચાહતો ત્યારે ઉપર કહ્યા પ્રમાણે તેને પીવાનું આપતો પછી તેને પોતાના મહેલમાં લઇ જવા હુકમ કરતો અને પછી જ્યારે તે જુવાન પુરૂષ ઉઠતો ત્યારે તે બગીચામાં નહિ, પણ તે કીલ્લામાં પોતાને જોતો. જે જોઇ તે નાખુશ થતો. પછી તેને તે ઘરડા પુરૂષની હજુરમાં લઇ જતા અને પોતે જાણે એક નબીની હજુરમાં હોય તેમ ઘણાજ માન સાથ ઝુકીને સલામ કરતો. પછી તે ઘરડો પુરૂષ તેને પુછતો કે તું ક્યાંથી આવ્યો? તે કહેતો કે હું જન્નતમાંથી આવ્યો છું તે જન્નત જેવી હજરત મહંમદ નબીએ પોતાના કાયદાની બુકમાં લખી તેવીજ હતી. તેથી જે લોકો તે વખત આસપાસ ઉભેલા હોય, ને જેમને દાખલ કરવામાં નહિ આવ્યા હોય તેઓને તેમાં દાખલ થવાની ઘણીજ ખાહેશ થતી."

"પછી તે ઘરડા પુરૂષને જ્યારે કોઇને મરાવી નાંખવો હોય ત્યારે તેવા એક યુવાનને કહેતો કે ફલાણા ફલાણાને જઇ મારી નાંખ ને જ્યારે તું પાછો આવશે ત્યારે મારા ફીરસ્તાને હું કહીશ તો તે તને જન્નતમાં લઇ જશે. આ પ્રમાણે તેમને મનાવતો અને તેઓને પછી તે જન્નતમાં જવાની એવી મોટી ખાહેશ રહેતી કે, ગમે તેવો હુકમ તે કરવા સારૂ પોતાની જાન જોખમમાં નાંખવા અચકાતા નહિ."

ઉપર પ્રમાણે કૃત્રીમ સ્વર્ગ બનાવ્યાનું અનેક મોતેબર પુસ્તકોમાં લખાયું છે. મતલબકે હસન સબ્બાહે ફીદાઇઓને ફીદાઇપણાની કેળવણીમાં કેળવવા માટે કૃત્રીમ સ્વર્ગ બનાવ્યું હતું.

જે માણસ હસન સબ્બા વિષે માત્ર ઉપલક વિચાર કરે તેને કદાચ આ કૃત્રીમ સ્વર્ગનો હેવાલ અરબીઅન નાઇટસ જેવો ભાસે; પરંતુ હસન સબ્બાના વિલક્ષણુ ભેજાં વિષે તેમજ તેણે એકંદર કરી બતાવેલા કાર્યોપર પુખ્તપણે વિચાર કરે તો બધા ઇતિહાસોના હેવાલો સાથે તે એકમત થાય તેમાં કાંઇ સંદેહ નથી. હસને બનાવેલી સ્વર્ગ કાંઇ અશક્ય વસ્તુ નહિ હતી. તે શકય હતી અને કરનારે કરી બતાવી હતી. ચાલુ સમયમાં કે જ્યારે સાધનોનું 'ઓહોળુ' ક્ષેત્ર છે તેવા સમયમાં તો હસને બનાવેલી સ્વર્ગ કરતાં અનેક ગણી વિશેષ ખુબીભરી સ્વર્ગ બની શકે તેમ છે. આજકાલના મહાન કુશળ એન્જીનીયરો કેવા હેરત ભર્યા પ્રોગ્રામો ઘડે છે અને તેનાપર વ્યવહારૂ અમલ કરી બતાવે છે. સેંકડો માઇલની ખુશકી કાપી નાંખી મોટા મોટા સમુદ્રો મેળવી આપે છે. તેટલીજ પાણીની નહેર માગોડાંથી પુરી આપી બે દેશોને મેળવી આપે છે. ટેમ્સ બ્રીજ ન્યુ યોર્ક તથા પારીસ શહેરના અદભૂત બાંધકામો તથા ખુબીદાર વર્ણુનોથી હવે કોણ અજાણ્યું છે. હસને જે સ્વર્ગ બનાવેલું તેમાં એવી તે કઇ વસ્તુ હતી કે જે અશકય હતી. જ્યારે કોઇ વસ્તુ અશકય નહિ હતી ત્યારે તે નજ બની શકે તેમ કેમ અનુમાન કરી શકાય ? હા, અલબત્તા દરેક બાબત જોનાર તથા વિચારનારને નવાઇ ભરી લાગે તેવી હતી. આમ લાગવાનું કારણુ માત્ર એટલુંજ હતું કે તેવી વસ્તુ બીજે કોઇ ઠેકાણે તેણે જોઇ નથી અને કોઇ માણુસે તેટલી હદ સુધી તેવો પ્રયાસ કરેલો નથી. આ કૃત્રીમ સ્વર્ગનો બનાવ હસનની અગાઢ તર્ક શક્તિ, હિમ્મત, ચતુરાઇ, કાર્ય કરવાની આવડત વીગેરે પુરવાર કરે છે અને તે માટે તેના જેટલાં વખાણુ કરીએ તેટલાં થોડાં છે.

એક કામ કેટલી હદ સુધી થઇ શકે છે તેનું માપ કરવાને જેટલા તર્ક વિતર્ક કરવા પડે છે તે કરતાં અનેક ગણું તે કામ કરી દેખાડવું મુશકેલ છે. જો હસન સબ્બાહ માત્ર કૃત્રીમ સ્વર્ગ બનાવવામાં ફાવી જવાય તેટલુંજ જણાવતે, તો પણ અમો તેના હિમ્મતભર્યા વિચારને માટે આફરીનના ઉદગારો કાઢતો; પરંતુ હવે તો જ્યારે તેણે તે કરી દેખાડી આપ્યું છે ત્યારે તો તે જબરદસ્તીથી પણ પોતા માટે આફરીનનો મેડલ અમારી પાસેથી મેળવી જાય છે. આ બનાવટી સ્વર્ગ ખ્વાજા નિઝામ-ઉલ-મુલ્કની હસન સબ્બા માટેની એ ભવિષ્ય વાણીને પુરવાર કરે છે કે " હસન થોડાજ સમયમાં ભોળા અને અંધશ્રદ્ધાવાળા લોકોને બેહકાવી બહુજ ખરાબ કરી નાંખશે. " આ ભવિષ્યવાણી કેટલી છેવટની હદ સુધી ખરી પડી છે તેનો તોલ હસન સબ્બાના એકંદર કાર્યપર દ્રષ્ટિ નાંખનારને બરાબર જણાઇ આવશે. ભોળા તથા અંધ શ્રદ્ધાવાળા વર્ગથી કામ લેવા માટેની આ યોજના એટલીતો રામબાણ હતી તથા રામબાણ નીવડી હતી કે, જેના વિષે વિરૂદ્ધ મત હોયજ નહિ.

એક કામ થઇ શકે અને એક કામ કરી બતાવ્યું તેમાં જમીન આસમાનનો તફાવત છે. ધણા ધણા લોકો મોટા મોટા ઇરાદાઓ કરી મોટી મોટી આશા રાખી કામો શરૂ કરી આપે છે; પરંતુ જ્યારે તે કામો શરૂ થાય છે ત્યારે ધારવા બહારની મુશકેલીઓ આવી નડતાં તેમના હાંજા ગગડી જાય છે, અને તેમની હિમ્મત તથા આશાઓ પડી ભાગે છે. સેંકડે પાંચ ટકાજ ધારેલા સ્થળે જઇ શકે છે જ્યારે બાકીનો વર્ગ દસ્તે અફસોસ મસળતો, સમયને વગોવતો રહી જાય છે. હસન સબ્બાહે જે યોજના કૃત્રીમ સ્વર્ગની ધડી કાઢી

હતી તે અમલમાં મુકી સાબીત કરી બતાવવી એ કાંઇ બચ્ચાંનો ખેલ નહિ હતો બલ્કે પોતાની બધી શક્તિઓનો ખુરદો કરી નાંખનારો મામલો હતો. તે પ્રોગ્રામ પ્રમાણે અમલ કરવામાં કેટલી બધી બુદ્ધિ, ચતુરાઇ, હિમ્મત, દ્રઢતા તથા જાત મેહનતની જરૂર પડી હશે અને તે સઘળી બાબતો જ્યારે તે તડામાર અમલમાં મુકતો હશે ત્યારે તેના આપણે કેવાં થોકે થોક વખાણ કરવાં જોઇએ તેના ઘટતા શબ્દો શોધી કાઢવા એ મનુષ્ય શક્તિ બહારની વાત છે.

આ કૃત્રીમ સ્વર્ગની યોજના પ્રમાણે અમલ કરવામાં તેને હજારો મદદગારોની જરૂર પડી હશે અને તે મદદગારોથી તેણે સંપૂર્ણ રીતે કામ લીધું હશે. હવે જો તે મદદગારો કૃત્રીમ સ્વર્ગના હેતુ વિષે જાણીતા થઇ જાય તો, તેનો ફજેતો થઇ જવા સંભવ હતો તેથી તેણે સહાયકોને માત્ર ઇસમાઇલી જાહોજલાલી દેખાડવાનું કારણ જણાવ્યું હશે અને જે મદદગારોની મદદથી સ્વર્ગ તૈયાર કરવામાં આવ્યું હશે તે મદદગારો વટીકથી મુળ હેતુ અસાધારણ રીતે છુપાવી રાખ્યો હશે અને તેમને એવોજ કોઇ ભળતો હેતુ જણાવ્યો હશે કે જે માની લેવા જેવો તેમને લાગ્યો હશે અને સહાયકોને તે માનવામાં કાંઇ પણ શંકા વટીકે ઉતપંન નહિ થવા પામી હોય.

વળી સહાયકોમાંના કોઇ કોઇ કાંઇ જાણી પણ જવા પામતા હોય તો કહી શકાય નહિ; પરંતુ તેઓને રાજદારી રીતે એવી રીતે મોહજાળ તથા ધારતીના સાંણસામાં જકડેલા હોવા જોઇએ કે, તેઓ

માલેકની મરજી વિરૂદ્ધ એક ડગલું પણ સંચરવા પામે નહિ. અને જો સંચરેતો પોતાના નાશ સિવાય બીજું કાંઇ પણ પરિણામ લાવવા પામે નહિ. એવા દાખલાઓ ઇતિહાસોમાં ઘણા મળી આવે છે કે લોકોને પોતાની કાંઇ પણ ઇચ્છા નહિ; બલ્કે ભારે અણગમો છતાં અમુક અમુક ભારે ગુનાહોનાં કામો કરવાં પડયાં છે. દીલ તેને કહેતું હોય છે કે આ કામ મહાન ગુનાહનું છે તે ન કર, સ્થિતિ તેને મજબુર કરી રહી હોય છે કે કરવુંજ જોઇએ. તો આવા અનેક બનાવો જેમ દરેક મોટા રાજદ્વારી બળ આગળ થવા પામે છે તેમ અહીં પણ થવા પામ્યા હોય. જેઓ ફીરદોસે ખરીને બહુજ વિચાર પુર્વક વાંચનારા હશે તે આવી બાબતને બહુજ સ્હેલાઇથી સમજી શકતા હશે.

સ્વર્ગનો ફોટો તો મહાન કીતાબ કુરાને મજીદમાં ખેંચી બતાવ્યો હતો તેનાપર દ્રષ્ટિ બીંદુ રાખી, હેતુ પાર પાડી શકાય તેટલી હદ સુધીનું પ્લાન એસ્ટીમેટ કરવામાં ઉચ્ચકોટિની ઇમારતોના નકશા તૈયાર કરવામાં, દરેક વસ્તુની ગોઠવણી કરવામાં, ઇમારતી વસ્તુઓથી પસંદગી કરવામાં, તેને ઉત્તમ પ્રકારે કારીગીરિથી તૈયાર કરવામાં, સારામાં સારા કડીઆ, સુતાર, લુહાર, માળી વીગેરે વીગેરે મેળવવામાં તેમને કેળવવામાં, તેમનાપર પ્રોગ્રામ પ્રમાણે કામ કરાવવાની દેખરેખ રાખવામાં, જુદા જુદા કામો માટે જુદા જુદા સુપરવાઇઝરો તથા મુકાદમો પસંદ કરવામાં, તેમના કામ ઉપર દેખરેખ તથા તકેદારી રાખવામાં, કોઈ પણ છુપો હેતુ પામી ન જાય તે માટે તથા બીજી અગણીત બાબતો જે આ કામ સાથે નિસ્બત ધરાવે, તે સઘળા માટે હસને પોતાના ભેજાને જે પ્રકારે કસ્યું હશે તેનો અંદાજ ખેંચવો એ પણ મનુષ્ય શક્તિની બહારનું કામ છે.

સ્વર્ગમાં હીરા માણેક આદિ ઝવેરાતો, ચાંદી સોનાનો જથો, અંબર કસ્તુરી તથા ખુશબોદાર વસ્તુઓનો ગંજ, શરાબ, દુધ, મધ તથા પાણીની વહેતી નેહરો માટે તે વસ્તુઓનો ભંડાર, ઉચા પ્રકારના ખાણા માટેની વાનીઓ, કુશળ રસોયા, વીગેરે વીગેરે મુળ જન્નત તરફ દ્રષ્ટિ નાંખતાં આ સ્થુળ ચક્ષુઓથી નિરખી શકાય તેટલી બધી સામગ્રીઓ એકઠી કરવામાં હસને શું શું વેશો ભજવ્યા હશે તેનો અંદાજ ફરીસ્તાઓના મુખથી પણ તારીફના ઉદ્દગારો કઢાવે તેમ છે. તેવી સઘળી સ્થુળ જણસો મેળવવા માટે કેવી કેવી ચાલબાજીઓ તથા છેતરપંડીઓ તથા જુલ્માટો કરવામાં આવ્યા હશે તેના મોહ અનુમાનની દ્રષ્ટિ દુર સુધી જઇ પહોંચે છે. આટલી જણસો જ્યારે પ્રજાઓ પાસેથી નીકળી જવા પામી હશે ત્યારે દેશની સ્થિતિમાં કેવો અસાધારણ ફેરફાર થયો હશે અને લોકો કેવી જાતની સ્થિતિમાં મુકાયા હશે તેનાં અનુમાનો કેમ કરવાં તેની સુઝ પડે તેમ નથી.

જ્યાં આ વસ્તુઓનો સ્ટોર એકઠો કરવામાં આવ્યો હશે અને જ્યાંથી તેની વહેંચણી કરવામાં આવી હશે, તેના ડાયરેક્ટર જનરલની યોગ્યતાનો વિચાર કરો. કોઇ પણ વસ્તુ એવી દાખલ નહિ કરવામાં આવતી હોય કે જેમાં એવા પ્રકારની ખામી ભોળા તથા અંધ શ્રદ્ધાવાળા લોકો જોઇ જાય કે જેથી તેમના દીલમાં તે સ્વર્ગની ન હોય તેવો વહેમ આવે તે માટે કેવી કાળજી રાખવામાં આવતી હશે! બનવા જોગ છે કે સોના ચાંદી માટે કીમીઆથી કામ લેવામાં આવ્યું હોય અને તેમ કરી સોના તથા ચાંદીની દીવાલોની ઇમારતો ચણવામાં સરળતા કરી લેવામાં આવી હોય. પ્રથમના જમાનામાં

શદ્દાદે જે સ્વર્ગ તૈયાર કર્યું હતું તે તો માત્ર પોતાના એકલા માટેજ કરવામાં આવ્યું હતું; કે જેમાં તે પોતે દાખલ થવાને પણ ભાગ્યશાળી નહિ થવા પામ્યો હતો. જ્યારે આ સ્વર્ગ તો સેંકડો તથા હજારો ફીદાઇઓના શ્રદ્ધાનું મુખ્ય સ્થાન બન્યું હતું. તેની તૈયારીઓ તથા શોભા આગળ શદ્દાદની જન્નત જરૂર પાણી ભરતી હશે.

કુરાનમાં સ્વર્ગનું જે વર્ણન આપવામાં આવ્યું છે, તેનું અલૌકિકપણું સમજી લેવું એ મનુષ્ય શક્તિ બહારનું કામ છે; તથાપિ લોકો પોતાની સમજના અંદાજ ઉપર તેની સ્થિતિનો અંદાજ કરે છે તેજ ધોરણે આ કૃત્રીમ સ્વર્ગમાં આવનારને તેમની સમજ બુદ્ધિના અંદાજથી તે ખરેખરૂં સ્વર્ગ લાગવામાં કાંઇ પણ વિક્ષેપ નડતો નહિ હોવો જોઇએ. તે ભોળો તથા અંધ શ્રદ્ધાળુ તો હોય છે જ તેથી તેને કાંઇ પણ શંકા થઇ આવવી એ મુશકેલ વાત; હતી તથાપિ જ્યાં જ્યાં શંકાને સ્થાન હતું ત્યાં ત્યાં તેના નિવારણો ઘણી ખુબી સાથે ઉભાં રાખ્યા હતાં કે જેથી શંકા તુરતજ દુર થઇ જાય.

મહેલો, બાગો, નેહરો તથા ફરનીચરોની રચના ઉપરાંત જન્નતનાં હુરો ગીલમાન પણ અસાધારણ ધ્યાન ખેંચનારી બાબત છે. આર્થલ લા પ્રમાણે આવી યુવાન કુમારિકાઓ તથા છોકરાઓ મેળવવામાં આવ્યા હોય, તેના કરતાં તે માટેનો જે માર્ગ શરરે શીરદોસે બરીંમાં બતાવ્યો છે તે બહુજ ઠીક લાગે છે. જે કુમારિકાઓ તથા છોકરાઓને હુરો ગીલમાન તરીકે રાખવા માટે મેળવવા પડયા હશે તે બહુજ યુક્તિથી તેમના માબાપોથી છીનવી લેવામાં આવ્યા હશે માબાપો જાણતા હશે કે તેઓ મરી ગયા અથવા તો પરીઓ તેમને ઉપાડી ગઇ. હવે તે હુરો ગીલમાનથી તો મહાન કામ લેવાતું હતું

તેથી તેમને કોઇ પણ રીતે ગુંગળાવવાની જરૂર નહિ હતી; પણ ભાંગ પીવરાવી તેમને આ સ્થળમાં મોકલાવી આપી, તેમને ખાત્રી કરાવી આપવામાં આવી હશે કે તેમને તેમના દુન્યવી નેક કામના બદલામાં આ દરજ્જો આપવામાં આવ્યો છે, જેથી તેઓ પોતાને ખરેખર સ્વર્ગમાં રહેવાનું સમજતા હશે અથવા તો જેમ ઝમર્રૂદથી કામ લેવાયાનું શરરે શીરદોસે બરીંમાં જણાવ્યું છે તેમ કામ લવામાં આવ્યું હશે.

હુરો માટેની જે કુમારિકાઓની ભરતી કરવામાં આવી હશે તેને ખરેખર હુરજ તરીકે તૈયાર કરવામાં કેવા પ્રકારે કેળવવામાં આવી હશે તેનાં અનુમાનો ક્યાં સુધી ખેંચે જવાં તેની કાંઇ સુઝ પડતી નથી. તેણીઓને કે જેમાં માત્ર હુર તરીકે તૈયાર થઇ શકવાની શક્તિ હશે તેની તે શક્તિઓને કેળવવા માટે કેવા પ્રકારે કામ લેવામાં આવ્યું હશે. તેણીને ગાયન, નૃત્ય, નાઝો નખરાં શીખવાડવામા હદ કુદાવનારો પ્રયાસ કરવામાં આવ્યો હશે આજકાલના નાટકના કુશળ એકટરોને તૈયાર કરવામાં જ્યારે લાખોના ખર્ચો થઇ જાય છે ત્યારે આ કૃત્રીમ સ્વર્ગની હુરાંઓ માટે તેણીને તૈયાર કરવામાં શી ખામીઓ રાખવામાં આવી હશે! વળી તેણીઓ કદી પણ ખુટવા ન પામે તે માટે કેવા પ્રકારની યોજનાઓ રખાઈ હશે અને કદાચ ખુટવા પામે તો તેનાપર કેવા પ્રકારની ચાંપતી દેખરેખ રાખવામાં આવતી હશે! વળી તે હુરાંઓ આગળ જે ફીદાઇને મોકલવામાં આવતો હશે તે શીદાઇને કેળવવામાં તેણીથી કેવા પ્રકારનું વર્તન ચલાવ્યું હશે. મોજમજાની બાબતોમાં તેણી શીદાઇ સાથે કેવી રીતે જોડાઇ, કેવી રીતે વર્તી હશે તેના માટે શરમ રજા નથી આપતી કે તેનાપર કાંઇ પણ વિવેચન કરી દેખાડવામાં આવે.

સ્વર્ગનું વર્ણન વાંચતાં વાંચક વર્ગને કદાચ એવો વિચાર થઇ આવે કે, એક માણસ આટલી બધી બાબતમાં ક્યાંથી ફાવી શકે ? પરંતુ જો તેઓ મોટી મોટી શહેનશાહતોના કારોબારનો વિચાર કરે તો તેમના મનનું તુરતજ સમાધાન થઇ જાય. જર્મન કૈઝર એકલો હતો, પણ તેને પોતાના કામ માટે કેવા તથા કેટલા પ્રમાણના હેન્ડો મળ્યા હતા. શહેનશાહ જ્યોર્જ એકલા છે પણ તેમના બોહળા રાજ્યનું તંત્ર ચલાવવા માટે કેવા કુશળ માણસો મળેલાં છે. તો તેજ ધોરણે હસન સબ્બાને પોતાના દરેક કાર્ય માટે બરના માણસો મળી ગયા હતા અને એ રીતે તેને પોતાના કામમાં ફળીભૂત થવાને સહાયતા મળી હતી.

ઉપર પ્રમાણેનું સ્વર્ગ તૈયાર કરવામાં તથા તેને ચાલુ રાખવામાં જે જે પ્રકારના જુલમો થયા હશે તેનું અનુમાન કરતાં શરીરનાં રૂવાંટાં ખડાં થઇ જાય છે અને તેવી એકંદર સ્થિતિ વચ્ચે તેમજ હસન સબ્બાના એકંદર વૃતાંત પ્રત્યે દ્રષ્ટિ નાખતાં તેના માટે કેવો અભિપ્રાય બાંધવો તે બહુજ સરળ થઇ પડે છે. તેના અંતિમ દગારા તથા ઘાતકી હોવાપર કોઇ પણ ઇતબાર ન લાવે એમ અમો માની શકતા નથી.

ફીદાઇને કૃત્રીમ સ્વર્ગમાં જાગૃત સ્થિતિમાં મોકલી આપવો તો પરવડે નહિ, કેમકે તે સમજી જાય કે આ સ્વર્ગ દુનિયામાંજ છે. આ માટે હસન સબ્બાહને બહુજ બળવાન સાધન ભાંગનું મળી ગયું હતું. ભાંગ જેને અરબીમાં હશીશ, ફારસીમાં બંગ, હીન્દીમાં ભંગ, સંસ્કૃતમાં ભંગા, અંગ્રેજીમાં હમ્પ કહે છે તે એક નાના લીલા

પાત્રાવાળો છોડ છે જેમાં નવાઇ જેવો નીશો રહેલો છે. આ દેશના સાધુ, ફકીરો તથા ગંજેડીઓ તેને ચીલમમાં નાંખી પીએ છે. ઉપરાંત તેનું સ્વાદિષ્ટ શરબત બનાવી પીવામાં આવે છે. ભાંગના થોડા પાત્રા જે ભાંગ વેચનાર ઇજારદારને ત્યાં વેચાતે મળે છે તેમાં બદામ, વરીયાળી, ખસખસ, ફીલફીલ વીગેરે વસ્તુઓ નાંખી કુંડીમાં ખુબ થોડું પાણી નાંખી ઘુંટવામાં આવે છે. જ્યારે ખુબ કુટાઇ એક રસ લુગદી જેવું થઇ જાય છે ત્યારે તેમાં પાણી તથા સાકર નાંખી ગાળી લેવામાં આવે છે. થોડો ગુલાબ તથા કેવડો પણ નાંખવામાં આવે છે. પછી તે શરબત પીએ છે તેથી મગજને તરાવત મળવા સાથે ઠંડો નીશો ચડે છે આંખ કદી ખુલે છે અને કદી બંધ થાય છે. શું થાય છે અને પોતે કયાં છે તેની તેને જરા પણ ખબર પડતી નથી. કાગા નીંદ્રા જેવી તેની હાલત રહે છે. આવા ભાંગના શરબત વિષેની પહેલવહેલી માહિતી હસન સબ્બાહે મેળવી અથવા તો તેનું શરબત બનાવવાનું તેનેજ સુઝી આવ્યું અને તે ધોરણે જે મુરીદ શીદાઇને સ્વર્ગમાં મોકલવો હોય તેને તેનો એક ગીલાસ તે પીવડાવતો. શીદાઇ તે શરબત પીતાંજ બેશુદ્ધ થઇ જતો. એટલે તેને ઉંટોના વાહનો માર્ગે સ્વર્ગ તરફ રવાના કરી આપવામાં આવતો. માર્ગમાં કોઇ કોઇ વખત તેની આંખો ખુલતી ત્યારે તે પોતાને કોઈ જુદેજ સ્થળે જોતો. અને છેવટે તે તૃત્રીય સ્વર્ગમાં હુરના ખોળામાં પોતાની આંખો ઉઘાડતો. અહીં તેને માલુમ પડતું કે મુરશદની મહેરબાનીએ તેને સ્વર્ગમાં પહોંચાડી આપ્યો છે. પાંચ સાત કે વત્તા ઓછા દહાડા તે પ્રથમ જણાવી ગયા તેમ હુર સાથે એશો આરામનો મજા ઉડાવતો તેનાથી જે પ્રકારના ખુનો કરાવવાના તે પ્રકારમાં તે જરા પણ પાછો હઠે નહિ માટે તેને હુરનો પુરો આશક, ઘડી પણ તેના વિના રહી

શકે નહિ તેવો અને જો તેને તેનાથી છુટો કરવામાં આવે અને પાછા મેળાપ માટે જે જોખમ ભર્યું કાર્ય સોંપવામાં આવે તે કરવામાં પોતાનો પ્રાણ લડાવી મારવામાં તે જરાએ પાછો હઠે નહિ. કેમકે તેને એવુંજ સમજાવી આપવામાં આવ્યું હોય છે અને ઠસી પણ ગયું હોય છે કે મૃત્યુ થતાંજ તેને જન્નત તથા માશુકા હુર મળી જાય તેમ છે. ભોળા તથા અંધ શ્રદ્ધાળુ વર્ગને આવી રીતે ભાંગ પીવડાવવામાં આવતી અને વિદ્વાન તથા ધર્મજ્ઞાન જાણનારને માટે આંટી ઘુંટીવાળી દીની બાબતો, કે જેનું કાંઇક દીગદર્શન ફીર બરીમાં હુસેનના હેવાલમાં શરરે લખ્યું છે તે ધોરણે કામ લેવામાં આવ્યું હતું. તેમાં દરેક જાહેરનું એક બાતીન છે. જાહેર જે જોવામાં આવે છે તે જુઠું તથા તેનું જે બાતીન છે તે સત્ય એમ મનાવવામાં આવે છે અને તેના દલીલ દાખલાથી શિષ્યનું મન મનાવવામાં આવે છે.

•

ભાંગ જેને અરબીમાં હશીશ કહેવામાં આવે છે. આ ઉપરથી હશીશ પીનારા " હશીશીન " તેવું નામ હસનના મુરીદોનું થવા પામ્યું. છેવટે હશીશીનનો અપભ્રંશ થઇ એસેસીન શબ્દ થયો. એસેસીન એટલે ખુની. આ એસેસીન શબ્દ યુરોપની લગભગ સઘળી ભાષામાં દાખલ થઇ ગયો. હીસ્ટ્રી ઓફ ધી એસેસીન્સ યાને ખુનીઓનો ઇતિહાસ નામક પુસ્તકમાં ઘણા ખુનીઓના વૃતાન્તો લખવામાં આવ્યાં છે તેમાં આપણા નાયક હસનબિન સબ્બાહને પણ યાદ કરવામાં આવ્યો છે. ધી એસેસીન્સ નામે એક અંગ્રેજી ભાષામાં નોવેલ છે કે જે ફીરદોસે બરીને ઘણે ભાગે મળતું છે જેમાં ગીલાનના બાતીન્યા સરદાર સીનાને ફીદાઇઓ દ્વારા સુલતાન સલાદીન ઉપર જે ખુની

હુમલાઓ કર્યા હતા તેનું વર્ણન છે. મતલબકે સઘળા ઇતિહાસોમાં હસન સબ્બાને ખુની તરીકે યાદ કરવામાં આવ્યો છે અને તેની ઓલાદને ખુનીઓની ઓલાદ ગણી છે.

હસન સબ્બાને ઉપર પ્રમાણે કૃત્રીમ સ્વર્ગ બનાવી તે દ્વારા ફીદાઇઓની ટોળકી ઉભી કરનારો અને તે ટોળકી દ્વારા મોટા માણસોના ખુનો કરનારો ગણવામાં કોઇ તવારીખ નવીશે ઇનકાર કર્યો નથી. ઉપરાંત તેના ધાર્મિક આચાર વિચારને મુલહીદ યાને બેદીન નાસ્તિક ગણી તેને ધર્મનો કટ્ટો શત્રુ માન્યો છે મતલબ કે તેના આચાર વિચારે તેને ચારે તરફથી અસાધારણ ધિક્કાર અપાવ્યો છે. આવી એકંદર સ્થિતિ વચ્ચે વાંચક વર્ગે તેના માટે કેવો અભિપ્રાય બાંધવો જોઇએ તે તદ્દન સહેલું છે.

## બાતીન્યા મીશન પદ્ધતિ.

જગતમાં જુદા જુદા ધર્મના સ્થાપકોએ, પોતાના ધર્મના પ્રચાર માટેની જે મીશન પદ્ધતિઓ યોજી કાઢી છે, તેમાં બાતીન્યા મીશન પદ્ધતિ એક ખાસ દરજ્જો ધરાવે છે. જેમ તેણે ધર્મજ્ઞાનને લગતી પાયરીઓમાં વિલક્ષણ ધોરણ ગ્રાહ્ય કરેલું, તેમ આ મીશન પદ્ધતિમાં કરેલું છે. અહીં સ્થાપિત ધર્મના નિર્ણય થઇ ચુકેલા માર્ગપર ચાલવાની કાંઇ પણ જરૂર નહિ હતી, માત્ર પોતાનો ધારેલો હેતુ કઇ રીતે પાર પડે, તેના ઉપરજ દ્રષ્ટિ મર્યાદા રાખવામાં આવી હતી. જેમ ધર્મજ્ઞાનની પાયરીઓમાં સ્થાપિત ધર્મનો નાશ કરવાનું હાથ ધરવામાં આવ્યું હતું, તેમ આ મીશન પદ્ધતિમાં શિષ્યના મુળ ધર્મનો ક્રમે ક્રમે વિનાશ કરવાનો હતો. જેટલા પ્રમાણમાં શિષ્યના જુના ધર્મનો વિનાશ થાય તેટલા પ્રમાણમાં તેનામાં બાતીન્યા મત દાખલ થાય.

" ઇસમાઇલી મઝહબની મીશન પદ્ધતિનો શોધક અને તેનો ફેલાવો કરનાર અબ્દુલ્લા બિન મૈમુન હતો. આ માણસ મનુષ્ય જાતની પ્રકૃતિ પીછાણવા તથા ધર્મના અકાયદોને જુદી જુદી પ્રકૃતિઓ અને ધર્મોને મળતા બનાવવામાં ખ્રીસ્તી યસુઆ પંથના સ્થાપકથી પણ વધારે કુશળતા ધરાવતો હતો. ઇ. સ. ની નવમી સદીમાં આ માણુસે ઇસમાઇલી મઝહબમાં એક નવો આત્મા ફુંકી આપ્યો અને આ મઝહબના મીશનરીઓને જુદા જુદા છુપા વેશોમાં બદલાવી મોકલ્યા. આ મીશનરીઓ ઘણું કરીને સુફીઓ અને વેપારીઓનો વેશ ધારણ કરતા હતા. તેવાઓને જુદા જુદા દેશોમાં રવાના કરી આપ્યા હતા અજ્ઞાન લોકોના ટોળાને તેઓએ શોબદા ( જાદુ તથા હાથ ચાલાકીના ખેલો ) બતાવ્યા, કે જે મોઅજીઝા તરીકે મનાયા અને કેટલીક અર્થ રહિત વાતો; કે જે તસવ્વુફની છુપી તથા ધાર્મિક બાબતો ગણાઇ. તેમની વાતો સાંભળવા તરફ લોકોને અસાધારણ ચાહ ઉતપન્ન થયો. તેવા મીશનરી લોકોએ અસંખ્ય માણુસોને પોતાના મતમાં મેળવી લીધા. જ્યારે તેઓ આબીદોના ટોળામાં ગયા ત્યારે નીતિ અને પવિત્રતાના પુતળાં બની ગયા. અને જ્યારે એવા લોકોના સમાગમમાં આવ્યા કે, જેઓ મઝહબના છુપા ભેદો અને બારીક નુકતાઓ તરફ વલણ રાખે છે ત્યારે તેઓને સામાન્ય અકાયદાના છુપા અર્થો જણાવતા અને લોકોને તેની સમજ અને વલણના પ્રમાણમાં જાદુઇ અસર કરતા. જ્યારે જોયું કે લોકો કોઇ મુક્તિ આપનાર આવનારની રાહ જુએ છે, કે જેની માન્યતા ઘણા મઝહબોમાં સાધારણ છે; તો મુસલમાનોને ઇમામ મેહદી, યાહુદીઓને મસીહા અને ખ્રીસ્તીઓને ફારકલીતની ખબર સંભળાવી, કે હવે તેઓ દુનિયાપર આવી ગયા છે, પણ સાથે એમ પણ જણાવી આપ્યું કે, તમો સઘળાઓની

ઇચ્છાઓ ત્યારેજ પૂર્ણ થશે કે, જ્યારે છેવટમાં સઘળાઓને મુક્તિ એનાયત કરનાર હજરત અલી દુનિઆમાં ખોરૂજ કરશે, શીઆ લોકોમાં બેસી ઇસમાઇલી મીશનરી પોતાને ચુસ્ત શીઆ મજહબનો જાહેર કરે છે અને સુન્નીઓના સબંધમાં જણાવે છે કે, તેમણે હજરતઅલી તથા તેની ઓલાદપર અતિ જુલમો કીધા તથા ત્રણ અસહાબોપર તબર્રા કરે છે. જ્યારે અહીં સુધી પહોંચી જાય છે ત્યારે પોતાની માન્યતા મુજબ, શીઆ મઝહબની પૂર્ણતા માટે ઇસમાઇલી મઝહબના છુપા અકાયદોની તાલીમ આપવી શરૂ કરે છે. "

" અગર એક શીઆ જે ઇમામી ઇસમાઇલી ધર્મનો નહિ હોય, તેને વટલાવવો હોય તો દાઇ અથવા પાદરી શીઆ ધર્મની તાલીમનો દીલોજાનથી સ્વીકાર કરે છે. હજરતઅલી અને તેના દીકરાઓ ઉપર ગુજરેલ ઘાતકીપણું અથવા હુસેનની શહાદત વિષે અને તેના કુટુંબને કેદ કરવા વિષે તેણે ઘણી દયા ઉપજે એવો વિચાર આપવો. બની ઉમય્યા અને અબ્બાસી તરફ તિરસ્કાર બતાવવો. એ પ્રમાણે પોતા માટે રસ્તો તૈયાર કરીને, પછી ઇશારો કરવો કે, શીઆ મઝહબનો મત સંપૂર્ણ રીતે જાણવા સારૂ ઇસમાઇલી ધર્મના છુપા ભેદો જાણવા જોઇએ. "

" જો તેણે એક યાહુદીને વટલાવવો હોય તો, તેણે ખ્રીસ્તી તથા મુસલમાન ધર્મ વિષે વિરૂદ્ધ બોલવું અને જેને વટલાવવા માગતો હોય તેની સાથે મળી જઇને કહેવું જે ' મસીહા ' આવનાર છે તેની વટી રાખવી, પણ રફતે રફતે તેના મગજમાં આ વાત ઉતારવી જે ' મસીઆ ' આવનાર છે તે ઇસમાઇલી ધર્મનો મોટા મસીઆ ' અલી ' સિવાય બીજો કોઇ નથી. "

"જો તે એક ખ્રીસ્તી ધર્મ પાળનારને વટલાવનાર હોય તો, યાહુદી લોકોની હદ તથા મુસલમાન લોકોના અજ્ઞાનપણા વિષે લંબાણથી બોલવું. ખ્રીસ્તી ધર્મના મુખ્ય ભાગને માન આપવાનો ડોળ ઘાલવો, પણ ધીમા રહીને એવો ઇશારો કરવો, કે તે સઘળુ અલામતી છે અને તેમાં વધારે ઉંડો ભેદ છે અને તે ભેદ ખુલ્લો કરનાર માત્ર ઇસમાઇલી ધર્મ છે, પછી તેણે એવી સૂચના કરવી કે ખ્રીસ્તી લોકોએ "ફારકલીત ' ની તાલીમનો અર્થ કંઈ એક દરજ્જે ઉલટો કર્યો છે એક ફારકલીત ( બચાવનાર ) તો છેજ અને એ ' ફારકલીત ' એટલે બચાવનાર દાઇ અથવા મીશનરી પોતાના ખોળ કરનાર મિત્રને સમજાવે છે કે, કયો ખરો બચાવનાર છે."

પ્રત્યેક ધર્મમાં તેના પ્રત્યેક શિષ્ય ઉપર પોતાના ધર્મના પ્રચારની ફરજ નાંખવામાં આવી જોવામાં આવે છે. પોતાના ધર્મનો પ્રચાર કરવો. તેમાં ઘણું પુન્ય માનવામાં આવ્યું હોય છે; તેથી જે તે ધર્મના સઘળા લોકો પોતે ગમે તે વર્ગના હોય; પણ વત્તા ઓછા પ્રમાણમાં પોતાના ધર્મના મીશનરી જરૂર હોય છે. દરેક ધર્મનો માણસ પોતાને સત્ય સમજનાર અને પરધર્મવાળાને અસત્ય પર ચાલનાર સમજી અસત્યપર ચાલનારને સત્યપર ચાલતો કરવાની પોતાની ફરજ સમજી પ્રસંગ જોઇ તેને ઉપદેશ કરવાનું ફરજીઆત સમજે છે. પ્રસંગ મળતાં તેનો લાભ લે છે. આવી રીતની ધટમાલ સર્વથા જોવામાં આવે છે. વળી પ્રત્યેક ધર્મમાં તે ધર્મનો પ્રચાર કરવાને ખાસ વિદ્વાન મીશનરીઓ રોકવામાં આવે છે; કે જે ખાસ પોતાના ધર્મના પ્રચારનુંજ કામ કરે છે. આચાર્યો કે ધર્મ પ્રચારના મંડળો તરફથી, તેવા મીશનરીઓને પગારો આપવામાં આવે છે એટલે તેઓ પોતાની

આજીવિકાના સાધનોથી બેપરવા થઇ પોતાનું બધું ધ્યાન પોતાના ધર્મના પ્રચારમાં રોકે છે. પાદરીઓ, આર્ય સમાજીઓના પંડીતો, જૈન સાધુઓ, મોલવીઓ વીગેરે તેજ પ્રમાણે પોતાના કાર્યમાં રોકાએલા જોવામાં આવે છે; તેવીજ રીતે દરેક ખાતીન્યા પોતાના ધર્મનો મીશનરીજ હોય છે; પરંતુ તેમના ખાસ તેજ કામ માટે નિર્માણ થએલા મીશનરીઓ પણ હોય છે.

હસન સબ્બાહે આવા ખાસ મીશનરીઓની ગોઠવણ ઘણીજ ચતુરાઇ ભરી રીતે કીધી હતી. તેના પંથનો કેટલો બહોળો પ્રચાર થયો, તે ઉપરથી તેની તેવી ચતુરાઇની તુલના થઇ શકે છે. ધર્મનો ઉપદેશ કરનારને " દાઈ " નામથી યાદ કરવામાં આવતા હતા. સૌથી વડો મીશનરી તે " દાઇ-ઉદ-દાવાત " ના નામથી ઓળખાતો હતો. આ હોદ્દાની લાયકાત માટે સઘળા મઝહબી ઇલ્મો જાણવા લાઝીમ હતા. આ દાઇ-ઉદ-દાવાતના હાથ તળે બાર નકીબો રહેતા હતા અને પ્રત્યેક નકીબના હાથ તળે જુદા જુદા દાઇઓ રહેતા હતા. દાઇ માટે એક ખાસ રહેવાનું ઘર હતું અને તેમના માટે મોટા પગારો આપવા ઠર્યા હતા.

દાઇ-ઉદ-દાવાત તરફથી, જે કોઇ ઇલાકાના સુબાઓ નીમાતા હતા તે દાઇ-ઉલ-કબીર કહેવાતા હતા એટલે કે આ દાઇ-ઉલ-કબીર તે દાઇ-ઉદ-દાવાતના નાયબો હતા. દાઈ-ઉદ-દાવાતની સઘળી આજ્ઞાઓપર તેમને અમલ કરવાનો હતો અને તેમના કામ ઉપર દાઇ-ઉદ દાવાતની દેખરેખ તથા તકેદારી હતી. તેમના માટે પણ સારા પગારો આપવામાં આવતા હતા.

દાઇ-ઉલ-કબીરના હાથ તળે સામાન્ય દાઇઓ હતા. આ એ લોકો હતા, જે મીશનરીઓની પેઠે સઘળા ઇસલામી પ્રદેશોમાં પ્રસરી ગયા હતા અને ગુપ્તપણે પોતાના ધર્મનો પ્રચાર કરતા હતા. બાતીન્યા મઝહબની તરક્કીનો બધો દારોમદાર તેમના પ્રયાસોપર અવલંબેલો હતો. આ દાઇઓની યોગ્યતા તથા મીશન પદ્ધતિ માટે હસન સબ્બાહે ભારે ખુબીભરી યોજના કીધી હતી. ૧ અર્ફુદ પ્રથમ શિષ્યના મનની સ્થિતિ જાણી લેવી કે, તેનામાં મઝહબના સ્વીકારની લાયકાત છે કે નહિ? તેની ઇચ્છા વિરૂદ્ધ કોઇ પણ કાર્ય નહિ થઇ શકતું હતું ૨ **અતામીસ** શિષ્યના મનની અનુકુળતા અને કુદરતી વલણ વિરૂદ્ધ શિક્ષણ ન આપવું ૩ **અત તદલીસ** દીનના પેશવાઓ સાથે મળતાપણું દેખાડવું, કે જેથી શિષ્યની આગળ વધવાની ઇચ્છાઓ સતેજ થાય ૪ પ્રસ્તાવિક વર્ણન જેને શિષ્ય માન્ય કરી લે ૫ **અલખલાઅ** શારીરિક આમાલને ટીખળ સાબીત કરવા ૬ **અત્તાવીલ** ધર્મની પ્રત્યેક આજ્ઞાની તાવીલ કરવી અને દાઇનું મુખ્ય કાર્ય પણ એજ હતું.

મીસર તથા અલમોતમાં અપાતી કેળવણીની, નવ પાયરીઓનું હસનના નવા ધર્મનું તથા બાતીન્યા અકાયદોનું વર્ણન અગાઉના પ્રકરણોમાં આપવામાં આવ્યું છે, તેને મીશન પદ્ધતિની જોડે રાખતા. એ વાત સ્પષ્ટ જણાઇ આવે છે કે, આ સંપ્રદાયનો હેતુ મીશનરીઓનું ખાતું ઉભું કરવાથી સ્થાપિત ઇસલામના પ્રચારનો નહિ હતો, કેમકે તેઓએ સ્થાપિત ઇસલામનો અનાદર અને બાતીન ઇસલામનો સ્વીકાર કરી, બાતીન ઇસલામના આચાર વિચારો પોતાના હેતુને પાર પાડવા જેવા ઉપજાવી કાઢી પ્રચારમાં મુક્યા હતા; કે જેનું વર્ણન અગાઉ અમો આપી ગયા છીએ. હવે જે સંપ્રદાયના આચાર્યો પોતાના સંપ્રદાયના આચાર વિચારો

આતીન અને તે પણ મન ઘડત ઉભા કરે, તે પોતાના મીશનરીઓ મોકલી સ્થાપિત ઇસલામનો પ્રચાર કરાવે, એ સંભવિતજ ન ગણાય. મીશનરીઓ દ્વારા તેઓ જે ઇસલામનો પ્રચાર કરવા માગતા હતા, તે ઇસલામ એ સિવાય બીજો કોઇ નહિ હતો; કે જેને તેઓએ પોતાની મેળે ઉપજાવી કાઢયો હતો. મીશનરીઓનું બળવાન ખાતું ઉભું કરી તેઓએ પોતાનો નવીન યોજી કાઢેલો પંથ પ્રચાર કરવા માંડયો હતો અને તે પ્રચાર માટે બીજી બાબતોની જેમ, તેઓએ અસાધારણ પ્રયાસ કર્યો હતો. અને જેમ બીજા કાર્યોમાં હસન સબ્બાહે પોતાની અસાધારણ બુદ્ધિ, ચતુરાઇ, હિમ્મત, દ્રઢતા તથા પાખંડી રીતભાત વાપરી હતી; તેમ આ બાબતમાં પણ તેણે તે વાપરી, આ ખાતાને અસરકારક બનાવ્યું હતું.

મીશન પદ્ધતિનું જે કાર્યક્રમ ઉપર બતાવવામાં આવ્યું છે તે સ્પષ્ટ જણાવી આપે છે કે, તેને યોજવામાં હસને પોતાના નાસ્તિક મગજને ભારે તસ્દી આપી છે અને તે મીશન પદ્ધતિને યોજવામાં તથા પ્રચાર કરવામાં સમાજના રૂખને જાણી લેવામાં તથા તેનું સુકાન મરડવામાં અસાધારણ અનુકુળતાઓ મેળવવાનું દ્રષ્ટિ મર્યાદામાં રાખવામાં આવ્યું હતું અને સૌ કોઇ કબુલ કરી શકશે કે, જ્યારે ગાડરીઆ પ્રવાહ સમાન ગણાતા સમાજને આવી યુક્તિથી, પોતા તરફ વાળવાને પ્રયાસ કરવામાં આવે, ત્યારે તે પ્રવાહ તેઓની તરફ કેમ ન વળી જાય તેની કાંઇ સમજ પડતી નથી. પક્ષીઓને છેતરપ-ડીથી પકડવાને જ્યારે જાળ બીછાવવામા આવે છે ત્યારે એતો બન-તુંજ નથી કે તેઓ આવી ન ફસાય. મૃગજળ સમાન દેખાતું જળ જંગલના પશુ પક્ષીઓને કેટલું દોડાવે છે અને પરિણામે નિરાશાના સાગરમાં ગોથું ખવડાવે છે તે જગ જાહેર વાત છે.

આ મીશન પદ્ધતિ કોઈ સ્થાપિત ધર્મની પદ્ધતિ તો નથીજ. પેગમ્બરોએ જે મીશન પદ્ધતિપર કામ કરેલું છે તે પદ્ધતિનો અંશ પણ આ પદ્ધતિમાં નથી, બલ્કે ડગલેને પગલે તેની વિરૂદ્ધમાં કામ લેવામાં આવ્યું છે. પેગમ્બરી મીશન પદ્ધતિ તદ્દન પવિત્ર તથા નિર્દોષ હોતાં ઘણાજ પવિત્ર સ્વરૂપમાં અમલમાં મુકવામાં આવે છે. મીશનરી જે હેતુ પાર પાડવા માગે છે તેજ હેતુ શિષ્યને જણાવે છે. અને જો શિષ્યને મીશનરીનો હેતુ ગળે ઉતરે તો તે મીશનરીની વાતને કબુલ રાખે છે; પણ બાતીન્યા પદ્ધતિ તો તેથી ઉલટા ધોરણપર હોતાં, મીશનરી પોતાનો હેતુ છુપાવી રાખી શિષ્યને તે કયાં લઇ જવા માગે છે તેની ખબર નહિ પડવા દેતાં, દોરવા માંડે છે અને જ્યારે તે તેની સાથે ચાલવાને તૈયાર થાય છે ત્યારે તેને ઘણાજ નિર્ભય સ્થાને લઇ જવામાં આવે છે એમ કહેવામાં આવે છે, પણ બાપડો શિષ્ય ખરી બાબતથી તદ્દન અજાણ્યો અને મૃગજળને ખરૂં જળ સમજી મીશનરીની સાથે ચાલી નીકળે છે.

આ સંપ્રદાયમાં એવી ઘણી બાબતો જોવામાં આવે છે કે, જે જાહેરમાં સારી લાગતી હોય, પરંતુ તે ખરેખર રીતે સારી ન હોય, પણ ભુલથાપ ખવાડનારી હોય. તેજ પ્રકારની આ મીશન પધ્ધતિ પણ છે. શિષ્યના મનની સ્થિતિ જાણી લેવી કે, તેનામાં ધર્મના સ્વીકારની લાયકાત છે કે નહિ અને શિષ્યની ઇચ્છા સિવાય આગળ વધવાનું નહિ હતું. શિષ્યના મનની અનુકુળતા અને તેના કુદરતી વલણ વિરૂદ્ધ શિક્ષણ આપવાનું નહિ હતું. પરધર્મના શિષ્યને જ્યારે પોતાનો કરવાનો હોય ત્યારે તેના દીનના પેશવાઓ સાથે મળતાપણું દેખાડવું; કે જેથી શિષ્યની આગળ વધવાની ઇચ્છાઓ સતેજ થાય. જ્યાં જ્યાં

શિષ્ય શરીયતની હિમાયત કરવા જાય, ત્યાં ત્યાં પ્રત્યેક જાહેરનું એક બાતીન છે, તે પ્રમાણે ધર્મની પ્રત્યેક આજ્ઞાની તાવીલ કરવી. હવે આવી બાબતોની જાળથી તેને ઘેરીને પકડવામાં આવનાર છે તેની તો શીકારને બીલકુલ ખબરજ હોતી નથી અને તેથી તેનો મીશનરીને પવિત્ર મૂર્તિ સમજી, તેની જાળમાં ધીમે ધીમે સપડાતો જાય છે. તે સપડાવે છે અને પોતે સપડાય છે તેની તેને જરાએ ખબર પડતી નથી. આ રીતે તે છેવટે સંપૂર્ણ રીતે પોતાને દાઇને સુપ્રત કરી આપે છે.

જો ખ્રીસ્તી ધર્મવાળાને જાળમાં લેવો હોય તો ખ્રીસ્તી ધર્મ તથા તેના પેશવાઓને માન આપવાનું શરૂ કરી, તે ધર્મનો મર્મ ખ્રીસ્તીઓ સમજી શક્યા નથી એમ દાઇ શિષ્યને જણાવે છે અને પોતે તે ધર્મનો ખરો મર્મ સમજાવે છે. આ ખરો મર્મ તે બીજો કોઇ નહિ, પણ તેને ખ્રીસ્તી ધર્મ ઉપરથી તેની અજાણતા વચ્ચે ખસેડવો અને તે નહિ જાણવા પામે, તે ધોરણે બાતીન્યા પંથ તરફ વાળવો. ખ્રીસ્તી ધર્મના જેટલા પેશવાઓ થઇ ગયા હોય તેને તે નેવાજ જણાવે અને પાછળથી પોતાની પદ્ધતિ મુજબ તે પેશવાઓને અવતારના ચક્કરમાં ફેરવી, તેજ પેશવાઓ બાતીન્યા જામામાં આવ્યા છે તેમ જણાવે. ખ્રીસ્તીઓ "ફારકલીત" આવનાર છે એમ માને છે તેને કહે છે કે; તેતો આવી ગયા છે અને તે હઝરતઅલી અને આગળ જતાં તેના જે હયાત પેશવા હોય તેજ તે છે. દરૂઝ નામના ટોળાંના લોકો જે પ્રથમ ખ્રીસ્તી હતા, તેને જે પ્રકારે વટલાવ્યા અને તેમ થતાં દરૂઝ લોકોના કેવા અર્ધદગ્ધ ખ્રીસ્તી–ઇસ્લામી આચાર વિચાર થયા, તે દરૂઝ કોમના અકાયદોના વર્ણન ઉપરથી જણાઇ આવે છે.

આ બાતીન્યા દાઇઓએ હીન્દુસ્તાનમાં આવી, હીન્દુઓને વટલાવવાનું કામ શરૂ કર્યું. હિન્દુઓના વેદાદિ પુસ્તકોને આકાશી પુસ્તકો તથા તેમના પેશવાઓને ઇશ્વરના અવતારો માન્ય રાખ્યા. વેદ તે હવે કુરાન અને પ્રથમના અવતારો તે હવે હજરત અલી તથા તેમના હયાત વંશજો છે એમ સમજાવ્યું. પરિણામે લાખો હીન્દુઓ આ પંથમાં આવ્યા. આવા હીન્દુઓ પોતાના નવીન સ્વીકારેલા બાતીન્યા પંથને હીંદુ ધર્મનું શુદ્ધ સ્વરૂપ સમજે છે. હજરત મોહંમદને બ્રહ્માનો અને હજરત અલીને વિષ્ણુનો અવતાર ગણે છે. હઝરત મહંમદ તથા હજરત અલીને અવતાર ગણવા છતાં, તેઓ પોતાને મુસલમાન સમજતા નથી, પણ હિન્દુજ ગણે છે.

મતલબકે દાઇઓના પ્રયાસથી લાખો લોકો પોતાનો ખ્રીસ્તી, યાહુદી, તથા હીન્દુ ધર્મ તજી આ બાતીન્યા પંથમાં દાખલ થયા. બાતીન્યા પંથમાં દાખલ થતાં, તેઓએ પોતાનો મુગ ધર્મ ગુમાવ્યો અને અર્ધદગ્ધ બન્યા. દાઇઓનો પ્રયાસ જે, તે પર ધર્મવાળાને શુધ્ધ મુસલમાન બનાવવાનો નહિં હતો, પણ બાતીન્યા બનાવવાનો હતો. અને તેમણે પોતાના પ્રયાસથી એક પણ પરધર્મના માણસને શુદ્ધ મુસલમાન બનાવેલ નથી, બલ્કે લાખો શુધ્ધ મુસલમાનોને બાતીન્યા બનાવી આપી, મુસલમાનીથી ખસેડયા છે. આવી એકંદર સ્થિતી વચ્ચે તથા બાતીન્યા મીશન પધ્ધતિપર દ્રષ્ટિ ફેંકતા તેમની પધ્ધતિ તથા પરિણામ બંને લોકોને ગુમરાહ કરનારાં નીવડયાં છે. પુષ્કળ બાતીન્યા એવા જોવામાં આવે છે કે, જેમના વડવાઓ ચારસો કે પાનસો વર્ષથી, તે સંપ્રદાયમાં આવ્યા છે; પણ ધર્મ સબંધે કાંઇ પણ જ્ઞાન ધરાવતા નથી. જે પ્રકારનું જ્ઞાન ધરાવે છે તે બીજું કાંઇ નહિં; પણ અર્ધદગ્ધપણું છે.

જોકે બાતીન્યા પંથના આચાર્યો તથા દાઇઓ પોતાને જાહેરમાં મુસલમાન હોવાનો ડોળ ઘાલે છે, પરંતુ તે માત્ર તેમની મીશન પધ્ધતિને અનુસરી તેમ કરે છે; નહિતર તેઓ ખરેખરી રીતે મુસલમાની ધર્મને યુક્તિ પ્રયુક્તિથી યાને પોતાની મીશન પધ્ધતિ પ્રમાણે, મુસલમાની આચાર વિચારને ધીમે ધીમે પોચા બનાવવાનું અને મુસલમાની પ્રત્યે નબળા વિચારો કરવાનું શીખવાડે છે અને તેમના તેવા પ્રયાસોએ ભોળા તથા અંધ શ્રધ્ધાળુ વર્ગમાં ભારે બગાડો ઉભો કરી આપ્યો છે.

એકંદરે બાતીન્યા મીશન પધ્ધત્તિ તદ્દન છેતરપંડી કરી પોતાનો સ્વાર્થ સાધી લેનારી જણાઇ આવે છે. અને તે છેતરપંડીમાં સપડાનાર ખરી વાતથી છેવટ સુધી ગાફીલ રહી, પોતાના આચાર વિચારો અકારતમાં જનારાં કરે જાય છે અને તેમના આચાર્યો વિષય ભોગની તૃપ્તી માટેના સાધનો મેળવી પ્રજાને પાયમાલ કરનારા તિક્ષણ હથીઆરો બને છે. જેઓ ઝીકરી જેવા બાતીન્યા પંથના હેવાલોથી જાણીતા છે તેઓ આ વાતને સારી પેઠે સમજી શકે છે.

આવા બાતીન્યા પંથના અનુયાયીઓને ઇસ્લામના બગડેલા લોકો કહી શકાય. હમણાં હમણાં બુધ્ધિની કેળવણીનું પ્રાબલ્ય વધતું ચાલ્યું છે, તેથી તેવા લોકો પોતાના આચાર વિચારથી પસ્તાવા લાગ્યા છે અને શુધ્ધ ઇસલામપર આવવા લાગ્યા છે. તેમના આચાર્યો તથા દાઇઓ જોકે પોતાનો જાદુઇ મહેલ ચાલુ રાખવાને અહોનિશ પ્રયાસ કરે છે; પરંતુ તેમાં તેઓ વધુ ફાવી શકતા નથી. માત્ર જે લોકો અંધ શ્રધ્ધાળુ તથા ભોળા છે તેમના ઉપરજ તેમનું જાદુ ચાલવા પામે છે. કાંઇ પણ બુધ્ધિ મેળવેલા તથા ધર્મજ્ઞાનનો સંસ્કારી તેમની જાળમાંથી બહુજ જલદીથી નીકળી જવા પામ્યા છે. અને જેમ જેમ

તેમના અનુયાયીઓમાં બુધ્ધિની કેળવણી ફેલાતી જાય છે, તેમ તેમ તેમના ભોળા ઇમાનો કડડભુસ થઈ જાય છે અને પરિણામે તેઓ શુધ્ધ મુસલમાન થઇ જાય છે, પરંતુ ઇસલામી મીશનરીઓનું આ કામ પ્રત્યે લક્ષ નહિ હોતાં, તેવા બાતીન્યા પોતાના મુળ પંથ તરફ વખતે ઢળી પડે તેવી દેહશત રહે છે.

બાતીન્યા મીશન પધ્ધતિ, મીશન પ્રયોગ, પધ્ધતિના ગુણદોષ, પરિણામો તથા છેવટે ઇસલામ તથા મનુષ્ય જાતને તેથી થએલી હાનીઓ વિષે, જો બારીક રીતે અવલોકન કરવામાં આવે તો, હસનબિન સબ્બાહ વિષે કેવો અભિપ્રાય બાંધવો એ ઘણુંજ સહેલ થઇ પડે છે. હસને પોતાની પ્રપંચી તથા સ્વાર્થી ગોફણથી, જે પક્ષીઓ ઝાડે બેઠાં ઉરાડેલાં છે તે ઘણા સૈકાઓ થયાં હજુ પાછાં ઝાડે બેસવા પામ્યાં નથી. તેમને એવાં તો બેહકાવી મુકયા છે કે, જે કોઇની વાત સાંભળતાજ નથી અને પતંગીઆને અગ્નિની ચીણગારી સમજી સમજાવનાર સામે માત્ર ફીકીયારોજ કરવામાં મોજ માણે છે અને પોતે કોની સરાણ ઘુમાવે છે તેનું તેમને જરાએ ભાન નથી.

## હસનના વારસો

હસન સબ્બાહ જ્યારે મરવા પડયો, ત્યારે તેણે પોતાના પુત્ર કીયા બુઝુર્ગ ઉમેદ, જે અલમોતનો કોટવાળ હતો. તેને ધર્મ તથા રાજ્યની લગામ સોંપી અને વસીયત કીધી કે, મારા પછી તમોએ વડા સરદાર તરીકે કામ કરવું; પણ રાજ્ય કારભાર ડીદારઅલીના હાથમાં સોંપવો અને લશકરી ખાતું હબશના ગવરનર હસન નસરાનીને આપવું. અમો પ્રથમ જણાવી ગયા છીએ કે, હસન પોતાના માટેજ રાજ્ય સ્થાપન કરવા માગતો હતો અને ફરી પણ તેમજ

ગયો; પરંતુ તે પોતાની પોલિસિ પ્રમાણે પબ્લીકની આંખમાં એન ધુળ નાંખતો રહ્યો કે, આ ગાદી ઇમામ નીઝાર માટે છે; પરંતુ ઇતિહાસમાં તેણે આ ગાદી નીઝારને આપી હોય, તેવું કંઇપણ નીકળતું નથી. નીઝાર તો કેરો શહેરમાં મુસ્તેઅલીના હાથે ઇમામત માટે દાવો કરતાં માર્યા ગયા હતા. અને તે સાથે તેની ઓલાદ પણ મારી ગઇ હતી. જયારે નીઝારને મારી નાંખવામાં આવે ત્યારે તેમની સીધી ઓલાદને જીવતી નજ રહેવા આપે. કારણ કે લોકોને તેની ઓલાદને તાબે થઇ નીઝારની જેમ મુસ્તેઅલી સામે ખીલાફતનો હક મેળવવા માટે લડાઇ ઉભી કરે; માટે ઇતિહાસમાં વર્ણવેલી આ હકીકત તદ્દન સત્ય છે કે, નીઝારની ઓલાદને પણ મુસ્તેઅલી પક્ષે મારી નાંખી હતી; પરંતુ તેની ઓલાદ હયાત છે અને તે અલમોતમાં આવી રહી છે અને ત્યાં ગુપ્ત છે એમ જણાવી હસને પોતા માટેના રાજ્યને પુષ્ટિ આપી છે.

જો હસન સબ્બાહના વખતમાં નીઝારના પુત્રને અલમોતમાં લાવવામાં આવ્યા હતે તો, તેમને રાજ્યની ગાદીપર કેમ બેસાડવામાં નહિ આવ્યા તેની કાંઇ સમજ પડતી નથી. અલમોત એ એવું સ્થાન હતું કે ત્યાં ઇમામને તકલ્યો કરવાની કે, બીહવાની કાંઇપણ ધાસ્તી નહિ હતી. જગતનો મોટામાં મોટો બળવાન બાદશાહ અલમોત ઉપર ચડી આવે તો પણ, તે તેને જીતી શકે તેમ નહિ હતો. અલમોત ઉપર જે અનેક ચડાઇઓ થઇ હતી; તેથી ઉપરની વાતને પુષ્ટિ મળે છે. વળી હસન સબ્બાહે પોતાની હયાતીમાંજ એટલું મોટું રાજ્ય તથા બળવાન સત્તા મેળવી હતી કે, મોટા મોટા સુલતાનો તેનાથી ડરી તથા હારી ગયા હતા. વળી હસને ફીદાઇઓ દ્વારા

પોતાના સઘળા શત્રુઓને તલવારને ઘાટ ઉતાર્યા હતા; તેથી શત્રુ-ઓની ઇમામને તદ્દન ગેબ થઈ રહેવા જેવી ધાસ્તી નહિ હતી ઇમામ નીઝાર તો કેરોમાંજ શહીદ થયા છે; પણ તેમના પુત્ર હાદીને યુક્તિથી અલમોતના કીલ્લામાં લાવવામાં આવ્યા હતા એમ નીઝારીઓ દાવો કરે છે; પણ આવા દાવાની સનદ તવારીખોમાં મળતી નથી. હસન સબ્બાહ પોતે શાહ નીઝારના પુત્ર હાદીને પોતા-ની સાથે અલમોતમાં લઇ આવ્યો હતો; એમ પણ દાવો કરવામાં આવતો નથી; પણ શાહ નીઝારના ફરજંદ હસન બિન સબ્બાહ સાથે ખાનગી ગોઠવણ કરી અલમોતના ગઢમાં જઇ રહ્યાનું કહે-વામાં આવે છે. અને તે માત્ર ઇતિહાસના કોઇપણ આધાર વિના બીજી એક કૃત્રીમ વાત એમ ઉભી કરવામાં આવી છે કે, હસન સબ્બાહે અલમોતનો કીલ્લો હાથ કરી, કેરો ખાતે ઇમામ મુસ્તેઅલી ઉપરે કાગળ લખ્યો કે "જો તમો ઇમામ નીઝારને તેઓના કુટુંબ સહીત અહીંઆ સહી સલામત નહિ મોકલી આપો તો, તમારી પુરતી રીતે ખબર લેવામાં આવશે. અને તમારો જાન જોખમમાં આવી પડશે. તેથી મુસ્તેઅલીએ ઇમામ નીઝારના ફરજંદ મૌલાના હાદીને કુટુંબ કબીલા સાથે હસન સબ્બાહની માગણી સ્વીકારી રવાના કીધા" આવી બાબત માટે કશો પણ ઇતિહાસિક પુરાવો નથી. વળી એમ પણ વાત ઉભી કરવામાં આવી છે કે હસન સબ્બાહે અસદ તથા અબદલ્લા નામના બે મુરીદોને ઇમામ હાદીને અલમોતમાં લઇ આવવાને છુપી રીતે મોકલાવ્યા. તેઓ મીસર પહોંચતાં જણાયું કે શાહ હાદીને શહેરથી બહાર એક નાંના ખંડીએરમાં રાખવામાં આવ્યા છે. અને તેમનાપર મુસ્તેઅલીના મામા સીપેહસાલાર અમીર ઝહુ-શની દેખરેખ છે. અસદ તથા અબ્દુલ્લા એ મધ્ય રાત્રે જયરે ચોકી-

વાનો ગફલતીમાં પડયા હતા, તેનો લાભ લઇ શાહ હાદીની હજુરમાં પહોંચી ગયા અને શાહા હાદી તથા તેમના માતુશ્રીને છુપી રીતે લઇ અલમોત તરફ જવાને ઉપડી ગયા.

ઉપરની બાબતો કેટલા પ્રમાણુમાં એક બીજાથી વિરૂદ્ધ છે તે ખુલ્લી રીતે જણાઇ આવે છે અને વળી તે બાબતનો ઇતિહાસમાં કાંઇ આધાર તો છેજ નહિ. વળી શાહ હાદીને અલમોતમાં લાવતાં ઇમામ તરીકે ગાદીનશીન તો કરવામાં આવ્યાજ નથી તે એટલે સુધી કે તેમના પુત્રને પણ ગાદીનશીન કરવામાં આવ્યા નથી. શાહ હાદીના પુત્ર કે જેનું નામ મોહતદી છે તથા શાહ મોહતદીના પુત્ર કે જેમનું નામ કાહેર છે; તેમને પણ ગાદીનશીન કરવામાં આવ્યા નથી. પણ હસન સબ્બાહ પછી તેનો પુત્ર કીયા બુઝુર્ગ ઉમેદ, તેનો પુત્ર મહમદ એમ ગાદીપર આવતા રહ્યા છે. મહમદ પછી તેમનો પુત્ર હસન ગાદી પર આવ્યો, કે જેનું નામ અલી ઝીક્રતસ સલામ મશહુર છે " આ હસન બીન મહંમદે પોતાના સમયમાં એક ચાલાકી એ વાપરી કે, હું નીઝારના વંશમાંથી છું. વંશાવળીનો સબંધ બતાવવા માટે એવી વાત બતાવી કે, નીઝારના એક નાના પુત્રને હસન બિન સબ્બાહે મીસરમાંથી સાથે લાવી, અલમોતમાં ગુપ્ત રીતે ભોંયરામાં છુપાવી રાખ્યો હતો. આ શાહજાદાના સંબંધમાં હસન સિવાય બીજા કોઇને ખબર નહોતી. આ નીઝારી વંશના શાહજાદાએ અહીંજ પોતાના લગ્ન કર્યા. જે દીવસે મારો જન્મ થયો તેજ દીવસે શાહજાદાને ઘેર પણ એક પુત્ર જન્મ્યો. એક સ્ત્રીએ મને તથા ઇમામના પુત્રને અદલ બદલ કરી લીધા. "

ઉપરની હકીકત કોઇ પણ રીતે ઇતિહાસીક દ્રષ્ટિથી તો ગ્રાહ્ય થઇ શકે તેવી નથી. પુત્રને અદલ બદલ એક સ્ત્રી કરે છે એમ કહેવામાં આવે છે; કે જેની કોઇને ખબર આપવામાં આવતી નથી. આ વાત ખુદ હસન જ્યારે ગાદીપર આવે છે ત્યાર પછી ઘણી મુદતે જાહેરમાં મુકે છે. એટલે કે તે વાત જાહેરમાં મુકે છે તેને મુળ બાબત બન્યાને ઘણા વર્ષો વીતાઇ ગયાં છે. તે વાત જાહેર કરે છે ત્યાં સુધી હસનને સૌ કોઇ મહંમદ બિન કીયા બુઝુર્ગ ઉમેદનો પુત્ર ગણે છે; આવી સ્થિતિ વચ્ચે એમ કોઇ પણ રીતે કહી શકાય નહિ કે, તે શાહ નીઝારના વંશમાંથી છે. વળી છોકરાને અદલ બદલ કરી લેવાની હકીકત તદ્દન હસી કાઢવા જેવી લાગે છે. આ અદલ બદલની વાતને સર જોસફ આર્નોલ્ડે બારભાયા કેસમાં ઇ. સ. ૧૮૬૬ માં તદ્દન ગલત માની છે અને તેવા દાવાને ગાંડપણમાં ગણી કાઢ્યો છે અને તેવું ગાંડપણ વારસામાં મળ્યું છે તેમ રમુજી ટીકા કરી છે.

વંશાવળી એ બહુજ મુદ્દાનો સવાલ છે અને તેની સાબીતિ માટે પૂર્ણ વિશ્વાસને પાત્ર આધારો જોઇએ. જો આમ અદલ બદલ જેવા આધારને ગ્રાહ્ય કરવામાં આવે તો, ગમે તે માણસ ગમે તેના વંશમાં હોવાનો દાવો કરી શકે અને તે દાવો જુઠો સાબીત ગણાય નહિ. આ એક ઇતિહાસિક પ્રશ્ન છે અને તેથી જેવી રીતે બીજા ઇતિહાસિક પ્રશ્નોનો જેવા આધારોથી નીવેડો લાવી શકાય છે તેવો આ પ્રશ્ન માટે પણ નીવેડો લાવવો જોઇએ; પરંતુ આ બાબતમાં તેવું કશું પણ સાધન રજુ કરવામાં આવતું નથી.

ઉપરાંત શરર લખે છે કે, “ મહંમદ ( હસનનો પીતા ) માં રાજકીય કામની યોગ્યતા ન હતી. છેવટે આ વાતની ખબર તેના મુરીદોને થઇ, તેથી તેઓ તેના પુત્ર હસનની તરફેણ કરવા લાગ્યા.

હસન ઘણોજ કામેલ રાજકીય, અલમોતના રાજ્યના સ્થાપક હસન બિન સબ્બાહ જેવો હતો. દીન પ્રતિ દીન લોકો તેની તરફેણમાં વધવા લાગ્યા. થોડા દીવસમાં લોકોમાં અફવા ચાલી કે, હસન પોતાને ઇમામનો નાયબ જાહેર કરે છે. આ વાતની જ્યારે મહંમદને ખબર પડી ત્યારે તેણે તેને ધમકી આપી અને તેની તરફેણના ૨૫૦ માણસોને કતલ કરી નાખ્યા. હસને આ વખતે આરોપમાંથી મુક્ત થવા કોશીશ કરી અને કહેવા લાગ્યો કે, જે લોકોને કતલ કરવામાં આવ્યા છે તે અધર્મી અને ખુદાને નહિ માનનારા હતા, મને તેમની સાથે બીલકુલ સબંધ નથી; પરંતુ ગુપ્ત રીતે નવા મુરીદો મેળવવાની કોશીશો કરવા લાગ્યો. ”

ઉપરનું વર્ણન સાબીત કરે છે કે, મહંમદ પોતાના પુત્ર હસનને ઇમામનો નહિ; પણ પોતાનોજ પુત્ર હોવાનું માને છે. તેના દીલમાં લેશ માત્ર પણ એ બાબત નથી કે, તેના પુત્રને અદલ બદલ કરાવી લેવામાં આવ્યો છે. જો અદલ બદલ કરાવી લેવામાં આવેલ હોય તો મહંમદ તથા તેની સ્ત્રીને તો તેની ખબર હોવી જોઇએ કે નહિ! શું એમ બન્યું માની લેવામાં આવે કે, તે છોકરાઓ દરેકની માતાઓ કે બીજા કોઇને ખબર પડયા સિવાય અદલ બદલ કરી લેવામાં આવ્યા ? વળી મહંમદ પોતાને ગાદીપર આવતાં પૂર્વે ઇમામની નસલનો હોવા જણાવતો નથી. તે માત્ર નાયબે ઇમામના હોવાનો દાવો કરે છે; કે જે દાવાને તેનો બાપ મહમંદ તદ્દન જુઠો ગણે છે અને તેવા દાવાને કબુલ કરી લેનારપર એટલો ગુસ્સે થાય છે કે, તેમને જાનથી મારી નાંખે છે, અને હસન પણ પીતા આગળ નાયબે ઇમામના દાવાનો ઇનકાર કરે છે. અને જે ૨૫૦ માણસોએ તેના દાવા વિષે ઇકરાર કર્યો હતો તેને અધર્મી તથા ખુદાને નહિ

માનનારા જણાવી તેમના પ્રત્યે પોતાની સખ્ત ખફગી જાહેર કરે છે. મતલબ કે હસનનો નાયબે ઇમામ કે ઇમામ હોવાનો દાવો કોઇ પણ રીતે ઇતિહાસિક આધારે સાબીત નથી.

આગળ ચાલતાં શરર લખે છે કે " હસન બાદશાહ થયો કે તેણે પ્રસિદ્ધ કર્યું કે, ઇમામ પાસેથી કેટલાંક ખુબી ભરેલાં ફરમાનો આવ્યાં છે અને તે ફરમાનો ઉમ્મતપર જાહેર કરવાની ઘણીજ જરૂર છે. આ હુકમો પહોચતાંજ દુર દુરથી લોકોના ટોળે ટોળાં અલમોતમાં આવી એકઠાં થવા લાગ્યાં આ વખતે અલમોતમાં એટલાં માણસો એકઠાં થયાં કે, તેટલાં પ્રથમ કોઇ વખત થવા પામ્યા ન હોતાં. જ્યારે સઘળા દાઇ, નકીબ અને આસપાસના મુરીદો એકઠા થઇ ગયા, ત્યારે રમજાન માસની તા૦ ૨૭ ના રોજ પોતે મસજીદના મીમ્બરપર ચડયો અને એક છટાદાર તથા અસરકારક ખુતબો ભણી, ઇમામનો આવેલો પત્ર રજુ કર્યો. આ પત્રમાં લખ્યું હતું કે ' હસન અમારો નાયબ, દાઇ અને નકીબ છે. જે સઘળા લોકો અમારી તાબેદારી કરે છે તેઓએ દરેક જાહેર તથા ગુપ્ત વાતોમાં તેની તાબેદારી કરવી જોઇએ, તેના હુકમોને ખુદાના હુકમો અને તેના શબ્દોને ગેબના શબ્દો સમજવા; એ કામ કદી પણ ન કરે કે જેની તે મનાઇ કરે. તેના હુકમને એવી રીતે અમલમાં લાવે, કે જેવી રીતે અમારા હુકમને લાવે છે. "

ઉપરનો પત્ર એ બાબતની ચોખવટ કરાવે છે કે, હસન તે પત્ર રજુ કરતાં સુધી પોતાને ઇમામ કહેવડાવવા માગતો નથી; પણ માત્ર નાયબે ઇમામ હોવાનું પત્રના આધારથી કહેવડાવવા માગે

છે. આ ઉપરથી તેના ઇમામતના દાવા વિશે જે બનાવટી વાત ઉભી કરવામાં આવી છે, તે તુટી જાય છે; કેમકે જો તે પોતાને ઇમામ માનતો હતે તો, પત્રનો આધાર બતાવવાની, અને માત્ર પોતાને નાયબ ઇમામ, દાઈ તથા નકીબ સાબીત કરવાને તેની તેને જરૂર પડતે નહિ. જો પોતે ઇમામ હતે તો ઇમામના પત્રનો આધાર લેવાની તેને શી જરૂર હતી ? કેમકે તે પત્રમાં ઇમામ જે ગેબ છે તે પત્ર લખી હસનને પોતાનો નાયબ, દાઇ તથા નકીબ હોવાનું પબ્લીકને જાહેર કરે છે; કેમકે ત્યાં સુધી પબ્લીક તેવી બાબતથી અજાણ હતી. એટલે કે પબ્લીક ત્યાં સુધીમાં હસનને નાયબે ઇમામ, દાઇ કે નકીબ પણ નહિ સમજતી હતી. જો તેમ સમજતીજ હતે તો, ઇમામે ગેબને આવો પત્ર લખી જાહેરાત કરવાની કાંઇ જરૂર નહિ હતી. મતલબકે આ કૃત્રીમ પત્રથી હસન હસન બિન સબ્બાહની જેમ પોતા માટે પબ્લી-કને વશ કરવાનો ડાયનામેટ એકઠો કરે છે; કે જેમ કર્યાથી પબ્લીકને સારી રીતે ઘેરી શકાય.

ઉપરના પત્રનો મજમુન વાંચી હસન બોલ્યો કે "સ્વર્ગના દ્વારો એ લોકોપર ખુલ્લાં થયાં છે કે જેઓ મારી તાબેદારી કરે. તમો ખુદાના ખાસ માનવંતા બંદાઓ છો, એટલા માટે તમામ શરીઅતની તસ્દીથી તમોને મુકત કરવામાં આવ્યા છે." એટલું કહેવાથી હસન શું કહેવા માગે છે અને શો હેતુ પાર પાડવા માગે છે, તે ખુલ્લી રીતે જણાઈ આવે છે. એટલે કે હસનની તાબેદારી કરવાવાળાપર હવેથી સ્વર્ગના દ્વારો ખુલ્લાં છે. તે જે આજ્ઞા કરે તેનાપર જે પુર્ણ રીતે અમલ કરે તેના માટે સ્વર્ગનાં દ્વારો ઉઘડેલાંજ પડેલાં છે. ઉપરાંત તે પોતાની આજ્ઞાપર અમલ કરનારને ખુદાના ખાસ માનવંતા બંદાઓ હોવાનુ જણાવે

છે અને તેવા માનવંતા બંદાઓને શરીઅતના અમલથી તદ્દન મુક્ત કરી આપેલા જણાવી આપે છે. મતલબ કે પોતાના મુરીદોને તે જાહેર કરે છે કે તમો મારી તાબેદારી કરો એજ તમારા ખુદાના માનવંતા બંદા હોવાની દલીલ છે અને ખુદાના ખાસ માનવંતા બંદાઓ જ્યારે તમો છો ત્યારે તમોને હવે નમાઝ, રોઝા, હજ, ઝકાત, વીગેરે વીગેરે શરીયતી એહકામોની બજા આવરીની જરૂર રહી નથી. તે તો ખુદાના જે ખાસ માનવંતા બંદા હોય તેમને માટેજ છે. આવી બાબતો ખુદાના ખાસ માનવંતા બંદાઓને અમલ કરવાની રહેતો નથી. હસન આવી આજ્ઞા કરી મઝહબે ઇસ્લામના તરફથી કેવો ફતવો મેળવવાનો અધિકારી બને છે, તે સમજી લેવું તદ્દન સહેલું છે. મતલબ કે આ દહાડેથી આ બાતીન્યા ફીરકામાં ખુલ્લી રીતે શરીયતે ઇસલામના આચાર વિચારો નીકળી જવા પામ્યા અને હસનના માથાપર તેનો સેહરો હશર સુધી લેહરાતો રહ્યો, અગર હસન આ બાતીન્યા પંથનો ઇમામ છે, તો તે કેવી પંક્તિમાં મુકી શકાય તેવો છે, તે માટે વધુ કાંઇ પણ લખવાની જરૂર રહેતી નથી.

" હસને પોતાનું ભાષણ સમાપ્ત કરી લીધા પછી, મોટી ધામધુમથી લોકોને જમણ આપ્યું. આ જમણમાં સામેલ થઇ લોકોએ પોતાનાં રોઝાં તોડી નાંખ્યાં અને આખો દીવસ ભિન્ન ભિન્ન પ્રકારના આનંદો અને વિષય ભોગમાં પુરો કર્યો. " હસને માત્ર લોકોને શરીયતના કાનુનો મનસુખ કરી આપ્યાનું જણાવી આપવા ઉપરજ સંતોષ નહીં માન્યો; પણ સાથે સાથે તેના પર વ્યવહાર અમલ પણ કરાવી આપ્યો. એટલે કે બધા લોકો જે રમજાન હોતાં રોઝા રાખીને આવ્યા

હતા, તે રોજાઓને પોતેજ મોઢું જમણુ આપી તોડાવી નંખાવ્યા અને એક બાતીન્યા ઈમામને છાજતી રીયાને વ્યવહારૂ કરી દેખાડી. ઇતિહાસ આપણુને આ હસન જેવો પ્રથમનો કોઇ દાખલો રજુ કરતો નથી, કે તેણે શરીયતે ઇસલામને મનસુખ કરવાનો હુકમ કર્યો હોય અને તેના વ્યવહારૂ અમલ તરીકે રમજાનનાં રાખેલાં રોજાંઓ પોતેજ જમણુ આપી તોડાવી નાંખ્યાં હોય.

" રોજા છોડી નાંખવાનો હુકમ કરી તે બોલ્યો કે " આજનો દીવસ '**ઈદ કીયામત**' નો છે. " તે દહાડેથી આ બાતીન્યા મતના લોકો ૨૭ મી રમજાનને કીયામતની ઈદ કહે છે તથા તે દહાડે ખુશીમાં ગાળે છે. શરીઅતપર અમલ કરવાનું બંધ થવાથી દારૂ પીવો હલાલ થયો. તથા શરીયતના તમામ હુકમોપર પાણી ફેરવવામાં આવ્યું અને મોટે સાદે પોકાર પાડીને કહી દેવામાં આવ્યું કે " આ જબરદસ્તીના હુકમો પાળવા નહિ " આ સમયથી બાતીન્યા લોકોને સઘળા મુસલમાનો " મલાહેદા " એટલે બંદીન ( અધર્મી ) ના નામથી પોકારવા લાગ્યા. "

હસને આ બાતીન્યા પેંથને કેવા રેકર્ડપર મુકયો, તેનું વિસ્તારથી વર્ણન કરવું નકામું છે. શરીયતે ઇસ્લામના હુકમો રદ કરવામાં આવ્યા, તેવી સ્થિતિમાં તેઓ કેવા પ્રકારના અકાયદોવાળા રહ્યા તથા તેમને કેવી સંજ્ઞા આપવી તે જાણી લેવું તદ્દન સહેલ છે. રહ્યો સહ્યો ઇસ્લામ તદ્દન નાબુદ થયો અને સઘળા બાતીન્યા ખુલ્લી રીતે ઇસલામથી વિમુખ થયા અને તેઓના પ્રચારના કાર્યમાં તેઓ ઇસલામના વીરોધી પણ થયા; કેમકે તેઓ માટે હવે તો

પોતાના મીશનરી પ્રયાસમાં શરીઅતને ફીખલ જણાવવાનું સાબીત કરવાનું પ્રાધાન્ય બન્યું અને તે માટે તેના મીશનરીઓએ કેવા કેવા પ્રયાસો કર્યા હશે તે માટે પણ વધુ વિવેચનની જરૂર જણાતી નથી. તે સમયથીજ આ ફીરકાના લોકોએ ખુલ્લી રીતે શરીયતે ઇસલામને જબરદસ્તીના હુકમો ગણી તજી આપ્યા અને ત્યાર પછી તેના સઘળા આચાર્યોમાં લગભગ એજ પરનાલિકા ચાલુ રહી. તેમના લગભગ સઘળા મુરીદો શરીયતે ઇસલામથી વિમુખ રહ્યા અને તેઓ માટે એક નવીજ શરીઅત ઉભી કરવામાં આવી, કે જેમાં મલાહેદા અકાયદવાળા આચાર વિચારોની મેલવણી કરવામાં આવી. કુરાન, હદીસ, નમાઝ, રોઝા, હજ, ઝકાત આદિ બાબતો માનવાનું છોડી આપવામાં આવ્યું અને તે સઘળું એવું તો જાહેર રીતે તથા મોટેથી પોકારીને કરવામાં આવ્યું કે, જેમ કર્યાના આધારો શોધવા જવાની જરૂર રહી નહિ. " નીજારી લોકો એમ માને છે કે જ્યારે શરીયતનો બંધ તુટશે ત્યારે કીયામત થશે. હસનના સમયમાં એમ બન્યું માટે હસનની દાવતને તેઓ કયામતની દાવત સમજે છે. યુસફશાહ કાતબને એક માતબર માણસે કહ્યું કે, એક વખત હું અલમોત ગયો હતો ત્યાં એક તખ્તા ઉપર આ બૈત લખેલો હતો.

### બૈત

બરદાશ્ત ગીલ શરેહ બતાઇદે ઐઝદી,
મખદુમ રોઝગાર અલી ઝીક્રતસ સલામ"

**અર્થ**—જમાનાના સાહેબ અલી ઝીક્રતસ સલામે શરીયતના તોકને ખુદાની મદદથી કહાડી નાંખ્યો.

એક બાતીન્યાએ અમોને એક વખતે જણાવ્યું કે " તમો શરીઅત ઉપર એટલા માટે અમલ કરો છો કે, ખુદાને મળવા પામો પણ જ્યારે અમો હવે ખુદાને મળવા પામ્યા છીએ, ત્યારે હવે શરીયતના અમલની કાંઇ જરૂર રહી નથી. " આ બાબતના તેણે કેટલાક દાખલાઓ આપ્યા, કે જે ભોળા લોકોને ભરમાવે તેવા હતા. તેણે કહ્યું કે " મકાનનો દાદર ઉપરના માળ ઉપર ચડવા માટે છે; પણ જ્યારે તે દાદર દ્વારા માળપર ચડી જવાયું ત્યારે પછી તે દાદરની શી જરૂર રહી ?... .. "

હસન સબ્બાહ પછી તેના કુલ સાત વારસોએ અલમોત ઉપર રાજ્ય કર્યું અને તેમાં માત્ર એક જલાલુદ્દીન સિવાય સઘળાએ બાતીન્યા આચાર વિચાર તથા હસન સબ્બાહના ધોરણે રાજ્ય ચલાવ્યું. મહંમદ બિન હસનને તેના પુત્ર જલાલુદીને ઝેર આપ્યું. " આ જલાલુદીનના હુકમો શરીયતે ઇસલામને મળતા હતા. તે ઇસલામી શરીયતની પુરેપુરી બજાવણી કરતો હતો. તે પોતાના બાપના મતને ધિક્કારતો હતો. તેણે દેશમાં મસજીદો બંધાવી તથા બાંગા, તકબીર તથા જુમ્માની નમાઝ જારી કીધી તથા બગદાદના ખલીફ નાસેરૂદ—દીનલ્લા, સુલતાન મહંમદ ખારઝમશાહ અને ઇરાનના બીજા રાજાઓ તથા હાકીમો આગળ એલચીઓ મોકલી પોતાનો મત જાહેર કર્યો. તખ્તપર બેસતાંજ રાજ્યના સઘળા ઉલ્માઓને કીલ્લામાં બોલાવ્યા. નમાજની સફો દુરસ્ત કરવામાં આવી. મસજીદ આબાદ થઇ, કુરાને મજીદ શીખવવાના મદ્રેસાઓ સ્થાપ્યા. તેણે સઘળા બાદશાહો આગળ પોતાના એલચીઓ મોકલ્યા હતા; તે પૈકી કઝવીનના કેટલાક લોકોને તેની વાતપર વિશ્વાસ આવ્યો નહિં. જલાલુદીને

તેમને ખાત્રી અપાવવા પોતાના કીલ્લામાં બોલાવી હસન બિન સબ્બાહની સઘળી કીતાબો તેમની રૂબરૂમાં બાળી નાંખી. ગાદીપર બેઠાને બીજે વરસે તેણે પોતાની મા તથા પોતાની સ્ત્રીને મોટી ધામધુમ સાથે હજ પડવા રવાના કર્યા. આ બાદશાહી હજનું સરઘસ, જે રાજ્યની હદમાં થઇને નીકળતું હતું તેઓ તેનો સારો સત્કાર કરતા હતા. બગદાદના ખલીફે એટલે સુધી પ્રીતિ દેખાડી કે, ખારઝમના શાહી સરઘસ કરતાં પણ આગળ અલમોતનું સરઘસ રવાના કર્યું. ત્યાર બાદ દોઢ વર્ષ લગી તે દરેક બાદશાહનો મહેમાન થયો. દરેક બાદશાહે ઘણુંજ પ્રેમ પૂર્વક તેનો સત્કાર કર્યો; પરિણામ એ આવ્યું કે દુનિયાના ઇસલામી રાજ્યો તેને ચાહવા લાગ્યા; પરંતુ ઇસમાઇલી લોકો તેના દુશ્મન બની ગયા. આ દુશ્મનીના કારણથી તેને ઝેર આપવામાં આવ્યું એમ કહેવામાં આવે છે.

આપણે જોયું કે જલાલુદ્દીને પોતાના વડીલોનો બાતીન્યા પંથ મુકી આપ્યો હતો અને શરીયતે ઇસલામ ઉપર અમલ કરવા કરાવવા લાગ્યો અને પરિણામે ઇસલામીઓની તે પ્રીતિ મેળવવા પામ્યો; પરંતુ બાતીન્યા પંથનાં મુળો લાંબા વખતથી જડ પકડી ગયાં હતાં, તે લોકોમાંથી નીકળી શકે તેમ નહિ હતા તેથી બાતીન્યા લોકો તેના દુશમન થઇ ગયા અને તેને ઝેર ખવડાવી મરાવી નાંખ્યો. આ જલાલુદ્દીનજ એક એવો અલમોતનો બાદશાહ અને હસનનો વંશજ છે કે, જે શરીયતે ઇસ્લામ ઉપર ચાલ્યો અને બાતીન્યા પંથને જેણે દુર કરવાને પ્રયાસ કર્યો; તે માટે અમે તેના અસાધારણ વખાણ કરવાને પાછા હઠી શકતા નથી. તે ઇસલામના પ્રચાર કરવાના કારણે માર્યો ગયો છે, માટે તેને શહીદ ગણીએ છીએ. તેના બધા કામો

જેની ઇતિહાસે માહિતી પુરી પાડી છે, તે ઘણાંજ નેક છે; પરંતુ તેણે હસન બિન સબ્બાહનાં બધાં પુસ્તકો પોતાના ઇસલામી હોવાની દલીલમાં આગેવાન મુસલમાનો રૂબરૂમાં બાળી નાંખ્યા, તે કાર્યને અમો પસંદ કરતા નથી; કેમકે જો તે પુસ્તકો બાકી રહેવા પામ્યાં હતે તો, હસન બિન સબ્બાહ તથા બાતીન્યા આચાર વિચાર ઉપર વધુ પ્રકાશ પાડવાનું બની શકતે. કોઇપણ ધર્મની વિરૂદ્ધતા તેના પુસ્તકો બાળી નાંખવાથી, તેને લગતું સાહિત્ય નાશ કરવાથી અથવા તો ન્યાયથી વેગળા ધોરણથી કરવી, એ ઘણુંજ અઘટિત છે. વિરૂદ્ધતાજ કરવી હોય તો, તેના સાહિત્યોને બુદ્ધિભરી દલીલોથી રદ બાતલ કરી આપવાં, કે જેથી તેના ખરાબ સાહિત્યથી લોકોમાં જે બેદીની ફેલાઇ હોય અથવા તો ભવિષ્યમાં ફેલાય તેમ હોય તે, દુર થવા પામે.

જલાલુદ્દીનના મરણ પછી તેનો પુત્ર અલાઉદ્દીન નવ વર્ષની વયે ગાદીએ બેઠો તે બાળક હોવાથી વજીરો કારભાર ચલાવતા હતા. જલાલુદ્દીનના વખતમાં જે શરીયતનો રીવાજ થઇ ગયો હતો, તે નાબુદ થવા લાગ્યો અને તેની જગો હસન બિન સબ્બાહના કાનુનોએ લેવા માંડી અને છેવટે શરીયતે ઇસલામનો રીવાજ તદન દુર થઇ ગયો. અલાઉદ્દીનની સ્થિતિ અતિ દયાજનક થઇ પડી હતી. તેણે એક ઘેટાંનુ ટોળું પાળ્યું હતું. તેની સાથે રમ્યા કરતો હતો અને રાજ્ય કારભારમાં સ્ત્રીઓનો મોટો હાથ હતો. અલાઉદ્દીન હજુ યુવાવસ્થાએ પહોંચ્યો હતો તેટલામાં સખ્ત માંદો પડયો. એક અજ્ઞાન વૈદે તેની ફસ ખોલવાની સલાહ આપી. ફસ ખોલી પુષ્કળ લોહિ કાઢી લેવાથી બાદશાહનું મગજ હમેશાંને માટે નબળું પડી ગયું. હવે તે રાત્રી

દિવસ રમત ગમતમાં મચ્યો રહેતો હતો. રાજ્ય સંબંધી કોઇ બાબત તેને કહેવામાં આવતી, તો કહેનારને તુરતજ કતલ કરી નાંખતો. લાચારીથી લોકોએ દરેક કામને તેનાથી છુપાવવા માંડયું; તેમ કોઇ બાદશાહ પાસે જવાની હીમ્મત પણ કરી શકતું નહિ. હુસેન નામનો એક શખ્શ, કે જે અલાઉદીનના પુત્ર રૂકનુદીનની ઉશ્કેરણીથી અલાઉદીનનું ટુંકી પતાવી દેવાને તક શોધતો હતો, તેણે એક વખતે મધરાતે અલાઉદીન બકરાંના તબેલામાં સુતો હતો ત્યાં જઇ તેનું ગળું તબ્બર નામના કુહાડાથી કાપી નાખ્યું.

અલમોતના રાજ્યનો છેલ્લો બાદશાહ, તે કમનસીબ રૂકનુદીન ખુરશાહ હતો. અલાઉદીનના સમયમાં જે રાજ્યની અવ્યવસ્થા થઇ જવા પામી હતી તે તેનાથી સુધારી શકાય તેમ નહિ હતી. સામાન્ય રીતે સઘળા ઇતિહાસકારોનું કહેવું છે કે, ઇસમાઇલીઓના જુલમથી લોકો કંટાળી ગયા હતા અને તેથી બગદાદના ખલીફ મોઅતસીમ બીલ્લા અને કઝવીન શહેરના આગેવાન લોકો તરફથી તાતારી લોકોના શહેનશાહને લખવામાં આવ્યું કે " ઇસમાઇલી લોકો દોઢસો વરસથી આખા એશીઆ ખંડને પાયમાલ કરી રહ્યા છે તેનું જોર નબળું પાડવા અમે અશકત છીએ." આવા પત્રો પહોંચતાંજ તાતારી શહેનશાહ મનકુખાને પોતાના ભાઇ હલાકુખાનને એક મોટા લશ્કર સાથે રવાના કર્યો; તેણે તેને કહ્યું કે ઇસમાઇલીઓનો નાશ કર્યા પછી તારે એરાકનો મુલક ફતેહ કરવાનો છે."

મુગલ સરદાર મૈસુર અલમોતને ઘેરો ઘાલવાને આવે તે પહેલાં રૂકનુદીને પોતાના ભાઇ શાહનશાહને મૈસુર પાસે મોકલ્યો હતો. પરંતુ મૈસુરે તેને હલાકુખાનની રૂબરૂ જવા સલાહ આપવાથી તે તેની પાસે

ગયો. હલાકુખાને રૂકનુદ્દીનને કહેવડાવી મોકલ્યું કે "હું તારા ભાઇ શાહનશાહને તાબેદારીની સનદ તરીકે કબુલ કરૂં છું. તું જ્યારથી રાજ્યપર બેઠો છે ત્યારથી તારાથી ગુનાહો થયા નથી, માટે હવે તારે પોતાને કીલ્લાઓ તોડી મારી હજુરમાં આવવું જોઇએ." મૈસુરને હુકમ લખી મોકલ્યો કે રૂદબારમાંથી લશકર બહાર કાઢી લેવું. રૂક્નુદ્દીને આ હુકમ પહોંચતાંજ પોતાના કીલ્લાના કેટલાક કાંગરા તોડી નાંખ્યા. હલાકુખાનના એલચી સદરૂદ્દીન જંગીએ આવી જણાવ્યું કે "રૂકનુદ્દીને કેટલાક કીલ્લા તોડી નાંખ્યા છે, પણ આપની હેબતથી આપની હજુરમાં આવતાં બીહે છે તથા તે માટે એક વર્ષની મહેતલ માગે છે."

બાદશાહે સદરૂદ્દીન જોડે શકાકી નામના એક શખ્શને મોકલી રૂક્નુદ્દીનને કહેવડાવી મોકલ્યું કે "જો તારે સુલેહ કરવી હોય તો શકાકીને દેશનું કામ સોંપી તરત અમારી હજુરમાં આવવું." રૂક્નુદ્દીને આ હુકમનો અમલ કરવામાં ઢીલ કરી. હલાકુખાને ફરી રૂકનુદ્દીનને કહેવડાવી મોકલ્યું કે "જો તું તારૂં હિત ચાહતો હોય તો દમાવંદમાં મેં મુકામ કર્યો છે ત્યાં તારે આવવું; વખત લાગે તો તારા દીકરાને આગળ મોકલવો." આ સંદેશો સાંભળી રૂકનુદ્દીન ધ્રુજવા લાગ્યો અને હલકા માણસોની સલાહથી એક ગુલામડીના છોકરાને એલચીઓ સાથે મોકલી, ભાઇને પાછો મુકવા અરજ કરી. હલાકુને તે વાતની ખબર થતાં તેણે તે ગુલામડીના છોકરાને પાછો મોકલાવી રૂક્નુદ્દીનને કહેવડાવ્યું કે "એ છોકરો ખીદમતને લાયક નથી, માટે જો શાહનશાહને છોડાવવો હોય તો તારા બીજા ભાઇને મોકલાવ."

છેવટે રૂક્નુદ્દીને પોતાના ખરા દીકરાને પોતાના ભાઇ ઇરાનશાહની જોડે બાદશાહ આગળ મોકલી જીવતદાન માગ્યું અને ખ્વાજા નસીરૂદ્દીન તુસી વીગેરે અમીરો સાથે રૂક્નુદ્દીને બહાર આવી ઘણો માલ અને રોકડ બાદશાહને ભેટ ધરી. રૂક્નુદ્દીને મેમુન્દસના કીલ્લામાંથી બહાર નીકળતાં બાદશાહતને ત્રણ તલાક આપી અને ચાદર ઓઢીને હલાકુના લશકરમાં પહોંચ્યો. હલાકુએ તેને એક તાતારી ટોળીને સોપ્યો.

હલાકુખાન પાસે અલમોત કીલ્લાના લોકોએ તથા કોટવાળે આવી માફી માગી. કીલ્લાના જમાદારે લશકરમાં આવી ત્રણ રોજની મેહલત લીધી. તેટલામાં ત્યાંની રઇયતે પોતાના માલનો બચાવ કીધો. ચોથે રોજ કીલ્લામાં જે કંઇ રહ્યું હતું તે સઘળું લશકરે લૂટી લીધું. અલમોત એક પહાડ છે; તેની શીકલ જમીનપર ઉંટ બેઠેલો હોય તેવી છે. અલમોતનો કીલ્લો એવો તો બુલંદ હતો કે તેને તોડનારાઓને આસમાનના બુરજો તોડતા હોય એવું લાગતું હતું.

રૂક્નુદ્દીને પોતાને મનકુખાન પાસે મોકલવા બાદશાહને અરજ કરી. બાદશાહ અજબ થયો, પણ અરજ પોતાને અનુકુળ પડવાથી કબુલ રાખી અને તેની રખવાળી વાસ્તે મુગલોની એક ટોળકી આપી. રૂક્નુદ્દીન ગીર્દકોહ પહોંચતાં મનકુખાનના એલચીઓએ મનકુખાન તરફથી તેને કહ્યું કે તું ગીર્દકોહ વીગેરે કીલ્લા કેમ સોંપતો નથી. તે કીલ્લાને તોડી પાછો આવ. તે પાછો ફર્યો ત્યારે એલચીઓએ મિજમાનીના બહાનાથી તેને તીખી તરવારથી મારી નાંખ્યો. બીજી એક જગોએ લખ્યું છે કે " મનકુખાને જ્યારે રૂક્નુદ્દીનના આવવા વિશે સાંભળ્યું ત્યારે તે ગુસ્સે થયો અને કહ્યું કે, તેના ઘોડાઓને નકામી

તકલીફ શા માટે આપવી જોઇએ." એમ કહી તેને મારી નાંખવા જલ્લાદો મોકલ્યા અને તેને રસ્તામાંજ મારી નાંખવા હુકમ કીધો.

ઇસમાઇલીઓને સમાપ્ત કરવામાં મનકુખાનનો એવો હુકમ હતો કે તેઓમાંના એક પારણામાં સુતેલા બાળકને પણ જીવતું મુકવું નહિ. રૂકનુદ્દીનના મરણ પછી તેના નોકરો તથા લશ્કર જે હાકેમને સોંપવામાં આવ્યાં હતાં તે બધાઓને મારી નાંખ્યા અને પોતાના એક ખાસ માણસને કઝવીન તરફ મોકલી, રૂકનુદ્દીન ખુરશાહના દીકરા, દીકરી ભાઇ, બહેન, ખેશ, કુટુંબ અને તેની આખી કોમને કાપી નંખાવી; માત્ર તેમાંથી બે શખ્સો બુલગાન ખાતુનને સોંપ્યા, જેને તેણીએ પોતાના બાપ ચકતાઇના વેરમાં મારી નાંખ્યા.

હસન સબ્બાહની નસલ તુટી ગઇ. કોઇ માણસ તેમનામાંથી જમીનપર રહ્યું નહિ. મનકુખાને હુકમ કાઢયો કે ખોરાસાન, રૂદબાર અને કોહીસ્તાનના મુલ્કોમાં જે ઇસમાઇલી હાથ આવે તેને ઠાર કરવા, જેથી બધા ઇસમાઇલીઓ કતલ થઇ ગયા. આ કતલને "ઇસમાઇલીઓની કીયામત" નું નામ આપવામાં આવ્યું છે. ખ્વાજા નસીરૂદ્દીન તુસીની કોશીશ અને હલાકુખાનના બળવાન લશ્કરે ઇસમાઇલી લોકોની દોઢસો વર્ષની મજબુત અને ભયાનક સત્તાનો અંત આણી દીધો અને છરીવાળા ઘાતકી ફીદાઇઓના હાથથી જગતને મુકત કર્યું. તેજ સમયમાં મીસરના સુલતાને શામના ઇસમાઇલીઓનું કાસલ કાઢવા માંડયું. પરીણામ એ આવ્યું કે ફીદાઇ થવું એ મુસલમાનોમાં પાપ ગણવા લાગ્યું. છેવટે સંપૂર્ણ કતલ પછી ફીદાઇયતની છરી હમેશાને

માટે સુઠી થઇ ગઇ. આમ થવાથી સઘળા રસ્તાઓ નિર્ભય થઇ ગયા. મુસાફરો મદદ વગર આવજા કરવા લાગ્યા. વેપારી લોકો પોતાનો માલ ઠેકઠેકાણે લઇ જઇ વેપાર કરવા લાગ્યા. જેથી એકંદર જે પડતીનાં કારણો હતાં તેનો નાશ થયો જોઇ, લોકો હર્ષ પામી હલાકુખાનને આશીર્વાદ દેવા લાગ્યા.

**સમાપ્ત.**

# નુરે હીદાયત.

"નુરે હીદાયત" નામનું માસિક છપાવ્યું આજ ચાર વર્ષ થયા બલ્કી [illegible] સાથે દર અંગ્રેજી મહિનાની પેહલી તારીખે બહાર પડે છે જેમાં ઇસલામની ખરી ખુબીઓ બતાવી બેદીનીની સખ્ત ઝાટકણી કાઢવામાં આવે છે. ઉપરાંત સાંસારીક કેળવણી માટેના ઉમદા લેખો આપી કોમને આગળ વધારવાને ઉશકેરવામાં આવે છે. ખોજાઓ તથા મોમિન કોમની દીની તથા દુન્યવી સુધારણા માટે ખાસ ધ્યાન આપવામાં આવે છે. રોયલ આઠ પેજી ચાર ફારમનું છતાં લવાજમ માત્ર રૂ. ૨ પોસ્ટેજ સાથે. પરદેશના રૂ. ૨॥, શ્રીમતો પાસેથી રૂ. ૫) પહેલા બીજા તથા ત્રીજા વર્ષની પાકી બાઇન્ડીંગની ફાઇલોના દરેકનાં રૂ. ૫ પોસ્ટેજ ચાર ચાર આના.

એદલજી ધનજી કાબા

એડીટર નુરે હીદાયત અમરેલી—કાઠીઆવાડ